સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ
રૂા. ૧૨૫/-
ઓક્ટોબર-નવેમ્બર, ૨૦૨૨
સંયુક્ત અંક



સંતોના સ્નેહ-આદરથી અભિષિક્ત
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે ઠેર ઠેર યોજાયેલાં સંત-સંમેલનોમાં સંતોએ સ્નેહ-આદરથી બિરદાવ્યા સનાતન ધર્મના જ્યોતિર્ધર પ્રમુખસ્વામી મહારાજને...



રાજકોટ



મહેસાણા



જૂનાગઢ



ભાવનગર

ઠેર ઠેર યોજાયેલાં સંત-સંમેલનોમાં સનાતન ધર્મના સંતોએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને અર્પણ કરી ભાવપુષ્પાંજલિ...

આવરણ કથાઃ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સનાતન હિન્દુ ધર્મના તમામ મૂર્ધન્ય સંતોના ખૂબ સ્નેહ અને આદર પામ્યા હતા. ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે (સન ૧૯૮૧, આવરણ છબિ) અને અન્ય અનેક અવસરોએ સંત-સંમેલનો યોજીને સ્વામીશ્રીએ તમામ સંતો પ્રત્યેનો એમનો અપાર સ્નેહ-આદર છલકાવ્યો હતો. એટલે જ તેઓના શતાબ્દી પર્વે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી તાજેતરમાં ઠેરઠેર સંત-સંમેલનો યોજાઈ ગયાં, જેમાં સંતોએ હૃદયની ઊર્મિઓ છલકાવીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે પોતાની ભાવપુષ્પાંજલિ અર્પણ કરી હતી. (વિશેષ અહેવાલ અંદરનાં પૃષ્ઠોમાં)

શતાબ્દી પ્રકાશમાળા
સંપાદકીય




શ્રદ્ધા હોય તેને માટે મંદિર અનિવાર્ય છે...

ક્રમિકા

ભારત દેશ અનાદિથી ધર્મમાં માનતો આવ્યો છે. ધર્મનો આધાર છેઃ શાસ્ત્ર, સંતો અને મંદિરો. જેને ધર્મમાં-મંદિરોમાં શ્રદ્ધા ન હોય એને વિચાર આવે કે આ મંદિરોમાં પથરા ખડકવા ને મૂર્તિઓ પધરાવવાની શી જરૂર છે? પરંતુ સમાજમાં સ્કૂલો, કોલેજો, દવાખાનાં, દેશની રક્ષા માટે મિલિટરીની જરૂર છે. એમ જેને ભગવાનમાં શ્રદ્ધા છે એને ધર્મસ્થાનની જરૂર છે. જેને શ્રદ્ધા છે એ મંદિરો કરે, મસ્જિદો કરે, ચર્ચ કરે, ગુરુદ્વારા પણ કરે. દરેક પોતાની શ્રદ્ધા પ્રમાણે કરે છે એને ખોટું કહે છે એ ધર્મને સમજ્યા જ નથી. એવા લોકો પૂછે છે કે તમે મૂર્તિઓ કેમ પૂજો છો ? પરંતુ આખી દુનિયા મૂર્તિ જ પૂજે છે. ખ્રિસ્તી ધર્મમાં ચર્ચમાં ક્રોસ મૂકે છે. એ લોકો શ્રદ્ધાથી માને છે કે આ ક્રોસ પર ઈસુ ચડ્યા એટલે એમાં ઈસુનાં દર્શન થાય છે. મુસ્લિમ ધર્મમાં પણ અમુક દિશામાં જ નમાજ કેમ પઢે છે? કારણ કે ત્યાં કાબાનો પથ્થર છે. એમાં એમને શ્રદ્ધા છે. એમ આપણી હિન્દુઓની મૂર્તિમાં શ્રદ્ધા છે. મૂર્તિઓની વિધિસર પ્રાણપ્રતિષ્ઠા થાય છે અને એમાં ભગવાન બિરાજે છે. એમાં શ્રદ્ધા હોય છે તેનાં કામ પણ થાય છે. કેટલાક કહે છે કે મંદિર વિના ભગવાન ન ભજાય? પણ સમાજમાં પાર્લમેન્ટ ને ધારાસભા શું કામ કરવી પડે? ઝાડ ઉપર બેસીને ન થઈ શકે? એને માટે યોગ્ય સ્થાન-વ્યવસ્થા હોવી જ જોઈએ તો કામ થાય છે. એમ ભક્તિ માટે એવું સ્થાન મંદિર જોઈએ. મંદિરના નિર્માણમાં ખર્ચ થાય એ કેટલાકને નકામા લાગે છે. ખર્ચા તો બીજા કેટલાય નકામા થાય છે. ફિલ્મો-વ્યસનોના ખર્ચાનો વિચાર કે પ્રશ્ન થતો નથી ને મંદિરો થાય છે એને માટે લોકોના મનમાં પ્રશ્નો થાય છે. મંદિરોમાંથી સંસ્કાર મળે છે. માણસો સંસ્કારી થશે તો સમાજમાં શાંતિ થશે. લોકો ધર્મમાં ઊંડા ઊતરતા નથી. ઉપર ઉપરનું સાંભળીને બધું નક્કી કરે છે. મંદિર-સંત-શાસ્ત્ર બધાં અંગો પરોપકાર માટે છે.

– પ્રમુખસ્વામી મહારાજ

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

સ્વામિનારાયણ પ્રકાશ

વર્ષ : ૮૪, અંક : ૧૦-૧૧,
ઑક્ટોબર-નવેમ્બર, ૨૦૨૨

સંસ્થાપકઃ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
પોષક : બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા
સંસ્થાપક : બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
પ્રકાશક : સાધુ કેશવજીવનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ
તંત્રી : સાધુ સ્વયંપ્રકાશદાસ
પરામર્શકો : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
સંપાદકો : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
કલાનિર્દેશક : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
વ્યવસ્થાપકઃ સાધુ નિખિલેશદાસ
મૂળ વાર્ષિક લવાજમ : રૂા. ૧૯૦/-
ઘટાડેલું લવાજમ : રૂા. ૧૨૫/-
પરદેશમાં લવાજમ : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

લેખો અંગે પત્રવ્યવહારઃ
prakash@in.baps.org
'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.


લવાજમ અંગે પત્રવ્યવહારઃ
magazines@in.baps.org
'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

Website:
www.baps.org
magazines.baps.org



વિશ્વ ફલક પર મંદિરો દ્વારા આધ્યાત્મિકતાનું મોજું ફેલાવનાર પ્રમુખસ્વામી મહારાજઃ

મંદિરોના માસ્ટર બિલ્ડર



‘કેટલા સમર્પણ, કેવી કટિબદ્ધતા, કેવા પ્રચંડ પુરુષાર્થ અને કેવી દૂરંદેશિતા સાથે પ્રમુખસ્વામી મહારાજે મંદિરોની હારમાળા રચી છે - તેનો ઇતિહાસ સદા જે તે મંદિરના પાયામાં ધરબાયેલો રહેશે...’

પ્રાચીન સમયથી ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ તરીકે મંદિરો, સંતો અને શાસ્ત્રોએ જે ભૂમિકા અદા કરી છે તેના પર બહુ ઓછું ચિંતન કરાયું છે. વૈદિક સમયથી આજપર્યંત મૂર્તિપૂજા અને મંદિરનો એક આગવો ઇતિહાસ રહ્યો છે, તેના પર વિદ્વાનોએ વધુ સંશોધન કરવાની ખૂબ આવશ્યકતા છે. એ હકીકત સૌ સ્વીકારે છે કે પ્રાચીન સમયમાં ઋષિ-મહાત્માઓની પ્રેરણા હેઠળ મહાન રાજાઓ મંદિરોનાં નિર્માણ કરાવતા હતા, પરંતુ છેલ્લાં એક હજાર વર્ષમાં વિદેશી આક્રમણો અને વિધર્મી શાસનકાળ દરમ્યાન મંદિરોની એ પ્રાચીન ધરોહર પર જાણે ગ્રહણ લાગી ગયું હતું. શતાબ્દીઓ પછી ૧૯મી સદીમાં પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે સનાતન ધર્મના વૈદિક ઉપાસના સિદ્ધાંતના પ્રવર્તન માટે શિખરબદ્ધ મંદિરોનું નિર્માણ કર્યું અને એક આગવી પરંપરાનો આરંભ કર્યો. ત્યારપછીની બે શતાબ્દીના સમયગાળામાં ભગવાન શ્રી સ્વામિ-નારાયણની ગુણાતીત ગુરુપરંપરામાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સનાતન ધર્મના વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસના મંદિરોના નિર્માણનો જાણે એક નવો યુગ ખડો કરી દીધો છે. સ્વામીશ્રીના પ્રચંડ પુરુષાર્થથી ઠેર ઠેર મંદિરોની એવી એક અનોખી શૃંખલા રચાઈ છે કે જેના દ્વારા આવનારી અનેક શતાબ્દીઓ સુધી આધ્યાત્મિક પ્રેરણા અને સેવાની ભાગીરથી અવિરત વહેતી રહે. આ મંદિરો સંસ્કૃતિનાં ધામ તરીકે સમાજમાં સાંસ્કૃતિક ચેતના પ્રગટાવતાં રહ્યાં છે. કેટલા સમર્પણ, કેવી કટિબદ્ધતા, કેવો પ્રચંડ પુરુષાર્થ અને કેવી દૂરંદેશિતા સાથે પ્રમુખસ્વામી મહારાજે મંદિરોની આ અદ્‌ભુત હારમાળા રચી છે - તેનો ઇતિહાસ સદા જે તે મંદિરના પાયામાં ધરબાયેલો રહેશે. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે, તેઓના મંદિરનિર્માણના કાર્યમાં કેટલાય દાયકાઓથી જોડાયેલા પૂજ્ય અક્ષયમુનિદાસ સ્વામી, શ્રી હર્ષદભાઈ ચાવડા અને શ્રી સંજયભાઈ પરીખના અનુભવોમાંથી અહીં સ્વામીશ્રીના એ મંદિરનિર્માણની વિરલ ગાથાનું અલ્પ આચમન માણીએ...

હજાર વર્ષમાં ક્યારેક જ પ્રગટે છે આવા વિરલ મંદિર-નિર્માતા...

■ સાધુ અક્ષયમુનિદાસ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એક આદર્શ અને મહાન સંતવિભૂતિ હતા, પરમાત્મા સાક્ષાત્ જેમના રોમ-રોમમાં બિરાજમાન હોય એવા ગુણાતીત સત્પુરુષ હતા, પરંતુ એવી અનેક આધ્યાત્મિક ઓળખ ઉપરાંત તેમની એક સૌને સ્પર્શે તેવી ઓળખ હતી – સેવાનાં અનેકવિધ ક્ષેત્રોમાં અજોડ પ્રદાન આપનારા મહાપુરુષ. તેમણે માનવજાતના સર્વાંગી ઉત્કર્ષ માટે કાર્ય કર્યું છે, સંસ્કૃતિના સંવર્ધન માટે કાર્ય કર્યું છે, માનવીય પ્રશ્નો, વ્યક્તિગત, સામાજિક, કૌટુંબિક કે રાષ્ટ્રીય સમસ્યાઓના કાયમી ઉકેલ માટે પોતાના જીવનની દરેક પળ વિતાવી છે.

સનાતન હિન્દુ ધર્મની તેમણે કરેલી એવી એક વિરલ સેવા એટલે ભારત અને દુનિયાના અનેક દેશોમાં તેમણે નિર્માણ કરેલાં ૧૨૦૦ કરતાં વધુ મંદિરોનું અનોખું જગત. સાચે જ કોઈકે યથાર્થ કહ્યું છે કે પ્રમુખસ્વામી મહારાજ મંદિરોના એક માસ્ટર બિલ્ડર હતા. જીવના ઉદ્ધાર માટે મંદિરો દ્વારા અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવાનો માર્ગ તેમણે ખોલી આપ્યો, અક્ષરધામની વાટ ખુલ્લી મૂકી દીધી.

પ્રમુખસ્વામી મહારાજે અમદાવાદમાં આંબલીવાળી પોળમાં પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજ સમક્ષ વચનબદ્ધ થયા બાદ પોતાનું સમગ્ર અસ્તિત્વ પરહિત કાજે ન્યોછાવર કરી દીધું હતું. સ્વભાવ, પ્રકૃતિ, દોષો, અહં, મમત્વમાં અટવાતા મુમુક્ષુઓને નવી દિશા આપી છે. વૈશ્વિક કલ્યાણ માટે રાત-દિવસ જોયાં વગર પોતાનાં ભૂખ-તરસ, સુખ અને સગવડને અવગણીને સ્વામીશ્રી જન-જનનાં હૃદય સુધી પહોંચ્યા હતા. તેઓએ લાખો લોકોને વ્યક્તિગત મળીને તેમને સાંભળ્યા હતા, તેમને સમજ્યા હતા. બાળક હોય કે વયસ્ક, ગરીબ હોય કે તવંગર, ભણેલો હોય કે અભણ, આદિવાસી હોય કે અમેરિકન – સૌના પ્રશ્નોનું સમાધાન સ્વામીશ્રીએ કર્યું હતું.

સૌનાં મન-હૃદયને દિવ્ય શાંતિ અર્પવા માટે, સાંસારિક દુઃખોનાં સમાધાન માટે, ભારતીય સંસ્કૃતિને જીવંત રાખવા માટે પ્રમુખસ્વામી મહારાજે ટૂંકા સમયમાં, પાંચેય ખંડોમાં ૧,૨૦૦ બી.એ.પી.એસ. મંદિરોની ભેટ દુનિયાને આપી છે. આ મંદિરોમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરા અને સનાતન ધર્મના મહાન અવતાર-સ્વરૂપોની પ્રતિષ્ઠા કરીને મંદિરમાં ભવ્યતા અને દિવ્યતા આણી છે. આ મંદિરમાં આવનાર સૌને પરમ શાંતિ, આનંદ અને પ્રફુલ્લિતતાનો અનુભવ થાય છે. અનેક સામાજિક, શારીરિક, આર્થિક સંઘર્ષો વચ્ચે ટકી રહેવાની ઊર્જા પ્રાપ્ત થાય છે. પ્રમુખસ્વામી મહારાજે મંદિરોનું નિર્માણ કરીને ભારતીય સંસ્કૃતિ અને જીવનનાં શાશ્વત મૂલ્યોને ટકાવી રાખીને તેનું જતન કર્યું છે.

પ્રમુખસ્વામી મહારાજે મંદિરો શા માટે બનાવ્યાં? જવાબ છે – ચારિત્ર્યવાન સમાજના નિર્માણ માટે, જીવન-પરિવર્તન માટે, ભારતીય સંસ્કારોનાં સંવર્ધન માટે, સાંસ્કૃતિક મૂલ્યોનાં જતન માટે, જીવનને ભક્તિસભર અને આનંદમય બનાવવા માટે, અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવા માટે. સ્વામીશ્રીએ મંદિરો દ્વારા 'સર્વજીવ-હિતાવહ' કાર્ય કર્યું છે.

મંદિરનું નિર્માણકાર્ય તેમણે કર્યું – વ્યક્તિનિર્માણ માટે. વ્યક્તિનિર્માણ દ્વારા પરિવાર અને સમાજનિર્માણ, અને સમાજનિર્માણ દ્વારા રાષ્ટ્રનિર્માણની વૈશ્વિક ક્રાંતિ તેમણે સર્જી દીધી. મંદિરોના નિર્માણ માટે સ્વામીશ્રીએ દેશ-પરદેશમાં અથાક વિચરણ કર્યું. ઠેર ઠેર સત્સંગ મંડળો સ્થાપી સૌને પરમાનંદની અનુભૂતિ કરાવી. હરિભક્તોમાં સમર્પણની આહ્‌લેક જગાવી સૌને મંદિર-નિર્માણની સેવામાં પ્રેર્યા.

પ્રમુખસ્વામી મહારાજે દેશ-પરદેશમાં સનાતન ભારતીય સંસ્કૃતિના પ્રતીક સમાં, શાંતિની ગંગોત્રી સમાં મંદિરોનું નિર્માણ કર્યું. આદિવાસી ગામડાંઓમાં કુટિર મંદિરો, ગામડે ગામડે હરિમંદિરો, શહેરોમાં શિખરબદ્ધ મંદિરો રચ્યાં. ગાંધીનગર અને દિલ્હીમાં બેનમૂન અક્ષરધામોનું સર્જન કર્યું. એટલું જ નહીં, પરદેશમાં પણ લંડન, ટોરન્ટો, એટલાન્ટા, હ્યુસ્ટન, શિકાગો, રોબિન્સવિલ, નૈરોબી, સિડની, અબુધાબી, ટોક્યો વગેરે પ્રસિદ્ધ નગરોમાં મંદિરોનું સર્જન કર્યું. આ મંદિરો દ્વારા બાળ-બાલિકા મંડળ, કિશોર-કિશોરી મંડળ, યુવક-યુવતી મંડળ, મહિલા મંડળ, સત્સંગ મંડળ સ્થપાયાં. તેના લીધે સત્સંગપ્રવૃત્તિ ધમધમવા લાગી. કથાવાર્તા, ભજન-ભક્તિ, ઉત્સવ-સમૈયાનો દોર આરંભાયો. આ આધ્યાત્મિક

પ્રવાહમાં સૌ ભીંજાયા અને એક ચારિત્ર્યવાન-નિષ્ઠાવાન સમાજ તૈયાર થયો. આ સમાજ ધર્મ-નિયમયુક્ત જીવન દ્વારા અન્યને પ્રેરણા આપી આજે વિશ્વના ખૂણે-ખૂણે અધ્યાત્મનો ઉજાસ પાથરી રહ્યો છે.

માનવમાત્રના અસ્તિત્વ માટે, માનવજાતિના કલ્યાણ માટે સદીઓથી કોઈએ ન કર્યું હોય એવું વિરાટ મંદિર નિર્માણનું કાર્ય પાંચેય ખંડોમાં પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે. અને એટલે જ તેઓ વિશ્વના અજોડ સર્જક કહેવાયા. બીજાનાં સુખ માટે, બીજાનાં ભલા માટેનું સમર્પણ ઇતિહાસમાં પ્રમુખસ્વામી મહારાજના જીવનનો અભ્યાસ કરીએ તો લાગે કે તેઓ મંદિરોના સાચા અર્થમાં એક અજોડ માસ્ટર બિલ્ડર હતા.

મંદિર-નિર્માણમાં સ્વામીશ્રીનો અપ્રતિમ પુરુષાર્થ

પ્રમુખસ્વામી મહારાજ એક દીર્ઘદૃષ્ટિવાળા પુરુષ હતા. નાનામાં નાના કામમાં ચોકસાઈ, ખટકો ખૂબ જ રાખે અને રખાવે પણ ખરા! એમાં વળી, મંદિરનિર્માણનું કાર્ય કરવાનું હોય ત્યારે તો સ્વામીશ્રી એકદમ સતર્ક રહેતા. મંદિરના નિર્માણમાં જાતે જ બધું નિરીક્ષણ કરે. ઝીણામાં ઝીણી વિગતોની ચકાસણી જાતે કરતા. શિખરબદ્ધ મંદિર માટેની જમીન પસંદ કરવાની હોય તો સ્વામીશ્રી સમય કાઢીને પણ રૂબરૂ તે સ્થળની મુલાકાત લે. દેશ-પરદેશમાં રચાયેલાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોની જમીન સ્વામીશ્રીએ રૂબરૂ જઈને જોયેલી છે. તેમને પસંદ પડે, અને અન્ય કોઈને નડતરરૂપ ન બને એવું હોય ત્યારપછી જ તે સ્થાન પર મંદિર રચવાનો કળશ ઢોળે. ક્યારેક મંદિરોની જમીનોમાં કાયદાકીય કે વારસાકીય અસ્પષ્ટતાઓ હોય ત્યારે, પરંતુ એ બધું સ્પષ્ટ થાય પછી જ સ્વામીશ્રી આગળ વધવાનું જણાવતા. ક્યારેક જમીનદાતા જમીન આપી દે, સ્વામીશ્રીને પસંદ પણ પડી જાય, પરંતુ તેમાં નાના-મોટા અનેક પડકારો હોય, આમ છતાં તેમણે એ સ્થાન પર જ મંદિર કરવા વિચાર્યું. એ જ રીતે ભરૂચમાં પણ વર્ષો સુધી જમીનની તપાસ પ્રમુખસ્વામી મહારાજે કરી હતી અને સ્વામીશ્રીને જે જમીન પસંદ હતી એ જ જમીન પર મંદિર કર્યું. ઇંગ્લેન્ડના મહાનગર લંડનમાં મંદિર કરવા માટે સ્વામીશ્રીએ ઘણી જમીનો જોઈ હતી. લંડનમાં મંદિર કરવા માટેનો, જમીનની પસંદગીનો સ્વામીશ્રીનો પુરુષાર્થ તો 'ન

મંદિરની જમીનની પસંદગી કરવાની હોય, મંદિરનું પ્લાનિંગ કરવાનું હોય કે મંદિરનાં વિવિધ અંગો વિકસાવવાનું કાર્ય હોય, દરેક સ્તરે સ્વામીશ્રીની આગવી સૂઝ સૌને ચકિત કરી દેતી...



ભૂતો ન ભવિષ્યતિ' હતો. અનેક પ્રશ્નો, મુશ્કેલીઓ, અડચણોને પહોંચી વળીને સ્વામીશ્રીએ લંડનમાં મંદિર કર્યું. લોસએન્જલસ કે ન્યુજર્સીના અક્ષરધામની જમીન માટે પણ સ્વામીશ્રીએ ગજબનો પુરુષાર્થ કર્યો હતો.

સ્વામીશ્રી મંદિરના સ્થળની બાબતમાં બહુ વ્યવહારુ દૃષ્ટિકોણ રાખતા. દા.ત., મંદિરની જમીન લેવાની હોય તો માત્ર એ જમીનની વિગતો જ નહીં, પરંતુ આજુબાજુની પણ બધી જ વિગતો સ્વામીશ્રી મેળવે. પાણીની અને રસ્તાની ચોકસાઈ કરે. રાત્રે સત્સંગ માટે મંદિરે આવતાં ભાઈઓ-બહેનોને આવવા-જવાની અનુકૂળતા રહેશે કે નહીં? વૃદ્ધોને સરળતા રહેશે કે નહીં? આ સઘળી તપાસ તેઓ જાતે કરતા. જ્યાં મંદિર થવાનું હોય એ ગામનો સ્થાનિક સત્સંગ, ગામની વસતી ને ભવિષ્યના વિકાસને નજરમાં રાખી મંદિર કરવું કે નહીં, કરવું તો કયા કદનું કરવું વગેરે બાબતોનો નિર્ણય સ્વામીશ્રી કરતા. સંતો-હરિભક્તોને પણ એ સંદર્ભમાં સૂચનાઓ આપતા. આજુબાજુની જમીનોની ચકાસણી કરે, માહોલ તપાસે. સેલવાસમાં અત્યારે મંદિર છે એ જમીન સ્વામીશ્રીને પ્રથમ નજરે જ પસંદ પડી ગયેલી. તેના માટે સ્વામીશ્રીએ વારંવાર સંતો-કાર્યકરોને સૂચનાઓ આપેલી. એવી રીતે નવસારી મંદિરની જમીન પણ સ્વામીશ્રીએ જ પસંદ કરેલી. અત્યારે હાઈવે પર મંદિર છે, એ વખતે ગામથી ઘણું દૂર પડતું હતું. ત્યાં કંઈ વિકાસ થયો નહોતો, પણ સ્વામીશ્રીએ કહ્યું કે 'અહીંયાં જ ઠાકોરજી બેસશે ને સારું મંદિર આપણે કરવું છે.' ત્યારપછી ધીમે ધીમે વિકાસ થતો ગયો. જમીન મળતી ગઈ અને સર્વોપરિ મંદિર થઈ ગયું.

કોઈ વાંધાજનક જમીન હોય તો તે અંગે પણ બધો રિપોર્ટ મેળવે. તપાસ કરાવે. એ વખતે સ્વામીશ્રી ગામના સ્થાનિક લોકોને મળીને વાત કરતા. બધાનો અભિપ્રાય લેતા. સૌને સાથે રાખીને, પ્રશ્નોને સુલઝાવીને આગળ વધવા જણાવે. જમીન અંગેના પ્રશ્નોનાં સમાધાન માટે વર્ષો સુધી રાહ પણ જુએ. એ જમીન ક્લિયર થાય પછી જ સ્વામીશ્રી મંદિર-નિર્માણ માટે ખાસ આગળ વધતા. તેના માટે સંતો-કાર્યકરોને સતત ચોક્કસાઈ રાખવાનું માર્ગદર્શન સ્વામીશ્રી આપતા.

પ્રમુખસ્વામી મહારાજને પથ્થરની ખાણમાંથી પથ્થરની ગુણવત્તાની ચકાસણીથી માંડીને કલા-કોતરણીની ઊંડી સૂઝ હતી. મંદિરનું કદ નક્કી થાય એટલે તેઓ આંગળીના વેઢે મંદિર-નિર્માણમાં થનાર અંદાજિત ખર્ચ ગણી લેતા. કોઈપણ મંદિરનું કાર્ય અધૂરું ન રહે, સમયસર કાર્ય પૂર્ણ થાય તે માટે સૂક્ષ્મ આયોજન કરતા. પ્રોજેક્ટ મૅનેજમૅન્ટની અદ્‌ભુત સ્કિલ તેમનામાં હતી. હિસાબનો પણ એટલો જ ખટકો રખાવતા. સિમેન્ટ, સ્ટીલ, લાકડું, માલ-સામાન સારું ને સસ્તું ક્યાંથી મળશે તેની અદ્‌ભુત વ્યવસ્થા કરીને સૌને બળસભર પ્રેરણા આપતા. મંદિર-નિર્માણમાં નિઃસ્વાર્થભાવે સેવા કરવા સમર્પિત સ્વયંસેવકોને તૈયાર કર્યા. સૌ સ્વયંસેવકોને આનંદ, ગૌરવ અને સેવાની અસ્મિતાથી છલકાવી તેમના પર ખૂબ રાજીપો વરસાવતા.

મંદિરનું નિર્માણ પૂર્ણ થયા પછી, મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાનો અવસર પૂર્ણ થાય તે દિવસથી જ સ્વામીશ્રી મંદિરના વહીવટની પણ બધી વ્યવસ્થા ગોઠવી દેતા. ઠાકોરજીની સેવા, થાળ, એકાઉન્ટ વિભાગ, સત્સંગસભાઓ, કથાવાર્તા કેવી રીતે થશે? બધું જ સ્વામીશ્રી ઝીણવટપૂર્વક ચકાસી લેતા. ઝીણી ઝીણી બાબતોમાં યોગ્ય માર્ગદર્શન આપે. મંદિરનો યોગ્ય ઉપયોગ થાય, વધુમાં વધુ લોકો દર્શન, ભક્તિ અને સત્સંગનો લાભ પ્રાપ્ત કરે તે માટે સંતો-સ્વયંસેવકોને સતત પ્રેરણા આપતા રહેતા.

મંદિરની ડિઝાઇન અંગે સ્વામીશ્રીનું મંતવ્ય

મંદિરની જમીન નિર્ધારિત થાય પછી કે તે પહેલાં કેવા કદનું મંદિર કરવું તે અંગે સ્વામીશ્રીની કોઠાસૂઝ સૌને અચંબિત કરી દેતી. વિવિધ શહેરો કે ગામોમાંથી મંદિર બનાવવા માટે રૂબરૂ કે પત્રો-ફોનકોલ્સ દ્વારા વિનંતીઓ આવ્યા કરતી. જ્યાં જેવી અનુકૂળતા હોય એ પ્રમાણે, એ ગામમાં કેટલાં સત્સંગી કુટુંબો છે તેના આધારે જ સ્વામીશ્રી નક્કી કરતા કે આપણે આ કદનું મંદિર કરીએ. ક્યારેક સૌના આશ્ચર્ય વચ્ચે સ્વામીશ્રી એવા કદનું મંદિર નિર્ધારિત કરતા કે જેની કોઈ કલ્પના પણ ન કરી શકતા.

એ પ્રમાણે મંદિરનું કાર્ય આરંભાય. પછી જુદી જુદી ડિઝાઇનો થાય. કોઈ જગ્યાએ એક માળનું મંદિર થાય, કોઈ જગ્યાએ બે માળનું મંદિર થાય, કોઈક વાર શિખરયુક્ત, એમ સ્થાનિક લોકોની ભાવનાને અને ભાવિ વિકાસને લક્ષમાં રાખીને સ્વામીશ્રી નિર્ણય આપતા.

એકવાર સ્વામીશ્રીએ અમને કહ્યું, 'જુદાં જુદાં સ્થળે મંદિર બનાવવા અંગે આ બધી વાતો આવે છે તો આમાં તો નવા નવા પ્રકારના નકશા કરવામાં જ તમારી જિંદગી પૂરી થઈ જાય. એનો અંત જ નહીં આવે. એના કરતાં આપણે એવું કરીએ કે થોડી સ્ટાન્ડર્ડ ડિઝાઇન જ બની જાય, જે બધાં જ મંદિરોમાં વપરાયા કરે.' આ પ્રમાણે જુદી જુદી સાઇઝ માટેનાં મંદિરોની સ્ટાન્ડર્ડ ડિઝાઇનો તૈયાર કરવામાં આવી હતી. અમૃતલાલ સોમપુરા પાસે મંદિરોની વિવિધ

ડિઝાઇનોના થોડાક વિકલ્પો તૈયાર કરાવ્યા હતા. પરંતુ સ્વામીશ્રીએ રચનામાં એકદમ વૈભવી નહીં કે એકદમ સાદું નહીં તેવું પસંદ કર્યું. આગળ ઘૂમટીઓ હોય, થાંભલાઓ હોય, કમાનો હોય, એવો વિકલ્પ પસંદ કર્યો. અને એવાં ઘણાં બધાં મંદિરો ત્યાર પછી બન્યાં. સ્વામીશ્રીએ એવું પણ જણાવ્યું હતું કે જિલ્લા કે તાલુકા કક્ષાએ મંદિર કરીએ તો એમાં ઘુમ્મટ-ઘુમ્મટી ઉપરાંત સારાં શિખર કરવાં.

મંદિરની રચના અંગે સ્વામીશ્રીનો અભિપ્રાય

પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં સનાતન હિન્દુ ધર્મના પ્રાચીન શિલ્પશાસ્ત્ર પ્રમાણે જ મંદિર કરવાનો આગ્રહ રાખતા. મંદિર-નિર્માણના ખર્ચ-ભંડોળની વ્યવસ્થા પ્રમાણે જ મંદિરોનું નિર્માણ થાય તેવું સ્વામીશ્રી ઇચ્છતા હતા, પરંતુ શાસ્ત્રો પ્રમાણે થાય તેવો અવશ્ય આગ્રહ રાખતા હતા. શાસ્ત્રો પ્રમાણે મંદિરનાં પદ રખાય તે માટે તેઓ ખાસ ભલામણ કરતા. મંદિર પૂર્વ દિશાનું હોય, ઉત્તર દિશાનું હોય, તો કોઈ જગ્યાએ સવા આઠનું પદ આવી શકતું હતું, કોઈ જગ્યાએ સાત-સાતનું આવી શકે; પશ્ચિમ દિશાનું હોય તો પશ્ચિમ દિશાની રીતે ચાલે. એમની એક ખાસ ઇચ્છા રહેતી કે મંદિરોમાં બંધ પ્રદક્ષિણા કરવી. કારણ કે ખુલ્લી પ્રદક્ષિણા હોય તો હરિભક્તો પ્રદક્ષિણા કરતા હોય તે વખતે ઉનાળો હોય કે ચોમાસું હોય તો તેમને ગરમી કે વરસાદમાં મુશ્કેલી પડે. એટલે પછી કાયમ એ રીતે મંદિરની બંધ પ્રદક્ષિણાઓ થવા લાગી.

સન ૧૯૭૩-૭૪માં સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિમંદિર કરવાનું શરૂ કર્યું તે વખતે ડિઝાઇન તૈયાર થઈ ગયા પછી ઘણીવાર સ્વામીશ્રીએ વાત કરી કે 'આપણે તો બહુ ઊંચું પણ નહીં, બહુ નીચું પણ નહીં એવું મંદિર કરવું છે.' સ્વામીશ્રી ખાસ ગઢપુરની લક્ષ્મીવાડીને બહુ યાદ કરતા હતા કે 'મહારાજનું પ્રાસાદિક સ્થાન છે તે બહુ ઊંચું નહીં, બહુ નીચું નહીં, તેવું સુંદર છે. સહેલાઈથી બધા આવી શકે, ઉંમરવાળા હોય, કોઈને તકલીફ હોય તો એ લોકોને પણ સરળતા થાય એવું મંદિર છે. શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિ મંદિર એ રીતે કરવું.'

આમ, સ્વામીશ્રી મંદિરની ડિઝાઇનમાં પોતાના કરતાં બીજાનો વિચાર હંમેશા પ્રથમ કરતા. બીજાને અગવડ ન પડે એ ભાવના સ્વામીશ્રીના અંતરમાં સદાય રહેતી.

મંદિરના ફાઉન્ડેશનની ચર્ચા એ પોતે જ કરતા. ઍન્જિનિયરો અને નિષ્ણાતો સાથે સ્વામીશ્રી વિમર્શ કરતા કે મંદિરનું ફાઉન્ડેશન કેવું કરવાના છો? કેવી રીતે કરશો?

મંદિરનું સ્થાન નક્કી થાય, તે પહેલાંથી સ્વામીશ્રીના મનમાં તો નક્કી જ હોય કે મંદિર પથ્થરમાંથી કરવું છે કે નહીં, પથ્થરમાંથી કરવું છે તો કેવો પથ્થર લેવાનો છે, પથ્થર ક્યાંથી આવશે, તેનો ખર્ચ-બજેટ શું થશે, વગેરે.

ક્યારેક સ્વામીશ્રી પરંપરાગત મંદિરની ડિઝાઇનમાં નવી પ્રેરણાઓ આપતા. ભરૂચમાં મંદિરનું કામ ચાલતું હતું એ વખતે નીચેના રંગમંડપમ્‌માં શ્રી નીલકંઠવર્ણી મહારાજને પધરાવવાનું તેઓએ નિર્ધારિત કર્યું. આ એક નવી પરંપરાનો આરંભ તેમણે કર્યો. એકવાર સ્વામીશ્રી ભરૂચમાં હતા ને કહ્યું કે 'આપણે અહીં ગુરુપરંપરાની દેરીઓ કરીને તેમાં ગુરુઓની મૂર્તિઓ પધરાવીએ તો કેવું?' સ્વામીશ્રીના સૂચનથી સૌ ચકિત થઈ ગયા. ધીમે ધીમે બધાં સોલ્યુશનો નીકળતાં ગયાં અને આખી ગુરુપરંપરાની પ્રતિષ્ઠા થઈ. આ રીતે ધીમે ધીમે અભિષેક મંડપમ્‌માં કે પછી મંદિરની પરિક્રમામાં ગુરુપરંપરાની મૂર્તિઓ પધરાવવાનું શરૂ થયું.

મંદિર ઊંચું હોય તો અશક્ત સંતો-હરિભક્તોને મંદિર ઉપર દર્શને જવા માટે સુલભ રહે તે માટે સ્વામીશ્રીના સૂચનથી લિફ્ટની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

મંદિરના માસ્ટર પ્લાનમાં સ્વામીશ્રીનું માર્ગદર્શન

શાસ્ત્રીજી મહારાજે બાંધેલાં મંદિરોનાં વિકાસકાર્યો હોય કે નવાં મંદિરોનાં નિર્માણકાર્યો હોય, સ્વામીશ્રીએ સમગ્રતાથી મંદિરનો એક માસ્ટર પ્લાન થાય અને તબક્કાવાર તેનું નિર્માણ થાય તેવું સુંદર આયોજન કરી આપ્યું છે.

નિષ્ણાત આર્કિટેક્ટ સાથે માસ્ટર પ્લાનની ચર્ચામાં સ્વામીશ્રી બિરાજ્યા હોય ત્યારે સ્વામીશ્રીનાં નમ્ર, વ્યવહારુ અને મૌલિક સૂચનોથી નિષ્ણાતો પણ દંગ રહી જતા. ગઢડામાં સ્વામીશ્રીની પ્રેરણાથી મંદિરનો માસ્ટર પ્લાન થયો ત્યારે મંદિર સિવાયનું બાકીનું બધું જ કામ નવું કરવાનું થયું. એ વખતે નિષ્ણાત આર્કિટેક્ટ શ્રી વર્કી સાહેબ સાથે સ્વામીશ્રીની મીટિંગ થઈ. તેમણે સ્વામીશ્રીને કહ્યું, 'આપણું મંદિર તો બરાબર સેન્ટરમાં જ રહેવાનું છે. પણ એક બાજુ ઘેલા નદી છે, તો ઘેલાનો વ્યૂ કોને મળે? આપની શું ઇચ્છા છે?' અમને બધાને એમ હતું કે ઘેલા નદીનો વ્યૂ સંત આશ્રમની બાજુ હોય તો સારું. પરંતુ સ્વામીશ્રીએ કહ્યું, 'મંદિરની પાછળના ભાગમાં સભામંડપ લો, બાજુમાં સંતનિવાસ આવી જશે. એટલે ઉત્તર દિશા બાજુ સંતઆશ્રમ અને ઘેલા બાજુ હરિભક્તોના ઉતારા કરો.' સ્વામીશ્રીના આ વિચારની પાછળનું મુખ્ય કારણ એ હતું કે યાત્રિકો આવે તેમને પવિત્ર ઘેલા નદીનું દર્શન થાય!

એ જ રીતે મંદિરના પરિસરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્મૃતિ કરાવતું પ્રદર્શન રચવાની

સ્વામીશ્રીએ ઇચ્છા વ્યક્ત કરી. પરંતુ એ માટે જગ્યા તો હતી નહીં, એટલે આગળના ભાગમાં મંદિરનાં પગથિયાં રચીને પગિથયાંની બંને તરફ ટેકરો છોલીને ત્યાં જ પ્રદર્શન કરવાની સ્વામીશ્રીએ સૂચના આપી. સ્વામીશ્રીએ માસ્ટર પ્લાનમાં એવી રીતે મંદિરનો દરવાજો વગેરે કરવાની સૂચના આપી કે ૨૦૦ વર્ષ પહેલાં ભગવાન સ્વામિનારાયણે ટેકરા પર મંદિર કરવાનો જે રીતે સંકલ્પ કર્યો હતો એ જ રીતે બધું અદ્‌ભુત ગોઠવાઈ ગયું.

ગઢપુરમાં મંદિરના માસ્ટર પ્લાનના વિકાસમાં પ્રદર્શનના હૉલ કરવા માટે જ્યારે ટેકરો છોલવાનું શરૂ કર્યું ત્યારે ખૂબ કઠણ પડ્યું. નીચે તો અતિ કઠણ અગ્નિકૃત ખડક હતો. એટલે મોટાં મશીનો પણ પાછાં પડ્યાં. હવે આમાં કંઈ થવાનું નથી એમ સમજી અમે સ્વામીશ્રી પાસે ગયા અને બધી વાત કરી કે ‘અહીં ઘણી મહેનત કરીએ છીએ અને કંઈ કામ થતું નથી. ખર્ચો કરીએ છતાં પણ કંઈ પરિણામ મળે એમ નથી.’ સ્વામીશ્રીએ શાંતિથી બધી વાત સાંભળી અને કહ્યું, ‘જો દરિયાની નીચે ટનલ થઈ શકતી હોય તો આ તો થઈ જ શકે! વાંધો નહીં આવે. થઈ જશે. કામ આગળ ધપાવો.’ અને સૌનાં આશ્ચર્ય વચ્ચે એમના આશીર્વાદ ને એમની દૃષ્ટિથી અમે પુનઃ કામ આરંભ્યું અને થઈ પણ ગયું. આ રીતે એમણે ગોઠવી જ રાખ્યું હોય! મારો અનુભવ છે કે કોઈપણ પ્રોજેક્ટ હોય, મુશ્કેલ પરિસ્થિતિ હોય તો અમે મૂંઝવણમાં હોઈએ પણ સ્વામીશ્રી એ બધું બનેલું જુએ છે, જ્યારે આપણે જે બનવાનું છે તે જોઈએ છીએ!

અમદાવાદમાં શાહીબાગ ખાતે બી.એ.પી.એસ. મંદિરનો માસ્ટર પ્લાન શરૂ કર્યો ત્યારે સ્વામીશ્રીએ વાત કરી હતી કે મંદિરની એક બાજુએ સભામંડપ કરવો અને મંદિરથી સભામંડપ વચ્ચે ૫૦ ફૂટની જગ્યા છોડવી. મંદિરની પાછળ પણ એટલી જગ્યા છોડવી. કારણ કે શાહીબાગમાં જગ્યા મર્યાદિત હતી અને એમાં જ બધી વસ્તુનો સમાવેશ કરવાનો હતો. એટલે સ્વામીશ્રીએ મંદિરનું ગૌરવ પણ સચવાય અને યોગ્ય અંતર રહે. સ્વામીશ્રીના આ સૂચનથી આર્કિટેક્ટ પણ ખૂબ પ્રભાવિત થયા હતા. સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે સ્ટ્રક્ચર પણ એવું કરવું કે બીજાં બિલ્ડિંગો મંદિરની બાજુમાં મંદિરથી ઊંચાઈમાં ચઢિયાતાં ન થાય, એટલે મંદિર ગૌણ પણ ન થાય. આ રીતનું માર્ગદર્શન સ્વામીશ્રીએ આપ્યું હતું

મંદિરના નિર્માણની બાબતમાં પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં શાસ્ત્ર પ્રમાણે રચના થાય તેવો સતત આગ્રહ રાખતા. મંદિરની દિશાથી લઈને પદના માપ સુધીનો નિર્ણય સ્વામીશ્રી આપતા...



એ પણ બહુ અદ્‌ભુત હતું.

સાંકરી મંદિરના માસ્ટર પ્લાનનો પણ એવો જ સ્મરણીય પ્રસંગ છે. સ્વામીશ્રીએ સવારે શિલાન્યાસ કરી દીધો હતો. મંદિરની આગળ ૫૦૦ ફૂટની જગ્યા છોડાઈ હતી. સાંજે સ્વામીશ્રીએ પ્લાનિંગ સેલની ટીમ, સ્થાનિક સંતો અને કાર્યકરોને બોલાવ્યા અને કહ્યું, 'મને એમ થાય છે કે આપણે મંદિરને ૧૦૦ ફૂટ પાછું લઈએ.' આ રીતે જગ્યા છોડી પાછું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ જોતાં પ્રશ્ન થાય કે કેમ આટલી જગ્યા છોડી? પણ સ્વામીશ્રી હજારો વર્ષોનું જુએ છે. ચિરકાલ સુધી મંદિર રહે ત્યાં સુધીનું જોતા હશે. એ ભવિષ્યનો વિકાસ જોતા હશે! અત્યારે સૌને તેની ખાતરી થાય છે.

આ રીતે, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના દરેક મંદિરનો એક વિરાટ અધ્યાય છે, નૂતન ઈતિહાસ છે, જે આવનારાં અનેક વર્ષો સુધી ચિરંતન રહેશે. માત્ર બી.એ.પી.એસ. સંસ્થાનાં મંદિરો જ નહીં, પરંતુ શ્રીરામ જન્મભૂમિથી લઈને નર્મદા કાંઠે આવેલા શ્રી હાંફેશ્વર મહાદેવના મંદિર સુધીના સનાતન ધર્મની વિવિધ શાખાઓનાં નાનાં-મોટાં અનેક મંદિરોના નિર્માણમાં સ્વામીશ્રીએ આપેલા યોગદાન પર દૃષ્ટિ કરીએ છીએ ત્યારે ચોક્કસ લાગે છે કે હજારો વર્ષમાં ક્યારેક જ પ્રગટે તેવા તેઓ મંદિરના માસ્ટર બિલ્ડર હતા. એમનાં ચરણોમાં કોટિ કોટિ વંદન.

◆

જેમનો જન્મ મંદિરો બાંધવા માટે થયો હતો...

■ શ્રી હર્ષદભાઈ ચાવડા

૧૯૬૬-૬૭ના અરસામાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના દિવ્ય અને નિઃસ્વાર્થ વાત્સલ્યથી આકર્ષાઈને હું ગોંડલ ખાતે તેમની આજ્ઞા મુજબ સેવામાં જોડાઈ ગયો હતો. તે સમયે મારી ઉંમર ૧૭ વર્ષની હતી. તે સમયે ગોંડલમાં પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવવાનું થયું હતું. મંદિરમાં દર્શનાર્થે આવતા અતિથિઓની નાની-મોટી સેવામાં યોગીજી મહારાજની આજ્ઞાથી હું દોડાદોડી કરતો, એ જોઈને પ્રમુખસ્વામી મહારાજ મારા પર ખૂબ રાજી થતા. મારામાં એવી કોઈ વિશેષ આવડત કે સૂઝ નહોતી, પરંતુ તેમ છતાં પ્રમુખસ્વામી મહારાજ મારા પર અકારણ નિઃસ્વાર્થ પ્રેમ વરસાવતા. તેમના એ પ્રેમને કારણે જ, એમણે મને મંદિરનિર્માણની સેવામાં જોડ્યો. મારી આ સેવાની શરૂઆત ૧૯૭૫ના અરસામાં થઈ હતી. યોગીજી મહારાજ ધામમાં પધાર્યા પછી સન ૧૯૭૩માં સ્વામીશ્રીએ એક દિવસ મને આજ્ઞા કરી કે ગોંડલમાં યોગીજી મહારાજના સ્મૃતિ મંદિરમાં આરસની સુંદર છત્રી કરવી છે, તે કામ માટે તારે મકરાણા જવાનું છે. એ કાર્ય માટે હું રાજસ્થાનમાં મકરાણા ગયો. ત્યારપછી પરમ પૂજ્ય સ્વામીશ્રી સાથે મંદિરનિર્માણના કાર્યમાં અલગ અલગ પ્રકલ્પોમાં જોડાવાનું થયું, તેમાં દરેક વખતે સ્વામીશ્રીની એક આગવી અને અનોખી પ્રતિભાનો પરિચય મળતો ગયો.

કેટલાંક સંસ્મરણો હું ક્યારેય વીસરી શકીશ નહીં.

સામાન્ય રીતે આપણે મંદિરની ઈમારતને પથ્થરની કે ઈંટ-ચૂના-રેતીની એક ઈમારત તરીકે જોતા હોઈએ છીએ. પરંતુ સ્વામીશ્રીની દૃષ્ટિ કંઈક અનોખી હતી. સ્વામીશ્રીની આજ્ઞા અને માર્ગદર્શન મુજબ મારે મંદિરનિર્માણ માટે પથ્થર કઢાવવા, તેની સોમપુરાઓ પાસે ડિઝાઈનો કરાવવી, તે મુજબ પથ્થરના કારીગરો પાસે તેનું ઘડતરકામ કરાવવું, વગેરે કામકાજ માટે વર્ષો સુધી સેવા કરવાનું થયું. અને તે માટે બંસીપહાડપુર, મકરાણા, પીંડવાડા, ડુંગરપુર, સાગવાડા, વગેરે ક્ષેત્રોમાં અનેકવિધ મુશ્કેલીઓ વચ્ચે સેવા કરવાનું થયું. એ બધા જ સંજોગોમાં સ્વામીશ્રી સતત સાથે ને સાથે રહીને બળ અને પ્રેરણા આપતા રહ્યા. મારે દિવસ-રાત કારીગરો સાથે કાર્ય કરવાનું હોય એટલે મારી કાર્યશૈલી એ પ્રકારની થઈ ગઈ હતી. મને પથ્થર એટલે પથ્થર દેખાય. પરંતુ સ્વામીશ્રી મને વારેવારે અલગ દૃષ્ટિ કેળવવાનું શીખવતા હતા.

યોગીજી મહારાજની ઈચ્છા મુજબ ગોંડલના અક્ષરમંદિરના આગળના ભાગમાં પથ્થરમાંથી નિર્મિત ભવ્ય અક્ષરદ્વારના નિર્માણની સેવામાં સ્વામીશ્રીની આજ્ઞાથી જોડાવાનું થયું હતું. હું એને માત્ર પથ્થરની એક ઈમારત સમજતો હતો, પરંતુ સ્વામીશ્રી શું સમજતા હતા? તે તો જ્યારે તેનું સન ૧૯૮૨માં ઉદ્‌ઘાટન થયું ત્યારે ખબર પડી. ત્યારે ઉદ્‌ઘાટન કરીને અક્ષરદ્વારના ઝરૂખેથી સ્વામીશ્રી

બોલ્યા હતાઃ 'આ મૂર્તિમાન અક્ષરધામનો દરવાજો છે. આ પથ્થરો નથી, પરંતુ ચૈતન્ય વસ્તુ છે. એક એક પથ્થરની અંદર યોગીજી મહારાજ બિરાજ્યા છે. આ દરવાજાનાં જે દર્શન કરશે, તેની સ્મૃતિ રહી જશે, તે બધાનું શ્રેય થશે.'

આવા જ ઉદ્‌ગારો સ્વામીશ્રીએ ગાંધીનગર અને દિલ્હી અક્ષરધામના ઉદ્‌ઘાટન વખતે ઉચ્ચાર્યા હતાઃ 'અક્ષરધામના આ પથ્થર એ જડ પથ્થર નથી, એ ચૈતન્ય છે. એકેએક પથ્થરમાં સ્વામિનારાયણ ભગવાન બિરાજ્યા છે.'

આ હતી એમની દૃષ્ટિ. તેઓ મંદિરને પથ્થરની ઈમારત નહીં, પરંતુ તેમાં સાક્ષાત્ ભગવાનને જોતા હતા. આથી મંદિર-નિર્માણની એમની ધગશ કંઈક અનોખી જ હતી. મંદિરના નિર્માણનું કામ સર્વોપરી થાય, ઝડપી થાય, સર્વાંગ સુંદર થાય, ખૂબ સુશોભિત અને મહિમા ભરેલું થાય એ માટે તેઓ આ દૃષ્ટિ સાથે ભક્તિથી સૌને પ્રેરણા આપતા રહેતા. દરેક મંદિરના નિર્માણમાં એમણે આપેલા નિર્ણયોમાં એમની ભક્તિ દેખાતી. તેઓ મંદિર-નિર્માણ ચાલતું હોય ત્યારે નીરખવા પધારે કે નકશા જોવા બેઠા હોય ત્યારે સરળતાથી અને હળવેથી એવાં સૂચનો આપે કે સોમપુરાઓ, એન્જિનિયરો અને બીજા સૌનું હૈયું કબૂલી લે.

જેમ કે, ગાંધીનગર અક્ષરધામના મુખ્ય મંદિરના શિખરનો ભાગ ચતુષ્કોણ હતો, એ સ્વામીશ્રીએ અષ્ટકોણ કરાવ્યો, નાની નાની ઘુમ્મટીઓ કરાવી તેના ઉપર સુવર્ણમય કળશ કરાવ્યા! પરિક્રમા ઉપર ઘુમ્મટ ઘુમ્મટીઓ મુકાવી, પરિક્રમા ઉપર જાળી મૂકવાનું સૂચન કર્યું. કોઈપણ વિભાગમાં તેઓ મુલાકાત લઈને બહાર નીકળે ત્યાં સુધીમાં ખૂબ જ સહજતાપૂર્વક એવો કોઈ વિચાર આપી દીધો હોય કે જેનું કોઈ મૂલ્યાંકન જ કરી ન શકાય!

ગાંધીનગરમાં આર્કિટેક્ટે આપેલી ડિઝાઈન મુજબ મુખ્ય મંદિરની ચારે તરફ પરિક્રમાના સ્તંભો ૧૮ ઈંચની પહોળાઈવાળા કરવાના હતા. આ નિર્ણય જાણ્યા પછી ક્ષણનાય વિલંબ વગર અભિપ્રાય આપતાં સ્વામીશ્રીએ કહ્યુંઃ '૧૮ ઈંચના પિલર્સ ખૂબ જાડા લાગશે. સારંગપુર રંગમંડપમાં છે તેટલા જાડા લાગશે. અહીં તો નાજુક ૧૦થી ૧૨ ઈંચના જ પિલર્સ જોઈએ!' અને ખરેખર આજે સૌને એ સૂચનનું મૂલ્ય સમજાય છે. એટલા જાડા સ્તંભો હોત તો આજે સુંદર દેખાતી પરિક્રમાની શોભા આટલી સુંદર ન લાગતી હોત.

મુખ્ય મંદિરના અંદરના ભાગમાં ફરસ માટે ગ્રેનાઈટ, આરસ કે અન્ય ફ્લોરિંગ વગેરે વિકલ્પોમાંથી સ્વામીશ્રીએ આરસ પર તો પસંદગી ઉતારી હતી, પરંતુ એની સાથે સાથે દીવાલ પર આરસ રાખવો? એ ચર્ચા થઈ શકી નહોતી. સ્વામીશ્રીને એ અંગે પૂછવામાં આવ્યું, સ્વામીશ્રીએ સ્થળ ઉપર આવીને નિરીક્ષણ કર્યું અને પલભરમાં ત્વરિત નિર્ણય આપતાં કહ્યુંઃ 'અહીં જેસલમેરનો પીળો પથ્થર જ વધુ શોભશે!'

દિલ્હીના અક્ષરધામમાં તો ઠેર ઠેર સ્વામીશ્રીની આગવી સૂઝને કારણે શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ તેની શોભા અનેકગણી વધી ગઈ છે. સ્વામીશ્રી અવારનવાર અમને ફોન કરે, અથવા રૂબરૂ મળે ત્યારે વાત કરેઃ 'થર પ્રમાણે ઘડતર કરજો. ઉપર ઉપરના પથરા પહેલાં ઘડાઈ જાય અને નીચેનો એકાદ પથ્થર પણ રહી જાય તેમ ન થવું જોઈએ. વળી નકશી આંગળી જતી રહે એટલી ઊંડી થવી જોઈએ. કામ કરવામાં ચોકસાઈ રાખજો. પહેલેથી ટાઈમટેબલ કરતાં આગળ રહેજો.'

દિલ્હીના અક્ષરધામના નિર્માણમાં ગુલાબી પથ્થર અને આરસના પથ્થરની પસંદગી સ્વામીશ્રીએ કરી હતી. ત્યાંથી લઈને અક્ષરધામની ઊંચાઈ કેટલી રાખવી, અક્ષરધામનો મધ્ય ઘુમ્મટ કેવો કરવો, તેના પર સુવર્ણકળશ કરવા, તેના પર ધજા મૂકવી કે નહીં, બીમની પાટો પર ફૂલ કોતરવાં, મંડોવર કેવો કરવો, રૂપકામ કેટલું કરવું, પગથિયાં કેવાં કરવાં, એવી અનેક બાબતો તેમની જ આગવી નિર્ણયશક્તિથી જ આજે શોભી રહી છે.

દિલ્હીમાં અક્ષરધામના નિર્માણ વખતે નિષ્ણાત સોમપુરા બચુભાઈ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ત્યાં આવ્યા હતા. તેમણે જ્યારે અક્ષરધામના નિર્માણનું કાર્ય જોયું ત્યારે તેની વિરાટતા, ગુણવત્તા અને ગતિ બધું જોઈને ભાવવિભોર થઈને સ્વામીશ્રી સમક્ષ બોલી ઊઠ્યા હતાઃ 'અમારી સાત પેઢી લીટા મારી મારીને થાકી ગઈ તો પણ આવું કામ ક્યારેય જોયું નથી. આ કામ તો સાક્ષાત્ ભગવાન જ કરી શકે. હું આપને સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ જ માનું છું. આપના સિવાય આ કાર્ય ન થાય.'

૮૫ વર્ષની ઉંમરે સ્વામીશ્રીનો ઉત્સાહ એટલો અમાપ હતો કે શિયાળાની કડકડતી ઠંડીમાં તેઓ રાજસ્થાનનાં ધૂળિયાં ગામડાંઓમાં અક્ષરધામનું પથ્થરનું ઘડતરકામ નિહાળવા પધાર્યા, એટલું જ નહીં, ઘડતરમાં કાર્ય કરી રહેલા સાત હજાર કારીગરોને મળવા પધાર્યા! ફક્ત આ માટે જ તેઓ ગુજરાતથી મોટરમાર્ગે છેક દિલ્હી જવા નીકળ્યા! પીંડવાડા અને સિકંદરા જેવાં ગામોની આસપાસ ઘૂમી ઘૂમીને સાવ થાકી ચૂર થઈ ગયા ત્યાં સુધી સ્વામીશ્રી કારીગરોને મળતા રહ્યા. પથ્થરની પાટો વચ્ચે સાંકડી સાંકડી

જગ્યાઓમાં જઈને, એક એક કારીગરને માથે પુષ્પ મૂકીને તેમને આશીર્વાદ આપતા સ્વામીશ્રીને ક્યારેય વીસરી શકાય તેમ નથી. એ એક એક કારીગર સ્વામીશ્રીના આશીર્વાદથી લાગણીથી છલકાઈ ઊઠ્યો હતો. કેટલાયે વ્યસનો છોડ્યાં, કેટલાયે કંઠીઓ પહેરી, કેટલાય સત્સંગી બન્યા. આમ, સ્વામીશ્રીએ અક્ષરધામની પથ્થર ઘડતરની પ્રવૃત્તિને જાતે નીરખીને દરેક બાબતમાં ઊંડું માર્ગદર્શન આપ્યું.

અક્ષરધામના નિર્માણનું કાર્ય હોય કે કોઈપણ મંદિરના નિર્માણનું કાર્ય હોય, સ્વામીશ્રી કલાકો સુધી તેની ચર્ચા-વિચારણામાં સ્વસ્થતાથી બિરાજ્યા હોય... સ્વામીશ્રી આગળ આવા કોઈપણ કાર્યની વાત લઈને જઈએ એટલે સહેજ પણ વિલંબ વિના સ્વામીશ્રી તરવરિયા જુવાનની જેમ હંમેશાં તૈયાર જ હોય. ઉંમર, સમય, સ્વાસ્થ્ય કે બીજી તકલીફોને એમણે ક્યારેય ગણકારી નથી. દિવસ-રાત ગામડે ગામડે વિચરણ કરતાં કરતાં અન્ય અસંખ્ય જવાબદારીઓ વચ્ચે પણ સ્વામીશ્રી દરેકે દરેક કાર્યમાં ઊંડો રસ લઈને પ્રોત્સાહન આપે. એમનું આગમનમાત્ર દરેકને નવા જોમથી છલકાવી દે. અક્ષરધામનાં પગથિયાં ચઢે અને આખી પરિસ્થિતિ પામી જાય. કોઈની નજરે ન ચઢ્યા હોય એવા કેટલાય સુધારાઓ, કેટલીય મહત્ત્વની બાબતોનું ખૂબ હળવાશથી સૂચન કરે. આ ઉપરાંત અનેક વખત પત્રો, ટેલિફોન દ્વારા પણ અક્ષરધામના નાના-મોટા અનેક નિર્ણયોમાં એમણે દિવસ-રાત સાચા અર્થમાં અક્ષરધામ અને મંદિરના નિર્માતાની ભૂમિકા ભજવી છે.

અક્ષરધામના નિર્માણ દરમ્યાન ઉત્સાહ અને ભક્તિભાવથી દસ દસ વખત તેઓ દિલ્હી પધાર્યા. ૨૦૦૩માં મુંબઈમાં સ્વામીશ્રી બીમાર પડી ગયા હતા. ખૂબ અશક્ત થઈ ગયા હતા, પરંતુ અક્ષરધામના બારશાખના પૂજનનું કાર્ય આવ્યું કે અશક્તિ અને બીમારીઓને ફગાવી દઈને તેઓ તરવરિયા યુવાનની પેઠે દિલ્હી આવી ગયા. દિલ્હીમાં અક્ષરધામ સ્થળ પર પધારે ત્યારે તેઓ એકે એક ખૂણો નીરખવા ઘૂમી વળે. તેમનું નિરીક્ષણ પણ અતિ સૂક્ષ્મ. ઝીણામાં ઝીણી બાબત એમની નજરે મપાઈ જાય. એમનું એક એક સૂચન અત્યંત મૂલ્યવાન બની રહે. એમાં કલાની સૂઝ હોય, દીર્ઘદૃષ્ટિ હોય, પ્રેક્ટિકલ વિચાર હોય, સૌનું હિત હોય, વર્ષોના અનુભવનો નિચોડ હોય, અને સૌથી વિશેષ

મંદિરનું પ્લાનિંગ હોય, કારીગરોને ઘડતરની પ્રેરણા આપવાની હોય કે વિરાટ કાર્યને પાંચ વર્ષમાં પૂર્ણ કરવાનો પડકાર હોય, સર્વત્ર સ્વામીશ્રીની ઊર્જાનો પ્રભાવ ફરી વળતો...





તો દિવ્યતા હોય. સૌનો આત્મા કબૂલ કરે એવી એમની નમ્ર અને સરળ રજૂઆત હોય. એમાં ક્યારેય દુરાગ્રહ ન હોય.

પથ્થરનું કામ કરવું તે સહેલી વાત નથી. એવા સંજોગોમાં સ્વામીશ્રીએ પાંચ જ વર્ષમાં માત્ર પાંચ વર્ષમાં અક્ષરધામનું કાર્ય પૂરું કરવા માટે અમને સૌને આદેશ આપ્યો હતો. પરંતુ માત્ર આદેશ નહીં, પળે પળે સ્વામીશ્રી અમારી સાથે રહ્યા હતા. આજેય આશ્ચર્ય થાય છે કે રાજસ્થાનમાં એક સાથે ૪૦-૪૦ સાઇટ્સ પર લાખો ઘનફૂટ પથ્થર ઘડાતા હોય; સાત સાત હજાર કારીગરો દિવસરાત ટાંકણે ટાંકણે પથ્થરને ઘડતા હોય; દિલ્હીમાં અક્ષરધામના સ્થળ પર અઢીથી ત્રણ હજાર લોકો નિર્માણમાં લાગેલા હોય, આ બધું કેવી રીતે થતું હતું? એક સ્વપ્ન જેવું લાગે છે. પરંતુ એ બધાની પાછળ સ્વામીશ્રીનું સતત પ્રેરણાબળ, પીઠબળ અને માર્ગદર્શન છે.

સંતો ઠંડી-ગરમીની ભયંકરતા અંગે સ્વામીશ્રીને કહે ત્યારે સ્વામીશ્રી એક જ જવાબ આપેઃ 'ઋતુઓ એનું કામ કર્યા જ કરવાની. એવી મુશ્કેલીઓની વચ્ચે જ આપણે કામ પાર પાડવાનું છે. મહારાજ-સ્વામી સાથે છે, માટે મંડી જ પડો. આપણે કામ દોઢે કરવાનું છે, તો જ પહોંચી વળાશે.' એમનું એક વાક્ય સૌને હિંમતથી છલકાવી દેતું.

સમયપાલનની બાબતમાં પણ એમનો આગ્રહ ઑક્સિજન સમાન બની રહ્યો હતો. જ્યાં જ્યાં તેમને જણાતું ત્યાં ખૂબ સ્પષ્ટ શબ્દોમાં ક્યારેક પુણ્યપ્રકોપ વ્યક્ત કરીને પણ દરેક કાર્ય યોગ્ય સમયે જ પૂર્ણ થાય તેવી પ્રેરણા તેઓ આપતા રહેતા.

ગાંધીનગર અક્ષરધામના નિર્માણ વખતે છેલ્લું વર્ષ બાકી હતું ત્યારે સંતોએ મીટિંગ કરીને ખૂબ સુંદર આયોજન વિચાર્યું. તેનો એક બાર-ચાર્ટ તૈયાર કરીને સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યો. સ્વામીશ્રીએ ખૂબ રસ લઈને પ્રસન્નતા તો બતાવી પણ સાથે સાથે ટકોર પણ કરીઃ 'તમે કાગળ ઉપર આ બધું ચિતરામણ કરીને લાવ્યા છો, પણ એ પ્રમાણે થવાનું છે કે ખાલી ચિતરામણ જ છે? આવી રીતે થાય તો તો બહુ મોટી વાત છે, પણ ધારો કે ન પતે તો એનું પણ આયોજન વિચારી રાખો. એક મહિનામાં જેટલું કામ પતાવવાનું છે એટલું કામ ન પતે તો બીજા મહિનામાં ઓવરટાઇમ કરીને પણ એટલું કામ પતાવી જ દેવાનું. એમ નહીં કરો તો નહીં જ થાય. અને તમે લોકોએ બીજી બધી ગણતરી રાખી છે? આમાં નાના-મોટા અકસ્માતો થવાના, મશીનો બંધ પડી જવાનાં, ઇલેક્ટ્રિસિટીમાં ગરબડ થવાની, માણસો જતા રહેવાના, બીમારી આવવાની, આવી બધી ગણતરી તમે કરી

(અનુસંધાન પૃષ્ઠ ૬૬ પર)

મંદિરનિર્માણમાં જેમની ઊંડી સૂઝ ઠેર ઠેર પ્રકાશી રહી છે...

■ શ્રી સંજયભાઈ પરીખ

છેલ્લાં ત્રીસેક વર્ષોથી પ્રમુખસ્વામી મહારાજના મંદિરનિર્માણના કાર્યમાં સેવા પ્રાપ્ત થઈ છે, એટલે એક અલગ નજરે તેમને નીરખવાનો લહાવો મળ્યો છે. તેઓનાં કેટલાંક સ્મરણો ક્યારેય મારા હૃદયમાંથી વીસરાશે નહીં.

સન ૨૦૦૧માં ગુજરાતમાં ભયંકર ભૂકંપ આવ્યો આ દરમ્યાન સમગ્ર સમાજમાં એક ગભરાટ ફેલાઈ ગયો હતો કે ભૂકંપને કારણે મકાનો પડવાથી પારાવાર તારાજી સર્જાય છે, અનેક ઘણું નુકસાન પણ થાય છે. આ સમય દરમ્યાન જ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી અમેરિકાના લોસએન્જલસ (એલ.એ.) મહાનગર ખાતે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા મંદિર-નિર્માણનો વિચાર-વિમર્શ ચાલતો હતો. એલ.એ. એટલે એક ભૂકંપ સંભવિત વિસ્તાર. ત્યાં અવારનવાર ભૂકંપના આંચકા આવતા જ રહે છે. સ્વામીશ્રીની ઇચ્છા હતી કે ત્યાં ભારતીય પરંપરાગત શૈલીનું પથ્થરનું મંદિર બનાવવું છે. પરંતુ મંદિર કયા પથ્થરનું બનાવવું? તે માટે ઘણો વિચાર-વિમર્શ જરૂરી હતો. સૌને એક પ્રશ્ન થયો કે જ્યાં ભૂકંપના આંચકા વારંવાર આવતા હોય એ વિસ્તારમાં પથ્થરનું મંદિર કેવી રીતે કરીશું? આ એક વિકટ પ્રશ્ન હતો, પરંતુ પ્રમુખસ્વામી મહારાજની ધીરજ ડગી નહીં. તેઓએ માર્ગદર્શન આપ્યું કે દુનિયામાં જ્યાં જ્યાં આવા ભૂકંપ પ્રભાવિત વિસ્તારો છે ત્યાં બધે તપાસ કરો કે એ લોકો કેવી રીતે બાંધકામ કરે છે અને કેવી ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે. આ પ્રમાણેની અમે તપાસ કરીને સ્વામીશ્રી સમક્ષ રજૂઆત કરી. સ્વામીશ્રીએ બધું ધ્યાનથી સાંભળ્યું. તેઓએ નક્કી કર્યું કે જો યોગ્ય ટેક્નોલોજીનો મંદિરના નિર્માણકાર્યમાં ઉપયોગ થઈ શકતો હોય તો આપણે પથ્થરના જ મંદિરનું નિર્માણ કરવું છે. એમ કહીને તેઓએ અદ્યતન ટેક્નોલોજીનો સમન્વય કરીને પથ્થરમાંથી જ પરંપરાગત

અને શાસ્ત્રોક્ત મંદિરનું નિર્માણ કરવાનું સૂચન કર્યું.

આમ, પ્રમુખસ્વામી મહારાજે અદ્યતન ટેક્નોલોજીનો સમન્વય કરીને ભારતીય પરંપરાગત શૈલી પ્રમાણે જ મંદિરનું નિર્માણ કરીને એક નૂતન અભિગમ સ્થાપ્યો.

સન ૨૦૦૦માં ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અમેરિકામાં શિકાગો ખાતે બિરાજમાન હતા. એ વખતે શિકાગો અને હ્યુસ્ટનનું મંદિર કયા પથ્થરમાંથી કરવું તે માટેનો વિચારવિમર્શ ચાલી રહ્યો હતો. હું ઈટલી, બલ્ગેરિયા, ટર્કી અને સ્પેન વગેરે યુરોપીય દેશોની પથ્થરની વિવિધ ખાણોમાં ફરીને પથ્થરનો અભ્યાસ કરીને અમેરિકા પહોંચ્યો. તે વખતે સ્વામીશ્રી ત્યાં વિચરણ કરી રહ્યા હતા. હું તેઓ સમક્ષ જઈ પહોંચ્યો અને વિવિધ પથ્થરોનાં સેમ્પલ બતાવવા લાગ્યો અને સાથે સાથે જે તે પથ્થરોની લાક્ષણિકતાઓની અને તેની મર્યાદાઓ પણ વર્ણવી. સ્વામીશ્રી ખૂબ એકાગ્રતાથી પથ્થરોને જોતા ગયા અને તે તે પથ્થરો અંગેના ઝીણવટભર્યા પ્રશ્નો પણ પૂછ્યા. અનેક વિચારના અંતે સ્વામીશ્રીએ ઇટાલિયન માર્બલ અને ટર્કીશ લાઈમસ્ટોન પર પસંદગી ઉતારી. ત્યારબાદ સ્વામીશ્રીએ કહ્યું કે 'આ તો ફક્ત મારો અભિપ્રાય છે. મને ગમ્યું તે કહ્યું. પરંતુ આપણે અહીંના ટ્રસ્ટીઓની મીટિંગ બોલાવીએ. હું પણ હાજર રહીશ. તેમની સમક્ષ તમે આ રજૂઆત કરજો. તમે બધાને બરોબર રીતે ઊંડાણપૂર્વક સમજાવજો. જેથી પાછળથી કોઈને પ્રશ્ન ન થાય.' સૌનો વિશ્વાસ જીતીને કાર્ય કરવાની સ્વામીશ્રીની આ આગવી શૈલી હતી. પછી મીટિંગમાં તેઓની આજ્ઞા અનુસાર મેં સૌ સમક્ષ આ પથ્થરોના ગુણધર્મો વર્ણવ્યા. સ્વાભાવિક રીતે જ પથ્થરની અંદર થોડાં ઘણાં વેરીએશન્સ તો આવતાં જ રહે છે. તો આ બધી બાબતોથી અહીંના સ્થાનિક કાર્યકર્તાઓ પણ પરિચિત રહે તેવી સ્વામીશ્રીની ભાવના હતી. તે અનુસાર સૌને માહિતગાર કર્યા પછી સ્વામીશ્રીએ સૌને પથ્થરની પસંદગી અંગે બરાબર યોગ્ય-અયોગ્ય મત દર્શાવવા કહ્યું. અને ત્યારબાદ તેઓએ સૌનો અભિપ્રાય લઈને પથ્થર પર પોતાની પસંદગી ઉતારી. આ રીતે સૌને સાથે રાખીને, સાચી જાણકારીથી સૌને અવગત કરીને મંદિર નિર્માણનો પ્રોજેક્ટ કેવી રીતે આગળ વધારવો તેની સ્વામીશ્રીની એક આગવી સૂઝ હતી.

સન ૧૯૯૭ના અરસામાં વિદેશમાં વિવિધ જગ્યાએ શિખરબદ્ધ મંદિરોનાં નિર્માણ કરવા માટેની ચર્ચા-વિચારણાઓ ચાલી રહી હતી. એ વખતે એક મીટિંગમાં બાંધકામ માટે ઉપયોગી એવા એફ.આર.પી. (ફાઈબર રેઈનફોર્સ પોલિમર)નાં સેમ્પલો રજૂ કરાયાં. બાંધકામમાં ઉપયોગી અને પ્રમાણમાં સસ્તા એવા આ એફ.આર.પી. મટીરિયલ અંગે વડીલ સંતો અને કમિટી સભ્યોમાં ઊંડાણપૂર્વકની વિચારણા થઈ. વિમર્શને અંતે લગભગ બધા સંમત થયા. સૌને આ એફ.આર.પી.નાં મટીરિયલ પ્રત્યે આકર્ષણ થયું. કારણ કે આની અંદર ઓછા ખર્ચે અને સારી દેખાતી વસ્તુઓ પણ મળી શકતી હતી. ઉપરાંત વિદેશમાં જ આ મટીરિયલ ઉપલબ્ધ હોવાથી વિશેષ અનુકૂળતા રહેતી હતી, તેથી સમયનો બચાવ વગેરે વિવિધ લાક્ષણિકતા હોવાથી બધાનો ઢોળાવ આ તરફ હતો. પ્રમુખસ્વામી મહારાજની સમક્ષ આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવતાં તેઓશ્રીએ અભિપ્રાય આપ્યો કે 'આપણે આમાં હજુ ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાની જરૂરિયાત છે. આપણે વિદેશમાં જ્યાં જ્યાં આ વસ્તુનો ઉપયોગ થયો હોય અને તેનો વપરાશ થયો હોય તેનો અભ્યાસ કરવો જોઈએ. ત્યારબાદ આપણે નક્કી કરીએ.' અંતે તેઓની આજ્ઞા થતાં અક્ષયમુનિદાસ સ્વામી તથા અમે ૧૯૯૮માં વિવિધ જગ્યાએ સ્ટડી માટે ચારેક મહિના પ્રવાસ કર્યો. એ અરસામાં હૃદયની બાયપાસ સર્જરી પછી ડૉક્ટરની સલાહ મુજબ સ્વામીશ્રી ન્યૂયોર્કમાં આરામમાં હતા ત્યારે સ્વામીશ્રીએ અમને સામેથી બોલાવ્યા અને અમે જે સર્વેક્ષણ કર્યું હતું તે અંગે વિગતો સાંભળી. અમે ફોટોગ્રાફ્સ અને ડ્રોઈંગ્સ પણ બતાવ્યાં. સ્વામીશ્રીએ અનેક ઝીણવટભર્યા પ્રશ્નો પણ પૂછ્યા. સ્વામીશ્રીએ વિવિધ પાસાંઓને ધ્યાનમાં રાખીને ઊંડાણપૂર્વક ચર્ચા પણ કરી. આ વિમર્શને અંતે સ્વામીશ્રીએ ખૂબ શાંતિથી પણ ખુમારીપૂર્વક કહ્યું, 'શરૂઆતમાં તો આ બધી વસ્તુઓ ખૂબ સારી દેખાય છે, પરંતુ આનું આયુષ્ય ઓછું લાગે છે, પ્રમાણમાં મેઈન્ટેનન્સ પણ ઘણું માગી લે છે. આપણે તો અહીં સદીઓ સુધી ટકે એવાં મંદિરો કરવાં છે. આપણા દેશમાં પથ્થરનાં મંદિરો સદીઓથી ઊભાં જ છે અને ઊભાં રહેશે. એવાં અહીં પણ પથ્થરનાં મંદિરો જ કરીએ.' સ્વામીશ્રીએ તરત જ પોતાના અંતરની વાત જણાવી દીધી. સ્વામીશ્રી કોઈપણ બાબતમાં ખૂબ જ ઊંડા ઊતરતા હતા. તેનો સંપૂર્ણ અભ્યાસ કરાવ્યા બાદ જ આખરી નિર્ણય લેતા હતા.

કોઈપણ શહેરમાં મંદિરનું નિર્માણકાર્ય ચાલતું હોય ત્યારે સ્વામીશ્રી સ્થળ પર નિરીક્ષણ કરવા અવશ્ય પધારે અને સૂક્ષ્મ દૃષ્ટિથી બધું નિહાળે. સન ૧૯૯૨માં ગાંધીનગરમાં અક્ષરધામના નિર્માણનું અંતિમ ચરણનું કાર્ય પૂર વેગે

(અનુસંધાન પૃષ્ઠ ૭૨ પર)



આણંદ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ૮૯મો જન્મજયંતી મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવી ભાવવંદના કરતા સંતો-હરિભક્તો...

તા. ૧૯-૯-૨૦૨૨, ભાદરવા વદ નોમની તિથિએ ચરોતર પ્રદેશમાં આણંદ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ૮૯મો જન્મજયંતી મહોત્સવ અનેરા હર્ષોલ્લાસ સાથે ઊજવાયો હતો. છેલ્લાં બે વર્ષથી કોરોના મહામારીને કારણે ગુરુહરિનો જન્મદિન જાહેરમાં ઊજવાયો નહોતો, પરંતુ આ વર્ષે આણંદના આંગણે આ મંગલ અવસરની ઉજવણી કરીને હજારો ભક્તોએ ગુરુવંદના કરી હતી.

ગુરુહરિના જન્મદિને પ્રાતઃકાળથી જ ઉત્સવનો માહોલ છવાયો હતો. ગુરુહરિને જન્મદિને ભાવવંદના કરવા ઊમટેલા હજારો હરિભક્તો-ભાવિકોના મન-હૃદય ઉલ્લાસમાં ગરકાવ બન્યા હતા. સૌના અંતરમાં આનંદ ઊભરાઈ રહ્યો હતો. સવારે સ્વામીશ્રી અક્ષરફાર્મથી બી.એ.પી.એસ. મંદિરે પધાર્યા ત્યારે તેઓના જન્મદિને વધામણી અર્પતા વિવિધ આયામોથી મંદિર શોભી રહ્યું હતું. સ્વામીશ્રીએ ઠાકોરજીનાં દર્શન-આરતી કરી સૌના માંગલ્યની પ્રાર્થના કરી હતી. ત્યારબાદ સ્વામીશ્રી અક્ષરફાર્મમાં પ્રાતઃપૂજામાં બિરાજ્યા. ગુરુહરિના જન્મોત્સવને વધાવતો પૂજા-મંચ શોભી રહ્યો હતો. પ્રાતઃપૂજામાં સંતોએ ભક્તિપદોનું ગાન કરીને ગુરુવંદના કરી હતી. પ્રાતઃપૂજાના અંતે સ્વામીશ્રીએ 'કૃષિમહર્ષિ પ્રમુખસ્વામી મહારાજ' પુસ્તકનું વિમોચન કર્યું હતું. અંતમાં સૌ ભક્તો વતી કલાત્મક હાર અર્પણ કરીને સંતોએ ગુરુહરિને વધાવ્યા હતા.

સાયંકાળે જન્મજયંતી મહોત્સવનો મુખ્ય સમારોહ અક્ષરફાર્મમાં યોજાયો હતો. આ અવસરનો લાભ લેવા માટે ઊમટેલા હજારો હરિભક્તોથી વિશાલ શમિયાણો ખીચોખીચ ભરાઈ ચૂક્યો હતો. દેશ-વિદેશમાં ગુરુહરિના જન્મોત્સવનું જીવંત પ્રસારણ નિહાળી રહેલા બી.એ.પી.એસ. પરિવારના લાખો ભક્તો-ભાવિકોમાં પણ અનન્ય ઉત્સાહ-ઉમંગ હતો. ગુરુહરિના જન્મોત્સવની ઉજવણી માટે કલાત્મક મંચ રચવામાં આવ્યો હતો. તેના ઉચ્ચાસને આરૂઢ થઈને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓ દિવ્ય દૃષ્ટિ રેલાવી રહી હતી. મધ્યમાં સ્વામીશ્રી અને બંને બાજુએ વરિષ્ઠ સંતોનાં આસનો હતાં. આબાલ-વૃદ્ધ સૌના અંતરની ભાવનાને વ્યક્ત કરતું જીવન્તુ શરદઃ શતમ્। લખાણ શોભી રહ્યું હતું.

જન્મજયંતી સમારોહનો પ્રારંભ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન અને કીર્તનગાનથી થયો. સભાના મુખ્ય કાર્યક્રમના કેન્દ્રમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે લખેલો એક પત્ર હતો. તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ મહંત સ્વામી મહારાજે સ્વહસ્તાક્ષરમાં લખી જણાવેલું: ''એક નિશાન પ્રમુખશતાબ્દી મહોત્સવ. આપ સર્વેના મનમાં પ્રમુખસ્વામીનો શતાબ્દી મહોત્સવ દિવ્યતાથી અને ભવ્યતાથી ઊજવવાની ઈચ્છા છે. મારા મનમાં પણ ખૂબ ઉત્સાહ છે. કેમ ન હોય? આપણા ગુરુની શતાબ્દી છે. તેઓ આપણા માટે કેટલું કરી ગયા! હવે આપણો વારો છે.'' ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો આ નારો ઝીલીને સમગ્ર સત્સંગમાં પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ ઊજવવા માટે સૌમાં જબરજસ્ત ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. સૌ થનગની રહ્યા છે. પૂજ્ય મહંત સ્વામી મહારાજે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ ઊજવવા આ પત્ર દ્વારા દિશા પણ ચીંધી આપી છે. તેઓએ પત્રમાં લખ્યું છે કે, 'પ્રમુખસ્વામી મહારાજ હોય તો આ સમૈયો કઈ રીતે ઊજવે? તેમ આપણે ઊજવવો.' એમ કહીને પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી મહોત્સવ ઊજવવાની એક રીત દર્શાવતાં મહંત સ્વામી મહારાજ લખે છે, 'પ્રમુખસ્વામી મહારાજે બીજાનાં મન સાચવ્યાં છે. તેમાં પણ સાચવું છું એવો ભાવ નહીં. એકદમ નેચરલ. પ્રેમપૂર્વક રાખ-રખાવટ અને સરભરા કરી છે.' હા, સાચે જ, પ્રમુખસ્વામી મહારાજનો જીવનરથ પ્રવૃત્તિના પાટા પર પૂરપાટ દોડ્યો છે, પરંતુ વિશેષતા એ છે કે એ રથના ચક્ર નીચે એકપણ વ્યક્તિની લાગણી કચડાઈ નથી. તેમણે ક્યારેય પોતાનો વિચાર કર્યો નથી. અન્યની સંવેદનાને સમજીને સેવા કરનારા હતા પ્રમુખસ્વામી મહારાજ. તેઓની આ વિશેષતાનું વિરલ દર્શન કરાવ્યું નારાયણમુનિદાસ સ્વામીએ પ્રસંગોચિત વક્તવ્ય દ્વારા. આ વક્તવ્ય દરમ્યાન મંચ પર પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આગમનને સૌએ જયનાદથી વધાવ્યું. મંચની મધ્યમાં તેઓ બિરાજ્યા. તેઓની એક બાજુએ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને બીજી બાજુએ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી આસનસ્થ હતા.

આત્મતૃપ્તદાસ સ્વામીએ શ્રીહરિનાં વચનોને આધારે સાચા સંતનાં લક્ષણો જણાવી મહંત સ્વામી મહારાજે કરેલા અપ્રતિમ વિચરણની ઝાંખી કરાવી. સાથે સાથે મહંત સ્વામી મહારાજે બાળકથી લઈને મોટી ઉંમરનાનાં મન કેવી રીતે સાચવ્યાં છે! પ્રમુખસ્વામી



મહારાજની જેમ જ બધાને સાહજિક રીતે પ્રેમ આપ્યો છે. પ્રમુખસ્વામી મહારાજની એ જીવનભાવનાનું મૂર્તિમાન દર્શન તેમણે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પ્રસંગો દ્વારા કરાવ્યું હતું.

સૌને રાજી કરવાની નિરાળી શૈલી હતી પ્રમુખસ્વામી મહારાજની અને એ જ માર્ગ છે મહંત સ્વામી મહારાજનો. એટલે તેઓએ આપણને સ્વામીબાપાની શતાબ્દી ઊજવવાની રીત જણાવતાં લખ્યું: 'આપણે પણ અન્યના મનને સાચવીને, અન્યની સંવેદનાઓને સમજીને સ્વામીબાપાનો શતાબ્દી મહોત્સવ ઊજવવાનો છે.' પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પોતાના આ ઐતિહાસિક પત્રમાં ઉત્સવ ઉજવણીની રીત સ્વામીબાપાના જીવનમાંથી શીખવતાં અન્ય એક વાત લખે છે: 'સ્વામીબાપાએ જે કાંઈ કર્યું છે એ શાસ્ત્રીજી મહારાજને નજર સામે રાખીને, કેવળ રાજીપાના વિચાર સાથે કર્યું. મનનું ધાર્યું કર્યું નથી.' જેમ રાજી રહો તેમ કરું હરિ - આ સેવાસૂત્રને વરેલા હતા પ્રમુખસ્વામી મહારાજ. તેથી તેઓની દૃષ્ટિ હરહંમેશ ગુરુના રાજીપા સામે જ રહેતી. તેઓના જીવનની પ્રત્યેક પળમાંથી ગુરુના રાજીપાના વિચારનો જ પડઘો સંભળાતો. સ્વામીબાપાની આ સેવાશૈલીને વ્યક્ત કરતાં અક્ષર-વત્સલદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજની ગુરુભક્તિને વર્ણવી હતી. ત્યારપછી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ગુરુભક્તિનાં દર્શન કરાવતાં આનંદસ્વરૂપ સ્વામીએ સુંદર પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

આ જ પત્રમાં મહંત સ્વામી મહારાજ સ્વામીબાપાની જીવનશૈલીનો



પડઘો પાડતાં લખે છે: 'સ્વામીબાપાએ આ બધું પોતાની મોટપ વધારવા નથી કર્યું. કપટ નહીં, ઈર્ષ્યા નહીં, દંભ તો લેશ પણ નહીં, દુરાગ્રહ નહીં. તેઓ સેવા કરે ત્યારે અનંત ગુણો ભેગા ભળી જાય એટલે શાનદાર સેવા થાય.' પ્રમુખસ્વામી મહારાજની આ વિશેષતા હતી કે તેઓએ વિશ્વવિક્રમી કાર્યો કર્યાં, પરંતુ યશ-કળશ હંમેશાં પોતાના ગુરુઓના શિરે ઢોળ્યો. ક્યારેય પણ તેઓએ ક્રેડિટની કમાણી પોતાના નામે લીધી નથી. સ્વામીબાપાની આ વિશેષતાનું દર્શન કરાવતાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ જણાવ્યું: ''પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં નિર્માનીપણું પળે-પળે દેખાય. તેમના સમયકાળમાં મોટા-મોટા મહોત્સવો થયા. ભવ્ય મંદિરો થયાં અને બીજાં અનેક અસાધારણ કાર્યો થયાં. લોકોએ તેમનાં કાર્યોની ખૂબ પ્રશંસા કરી, પણ પ્રમુખસ્વામી મહારાજ પોતાનાં કાર્યોનો યશ ગુરુઓને આપતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજ પાસે તેમનાં કાર્યો અને સિદ્ધિઓનું વર્ણન કરવામાં આવે ત્યારે એનો લેશપણ ભાર નહીં. તેઓ હંમેશા એક જ વાત કરતા, 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો સંકલ્પ, એમના આશીર્વાદ, એમના બળથી બધું કાર્ય થાય છે. આપણે કંઈ જ કરતા નથી.' આવી અહંશૂન્યતા એમના જીવનની અંદર હતી.

પૂજ્ય મહંત સ્વામી મહારાજના જીવનની અંદર પણ આ જ વાત છે. તેમણે વર્ષોથી પધરામણીઓ કરી છે, લોકોની મુશ્કેલીઓમાં ભાગ લીધો છે. એકદમ કટોકટીના સમયમાં ભક્તોના સંકલ્પો પૂરા કર્યા છે, ભક્તોને રાજી કર્યા છે. શારીરિક અને માનસિક ખૂબ કષ્ટ, ખૂબ ભીડો વેઠ્યો છે. પણ તોય કોઈ દિવસ એમના મુખમાંથી એક ઉદ્‌ગાર શુધ્ધાં નીકળ્યો નથી કે આ મેં કર્યું! એકદમ મૂકભાવે અને હાથ જોડીને તમામ હરિભક્તોને રાજી કર્યા છે. મહંત સ્વામી મહારાજમાંથી આ જ શીખવાનું છે કે આપણે યશ કે પ્રસિદ્ધિની ઈચ્છા રાખ્યા વગર સંપ રાખીને, હળીમળીને, એકબીજા પ્રત્યે દિવ્યભાવ રાખીને, મતભેદ કે મનભેદ રાખ્યા વગર ગુરુને રાજી કરવા સેવાકાર્ય કરીએ.''

ત્યારપછી બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે ક્યારેય ગુરુને ગૌણ થવા દીધા નથી - એમ કહી તેમણે પૂજ્ય મહંત સ્વામી મહારાજની ગુરુભક્તિના કેટલાક વિશિષ્ટ પ્રસંગોનું આચમન કરાવ્યું હતું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સ્વહસ્તાક્ષરમાં આપણને પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ ઊજવવાનો એક અનોખો નકશો આંકી આપ્યો છે. તેઓએ લખ્યું છે કે મનગમતું મૂકીને ગુરુગમતામાં રહીને શતાબ્દી ઊજવીએ. બીજાના મનને સાચવીને શતાબ્દી ઊજવીએ અને ગુરુ જ કર્તાહર્તા છે એવા વિચાર સાથે શતાબ્દી ઊજવીએ.

ગુરુહરિના ગમતામાં વર્તવાની વાત કરતાં પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ કહ્યું: ''પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પત્ર દ્વારા બધું જણાવ્યું કે એમને શું ગમે છે! આ અવસરે આપણે પ્રાર્થના કરીએ કે 'હે સ્વામી! અમે આપના સંકલ્પ પ્રમાણે વર્તી

શકીએ, આપની ભાવના પ્રમાણે વર્તી શકીએ એવા અમારામાં ગુણ આપજો. તમારામાં તો અનંત ગુણ છે. એમાંથી થોડાક ગુણ અમારામાં આવે તો અમારું કલ્યાણ થઈ જાય.''

ગુરુહરિને વધાવવા માટે સૌના અંતરમાં ઊર્મિઓ ઊભરાતી હતી. એ સૌની લાગણીઓને પડઘો આપતાં બાળકો-કિશોરો-યુવકોએ *'આવો રે જનમદિન ગુરુનો હરખે ઊજવીએ...'* નૃત્યાંજલિ સમર્પિત કરી હતી.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજે સૌને કૃતાર્થ કરતાં આશીર્વચન ઉચ્ચાર્યાઃ ''તમે બધાએ ખૂબ દાખડો કરીને, શક્તિ વાપરીને કેવળ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવા આ બધું કર્યું. એમના બળે અશક્ય પણ શક્ય થઈ શકે!

શ્રીજીમહારાજથી લઈને આપણા ગુરુઓએ જે લાભ આપ્યો છે તેની બે બાજુ છે. આપણે તો મૂળ આત્માની વાત ઉપર જ જવાનું છે. ત્યાં સુધી પહોંચતાં બહુ કઠિન પડે છે. પણ આપણા ગુરુઓએ આધ્યાત્મિકતામાં બધું ગોઠવી દીધું અને સરળતા લાવી દીધી. એવું ગૂંથાઈ ગયું છે કે જુદાપણું ન લાગે. એ રીતે ગોઠવણ કરી છે કે બાળકો, વડીલો, જ્ઞાની, ધ્યાની - બધાને એકસરખું લાગે. કહેવાય સામાન્ય, પણ આ સામાન્ય નથી. આ સત્સંગ જ અસામાન્ય છે. એમાં આપણે ગોઠવાઈ ગયા છીએ, જોડાઈ ગયા છીએ. એટલે આપણે મોટાં ધન્યભાગ્ય માનવાં અને આનંદમાં રહેવું.''

ગુરુહરિનાં આશીર્વચનો પામીને સૌ કૃતાર્થ થયા. ત્યારબાદ જન્મોત્સવની સભામાં ઉપસ્થિત અને દેશ-વિદેશમાં જીવંત પ્રસારણને માણી રહેલા અસંખ્ય હરિભક્તોએ વૈદિક શ્લોકગાનની વચ્ચે ગુરુહરિનાં ચરણોમાં મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી માંગલિક શુભકામનાઓ પાઠવી હતી. સત્સંગ સમુદાય વતી વરિષ્ઠ સંતોએ કલાત્મક હારતોરા અર્પણ કરીને ગુરુહરિને જન્મદિને અભિવંદના કરી હતી. આજના અવસરે સ્વામીશ્રીએ 'નહીં ભૂલીએ ઉપકાર' નામક નૂતન ઓડિયો પ્રકાશન ઉદ્‌ઘાટિત કર્યું હતું.

અનેકનાં જીવનમાં આધ્યાત્મિક પ્રકાશ પાથરનાર પ્રમુખસ્વામી મહારાજના પ્રગટ સ્વરૂપ સમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને અક્ષરપુરુષોત્તમ મહારાજને સૌએ સમૂહ આરતી-અર્ઘ્ય દ્વારા વધાવ્યા ત્યારે વાતાવરણમાં અનેરી દિવ્યતા છવાઈ ગઈ હતી.

આજના જન્મોત્સવને સફળ બનાવવામાં આણંદના બી.એ.પી.એસ. મંદિરના કોઠારી પૂજ્ય ભગવત્ચરણદાસ સ્વામી અને સંતો-હરિભક્તોનો આભાર પ્રકટ કરવામાં આવ્યો. સાથે સાથે, ઉત્સવને દેશ-વિદેશ સુધી જીવંત પ્રસારણ દ્વારા પહોંચાડવા બદલ GTPL કથાચેનલ, આસ્થા ચેનલ તથા live.baps.org નો આભારવિધિ પ્રવક્તાએ કર્યો હતો.

વળી, આણંદના મધ્યમાં ગોયા તળાવના કાંઠે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની અનેક સ્મૃતિઓ સંગ્રહાયેલી છે. આજ રોજ આણંદ નગરપાલિકા દ્વારા એ ચોકનું 'મહંત સ્વામી ચોક' તરીકે નામાભિધાન કરવામાં આવ્યું હતું.

આમ, ભગવાન સ્વામિનારાયણથી લઈને મહાન સંતો અને ગુણાતીત ગુરુપરંપરાના સાંનિધ્યથી પાવન થયેલ આણંદ નગર ખાતે, પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના એક ચરણ રૂપે, મહંત સ્વામી મહારાજનો ૮૯મો જન્મજયંતી મહોત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થઈ ગયો. ◆







બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે
બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ૨૯ શહેરોમાં યોજાયાં

પાવનકારી સંત-સંમેલનો

ભારત એ સંતોની પવિત્ર ભૂમિ છે. અનાદિ કાળથી સંતો-મહાપુરુષોએ આધ્યાત્મિક જ્ઞાન અને સંસ્કારો સિંચીને ભારતની ભૂમિને સદા અલંકૃત કરી છે. સનાતન હિન્દુ ધર્મની મહાન પરંપરાને આ મહાન સંતો અને આચાર્યોએ જ સમયે-સમયે નવપલ્લવિત કરી તેનું રક્ષણ, પોષણ અને સંવર્ધન કર્યું છે. સનાતન હિન્દુ પરંપરાના આધારસ્તંભ સમાન મંદિરો, શાસ્ત્રો અને સંત-પરંપરાને ભગવાન શ્રી સ્વામિનારાયણે વિશેષ ગૌરવાન્વિત કરી છે. તેમના પાંચમા આધ્યાત્મિક અનુગામી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવન દ્વારા ભારતીય સંતોની ગરિમાને વર્તમાન સમયે લાખો લોકોના જીવનમાં હૃદયસ્થ કરી છે. સાધુતા-સંપન્ન બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને ભારતવર્ષના તમામ મહામંડલેશ્વરોથી લઈને મઠાધિપતિઓ અને સાધકથી લઈને સિદ્ધો સુધી હજારો સાધુ-સંન્યાસીઓ પ્રત્યે અનહદ આદર, સ્નેહ અને સદ્‌ભાવ હતો. તેથી જ તેઓના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે, પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી એ સંતોના આશીર્વાદનો લાભ મળે તે માટે ઠેર ઠેર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પાવનકારી સંત-સંમેલનો યોજાઈ ગયાં. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના નિમંત્રણને સ્નેહપૂર્વક સ્વીકારીને જુદાં જુદાં ક્ષેત્રોના જુદી જુદી પરંપરાના સંતો, મહંતો, આચાર્યો, ગાદીપતિઓ તેમજ ધાર્મિક સંસ્થાઓના ટ્રસ્ટીશ્રીઓ અને પૂજારીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્રમાં ધારી અને કચ્છમાં ભુજથી લઈને છેક કોલકાતા અને દક્ષિણ ભારત સુધી કુલ ૨૯ સ્થળોએ આવાં પાવનકારી સંત-સંમેલનો યોજાઈ ગયાં. દરેક સંત-સંમેલન એક અનોખી આભા પ્રસરાવતું હતું. હવે પછીનાં પૃષ્ઠોમાં તેની એક આછી ઝલક પ્રસ્તુત છે...



તા. ૩૧-૭-૨૦૨૨ થી ૧૧-૯-૨૦૨૨ દરમ્યાન દેશનાં વિભિન્ન શહેરોમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે નિર્માણ કરેલાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં આ પાવનકારી સંત-સંમેલનો યોજાયાં હતાં. જેમાં, ધુલિયા, આણંદ, રાજકોટ, ગોધરા, ગોંડલ, અમરેલી, ભુજ, પૂણે, ભાવનગર, મહેસાણા, જામનગર, સારંગપુર, અમદાવાદ, ભરૂચ, સેલવાસ, જયપુર, મોરબી, જૂનાગઢ, હિંમતનગર, ધોળકા, બોડેલી, વડોદરા, સાંકરી, નવસારી, તીથલ, ઈન્દોર, સુરત, નાસિક, કોલકાતા વગેરે સ્થળોએ યોજાયેલાં સંત-સંમેલનોમાં સંતો-મહંતો-મઠાધિપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

સંતો-મહંતોને આ સંત-સંમેલનમાં પધારવાનું નિમંત્રણ આપવા માટે સ્થાનિક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તરફથી કાર્યકરો અને સંતોએ દરેક મંદિર-મઠ-આશ્રમમાં જઈને ભાવપૂર્વક વિનંતી કરી હતી. આ આમંત્રણને માન આપીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને ભાવાંજલિ અર્પવા વિવિધ આધ્યાત્મિક પરંપરાના સંતો, મહંતો, મઠાધિપતિઓ, મહામંડલેશ્વરો, કથાકારો પધાર્યા હતા.

આદરણીય સંતો અને મહંતો સંત-સંમેલનમાં પધારે ત્યારે બી.એ.પી.એસ. મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર પાસે બી.એ.પી.એસ. મંદિરના સ્થાનિક વરિષ્ઠ સંત અથવા કોઠારી સ્વામીએ પધારેલા સંતો-મહંતોને ભાલે ચંદનનો ચાંદલો અને અક્ષત ચોડી આવકાર્યા હતા. પ્રવેશદ્વારથી પાથરેલી લાલ જાજમ પરથી સંતો-મહંતો મંદિર પરિસરમાં પધારે ત્યારે દેવ-બાળકોની વેશભૂષામાં સજ્જ બાળકોએ પુષ્પવર્ષા અને ધજા લહેરાવીને તેઓનું પારંપરિક રીતે સ્વાગત કર્યું હતું. મંદિરમાં ઠાકોરજીનાં દર્શન બાદ નીલકંઠવર્ણીનો અભિષેક કરીને સંતો-મહંતો સ્વાગત કક્ષમાં પધારે ત્યારે બી.એ.પી.એસ.ના સંતો દ્વારા તેઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવતું હતું. ત્યારબાદ સંમેલન-સભામાં સૌ પધારતા હતા.

મોટા ભાગે તમામ સંત-સંમેલનો રવિવારની સત્સંગ સભા સાથે સાંકળી લેવામાં આવ્યાં હતાં. આથી રવિવારની સત્સંગ સભામાં ઊમટેલા લાખો હરિભક્તોએ આ સંતોના પાવનકારી સાંનિધ્યનો લ્હાવો લીધો હતો.

ઠેર ઠેર સંત-સંમેલનનો મંગલ પ્રારંભ મુખ્ય સભાગૃહમાં ધૂન અને પ્રાર્થનાગાનથી થતો હતો. સુમધુર કીર્તનગાન બાદ અગ્રણી સંતો-મહંતો દીપ-પ્રાગટ્ય કરીને સંત-સંમેલનનો શુભારંભ કરતા હતા. બી.એ.પી.એસ. સંસ્થા વતી દરેક મંદિરના સ્થાનિક કોઠારી સ્વામીએ સ્વાગત પ્રવચન કરીને તમામ આમંત્રિત સંતોને આવકાર્યા હતા. ત્યારબાદ સ્થાનિક સંતોએ પધારેલા મહાત્માઓનું બી.એ.પી.એસ. સંસ્થા વતી ફૂલહાર, ચંદન-અક્ષત તથા પુસ્તક અર્પણ કરીને સ્વાગત-સન્માન કર્યું હતું. ત્યારબાદ બી.એ.પી.એસ. સંસ્થાના એક વરિષ્ઠ સંત દ્વારા આજના કાર્યક્રમની ભૂમિકારૂપ વક્તવ્ય પ્રસ્તુત થતું હતું, જેમાં સનાતન ધર્મની મહાન સંત-પરંપરાને વંદના કરવામાં આવતી હતી.

કાર્યક્રમની સતત વહેતી શૃંખલામાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો સ્મૃતિ-વીડિયો નિહાળ્યા બાદ ઉપસ્થિત સંતોના પ્રતિનિધિરૂપે અગ્રગણ્ય સંતોએ વક્તવ્યો રજૂ કર્યાં હતાં. સૌનાં વક્તવ્યોમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યેનો અપાર આદર સહજતાથી છલકાતો હતો. સૌએ પ્રમુખસ્વામી મહારાજના પ્રેરક દિવ્ય ગુણો વર્ણવી, પોતે અનુભવેલી દિવ્ય સ્મૃતિઓને યાદ કરી હતી. સૌમાં એક જ સૂર પડઘાતો હતો કે પ્રમુખસ્વામી મહારાજે સનાતન હિન્દુ ધર્મ, માનવજાત અને રાષ્ટ્ર માટે કરેલાં અજોડ કાર્યોને આવનારી અનેક સદીઓ સુધી સૌ યાદ કરતા કરશે. તેઓની અહંશૂન્યતા, ત્યાગ, તપ, દયા, કરુણા તથા ભક્તિ સૌ માટે પ્રેરણાદાયી હતાં. સાથે સાથે સૌ સંતોએ એકતા જાળવી રાખીને ભગવાનની ભક્તિ કરીને ચારિત્ર્યવાન સમાજનું નિર્માણ કરવાની શુભભાવના વ્યક્ત કરી હતી. પ્રમુખસ્વામી મહારાજને તમામ સંતો-મહંતો પ્રત્યે કેવો આદર અને સ્નેહ હતો, તેમજ સંતો-મહંતોને પ્રમુખસ્વામી

મહારાજ પ્રત્યે અસીમ પ્રેમ અને આદરભાવ છે - તેનું પ્રતિબિંબ આ સંમેલનમાં જોવા મળ્યું હતું. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે વીડિયો-સંબોધન દ્વારા સૌને જણાવ્યું હતું કે

'સર્વે સંતો-મહંતોને સાષ્ટાંગ પ્રણામ. વંદનપૂર્વક જય શ્રીસ્વામિનારાયણ, જય શ્રીકૃષ્ણ, જય શ્રીરામ, જય માતાજી. આપણી સનાતન હિન્દુ ધર્મની પરંપરામાં અનેક મહાન અવતારો, ઋષિઓ, આચાર્યો, ભક્તો, સંતોના અવતારો થયા છે. અને આપણા મહાન ધર્મની સુવાસને વધુ ને વધુ ફેલાવતા રહ્યા છે. એમની છત્રછાયામાં અનેક મહાન તીર્થધામો, સંપ્રદાયો, મઠ-મંદિરો દ્વારા આપણા સનાતન ધર્મની ધજા ફરકતી રહી છે. એ મહાન પવિત્ર વારસો આપ સૌ સેવા દ્વારા શોભાવી રહ્યા છો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ૨૦૦ વર્ષ પહેલાં અવતરીને આપણા સનાતન ધર્મની અપાર સેવા કરી હતી. પોતાના ૩૦૦૦ સંતો દ્વારા એમણે ગામડે-ગામડે સદાચારની સુવાસ ફેલાવી હતી. ભગવાન સ્વામિનારાયણ અને એમના મહાન સંતોને અનુસરીને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સનાતન ધર્મની સેવા માટે દિવસ-રાત અપાર પુરુષાર્થ કર્યો છે. દરેક ધર્મગુરુ, સંત, સંપ્રદાય, ગાદી, જગ્યા પ્રત્યે તેમને અપાર આદર અને બધા સંતો પ્રત્યે એમને અપાર સ્નેહ હતો. સનાતન ધર્મના કોઈપણ સંપ્રદાય કે સ્થાન કે સંતોને પોતાના માનીને એમની સેવા કરવાનો પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો ઉમંગ ઘણા બધાએ જોયો છે. એટલે જ એમની શતાબ્દી આવી રહી છે ત્યારે અમારી ઇચ્છા હતી કે પ્રમુખસ્વામી મહારાજના પ્રિય એવા સંતો-મહંતોના સ્નેહ-મિલનનો કાર્યક્રમ યોજાય. તેના પરિણામે આપણા બધા વચ્ચેનો સ્નેહ વધુ ગાઢ બને. સાથે-સાથે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને એવી એક સાચી અંજલિ પણ અપાય.

અમારા નિમંત્રણને માન આપીને આપ સર્વે અહીં પધાર્યા તેનો અમને ખૂબ આનંદ છે. હું ત્યાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહી શક્યો નથી એટલે આપની ક્ષમા માંગું છું, પરંતુ આત્મીયભાવે આપ સર્વે પધાર્યા છો એટલે આપ સૌનો

સંત-સંમેલનમાં પધારેલા સંતો-મહાત્માઓનું ભાવભીનું સ્વાગત કરતાં દેવબાળકો. શ્રી નીલકંઠવર્ણી અને પ્રમુખસ્વામી મહારાજને ભાવવંદના કરીને સંત-સંમેલનના દીપપ્રાગટ્યમાં જોડાયેલા સંતો-મહંતો...


અમદાવાદ


આણંદ


જૂનાગઢ



જૂનાગઢ

જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. ફરીથી આપ સૌને ખૂબ ખૂબ વંદનપૂર્વક જય શ્રીસ્વામિનારાયણ પાઠવું છું. આપ સૌનાં સેવાકાર્ય, ધર્મકાર્ય ખૂબ વિસ્તાર પામે અને આપ સૌના દ્વારા સનાતન ધર્મની ખૂબ સેવા થતી રહે એવી પ્રાર્થના કરું છું.'

સ્વામીશ્રીની આ અમૃતવાણીને વધાવીને સંમેલનની પૂર્ણાહુતિમાં સૌ સંતો-મહંતોએ સમૂહમાં ઠાકોરજીની આરતી ઉતારીને ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું હતું. સભાગૃહમાં ઉપસ્થિત ધાર્મિક સંસ્થાઓના ટ્રસ્ટીઓ, સંચાલકો, ભાવિકો-ભક્તોએ ઉપસ્થિત રહીને તમામ સંતોનાં દર્શન-આશીર્વાદથી ધન્યતા અનુભવી હતી. આ ઐતિહાસિક પ્રસંગની વિશિષ્ટ સ્મૃતિ કાયમ માટે રહે તે માટે સમૂહછબિ લેવામાં આવતી હતી. સંમેલનમાંથી વિદાય લેતી વખતે સુંદર ફ્રેમમાં મઢેલી સ્મૃતિછબિ સંતો-મહંતોને ભેટ આપવામાં આવી હતી.


પાવનકારી સંત-સંમેલનના અંતમાં મંદિરના કોઠારી સંતોએ તમામ મહાત્માઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને આભારરૂપે સૌને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. ત્યારબાદ સૌ સંતો-મહંતોએ સમૂહમાં બ્રહ્મભોજન લીધું હતું. અંતે પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનની સ્મૃતિઓ સાથે આદરણીય સંતો-મહંતોએ સ્નેહભીની વિદાય લીધી હતી.

આમ, કુલ ૨૯ જગ્યાએ ભક્તિભાવપૂર્વક સંત-સંમેલનો યોજાયાં હતાં. જેમાં સંતો-મહંતો-મહામંડલેશ્વરો-મઠાધિપતિઓએ ખૂબ જ ઉમળકાભેર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ભારતીય સનાતન ધર્મના પ્રચાર-પ્રસાર માટે આપેલા અપૂર્વ યોગદાનને તેમજ તેઓના સાધુતાસભર જીવન અને વૈશ્વિક કાર્યોને બિરદાવ્યાં હતાં. ઉપરોક્ત શહેરો-નગરો પૈકી અહીં કેટલાંક સ્થાનોમાં યોજાયેલાં સંત-સંમેલનોમાં પૂજ્ય સંતોએ વહાવેલી શબ્દાંજલિમાંથી થોડાક ઉદ્‌ગાર-અંશોનું સ્મરણ કરીએ. (દરેક ઉદ્‌ગારના અંતમાં કૌંસમાં દર્શાવેલ તારીખ અને સ્થળ તેમણે ભાગ લીધેલ સંત-સંમેલનની તારીખ અને સ્થળ દર્શાવે છે.)

સંત-સંમેલનના વિશાળ મંચ પર શોભતા સંતો-મહાત્માઓનું વૃંદ અને શ્રોતાગણમાં પણ બિરાજમાન સંતો-મહંતોની સાથે તેઓનાં દર્શન-આશીર્વાદથી કૃતાર્થ થતો વિશાળ ભક્તસમુદાય.









પૂજ્ય શ્રી દિલીપદાસજી મહારાજ
મહંત, જગન્નાથ મંદિર, અમદાવાદ

પ્રમુખસ્વામી મહારાજે સરળ રહીને વિશ્વમાં કામો કર્યાં છે. અનેક આપત્તિઓમાં ખૂબ સેવાઓ કરી સમાજ અને રાષ્ટ્રને ખૂબ સમર્પણ કર્યું છે. અક્ષરધામ ઉપર થયેલા હુમલા વખતે તેમની સરળતાનો પ્રસંગ યાદ આવે છે. એકવાર ભગવાન જગન્નાથજીની રથયાત્રાના સમયે અમદાવાદમાં સ્વામીબાપાનું જગન્નાથજી મંદિરમાં પદાર્પણ થયું હતું, ત્યારે પણ એમની સરળતા, નિર્મળતા જોઈ હતી. એ હું ક્યારેય ભૂલી શક્યો નથી. અનેક જન્મોનો ઉદય થયો હોય ત્યારે જ આપણને આવા સંતની પ્રાપ્તિ થતી હોય છે. આજે ભલે બાપા નથી, પણ આ મહાન વિભૂતિની ચેતના આખા વિશ્વમાં હાજર છે. સૌના દ્વારા, હરિભક્તો દ્વારા જ્યારે-જ્યારે તેમને યાદ કરવામાં આવે છે ત્યારે બાપાની ચેતના, એમના આશીર્વાદ આપણને સૌને પ્રાપ્ત થાય છે. પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ ઊજવી રહ્યા છીએ ત્યારે આપણે સૌ સંતો, હરિભક્તો અને દરેક સંપ્રદાયના લોકો સાથે મળી એવો શતાબ્દી મહોત્સવ મનાવીએ કે આખા વિશ્વમાં યાદગાર બની રહે. અને સ્વામીબાપાએ બતાવેલા રસ્તા પર જઈને આપણું માનવજીવન કૃતાર્થ કરીએ. આપણા જીવનકાળ દરમ્યાન બાપાએ પ્રગટાવેલી ચેતનાની જ્યોત આપણા સ્વરૂપ ઉપર પ્રકાશ પાથરતી રહે એવી મંગલ કામના સાથે સર્વને જય જગન્નાથ.
(૨૮-૮-૨૦૨૨, અમદાવાદ) •



પૂજ્ય શ્રી મોહનદાસજી મહારાજ
સાંઈ મંદિર, અમદાવાદ

પ્રમુખસ્વામી મહારાજ એક યુગપુરુષ હતા. તેમણે માત્ર ભારતમાં જ નહીં, વિદેશમાં પણ ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કરેલો છે. સનાતન ધર્મના પ્રચાર-પ્રસાર માટે પ્રમુખસ્વામી જેવા મહાપુરુષનો અવતાર થાય છે. મહાપુરુષોનો અવતાર એ ભગવાનના કિંકર રૂપે થાય છે મહાપુરુષોના અવતારો ધર્મથી વિચલિત લોકોને ભક્તિના માર્ગ પર લઈ જઈ સંસ્કાર આપે છે. તેને લીધે આપણી સનાતન ભારતીય સંસ્કૃતિ ટકી છે. શ્રીશંકરાચાર્યજી મહારાજ, શ્રીવલ્લભાચાર્યજી મહારાજ, શ્રીરામાનંદાચાર્યજી મહારાજ વગેરે આચાર્યો-મહાપુરુષોનો જન્મ ભારતભૂમિ પર થયો છે. ત્યારપછી શ્રીપ્રમુખસ્વામીનું યુગપુરુષરૂપે અવતરણ થયું, જે એ કાર્ય કરી ગયા છે એ અકલ્પનીય છે. ભગવાન કૃપા કરે તો પ્રમુખસ્વામીજી જેવા મહાપુરુષ આ ભૂમિ ઉપર પધારીને ફરીથી જાગૃતિ લાવે.
પ્રમુખસ્વામી મહારાજે દરેક ધર્મને આદર આપેલો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે લોકોને નિર્વ્યસની બનાવવાનું કાર્ય કર્યું. પ્રમુખસ્વામી મહારાજનો પણ એવો જ સુંદર આદેશ છે કે આપ નિર્વ્યસની બનો અને તમારા હૃદયમાં ભક્તિ અને સંસ્કારનો સંચાર થાય. એમણે ચીંધેલા માર્ગો ઉપર ચાલતા રહીએ તો કલ્યાણ થઈ શકે છે. પૂજ્ય શ્રી પ્રમુખસ્વામીજી મહારાજનાં ચરણોમાં વારંવાર વંદન. આ સંસ્થાના સમસ્ત મહાપુરુષોને વારંવાર વંદન કે પ્રમુખસ્વામીજીના ગયા પછી પણ તેમની ભારતીય સંસ્કૃતિ અને ધર્મના પ્રચારની પરંપરાઓને સદૈવ ચાલુ રાખી છે. (૨૮-૮-૨૦૨૨, અમદાવાદ) •



પૂજ્ય શ્રી પરમાત્માનંદજી સરસ્વતીજી
સંયોજક, હિન્દુ ધર્મ આચાર્ય સભા

અનાદિકાળથી ચાલતી જ્ઞાનપરંપરાને અનેક મહાપુરુષોએ બલવત્તર બનાવી છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એવા મહાપુરુષ હતા. માત્ર ૩૦ વર્ષની ઉંમરે સંસ્થાના પ્રમુખ બનવું, એ કોઈ દિવ્ય આત્મા સિવાય સંભવી ન શકે. પૂર્વજન્મના કોઈ મહાન યોગી હોય તો જ આ સંભવી શકે! આ સંસ્થાને ચરોતર જિલ્લાની બહાર કોઈ ઓળખતું ન હતું, આજે સમગ્ર વિશ્વમાં સ્વામિનારાયણ સંપ્રદાય બી.એ.પી.એસ.થી ઓળખાય છે. પ્રમુખસ્વામી મહારાજને લીધે આ સંપ્રદાયની મહાનતા વધી છે. તેઓએ આ સંપ્રદાયને મજબૂતી આપવા ૧૧૦૦ સંતોને તૈયાર કરીને, સૌમાં દિવ્ય ચેતના પ્રસ્થાપિત કરીને, તેમને સેવા માટે તૈયાર કર્યા આ એક અદ્ભુત સ્કિલ તેઓમાં હતી. સમગ્ર સિસ્ટમ ઊભી કરીને જવી, સાથે-સાથે સંપ્રદાયનો પ્રાણ ટકાવી રાખવો અને વિશ્વભરમાં સ્વીકૃત થવું આ નાની સૂની વાત નથી.
ભગવાન દર વખતે પ્રગટ થતા નથી, પરંતુ જ્યારે સમાજમાં ધર્મની હાનિ થાય ત્યારે પોતાની વિભૂતિને એટલે કે મહાપુરુષને પોતાની પ્રેરણા આપે છે. પ્રમુખસ્વામી મહારાજ સાક્ષાત્ ઈશ્વરની વિભૂતિ સમાન હતા. નિશ્ચિત ભગવાનનો કોઈ અંશ એમના દ્વારા સાક્ષાત્ પ્રગટ હતો. ૧૦૦ વર્ષ પછીની નવી પેઢીના લોકો માનવા પણ તૈયાર નહીં હોય કે આવા મહાપુરુષે હજારો મંદિરો સ્થાપીને લાખો લોકોનું જીવન પરિવર્તન કર્યું હશે. એવા પ્રમુખસ્વામીજી ખરેખર હતા!? આપણે આવા મહાપુરુષનાં દર્શન કર્યાં છે એટલે નિશ્ચિત મોક્ષ પામીશું.
(૨૮-૮-૨૦૨૨, અમદાવાદ) •



પૂજ્ય શ્રી ચૈતન્ય શંભુ મહારાજ

ઉપાધ્યક્ષ, પવિત્ર યાત્રાધામ બોર્ડ


શાસ્ત્રીજી મહારાજે પ્રગટાવેલી દિવ્ય જ્યોતને દેશ-દુનિયાની અંદર દીપાવનાર પ્રમુખસ્વામી મહારાજની ચેતનાને મારાં વંદન. પ્રમુખસ્વામી મહારાજે આજીવન સેવા, સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર અને સંસ્કારનું સિંચન કરીને છેવાડાના માનવી સુધી ધર્મ અને સત્સંગને પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. સમાજમાં સેવા કરવી એ બહુ કઠણ છે.

પ્રમુખસ્વામી મહારાજનું જીવન પરોપકાર માટે સર્જાયેલું હતું. કોઈપણ મનુષ્ય જન્મથી કે જીવનથી મહાન નથી બનતો, પરંતુ કેવું જીવી ગયો એ મહત્ત્વનું છે. જેણે સમાજ, રાષ્ટ્ર, સંસ્કૃતિ, ધર્મ, સંસ્કાર માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હોય એની જ જન્મ શતાબ્દી ઊજવાય છે. આપણે તો નિમિત્ત છીએ આ કાર્ય કરવા માટે. પરંતુ જ્યાં જ્યાં ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડ્યો છે એ દરેકની જવાબદારી છે આ શતાબ્દી મહોત્સવને મહાન બનાવવાની.

તેમણે સેંકડો બી.એ.પી.એસ. મંદિરો તો બનાવ્યાં જ, રામમંદિર નિર્માણ માટે પાદુકા-પૂજન અને મંદિર-નિર્માણ અર્થે આર્થિક સેવા અર્પવાનું કાર્ય પણ પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે. આપણું સૌભાગ્ય છે કે સ્વામીશ્રીનાં દર્શન તો કર્યાં પણ શતાબ્દી મહોત્સવ ઊજવવાનું પણ પરમ સૌભાગ્ય આપણને જ પ્રાપ્ત થયું છે તેઓની કૃપાથી.

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજમાં વાણી, વર્તન અને વિવેકનો ત્રિવેણી સંગમ હતો. એમના જીવનમાંથી આપણે સૌ પ્રેરણા પ્રાપ્ત કરીએ એ જ પ્રાર્થના.

(૨૮-૮-૨૦૨૨, અમદાવાદ) ●




પૂજ્ય શ્રી દેવીપ્રસાદજી મહારાજ

આણદા બાવા આશ્રમ, જામનગર

મહાન વૈજ્ઞાનિક ડૉ. અબ્દુલ કલામથી લઈને ઝૂંપડપટ્ટીના માણસ સુધીના જીવનની ભૂમિકા જેમણે નિર્માણ કરી છે એવા મહાપુરુષ પ્રમુખસ્વામી મહારાજે મોટપનો સ્વીકાર ક્યારેય નથી કર્યો, તેમણે બીજાને મોટા બનાવ્યા છે. પ્રમુખસ્વામી મહારાજની સરળતા, દિવ્ય દૃષ્ટિ, આશીર્વાદ અને એમની સંકલ્પ શક્તિએ ૧૨૦૦ મંદિર બનાવ્યાં, ૧૧૦૦ સંતોને દીક્ષિત કર્યા. સાધુ થવું સહેલું છે, પરંતુ સાધુતા ટકાવી રાખવી અઘરી છે. ૧૧૦૦ સંતો શિષ્ટપૂર્વક સત્સંગમય જીવીને પોતાના ધર્મને નિષ્ઠાપૂર્વક જીવી રહ્યા છે. દુનિયામાં વધારેમાં વધારે વ્યસનમુક્ત કરવાનું કામ જો કોઈએ કર્યું હોય તો એ આ સંપ્રદાયે કર્યું છે. દુષ્કાળ વખતે અનાજના ખટારા ભરીને દેવચરણ સ્વામી, હું અને ૨૦-૨૫ માણસો દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં અનાજ વિતરણ કરતા એનું આજે પણ સ્મરણ છે. મને એક્સિડન્ટ થયો ત્યારે સૌથી પહેલો ફોન પ્રમુખસ્વામી મહારાજનો આવ્યો હતો. એમણે કહ્યું, 'અમે મહારાજને પ્રાર્થના કરીએ કે તમે જલદી સાજા થાવ.' આજે સાંગોપાંગ ઊભો છું. હું વખતોવખત કહું છું કે સંત અને ભગવંતને કાળ ક્યારેય સ્પર્શ કરતો જ નથી. એ ભૂતકાળેય નથી બનતા અને ભવિષ્યકાળેય નથી બનતા. એ કાયમ વર્તમાનકાળ છે. યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના આશીર્વાદ મને પ્રાપ્ત થયા છે. એમનામાં સરળતા એટલી હતી કે ક્યારેક આપણને ક્ષોભ થાય. એવા પ્રમુખસ્વામી મહારાજનાં ગુણગાન જેટલાં ગાઈએ એટલાં ઓછાં છે.

(૨૮-૮-૨૦૨૨, જામનગર) ●



પૂજ્ય શ્રી ગોવિંદ-દેવગિરિજી મહારાજ


કોષાધ્યક્ષ, રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર, અયોધ્યા

જે મહાપુરુષે આપણા દેશની ઋષિ પરંપરા, આચાર્ય પરંપરાનું નિર્વહન કરતાં કરતાં એક અત્યંત શ્રેષ્ઠ આદર્શ આપણી સામે મૂકી દીધું, એમનો જન્મ શતાબ્દી મહોત્સવ ઊજવાઈ રહ્યો છે. સંપૂર્ણ જીવન એમણે કેવળ ધર્મ માટે અર્પણ કર્યું અને એવું જીવન જીવીને બતાવ્યું કે, જે ગૃહસ્થો માટે તો પૂજનીય છે જ પણ સાધુઓ માટે પણ પૂજનીય અને અનુકરણીય છે. કેવા હશે ભગવાન આદિ શંકરાચાર્ય મહારાજ? કેવા હશે વલ્લભાચાર્ય મહારાજ? કેવા હશે સ્વામી વિવેકાનંદ મહારાજ? આ બધા લોકોને જોવા હોય તો મને એવું લાગે છે કે એકવાર આપણા પ્રમુખસ્વામી મહારાજને જોઈ લીધા તો આ બધાની પ્રેરણા એમનામાંથી પ્રાપ્ત થશે.

એમણે ક્યારેય ઉગ્ર ભાષણ નથી કર્યું. એ હંમેશા પાછળ રહ્યા અને લોકોને આગળ વધારતા રહ્યા. એ સૂર્ય હતા, પણ શીતળ સૂર્ય હતા. ક્યારેય એમનો તાપ કોઈને દેખાયો નહીં, પણ અનેક દીપકોને પ્રજ્વલ્લિત કરવાવાળા હતા. આપણા માનનીય પ્રધાનમંત્રીને પોતાનું તેજ આપવાવાળા પ્રમુખસ્વામી મહારાજ પાસે કેટલીય વાર પ્રધાનમંત્રીશ્રી જતા અને એમના વાત્સલ્યનો અનુભવ કરીને પ્રેરણા પ્રાપ્ત કરતા.

મારો પરમ વિશ્વાસ છે કે તેઓ દીપસ્તંભની જેમ ઊભા રહીને શતાબ્દીઓ સુધી આપણા સૌને પ્રેરણા આપતા રહેશે. કેવી રીતે હિન્દુત્વનો ઉત્કર્ષ કરવો જોઈએ અને કેવી રીતે રાષ્ટ્રનું નિર્માણ કરવું જોઈએ, કેવી રીતે લોકોની સેવા કરવી જોઈએ - એના આદર્શો વિશ્વભરમાં પરિભ્રમણ કરીને

એમણે તૈયાર કર્યા છે.
આ એક સાંસ્કૃતિક દિગ્વિજયનું કાર્ય છે. એમના પ્રેમના બળે, એમનાં મંદિરોના બળે, એમના સાધુઓના બળે અને સેવાના બળે સમગ્ર જગતને એવું વિનમ્ર કરી દીધું કે લોકોને પોતાનું મસ્તક નમાવ્યા સિવાય બીજો કોઈ રસ્તો જ ન રહ્યો. આવી રીતે એક મહાન વિભૂતિને આજે શતાબ્દી મહોત્સવના નિમિત્તે વંદન કરવા માટે, અભિવંદન કરવા માટે, એમને ભાવાંજલિ અર્પણ કરું છું. (૧૪-૮-૨૦૨૨, પૂણે) ●




પૂજ્ય શ્રી કૃષ્ણમણિજી મહારાજ
શ્રી નવતમપુરી ધામ, ખીજડા મંદિર, જામનગર

અનેક આક્રાંતાઓએ સમૃદ્ધ ભારત પર સમયાંતરે આક્રમણો કરીને ભારતીય સંસ્કૃતિને નષ્ટ કરવાનું કાર્ય કર્યું; પ્રજાનું શોષણ, લૂંટ, ધર્મસ્થાનોને નષ્ટ કરીને શિક્ષણની પરંપરા તોડી નાંખી; એવામાં વિશ્વભરમાં મંદિરોનું નિર્માણ કરીને ગૌરવશાળી ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મનો પરિચય કરાવવાનું ભગીરથ કાર્ય મહાપુરુષ પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે. અમૃત મહોત્સવમાં પ્રથમ વખત અમે મળ્યા. એમની નિખાલસતા ભર્યા હૃદયે મારી પર એક અમીટ છાપ ઉપજાવી. પ્રમુખસ્વામી મહારાજે મંદિરો અને સંતો તો તૈયાર કર્યાં, પરંતુ સાથે સાથે ચારિત્ર્યવાન સમાજનું નિર્માણ કર્યું એ સૌથી મહત્ત્વપૂર્ણ બાબત છે. ધર્મને આગળ ધપાવવાનું કાર્ય મંદિરો અને સંતો કરે છે. ભારતનો ગૌરવશાળી ઇતિહાસ, સંસ્કૃતિ અને સનાતન ધર્મની પતાકાને દુનિયામાં પ્રસારવા માટે આવા સંતોને ભગવાન મોકલે છે એટલે પ્રમુખસ્વામી મહારાજનું કાર્ય ખૂબ મહત્ત્વપૂર્ણ અને સ્તુત્ય કાર્ય છે. (૨૮-૮-૨૦૨૨, જામનગર) ●



પૂજ્ય મહંત શ્રી રાજારામ-ચંદ્રાચાર્યજી
રણછોડરાયજી મંદિર, ડાકોર

પ્રમુખસ્વામી મહારાજ એક એવા આદર્શ સંત હતા કે જેમણે શ્રીમદ્ ભગવદ્ ગીતાના કર્મના સિદ્ધાંતને પોતાના જીવનમાં જીવીને બતાવ્યો હતો. (૩૧-૭-૨૦૨૨, આણંદ) ●




પૂજ્ય શ્રી ૧૦૦૮ મહંત વેદવ્યાસ-પુરીજી મહારાજ
શ્રી પંચદશનામ જૂના અખાડા, વારાણસી

આજે આ પાવનકારી દર્શન કરીને લાગી રહ્યું છે કે સ્વર્ગના દેવતાઓ અહીં આવી ગયા છે. પ્રમુખસ્વામી મહારાજને કોઈ પદવી મળી નહોતી, પરંતુ તેમણે ભારતમાં જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં ધર્મની સ્થાપના કરી છે.
હું એવું માનું છું કે તે ધર્મ સમ્રાટ છે. શંકરાચાર્ય પછી કોઈ આચાર્ય પ્રગટ થયા હોય તો તે પ્રમુખસ્વામી મહારાજ છે. ૧૨૦૦ મંદિરો બનાવ્યાં તો હરિભક્તો કેટલા હશે? કોઈપણ પંથ, સંપ્રદાય કે ધર્મના અનુયાયી હોય, પરંતુ સરળ સ્વભાવી સ્વામીશ્રી સમક્ષ બધા એક સમાન હતા. સમગ્ર વિશ્વને આત્મસ્વરૂપ દેખે છે તેને સંત કહેવાય છે. સૃષ્ટિ પર તેઓનું આવવું દુર્લભ છે, તેમનાં દર્શન પણ દુર્લભ છે. વિદેશમાં પણ આ મહાપુરુષે સનાતન ધર્મનો ઉદ્ઘોષ કર્યો છે. વિદેશમાં સનાતન ધર્મનો પ્રચાર કરવો એ નાનીસૂની વાત નથી. આપણે સ્વામીશ્રીના આદેશોનું અનુસરણ કરીને સનાતન ધર્મને ફેલાવવાનો છે.
જેમની એક આજ્ઞા પર વિશાળ ભક્તસમાજ ઊભો થઈ જાય છે અને કોઈપણ કાર્યને સુલભ બનાવી દે છે આવા મહાપુરુષ આપણી વચ્ચે અવતર્યા એ આપણું સૌભાગ્ય. તેઓ આજે પણ પ્રેરણા આપી રહ્યા છે. શતાબ્દી પર્વે એમને જેટલાં વંદન કરીએ એટલાં ઓછાં છે. (૪-૯-૨૦૨૨, હિંમતનગર) ●



પૂજ્ય શ્રી મ. મં. વિશોકાનંદ ભારતીજી
શ્રી પંચાયતી અખાડા, મહાનિર્વાણ પિઠાધીશ્વર

પ્રમુખસ્વામી મહારાજ અને આ સંસ્થા કેટલા ઉદાર છે કે આપણને બધાને એક મંચ પર પોતાના આંગણે નિમંત્રિત કર્યા છે. પ્રમુખસ્વામીજીએ સ્વામિનારાયણ ભગવાનના પ્રતિનિધિરૂપે ભારતમાં જ નહીં, વિશ્વમાં અનેક કાર્યો કર્યાં છે. આ અભિયાનમાં પ્રમુખસ્વામીજીની સાધુતા જોઈ, એમના સંસ્કાર જોયા ત્યારે સૌ કોઈ તેનાથી ખૂબ પ્રભાવિત થયા.
પ્રમુખસ્વામીજી મહારાજે અધ્યાત્મની આ વાડી તૈયાર કરી છે એ એક ઉદાહરણરૂપ છે. સૌ માટે અનુકરણીય છે.
પ્રમુખસ્વામીજીએ આખા વિશ્વમાં સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કર્યો છે. (૩૧-૭-૨૦૨૨, આણંદ) ●



પૂજ્ય મ. મં. શ્રી હરિહરાનંદજી
ભારતી આશ્રમ, જૂનાગઢ

૨૦૦૧ની સાલમાં મારા ગુરુદેવ મહામંડલેશ્વર ભારતીબાપુએ એક કથાત્રિવેણી મિલનનું આયોજન કર્યું હતું. તેઓના આમંત્રણથી ત્રિવેણી મિલનના આગળના દિવસે સ્વામીબાપાએ દીપપ્રાગટ્ય કરીને ત્રિવેણી મિલનનો પ્રારંભ કર્યો હતો. તે વખતે ભારતીબાપુએ પ્રમુખસ્વામીબાપાને કહ્યું કે હું મારા

શિષ્યને આ સંસ્થા સોંપવા માગું છું. તે વખતે પ્રમુખસ્વામી મહારાજે પહેલી ચાદર મને ઓઢાડી હતી. મારી ઉપર એમના ખૂબ ખૂબ આશીર્વાદ રહ્યા છે. ભારતી આશ્રમ સાથે બાપાના ઘનિષ્ઠ સંબંધો હતા. ભારતીબાપુ અને પ્રમુખસ્વામી મહારાજનું અવારનવાર મિલન થતું. મારા ગુરુજી કહેતા કે સંસ્થા ચલાવવા માટે શિક્ષણ લેવું હોય તો પ્રમુખસ્વામી મહારાજ પાસે જવું પડે. કારણ તેઓએ સંતોનો સમન્વય, સંસ્થાનું એવું ગઠન કર્યું છે કે તેને કાંઈ આંચ ન આવે, કોઈ બાધરૂપ ન થાય. બીજું, પ્રમુખસ્વામી મહારાજ નિર્વિવાદી સંત હતા. આ બધો પ્રમુખસ્વામી મહારાજના ભજનનો પ્રતાપ. એમના શિષ્યોમાં પણ એવા સંસ્કાર ઊતર્યા.

ગુરુના ગુણ જેટલા ગાઈએ એટલા ઓછા છે. ગુરુ પૃથ્વીનો માલિક છે. જે આપણને બ્રહ્મસ્વરૂપનું ભાન કરાવી દે, પ્રભુનું મિલન કરાવી દે, નિજસ્વરૂપનાં દર્શન કરાવી દે... એવા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ચરણમાં કોટિ કોટિ વંદન...

(૪-૯-૨૦૨૨, જૂનાગઢ) •



પૂજ્ય મ. મં. શ્રી ઋષિભારતીજી મહારાજ
ભારતી આશ્રમ, અમદાવાદ

પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્ર ઉપરથી એવું લાગે છે કે તેમનાં ચાર કાર્યો અદ્વિતીય હતાં. એક તો પ્રગટ ભક્તિ! પ્રગટની ભક્તિ વૈષ્ણવોમાં હતી અને છે જ, પરંતુ સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રગટ ભક્તિનો મહિમા વિશ્વમાં પ્રમુખસ્વામી મહારાજે પ્રસારિત કર્યો. બીજું, તેમની દાસત્વભક્તિ. તેમના જેવી દાસત્વભકિત આવશે ત્યારે શ્રીજીમહારાજ ખૂબ પ્રસન્ન થશે. વિશ્વમાં એક હાર્મની(Harmony)નો ભાવ, હાર્મની એટલે ન કેવળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં, ન કેવળ હિન્દુ ધર્મમાં, પરંતુ વિશ્વના તમામ ધર્મોમાં 'મા'નું સ્થાન મેળવનાર સંત હતા - પ્રમુખસ્વામી મહારાજ. એટલા માટે જૈનાચાર્ય સુશીલકુમારજી, વિશ્વેશતીર્થજી મહારાજ, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, અમેરિકન વડાપ્રધાન બિલ ક્લિન્ટન, પ્રિન્સ ચાર્લ્સ વગેરેએ પ્રમુખસ્વામી મહારાજની મહાનતાને વર્ણવી હતી.

આપણો ભારતવર્ષ એ વિશ્વગુરુ હતો, છે અને ભવિષ્યમાં રહેશે. પરંતુ ભારતવર્ષને ચાર-ચાર રોગ લાગુ પડ્યા હતા. એમાંથી એક રોગ હતો સમાજ ભેદનો. તેના લીધે હિન્દુઓ છિન્ન-ભિન્ન થયા, જેનો લાભ મુગલોએ લીધો, અંગ્રેજોએ લીધો. એક ક્રાંતિ કરીને પ્રમુખસ્વામી મહારાજ અંત્યોદય દ્વારા પછાત સમાજ સુધી ગયા છે. પ્રમુખસ્વામી મહારાજે આટલા સંતોની એક હાર્મની ઊભી કરી છે. વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના સાથે આગળ વધતો રહે એવી શુભકામના સાથે જય ગિરનારી. જય સ્વામિનારાયણ.

(૨૮-૮-૨૦૨૨, અમદાવાદ) •



પૂજ્ય શ્રી યોગતપોનિષ્ઠજી મહારાજ
પ્રેરણાપીઠ, પીરાણા, અમદાવાદ

પ્રમુખસ્વામી મહારાજ એટલે એક એવું વ્યક્તિત્વ જેનું શબ્દોથી વર્ણન ન કરી શકાય. જેમ પરમાત્માના ગુણોનું વર્ણન ન કરી શકાય તેમ પરમાત્માના અનન્ય ભક્તિભાવ સ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ગુણોનું વર્ણન પણ ન કરી શકાય. તેઓ પરમાત્માના સ્વસ્વરૂપ હતા. જેમનાં દર્શનથી સાક્ષાત્‌ પરમાત્માનાં દર્શનની અનુભૂતિ થતી હતી તેવું વ્યક્તિત્વ એટલે પ્રમુખસ્વામીજી મહારાજ. તેમનું દરેક કર્મ અને વર્તન અનેક લોકોને પ્રેરણા આપનાર અને ભક્તિ પ્રદાન કરનારું હતું. એમનું દર્શન એટલે હરિદર્શન. હરિભક્તના હૃદયમાં હરિ સાથે એકરૂપ થયેલા એવા સ્વરૂપ એટલે પ્રમુખસ્વામીજી મહારાજ.

જલેબીનો તમે ગમે ત્યાંથી સ્વાદ લો એ મધુર ને મધુર લાગે તેમ પ્રમુખસ્વામીજી મહારાજના જીવનના પ્રસંગો આવા જ મધુર લાગે છે.

પ્રમુખસ્વામી મહારાજ માયાથી પર હતા. તેઓ કોઈ દિવસ પૈસાને અડ્યા નથી. એ એમનું તપ હતું. આપણા સંતો અને ઋષિમુનિઓ પૈસાને માયા કહે છે, પરંતુ પ્રમુખસ્વામી મહારાજ માયાથી પર હતા. માયા બહુત હૈ ઠગની, ઠગત ફિરત સંસાર. જિસને માયા કો ઠગી, વો થે પ્રમુખસ્વામીજી મહારાજ.

(૨૮-૮-૨૦૨૨, અમદાવાદ) •



પૂજ્ય શ્રી નિર્મદ સાહેબ
કબીર આશ્રમ, રાયપુર, અમદાવાદ


વર્ષો પહેલાં મેં પ્રમુખસ્વામી મહારાજને એક નિવેદન કર્યું હતું ત્યારે તેઓએ સંતોની આરોગ્યતા માટે ખૂબ ચીવટથી, કાળજીથી સંભાળ લીધી હતી. કેટલી લાગણી, કેટલી કરુણા, કેટલી ચીવટ! આ એક સંતનું મહાલક્ષણ છે. આવા સંતો ખરેખર યુગપુરુષ છે. આપણું ગુજરાતનું ગૌરવ કે આવા સંતો આપણને મળ્યા. પ્રમુખસ્વામી મહારાજ જેવા યુગપુરુષ આપણને પ્રાપ્ત થયા એ આપણું સૌભાગ્ય. આપણા ગુજરાતનું ગૌરવ કહો, ઘરેણું કહો કે એ સદ્‌ભાગ્ય છે કે આપણને બાપા મળ્યા. હમણાં થોડા દિવસ પહેલાં જ મહંતસ્વામી બાપાનાં દર્શન થયાં. એ અનેરો લહાવો મને મળ્યો ત્યારે એમ થયું કે પ્રમુખસ્વામી બાપાની દિવ્ય ચેતનાઓ મને સ્પર્શી રહી છે. આવા મહાપુરુષનાં ચરણોમાં વારંવાર નમન. જય સ્વામિનારાયણ.

(૨૮-૮-૨૦૨૨, અમદાવાદ) •




પૂજ્ય શ્રી ગુરુપ્રિયદાસજી સ્વામી
સ્વામિનારાયણ ગાદી, મણિનગર

પરમ પૂજ્ય શ્રી યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજ સાથે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનનો નાતો રહેલો છે. તાજેતરમાં મહંતસ્વામી સાથે શુભેચ્છા મુલાકાત થઈ એમાં મણિનગર ગાદી સંસ્થાનના સંતો અહીં પધાર્યા હતા અને ખૂબ ખૂબ આનંદ થયો હતો. આ નાતો આગળ ને આગળ વધતો રહે અને ખૂબ ખૂબ આત્મીયતાથી આ સંસ્થાન સાથે અમે જોડાઈને ભગવાનને ખૂબ ખૂબ પ્રસન્ન કરીએ, રાજી કરીએ એવી આજના દિવસે ભગવાનનાં ચરણોમાં પ્રાર્થના. જય સ્વામિનારાયણ. (૨૮-૮-૨૦૨૨, અમદાવાદ) ●



પૂજ્ય શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી
સ્વામિનારાયણ મંદિર, કુમકુમ

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને કુમકુમ મંદિરના પૂજ્ય શાસ્ત્રી આનંદપ્રિય સ્વામી સાથે વર્ષોથી નાતો રહ્યો હતો. સ્વામિનારાયણ ભગવાન ગાદી પર બિરાજમાન થયા ત્યારે સૌ પ્રથમ તેમણે ધન-સ્ત્રીના ત્યાગી સંતો બનાવી ધર્મ શુદ્ધિનું અને વહીવટ શુદ્ધિનું કાર્ય કર્યું. એ જ કાર્ય પ્રમુખસ્વામી મહારાજે કર્યું. બધાને મળવા છતાં સ્વામિનારાયણ ભગવાનના સિદ્ધાંતોમાં તેમણે લેશમાત્ર ફેર પડવા દીધો નથી. વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને કહ્યું, 'સમર્થ થકા જરણા કરવી.' એ જે સમર્થ હોય એ જ કરી શકે. પ્રમુખસ્વામીએ જડ-માયા અને ચૈતન્ય-માયાને ત્યાગે એવા સંતોનું નિર્માણ કર્યું જે અત્યારે સંપ્રદાયમાં ખૂબ સેવા કરી રહ્યા છે. શ્રી સ્વામિનારાયણ મંદિર કુમકુમ અને સાયન્સસિટીમાં આવેલા શ્રીજીધામ તરફથી અમે શ્રીજીમહારાજનાં ચરણોમાં પ્રાર્થના કરીએ કે જગતની અંદર પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવનો જય-જયકાર થાય. જય સ્વામિનારાયણ. (૨૮-૮-૨૦૨૨ , અમદાવાદ) ●



પૂજ્ય શ્રી હરગોવિંદદાસજી મહારાજ
ઇસ્કોન મંદિર, અમદાવાદ

હું સ્કૂલમાં ભણતો હતો ત્યારે મારા પિતાશ્રી મને અને મારા નાના ભાઈને અહીં શાહીબાગમાં શ્રીપાદ પ્રમુખસ્વામી મહારાજ પાસે લઈ આવ્યા અને આશીર્વાદ લીધા. એ વખતે મને ભણવાની બહુ ચિંતા થતી હતી. હું સારું ભણી શકું તે માટે સ્વામીજીએ મને આશીર્વાદ આપ્યા. તેમના આશીર્વાદથી હું ભૌતિક વિજ્ઞાન ખૂબ સરસ ભણ્યો. પણ સાથે-સાથે સૂક્ષ્મરૂપે મને આજે એવું લાગે છે તેમણે એવા પણ આશીર્વાદ આપ્યા કે હું આધ્યાત્મિક રસ્તે ચડી ગયો. આજે તેમના આશીર્વાદથી જ હું આધ્યાત્મિક રસ્તે આગળ વધી રહ્યો છું. જય સ્વામિનારાયણ. (૨૮-૮-૨૦૨૨, અમદાવાદ) ●



પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી વેંકટેશાચાર્યજી
બાલાજી મંદિર, વડોદરા

પ્રમુખસ્વામી મહારાજે દેશ-વિદેશમાં આજીવન વિચરણ કરીને ૧૨૦૦થી વધારે મંદિરો, સેંકડો આધ્યાત્મિક-શૈક્ષણિક સંકુલોનું નિર્માણ કર્યું, આ કોઈ સામાન્ય વાત નથી. આ કલ્પના બહારની વાત છે. ભગવાનની અનન્ય અનુકંપા પ્રાપ્ત થાય છે ત્યારે જ આવું કાર્ય સિદ્ધ થઈ શકે છે. કારણ કે મનુષ્યનું જીવન તો સંકલ્પ વિકલ્પમાં જ વ્યતીત થઈ જાય છે, પરંતુ જેમના પર પ્રભુની અનન્ય કૃપા વરસે છે તેઓના જ સંકલ્પો પૂર્ણ થાય છે. પ્રમુખસ્વામી મહારાજ પર પ્રભુની કૃપા સતત વરસતી રહી હતી. આ કૃપાના પ્રસાદ સ્વરૂપે આજે સુંદર સત્સંગ અને સંતસમાજનું નિર્માણ થયું છે. પ્રમુખસ્વામી મહારાજે જે કાર્ય કર્યું છે તે અભૂતપૂર્વ છે. તેઓએ સમસ્ત યુવાધનને, સમસ્ત સમાજને ધર્મપથ સાથે જોડ્યો છે. આજે પ્રમુખસ્વામી મહારાજ આપણી વચ્ચે નથી, પરંતુ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ નિરંતર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને મળી રહ્યા છે. (૪-૯-૨૦૨૨, વડોદરા) ●




પૂજ્ય શ્રી ખેમદાસ સાહેબ
કબીર સંપ્રદાય, વડોદરા

'પ્રમુખસ્વામી મહારાજે દેશ અને દુનિયામાં ભારતીય સંસ્કૃતિના વિકાસનું સરાહનીય કાર્ય કરીને સનાતન હિન્દુ ધર્મની જ્યોતને વધુ પ્રજ્વલિત કરી હતી. 'જનસેવા એ પ્રભુસેવા'ના સૂત્રને સાચા અર્થમાં તેમણે ચરિતાર્થ કર્યું છે. દેવપુરુષો ધર્મની સ્થાપના કરવા પૃથ્વી પર પધારે છે અને પાપીઓનો સંહાર કરીને અધર્મનો નાશ કરે છે. જ્યારે સંતો પાપીઓને પાવન કરીને ધર્મનું સ્થાપન કરવા માટે આ પૃથ્વી પર અવતરે છે. પ્રમુખસ્વામી મહારાજ જગતના જીવોનું કલ્યાણ કરવા આ ધરતી પર પધાર્યા એટલું જ નહીં તે માટે સતત પ્રયત્નશીલ પણ રહ્યા. (૪-૯-૨૦૨૨, વડોદરા) ●



પૂજ્ય શ્રી અવતારસિંહજી
ગુરુદ્વારા, છાણી, વડોદરા

પ્રમુખસ્વામીજી મહારાજ ૯૫ વર્ષ આ સંસારમાં રહ્યા. એમાંય ૭૫ વર્ષ માનવતાની સેવામાં જ પસાર કર્યાં. આ સમયગાળામાં મોરબીમાં પૂરહોનારત, ભુજમાં વિનાશક ભૂકંપ જેવી અનેકવિધ કુદરતી આપત્તિઓ તેમજ તાજેતરમાં યુક્રેન યુદ્ધ જેવી માનવસર્જિત આપત્તિમાં તેઓની પ્રેરણાથી અને તેઓએ ચીંધેલા માર્ગ પર ચાલીને બી.એ.પી.એસ. સંસ્થાએ માનવતાની સેવા કરી. અનેક મંદિરો, શાળાઓ, હૉસ્પિટલો બનાવ્યાં. ખરેખર! પ્રમુખસ્વામી મહારાજ એક મહાન સંત હતા. (૪-૯-૨૦૨૨, વડોદરા) ●



પૂજ્ય શ્રી દેવેશાનંદજી મહારાજ
ચિન્મય મિશન


આજે ખૂબ જ આનંદ થયો કે ચાણસદમાં પ્રમુખસ્વામી મહારાજના જન્મસ્થળનાં દર્શન કરવાનો લાભ મળ્યો. પૂજ્યપાદ પ્રમુખસ્વામી મહારાજના ગુણોનું વર્ણન કરવું એ તો સૂર્યને દીવો બતાવવા બરાબર છે. ગુરુનું સ્વરૂપ સગુણ સાકાર છે. ગુરુ પોતાના શિષ્યોનું કુશળ શિલ્પીની જેમ જીવનઘડતર કરે છે, સદ્ભાવનું સિંચન કરે છે, સત્કર્મ કરાવે છે - વિષ્ણુ બનીને. શિષ્યના જીવનમાંથી નકારાત્મકતાનો નાશ કરે છે - શિવ બનીને. એટલા માટે જ ગુરુને સાક્ષાત્ બ્રહ્મ કહ્યા છે. સહજતા, સરળતા અને સેવાના શબ્દોએ પોતાનું સાતત્ય ગુમાવી દીધું છે, એ શબ્દોને પૂજ્યપાદ પ્રમુખસ્વામી મહારાજે ફરીવાર ચૈતન્ય બક્ષ્યું છે.

પૂજ્યપાદ પ્રમુખસ્વામી મહારાજની શું વાત કરવી! સહજતા, સરલતા અને સેવા એટલે પ્રમુખસ્વામી મહારાજ. નાનપણથી નામ સાંભળ્યું છે, જોયું છે અને ભક્તગણોમાં ઉત્સાહ મેં જોયો છે. આપણા ગુજરાતી શબ્દો હોય કે સંસ્કૃત શબ્દો હોય, એમાંથી કેટલાયે શબ્દોએ પોતાનું સાતત્ય ગુમાવી દીધું છે. એ શબ્દોને બોલવાની આવશ્યકતા નથી, પરંતુ જેમ સુંદરકાંડ છે તેને સુંદરકાંડ કેમ કીધો? ત્યાં ભગવાન રામચંદ્રજી, હનુમાનજી, મા સીતાજીની ભાળ મળે છે. વાત આખી સુંદર થઈ જાય છે. એ જ રીતે સેવા, સહજતા અને સરલતા આ શબ્દોને જેમણે ચૈતન્ય બક્ષ્યું છે, જે શબ્દોને મહાન બનાવ્યું છે એ આપણા પ્રમુખસ્વામી મહારાજને આત્મસાત્ કરી શકીએ છીએ.
(૪-૯-૨૦૨૨, વડોદરા) ●



પૂજ્ય શ્રી વલ્લભાચાર્ય પંકજકુમાર ગોસ્વામીજી
વડોદરા

જ્યારે પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાન સંતવિભૂતિ આ કળિયુગમાં અવતરિત થાય છે ત્યારે સમગ્ર જનમાનસ માટે કળિયુગ પણ કલ્યાણકારી બની જાય છે. શાસ્ત્રોમાં જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગને વર્ણવ્યા છે. આ ત્રણેય યોગનું સંગમ પ્રમુખસ્વામી મહારાજનાં જીવન, આચરણ, વિચારો અને વાણીમાં વિદ્યમાન હતું. એવી અનુભૂતિ સમગ્ર વિશ્વએ કરી છે અને કરતું રહેશે. દીપકનો પ્રકાશ તો સીમિત રહે છે. કિન્તુ સ્વામીશ્રીએ અધ્યાત્મનો દીપક પ્રજ્વલિત કરીને સમગ્ર વિશ્વને પ્રકાશિત કર્યું છે એનું ગૌરવ વૈદિક સનાતન હિન્દુ ધર્મ લે છે, અમે પણ લઈએ છીએ. ભારતવર્ષના ઇતિહાસમાં ૮૦૦ વર્ષ વિધર્મીઓએ આ સનાતન હિન્દુ વૈદિક ધર્મ પર પ્રહારો કરીને ભારતીય સંસ્કૃતિને ખંડિત કરવાનો પ્રયત્ન કર્યો. તેને પ્રમુખસ્વામી મહારાજે મંદિરો રચીને તેને પુનઃ પ્રસ્થાપિત કર્યો છે. (૪-૯-૨૦૨૨, વડોદરા) ●




પૂજ્ય શ્રી ઈષ્ટમયાનંદજી સ્વામી
રામકૃષ્ણ મિશન, વડોદરા

જ્યારે યશ મળે છે, સન્માન મળે છે, કીર્તિ મળે છે, પ્રતિષ્ઠા મળે છે ત્યારે આપણે પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં જોવું જોઈએ કે દેશ-વિદેશમાં અબ્દુલ કલામથી લઈને અનેક મહાનુભાવો તરફથી સન્માન મળ્યું, પરંતુ પ્રમુખસ્વામી મહારાજના હાથ હંમેશા જોડાયેલા જ રહ્યા. બધું જ ભગવાનને સમર્પણ હતું અને એ આપણે પણ શીખવાનું છે. ભગવતભાવ, ભગવતપ્રેમ માટે તેમણે વિશ્વમાં વિચરણ કર્યું, ઘરે ઘરે જઈને ભગવતપ્રેમની જે વાતો કરી તે આપણે શીખવાની છે.

જો કોઈને વિચાર આવે કે સંતોનું સમાજમાં શું યોગદાન છે? તો અમે પ્રમુખસ્વામી મહારાજના જીવન તરફ જોઈશું. સમાજને તેઓએ ૧૧૦૦થી વધારે સંતોની ભેટ આપી તે મહા-યોગદાન છે. તેઓ કહેતા કે 'બીજાના ભલામાં આપણું ભલું છે અને બીજાના સુખમાં આપણું સુખ છે.' પ્રમુખસ્વામી મહારાજના ગુણો અને કાર્યકલાપ તરફ નજર કરીએ ત્યારે આશ્ચર્ય થાય છે કે એક જ વ્યક્તિએ લાખો પત્રો લખ્યા, મહેલથી માંડીને આદિવાસીઓનાં ઝૂંપડાંઓમાં લાખો પધરામણીઓ કરી, અને સાથે સાથે અનેક કાર્યો કર્યાં, એવું એક સાથે કેવી રીતે કરી શક્યા હશે? લાખો લોકો સ્વામીશ્રીના સંપર્કમાં આવ્યા છે. બધાના મસ્તક પર વાત્સલ્યસભર

હસ્ત મૂક્યો છે. ઊંચ-નીચ, અમીર-ગરીબના ભેદભાવ તેઓના મનમાં જ નહોતો. આ સંદેશ તેઓના જીવનમાંથી અમને પણ મળે છે. આ સમદર્શી સંતે વિશ્વભરમાં વિચરણ કર્યું છે. જ્યારે જીવનમાં યશ, સન્માન, કીર્તિ, પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થાય છે ત્યારે અભિમાન આવી જાય છે, પરંતુ પ્રમુખસ્વામી મહારાજના હસ્ત જોડેલા જ હોય. તેઓ સર્વસ્વ ભગવાનને જ સમર્પિત કરતા હતા આ અમારે પણ શીખવાનું છે. કેટલું પ્રેરણાદાયી જીવન હતું પ્રમુખસ્વામી મહારાજનું! (૪-૯-૨૦૨૨, વડોદરા) ●



પૂજ્ય શ્રી રામદાસજી મહારાજ

નાયાજીકાકા મંદિર, ઉક્રસ

અનેક પુણ્યનો ઉદય થાય ત્યારે મનુષ્ય તરીકે ભારતભૂમિમાં એક અવતાર મળે છે. તેથીય વિશેષ અનેક જન્મનો મહાપુણ્યનો ઉદય થાય ત્યારે પ્રમુખસ્વામી મહારાજ જેવા બ્રહ્મનિષ્ઠ, શ્રોત્રિય મહાપુરુષનાં દર્શનનો અને તેઓના મુખારવિંદમાંથી વરસતાં અમૃતવચનો સાંભળવાનો લહાવો મળે છે. તેની પાછળ વર્ષોની તપશ્ચર્યા જોડાયેલી હોય છે. પ્રમુખસ્વામી મહારાજે કોઈપણ જ્ઞાતિ-જાતિ અને ઊંચ-નીચના ભેદભાવ વગર મનુષ્યમાત્રને સમભાવ, સમદૃષ્ટિથી પરમાત્મા સ્વરૂપ જાણીને સેવાકાર્યો કર્યાં છે. (૪-૯-૨૦૨૨, વડોદરા) ●

પ્રમુખસ્વામી મહારાજનાં દર્શનમાત્રથી આપણને તૃપ્તિ થતી હતી. એમના વચન દ્વારા આપણાં પાપ-તાપ-સંતાપનું જાણે હરણ થઈ રહ્યું હોય એવો અનુભવ આપણને થતો.




પૂજ્ય શ્રી લક્ષ્મણજ્યોતિજી મહારાજ

મહંતશ્રી, પ્રાણનાથ ટ્રસ્ટ, સુરત

વિશ્વવંદનીય સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ આપણી ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મ માટે એક ગર્વનું ઉદાહરણ છે. એમણે એમના સમયની અંદર ભારતીય સંસ્કૃતિના રક્ષણ અને સનાતન ધર્મનાં પ્રગતિ અને વિકાસ માટે જે સહયોગ અને સમાજને જે આપ્યું છે એ કદાચ બીજી વિભૂતિએ નહીં આપ્યું હોય. સમગ્ર વિશ્વની અંદર ૧,૧૦૦ મંદિરો, ૧,૦૦૦ સંતો અને સાડા સાત લાખ પત્રો પોતાના હસ્તે લખવા આ કોઈ સામાન્ય વાત નથી. તેની સાથે અઢી લાખ ઘરોની અંદર જઈને તેમણે ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને જે સહયોગ, માર્ગદર્શન અને હૂંફ આપીને શક્તિ પ્રદાન કરી છે, એ પણ કોઈ સામાન્ય વાત નથી.

જે વ્યક્તિએ સમાજ માટે, દેશ માટે, રાષ્ટ્ર માટે, ધર્મ માટે, સંસ્કૃતિ માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કર્યું હોય તે કોઈ સામાન્ય વ્યક્તિ નથી હોતી, પરંતુ તે સ્વયં પરમાત્મા સ્વરૂપ હોય છે. પરમાત્મા આવા વિરલ સંતની અંદર પ્રવેશ કરીને જ આ સમાજનું અને રાષ્ટ્રનું હિત કરતા હોય છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ આવા વિરલ સંતવિભૂતિ હતા. તેઓનાં દર્શનમાત્રથી આપણને તૃપ્તિ થતી હતી. એમના વચન દ્વારા આપણાં આધિ-વ્યાધિ-ઉપાધિ અને પાપ-તાપ-સંતાપનું જાણે હરણ થઈ રહ્યું હોય અને આપણી અંદર એક શીતળતા પ્રવેશી રહી હોય એવો અનુભવ આપણને થતો હતો! એટલે જ, ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મ માટે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ હતા, જેમને યાદ કરતા જ આજે અમે સમગ્ર સંતસમિતિ ભાવવિભોર થઈ જઈએ છીએ.

પ્રમુખસ્વામી મહારાજ કણ-કણમાં આપણી વચ્ચે છે, સાથે છે, અને એમના આશીર્વાદ, એમનાં એ અમૃતવચનો પણ આપણી સાથે ને સાથે જ છે. (૪-૯-૨૦૨૨, સુરત) ●




સ્વામી શ્રી અંબરિષાનંદજી મહારાજ

હિન્દુ મિલન મંદિર, સુરત

આપણે બધા તારલાઓ જેવા છીએ અને પ્રમુખસ્વામી મહારાજ એ દિવસમાં ઊગતા સૂર્ય જેવા અને રાત્રે ઊગતા ચંદ્રમા જેવા છે, જેમનો પ્રકાશ આખા વિશ્વના અંધકારને દૂર કરી દે છે. તેમના ગુરુ શાસ્ત્રીજી મહારાજે કદાચ આ નાનકડા શાંતિલાલની અંદર એવું જોયું હશે કે આ બાળક ફક્ત બે-ચાર માણસનું કુટુંબ બનાવવા માટે આવ્યા નથી, પણ એનું કુટુંબ તો સમગ્ર વિશ્વ છે. તેમનો પરિવાર તો સમગ્ર વિશ્વના લોકો જ છે. જેમના સાંનિધ્યમાં બેસવાથી કાળ - સમય પણ સ્થિર થઈ જાય છે, જેમના સાંનિધ્યમાં બેસવાથી ભૂખ-તરસ પણ લાગતી નથી, જેમના સાંનિધ્યમાં બેસવાથી થાક ઊતરી જાય છે, એવા દિવ્ય પુરુષ પ્રમુખસ્વામી મહારાજનું દિવ્ય સાંનિધ્ય બધાને અહીં પ્રાપ્ત થયું છે. બે કલાક થઈ ગયા પણ મને ખ્યાલ જ ન રહ્યો કે હું અહીં બે કલાકથી બેઠો છું! જેમ મીઠાની પૂતળી સાગરનો તાગ કાઢવા ગઈ તે પાછી જ ન આવી, તેમ અમારા જેવા મીઠાનાં પૂતળાં પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાસાગરના ગુણોમાં પડ્યાં તે પડ્યાં, ડૂબ્યાં તે ડૂબ્યાં, ખ્યાલ જ ન રહ્યો!

આવી વિશ્વવંદનીય વિભૂતિને મારા કોટિ કોટિ વંદન.

(૪-૯-૨૦૨૨, સુરત) ●



૧૦૦૮ સ્વામી શ્રી સીતારામજી મહારાજ, મહંત, લોકવિજય હનુમાન મંદિર, અમરોલી

આજે જ્યારે મેં આ સંસ્થામાં પગ મૂક્યો ત્યારે જોયું કે આ સંસ્થાના સ્વયંસેવકોમાં કેટલો શિષ્ટાચાર છે! આ પ્રમુખસ્વામી મહારાજે તેમને આપેલાં શિક્ષા અને સંસ્કારનાં દર્શન થાય છે.
આપણે જાણીએ છીએ કે આપણા ભારત દેશની સંસ્કૃતિને મિટાવવા માટે વિધર્મીઓ દ્વારા સંસ્કૃતિનાં કેટલાં બધાં મઠ-મંદિરોને તોડી પાડવામાં આવ્યાં છે. પરંતુ પ્રમુખસ્વામી મહારાજે ૧,૧૦૦ જેટલાં વિશાળ મંદિરોની રચના કરીને આપણી સનાતન સંસ્કૃતિની, સનાતન ધર્મની રક્ષા કરી છે! સાથે સાથે, તેઓએ ૧,૧૦૦ જેટલા વિરક્ત સંતો પણ બનાવ્યા છે કે જેથી આજે કોઈ વિધર્મી આપણી ભારતીય સંસ્કૃતિને તોડી નહીં શકે, નષ્ટ નહીં કરી શકે.
આપણે જાણીએ છીએ કે આરબ દેશે બી.એ.પી.એસ. સંસ્થાને મંદિર કરવા માટે જમીન આપી! અશક્ય જ કામ! પરંતુ પ્રમુખસ્વામી મહારાજ આરબ દેશમાં ગયા અને ત્યાં ભૂમિ પર ચરણ મૂકી સંકલ્પ કર્યો કે 'અહીં મંદિર બને,' અને આજે ત્યાં મોટું મંદિર બની રહ્યું છે! તેમના સંકલ્પમાં કેવું બળ! તેઓ કોઈ સામાન્ય સંત નહોતા, પરંતુ સાક્ષાત્ પરમાત્મા સ્વરૂપ સંતવિભૂતિ જ હતા.
તેઓએ સમાજની કેટલી બધી સેવા કરી છે! છેક આદિવાસી વિસ્તારો સુધી ચાલતાં-ચાલતાં જઈને તેઓ ગરીબ આદિવાસીઓને મળ્યા છે. તેઓ કોઈ એક સમાજના કે જાતિના લોકોને નહીં, પરંતુ સમાજની તમામ જાતિના લોકોને કોઈ ભેદભાવ વિના મળ્યા છે.
આમ, ગરીબોના ઉદ્ધાર માટે હરપળ તત્પર તેવા પ્રમુખસ્વામીજીનાં ચરણોમાં હું વારંવાર વંદન કરું છું. (૪-૯-૨૦૨૨, સુરત) ●




પૂજ્ય શ્રી નિર્મળદાસજી મહારાજ
શ્રી સિદ્ધકુટીર મંદિર, સુરત

પ્રમુખસ્વામી મહારાજ એવી સંતવિભૂતિ છે કે જેમણે આપણો હિન્દુ સમાજ, આપણો હિન્દુ સનાતન ધર્મ મજબૂત બને, આપણું ભવિષ્ય કે આવનાર પેઢીઓ સુખ-સમૃદ્ધિ પામી શકે એટલા માટે, પોતાના શરીરનો પણ ખ્યાલ રાખ્યા સિવાય પૂરા ભારતવર્ષમાં વિચરણ-યાત્રાઓ કરી છે.
પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાપુરુષનાં ગુણગાન અમે કયા શબ્દોમાં કરીએ! બસ, અમે તો નતમસ્તક થઈ તેઓનાં ચરણોમાં આશીર્વાદની આશા લઈને સમર્પિત થઈએ એ જ અમારી સૌથી મોટી સેવા કે દક્ષિણા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામીજીને આપણા ભારત દેશના સનાતન ધર્મ પ્રતિ કેટલી ચિંતા હતી કે તેઓએ ગામોગામ અને ઘરોઘર જઈને સૌને પ્રેરણા આપી આપણા સનાતન ધર્મ પ્રત્યે તેમને જાગ્રત કર્યા છે.
પ્રમુખસ્વામીજીનાં વ્યસનમુક્તિનાં આયોજનો પણ અદ્ભુત હતાં. આજની અત્યારની નવી પેઢીને ખાલી માવા, સિગરેટ નહીં, બીજાં ઘણાંય વ્યસનો હોય છે. મંદિરમાં જાય તો ભગવાનની મૂર્તિના નામનો ખ્યાલ નહીં હોય, પણ થિયેટરની બહાર ચોંટાડેલાં હીરો-હીરોઇનોનાં નામ, બર્થડે સહિત તેમને યાદ હશે. તો આજે, પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ ઊજવવા આપણે ભેગા થયા છીએ ત્યારે એક સંકલ્પ કરીએ કે સત્સંગ સિવાયનાં જે બધાં વ્યસનો છે, તે અમે આજથી મૂકી દઈશું. તેના કરતાં મોટી ભેટ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં બીજી કોઈ ન હોઈ શકે. તેનાથી પ્રમુખસ્વામીજી એટલા રાજી થશે કે તમારા પર ખૂબ-ખૂબ આશીર્વાદ વરસાવશે. (૪-૯-૨૦૨૨, સુરત) ●



પૂજ્ય શ્રી મ. મં. શ્રી પતિત-પાવનદાસજી
શ્રી મોટા રામજી મંદિર, નાગનેશ

પ્રમુખસ્વામીજી મહારાજનું જીવન વિશ્વ માટે વંદનીય બની રહ્યું છે કારણ કે તેમણે જે પણ કાંઈ કાર્ય કર્યું છે એ બીજાના ભલા માટે કર્યું છે. તેમણે રાષ્ટ્ર અને સનાતન સંસ્કૃતિ માટે પોતાનું સંપૂર્ણ જીવન સમર્પિત કર્યું અને સ્વામિનારાયણ સંપ્રદાય પણ તેના માટે કટિબદ્ધ છે.
આપણી ભારતવર્ષની સનાતન સંસ્કૃતિનો દિવ્યતા અને ભવ્યતાની સાથે કેટલાય દેશોમાં પ્રચાર-પ્રસાર કર્યો છે. મંદિરોનું સર્જન કરીને સનાતન સંસ્કૃતિનો સ્તંભ સ્થાપિત કર્યો છે. તેનાથી આપણી સનાતન સંસ્કૃતિ ખૂબ મજબૂત બનશે અને હજારો વર્ષ સુધી લોકો આ સંસ્કૃતિનું નિર્વાહન કરશે.
(૨૮-૮-૨૦૨૨, સારંગપુર) ●




પૂજ્ય શ્રી વિશ્વેશ્વરાનંદ મહારાજ
મહંત, નારાયણ મઠ, સુરત

આપ સૌ ભક્તોનાં કપાળમાં તિલક અને નિર્વ્યસની જીવન જોઈને જણાય છે કે પ્રમુખસ્વામી મહારાજે સંસ્કૃતિનો એવો મજબૂત પાયો રચ્યો છે કે હવે એ પાયાને કોઈ ડગમગાવી નહીં શકે. પ્રમુખસ્વામી મહારાજ આપણા માટે જીવન જીવી ગયા છે, હવે આપણે તેમના પથ પર જીવન જીવવાનું છે.
પ્રમુખસ્વામી મહારાજનું જીવન અને કાર્ય જોતાં આપણને એમ લાગે છે કે

પ્રમુખસ્વામી મહારાજ ખરેખર જગતગુરુ છે. દુનિયાના અનેક દેશોમાં જઈને એમણે ક્રાંતિ કરી છે અને સનાતન ધર્મની ધર્મધજા લહેરાવી છે.

પ્રમુખસ્વામી મહારાજના કાર્યમાં કે વિચારોમાં ક્યારેય ક્યાંય કોઈ વાદ નહીં, વિવાદ નહીં. ગાંધીનગરમાં અક્ષરધામનું લોકાર્પણ થયું ત્યારે અમે સ્વામીજીનાં દર્શન કરેલાં છે, અને ત્યારે આખો ભારત સાધુ સમાજ ત્યાં એકત્રિત થયો હતો, પ્રભાવિત થયો હતો !

એવા પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં વંદન અને આપ સૌમાં બિરાજમાન પ્રગટ પ્રમુખસ્વામી મહારાજને પણ વંદન. (૪-૯-૨૦૨૨, સુરત) ●




પૂજ્ય મહંત શ્રી આત્માનંદ સરસ્વતી મહારાજ
શ્રી ભજનાનંદ આશ્રમ, બોટાદ

પ્રમુખસ્વામી મહારાજ માટે એક લીટીમાં કહી શકાય - અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જવાવાળા પુરુષ, મૃત્યુમાંથી અમરત્વ તરફ લઈ જવાવાળા સંત! 'પ્રમુખસ્વામી મહારાજ ઘર છોડી વિશ્વના કલ્યાણ માટે નીકળી પડ્યા તો એ વ્યક્તિ મટી સમષ્ટિ થઈ ગયા. આવું એક બ્રહ્મનિષ્ઠ વ્યક્તિત્વ જેણે વૈશ્વિક કલ્યાણ માટે પોતાના જીવનનો દમ-કદમ ખર્ચી નાખ્યો. તેમણે જે કાર્ય કર્યું, એમાંથી એક આની પણ આપણે કરીશું તો આપણું ભલું થશે.

પ્રમુખસ્વામી મહારાજે એક મોટું કામ કર્યું છે સમરસતાનું. હિન્દુ ધર્મને બચાવવા માટે આ મોટામાં મોટી પાયાની જરૂરિયાત છે. પ્રમુખસ્વામી એટલે ચોવીસે કલાક વિશ્વકલ્યાણ માટે જાગતા મહાપુરુષ.

પ્રમુખસ્વામી મહારાજને બે કપડાં જ હતાં. એમાં સ્વાર્થની કોઈ દુર્ગંધ નહોતી. સ્વાર્થની દુર્ગંધ કોઈના પણ જીવનમાં આવશે ત્યારે સંતત્વ ખલાસ થઈ જશે. નામરૂપ ગમે તેવાં હોય, પણ ચારિત્ર્ય હોય તો આપણી પૂજા થશે. પરિવર્તનનો શંખનાદ ફૂંકાણો છે. આ શતાબ્દી મહોત્સવ એટલે પરિવર્તનનો શંખનાદ. વૈશ્વિક કલ્યાણનું મંગલાચરણ છે. ૧૨૦૦ મંદિરો સંસ્કારની સરિતાનું ઉદ્‌ગમસ્થાન છે. તે આ રાષ્ટ્રને પરમ વૈભવ ઉપર લઈ જશે. પરમ વૈભવના શિખર ઉપર લઈ જવા માટેનું આ મંગલાચરણ છે. (૨૮-૮-૨૦૨૨, સારંગપુર) ●



પૂજ્ય મહંત શ્રી વિક્રમગિરિ બાપુ
શ્રી ઘેલા સોમનાથ મંદિર

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સનાતન ધર્મની રક્ષા માટે, સનાતન ધર્મની વિશિષ્ટતા-દિવ્યતા-ભવ્યતા સમગ્ર વિશ્વમાં ફેલાય તે માટે પ્રયત્નો કરી ૧૨૦૦ મંદિરોની સ્થાપના કરી.

પ્રમુખસ્વામીજી મહારાજે પોતાના દિવ્ય વ્યક્તિત્વના પ્રભાવથી ભારતીય આર્ય સંસ્કૃતિની રક્ષા કરી, સંવર્ધન કર્યું અને સમગ્ર વિશ્વમાં તેને પ્રસ્થાપિત કરીને બધાને એક દિવ્ય સંદેશ આપ્યો છે.

ભારત દેશ વિશ્વગુરુ બને એ માટે પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ પ્રેરણારૂપ બનશે. આપણા જ્ઞાનના વારસા માટે, સંસ્કૃતિની જાળવણી માટે, સંસ્કારોની જાળવણી માટે, સનાતન ધર્મના ઉત્થાન અને વિકાસ માટેના દિવ્ય પ્રયાસો પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય આશીર્વાદથી તમામ બી.એ.પી.એસ. મંદિરો સનાતન ધર્મનું એવું કાર્ય કરી રહ્યાં છે કે જે આપણા માટે ગૌરવની વાત છે.

અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા તમામ સનાતન ધર્મના સંપ્રદાયોને સાથે રાખીને સાચા અર્થમાં સનાતન ધર્મને મજબૂત બનાવશે. તેનાથી સનાતન ધર્મની રૂપરેખા વિશેષ ગૌરવરૂપ બનશે. શતાબ્દી મહોત્સવના માધ્યમથી પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય પ્રેરણા સમગ્ર વિશ્વના તમામ ભક્તોને ભક્તિમાં, આધ્યાત્મિક ઉન્નતિમાં આશીર્વાદરૂપ બને એવી મંગલ કામના. (૨૮-૮-૨૦૨૨, સારંગપુર) ●



પૂજ્ય મ. મં. શ્રી ૧૦૦૮ આશુતોષગિરિ સ્વામી, શ્રી ભીમનાથ મહાદેવ

હું ભાગ્યશાળી છું કે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શનનો લાભ મળ્યો છે. પ્રમુખસ્વામીની આંખમાં જોતાં એટલી ખબર પડે કે એમના હૃદયમાં માત્ર પ્રેમ સિવાય કાંઈ નથી. જ્યારે હૃદયમાં માત્ર પ્રેમ હોય ને હૃદયમાં ઈશ્વરનો વાસ થાય ત્યારે એ માણસ ઈશ્વર બની જાય છે.

પ્રમુખસ્વામીજી હાલતાં-ચાલતાં ભગવાન હતા, એનું કારણ માત્ર એટલું જ છે કે તેમણે પોતાનું હુંપણું ત્યાગી દીધું હતું. તેમનામાં ભગવાન સ્વામિનારાયણનો વાસ હતો. આપણું હૃદય શુદ્ધ હશે તો એમના દિવ્ય ચેતનની અનુભૂતિ આપણને પણ થશે.

પ્રમુખસ્વામી મહારાજનાં ઘણાં બધાં કાર્યો છે. ૧૨૦૦ મંદિરો બનાવવાં એ નાની-સૂની વાત નથી. મંદિર માત્ર ઉપાસનાનું કે પ્રાર્થનાનું સ્થળ નથી, પણ સામાજિક ક્રાંતિનું સ્થળ છે, જે સનાતન ધર્મને બે ડગલાં આગળ લઈ જવાનું કામ કરે છે અને કરતા રહેશે.
(૨૮-૮-૨૦૨૨, સારંગપુર) ●



પૂજ્ય મહંત શ્રી દલસુખદાસ બાપુ
નકલંક ધામ, હળવદ

પ્રમુખસ્વામીજીના બહુમુખી પ્રતિભાનાં

અનેક કાર્યોમાંનું એક કાર્ય એટલે ૧૨૦૦ મંદિરોની સ્થાપના. એક મંદિર એટલે એક યુનિવર્સિટી. આ રીતે ૧૨૦૦ યુનિવર્સિટીનું તેમણે સર્જન કર્યું છે. આ યુનિવર્સિટીમાં માનવતાનો બોધપાઠ મળે, મર્યાદા મળે, સંસ્કાર મળે, પ્રેમ મળે, વિવેક મળે, ઘરમાં ધન્યો ગૃહસ્થાશ્રમની મર્યાદાઓ મળે. આ બધા જ સંસ્કારોનું સિંચન ભારતવર્ષના હિન્દુ ધર્મનાં મંદિરોમાં મળે છે. આવાં મંદિરો દ્વારા આવનારી અનેક પેઢીઓને શિક્ષણની સાથે સંસ્કારનું સિંચન મળતું રહેશે ત્યાં સુધી હિન્દુ ધર્મ વિશ્વભરમાં આબાદ રહેશે. જ્યાં સુધી હિન્દુ ધર્મના આવા મહાપુરુષો અને તેમની ચેતના જીવંત છે, ત્યાં સુધી આપણા સમાજનો વાળ વાંકો નહીં થાય. ૨૧મી સદીમાં જ્યારે હિન્દુ ધર્મને બચાવવો કઠિન થઈ રહ્યો છે એવા સમયે પૂજ્ય પ્રમુખસ્વામીજીના માધ્યમ દ્વારા ભારતવર્ષના હિન્દુ ધર્મના સનાતન ધર્મના દરેક મહાપુરુષો સાથે મળી, પૂજ્ય પ્રમુખસ્વામીની ભગવીસેના વિશ્વભરમાં પ્રસરી રહી છે. એમને મારા વંદન છે. (૨૮-૮-૨૦૨૨, સારંગપુર) ●




પૂજ્ય મહંત શ્રી પ્રભુચરણદાસ બાપુ
પ્રભુચરણ આશ્રમ, હળવદ

ભારતની ધરતી પર અનેક મહાપુરુષો અવતર્યા છે, પરંતુ પ્રમુખસ્વામી મહારાજનું અવતરણ વિશેષ હતું. એમના આશીર્વાદથી આપણામાં ચેતના, જાણે બંધ મીણબત્તી પ્રગટી જાય એવો આનંદ થતો. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું આચરણ ઉત્તમ હતું. વર્ષોથી અમે પણ એ આચરણનું અનુકરણ કરવાનું શરૂ કરી દીધું. તેઓમાં મોટો સદ્‌ગુણ એ હતો કે ઓછું બોલે અને સમગ્ર સમાજમાં સંદેશો પહોંચે. એ ક્રિયા તો પરમાત્મારૂપ-સ્વરૂપ કરી શકે.(૨૮-૮-૨૦૨૨, સારંગપુર) ●



પૂજ્ય શ્રી નારાયણદાસ ભગત
ઠાકર મંદિર, આકરુ

પ્રમુખસ્વામી મહારાજે કરેલાં સામાજિક કાર્યોનું વર્ણન જ કરી શકાય તેમ નથી. મને એમનાં દર્શન થયાં ત્યારે એવું લાગ્યું કે ભગવાન મારી સામે બેઠા છે અને હું ભગવાનનાં ચરણોમાં હું બેઠો છું. આજે પણ દિવસમાં એકાદવાર યાદ કરું તો મારું આખું શરીર રોમાંચિત થઈ જાય છે. એવો એમનો દિવ્ય પ્રભાવ હતો. (૨૮-૮-૨૦૨૨, સારંગપુર) ●




પૂજ્ય શ્રી ગુણાશ્રયાનંદ મહારાજ
શ્રી રામકૃષ્ણ મિશન, લીંબડી

પ્રમુખસ્વામી મહારાજને પહેલીવાર મેં જોયા ત્યારે એવી અનુભૂતિ થઈ કે આપણે એમના છીએ અને એ આપણા છે. એમણે આપણને અપનાવી લીધા છે. એમનાં દર્શન કરતાં જ સાક્ષાત્ ઈશ્વરની અનુભૂતિનો અહેસાસ થાય. સાક્ષાત્ ભગવાન જ બોલી રહ્યા છે એવું અનુભવાય. જેના ગુણે રીઝ્યા ગિરધારી-ભગવાન સાક્ષાત્ જેના ઉપર આટલા પ્રસન્ન હોય એવા હતા પ્રમુખસ્વામી મહારાજ. તેમના બહુવિધ વ્યક્તિત્વ વિશે શરૂ કરીએ તો પૂર્ણ થાય એમ નથી. અને શરૂ કરીએ તો કંઈ છોડી શકાય એમ નથી. અનંત હોય ત્યાં કોઈ અંત હોતો નથી. જેમનું આધ્યાત્મિક જીવન ઊંડા સાગર સમું હોય અને આચરણ પણ મેરુ સમાન ઉચ્ચ હોય ત્યાં શબ્દ પણ ઝાંખા પડી જાય છે. પ્રમુખસ્વામીજીના આધ્યાત્મિક જીવનમાં, કાર્યમાં અનંતપણું જ જોવા મળે છે. કોઈ આરો કે ઓવારો નહીં. તેઓ જે કાંઈ બોલે એ ભગવાનનાં જ વચન બોલે. ભગવાન સ્વામિનારાયણની શુદ્ધ ઉપાસનાની પરંપરાને આગળ ધપાવનાર પ્રમુખસ્વામી મહારાજ છે. અત્યારે એ જ સનાતન શાશ્વત પરંપરાને પરમ પૂજ્ય મહંત સ્વામી આગળ ધપાવી રહ્યા છે. ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલાં શાશ્વત મૂલ્યોને લોકોની વચ્ચે આ સંતો જાળવી રાખશે અને આગળ ધપાવશે. (૨૮-૮-૨૦૨૨, સારંગપુર) ●



પૂજ્ય મહંત શ્રી ભગવાનદાસ મહારાજ
કાળિયા ઠાકરની જગ્યા, ગેડિયા


સ્વામીબાપામાં એકદમ સરળતા હતી. કોઈપણ વ્યક્તિ તેમની પાસે આવે ત્યારે તેના પ્રત્યે પણ બાપાનું પોતીકાપણું રહેતું. તેના ઉપર હાથ મૂકીને તેના પરિવારથી લઈને ધંધા વિશેના સમાચાર સ્વજનની જેમ પૂછતા. મહાન સંતવિભૂતિ એક નાનામાં નાની વ્યક્તિનું ધ્યાન રાખતા. આ વાત મારા હૃદયમાં કોતરાઈ ગઈ. (૨૮-૮-૨૦૨૨, સારંગપુર) ●



પૂજ્ય શ્રી ભરતબાપુ
લોમેવ ધામ

મને ૧૦ વર્ષની ઉંમરે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શનનો લાભ મળેલો છે. એમણે સૂત્ર આપેલું છે કે પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે ધર્મ. અને એ સાર્થક થઈ રહ્યું છે. રામચરિત માનસમાં કહ્યું છે: મન, કર્મ અને વચનથી બીજાનું ભલું કરવું-આવું જીવન પ્રમુખસ્વામી મહારાજનું હતું. આ મહાપુરુષે માનવદેહનું મૂલ્ય સમજાવીને લોકોને વ્યસનમુક્ત કર્યા.

તેમણે ૧૨૦૦ મંદિરોનું નિર્માણ કરાવ્યું. મંદિર છે તે માનવદેહ માટે પેટ્રોલ પંપનું કામ કરે છે. તેના દ્વારા જીવન આગળ વધે છે ને બીજાને ઉપયોગમાં આવે છે. કારણ કે બીજાનું ભલું કરવું એનું નામ જ ધર્મ છે. આ મહાપુરુષે પોતાનું જીવન પરહિતકાજે વિતાવ્યું ત્યારે આવા મહાન કાર્યો થયાં છે. (૨૮-૮-૨૦૨૨, સારંગપુર) •



પૂજ્ય શ્રી મ. મં. ૧૦૦૮ શ્રી રમજુ બાપુ
શ્રી અંબિકા પીઠાધીશ્વર

હું આજે જે કંઈ પણ છું એના મૂળમાં પ્રમુખસ્વામી મહારાજ છે, તેમણે અમારા વિસ્તારમાં સૌને વ્યસનમુક્ત કર્યા અને સત્સંગના માર્ગે વાળ્યા છે.
(૨૧-૮-૨૦૨૨, ભાવનગર) •




પૂજ્ય શ્રી અનિકેતનદાસજી મહારાજ
ઈસ્કોન મંદિર, રાજકોટ

આજે પ્રમુખસ્વામી મહારાજ આપણી વચ્ચે જ બિરાજમાન છે એવું લાગી રહ્યું છે. તે આપણને શીતળતા, આનંદ અને આશીર્વાદ પ્રદાન કરી રહ્યા છે. અમારા ગુરુજીને સન ૧૯૯૬માં પ્રમુખસ્વામી સાથે મુલાકાત થઈ હતી. ત્યારબાદ તેઓ ભગવાનની સેવામાં સમર્પિત થઈ ગયા. સ્વામીજીને મળ્યા ત્યારે તેઓએ સ્વામીજીની આંખોમાં બ્રહ્મતેજ, કરુણાભાવ અને દિવ્યતા અનુભવ્યાં હતાં. પ્રમુખસ્વામી મહારાજે હજારો મંદિર બાંધ્યા છે તે એમનેમ નથી ચાલી રહ્યાં, તે શ્રેષ્ઠ આચરણથી અને તેઓની કૃપાદૃષ્ટિથી ચાલી રહ્યાં છે. આવા સંતના હૃદયમાં ભગવાન હંમેશા બિરાજમાન હોય છે. તે જ્યાં પણ જાય ત્યાં તીર્થસ્થાન બની જાય છે.
(૭-૮-૨૦૨૨, રાજકોટ) •




પૂજ્ય મ. મં. મહંત શ્રી ગરીબદાસ બાપુ
નાની ખોડિયાર મંદિર, વરતેજ

પ્રમુખસ્વામી મહારાજમાં પરમેશ્વર સાક્ષાત્ પ્રગટ હતા. તેઓ યુગપુરુષ હતા. હું અક્ષર છું અને પરમેશ્વરનો દાસ છું એ આપણે દૃઢ કરવાનું છે. હું ગઢડા રામજી મંદિરનો મહંત હતો ત્યારે યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામીનો પ્રેમ હંમેશાં મને પ્રાપ્ત થતો. પ્રમુખસ્વામીએ સદા સેવક બની, દાસત્વ ભાવથી કાર્ય કર્યું છે.
(૨૧-૮-૨૦૨૨, ભાવનગર) •




પૂજ્ય શ્રી પ્રભુસેવાનંદ સ્વામી
રામકૃષ્ણ મઠ, રાજકોટ

સન ૨૦૧૩માં સારંગપુરમાં મને પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવાનું સૌભાગ્ય મળ્યું હતું. તેને હું મારા જીવનનું પરમ ભાગ્ય સમજુ છું. ભારતીય સનાતન હિન્દુ સંસ્કૃતિ શાશ્વત સત્યો ઉપર ઊભી છે.
આ સંસ્કૃતિમાં જ્યાં સુધી સાધુ સમાજ રહેશે ત્યાં સુધી આપણો ભારત દેશ શ્રેષ્ઠ છે અને શ્રેષ્ઠ રહેશે. સમાજ શાસ્ત્ર મર્યાદા અને લોક મર્યાદાના બે કિનારા વચ્ચે વસે છે. પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતો સમાજને મર્યાદામાં રાખીને સમાજનું સંગઠન કરે છે, ઘડતર કરે છે. સંતો ધર્મ પરથી ફંટાયેલા સમાજને ફરીથી માર્ગ પર લાવે છે. (૭-૮-૨૦૨૨, રાજકોટ) •



પૂજ્ય શ્રી નરેન્દ્રબાપુ
આપાગીગાની જગ્યા, ચોટીલા

સનાતન ધર્મનાં મૂળિયાં આજ સુધી કોઈ શોધી શક્યું નથી. એનાં મૂળિયાં ખૂબ ઊંડાં છે. સનાતન ધર્મમાં પ્રમુખસ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ લાખો બાળકો, યુવાનોનું ઘડતર કર્યું છે. વિશ્વભરના ૫૫ દેશમાં સત્સંગ ગતિમાન છે. આપણે વિચાર કરીએ કે એક ગામમાં આપણે નાનું મંદિર નથી કરી શકતા તો આટલાં મંદિરોનું નિર્માણ કરવું એ નાનીસૂની વાત નથી. સનાતન ધર્મનો પાયો પ્રમુખસ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થાએ મજબૂત બનાવ્યો છે. (૭-૮-૨૦૨૨, રાજકોટ) •



પૂજ્ય શ્રી ગોકર્ણદાસ મહારાજ
ચિત્રકૂટ ધામ મંદિર, રાજકોટ

મેં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતનાં દર્શન આજ સુધી અન્ય કોઈ સંતમાં કર્યાં નથી. સૌ પર વાત્સલ્ય વરસાવતા સ્વામીશ્રીના મુખારવિંદ પર હંમેશાં હાસ્ય રમતું જ હોય. દેશ પરદેશમાં ૧૨૦૦ મંદિરોનું સર્જન કરીને તેના સંચાલન માટે વ્યવસ્થા ઊભી કરીને એનું સંરક્ષણ કરવું એ ખૂબ અઘરું કાર્ય છે. ભણેલા-ગણેલા સંતોની વાણી સાંભળીએ તો આપણે ધન્ય-ધન્ય બની જઈએ. આપણે ખૂબ પુણ્ય કર્યાં હશે ત્યારે જ આ ભૂમિ પર સંતોની વચ્ચે જન્મ મળ્યો અને પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતોનાં દર્શન કર્યાં! (૭-૮-૨૦૨૨, રાજકોટ) •



પૂજ્ય શ્રી રાઘવદાસજી મહારાજ
રામ-લખન આશ્રમ, રાજકોટ

પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ ગરીબ વ્યક્તિ આવે કે પછાત વ્યક્તિ આવે, તેઓના મનમાં કોઈ પ્રત્યે ભેદભાવ ન હતો. સનાતન સંસ્કૃતિના સંતોનો જે સ્વભાવ હોવો જોઈએ એવો સ્વભાવ તેમનો હતો. એમને અદ્‌ભુત આત્મજ્ઞાન હતું! આવા મહાપુરુષોને કારણે જ આપણી સંસ્કૃતિ ટકી રહી છે અને આપણે સૌ સુખી છીએ. સંતોમાં ભારતીય સંસ્કૃતિ અને સમાજનું ઉત્થાન કરવાની તાકાત રહેલી છે.
(૭-૮-૨૦૨૨, રાજકોટ) ●



પૂજ્ય શ્રી જિજ્ઞેશ દાદા
વિખ્યાત ભાગવત કથાકાર

'એવા સંતની બલિહારી રે, જેના ગુણે રીઝ્યા ગિરધારી રે...' જેના ગુણ માત્રથી ભગવાન રાજી થઈ જાય એવા હતા પ્રમુખસ્વામી મહારાજ! પ્રમુખસ્વામી મહારાજ પંચભૂતના શરીર સાથે આપણી વચ્ચે નથી પણ એમની દિવ્ય ચેતના આપણી વચ્ચે જ છે, આ સંત-સંમેલન એનો પુરાવો છે. મારા જીવનમાં એક વસવસો રહી ગયો કે હું પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન ન કરી શક્યો, પરંતુ મેં મહંતસ્વામી મહારાજનાં દર્શન કર્યાં, તેમને ભેટ્યો ત્યારે જાણે પ્રમુખસ્વામી મહારાજને જ ભેટ્યો હોઉં તેવો દિવ્ય અનુભવ મને થયો. ધર્મગુરુ બ્રહ્મલીન થયા બાદ એમની દિવ્ય ચેતના એમના ઉત્તરાધિકારીમાં આવે છે. આજે આપણે એવી પાવન નિશ્રામાં રહીએ છીએ. સંતનો મોટામાં મોટો ગુણ એ છે કે 'હું કોઈનો શત્રુ નહીં, કોઈ મારો શત્રુ નહીં'. અને આ ગુણને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજમાં સાકાર થયેલો અનેક લોકોએ જોયો છે.
ગાંધીનગર અક્ષરધામમાં પ્રમુખસ્વામી મહારાજને અમેરિકાના વડા બિલ ક્લિન્ટન મળ્યા ત્યારે સૌ ગૌરવ અનુભવી રહ્યા હતા, ત્યારે સ્વામીશ્રી કચ્છથી આવેલા એક સામાન્ય ભક્તને મળતા હતા! પોતાનું જે કર્તવ્ય હતું એમાં ધ્યાન આપ્યું છે એ સાધુતાની નિશાની છે. બી.એ.પી.એસ. સંસ્થા આજે ઉચ્ચ કક્ષાએ પહોંચી છે. આવી ઊજળી પરંપરામાં આપણને જે શિક્ષિત અને દીક્ષિત કરતાં કરતાં જે અહીં આશીર્વાદ પાથરી રહ્યા છે એવા પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ દિવ્યતા અને ભવ્યતાથી ઊજવવાનો છે.
આ મહોત્સવના આપણે એક ભાગ બનીએ. (૭-૮-૨૦૨૨, રાજકોટ) ●




પૂજ્ય શ્રી કેતન બ્રહ્મચારીજી
ધ આર્ટ ઓફ લિવિંગ, રાજકોટ

પ્રમુખસ્વામી મહારાજ વિશ્વના દિવ્ય પુરુષોમાંના એક છે. એમની સાથેના મારા ઘણા દિવ્ય અનુભવો છે.
સન ૨૦૧૬માં વર્લ્ડ કલ્ચર ફેસ્ટિવલ દિલ્હી ખાતે થઈ રહ્યો હતો ત્યારે ગુરુદેવનો પણ વિશેષ આગ્રહ હતો કે તેઓ પધારે. પ્રમુખસ્વામી મહારાજ અને મારા ગુરુદેવ વચ્ચે વિશેષ સ્નેહ હતો. સમાજની અંદર એક વ્યક્તિ કેટલું બધું કરી શકે! કેટલી બધી દિવ્યતા ફેલાવી શકે! કેટલા બધા લોકોના જીવનમાં પરિવર્તન લાવી શકે! પ્રમુખસ્વામી મહારાજ તેનું એક આદર્શ ઉદાહરણરૂપ હતા. એટલે પ્રમુખસ્વામી મહારાજ હંમેશને માટે વિશ્વના એક આદર્શ અને મહાન સંત રહ્યા છે. તેઓ સદેહે નથી પણ બી.એ.પી.એસ.ના સંતોમાં મને પ્રમુખસ્વામી મહારાજની ઝલક મહેસૂસ થાય છે. આનંદની વાત એ છે કે એવા પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવનું ભવ્ય આયોજન થઈ રહ્યું છે.
(૭-૮-૨૦૨૨, રાજકોટ) ●



પૂજ્ય શ્રી મંત્રેશાનંદ સ્વામીજી
રામકૃષ્ણ મઠ, આદિપુર

પ્રમુખસ્વામી મહારાજનો મહિમા અને વિવિધ ક્ષેત્રોમાં તેમનાં સેવાકાર્યો અને સંસ્કૃતિ માટે જે તેમણે કાર્ય કર્યું છે એના દ્વારા એવું લાગે છે કે પ્રમુખસ્વામી મહારાજ સંત નહીં, પણ પરમ સંત હતા. આવા સંત પારસમણિ બનીને લોખંડને સોનું બનાવે છે, કંચન બનાવે છે. પણ પ્રમુખસ્વામી મહારાજ લોખંડને પણ પારસમણિ બનાવે એવા પરમ સંત હતા. પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ ઊજવવાનો છે ત્યારે ભગવાનને પ્રાર્થના કરીએ કે સમગ્ર વિશ્વમાં આપણી સંસ્કૃતિ, પ્રેમ, સેવાની ભાવના પ્રસરે.
(૭-૮-૨૦૨૨, રાજકોટ) ●



પૂજ્ય શ્રી અવધેશ બાપુ
શ્રી ગુણેશ્વર મહાદેવ મંદિર, રાજકોટ

પ્રમુખસ્વામી નાનામાં નાના માણસને પણ આદર આપતા. હું સન ૧૯૯૧- ૯૨માં પ્રમુખસ્વામી મહારાજને મળ્યો હતો. હું નીચે બેઠો હતો. તેઓએ મારા વિશે પૂછતાં જાણ્યું કે આ રામજી મંદિરના પૂજારી છે તો તરત જ મને ઉપર બેસાડીને સાધુતાની કદર કરી. તેમનામાં

જરાય પણ અભિમાન નહીં કે હું સાધુ થયો એટલે બીજા નીચે બેસે. આવું જીવન હતું પ્રમુખસ્વામી મહારાજનું! ત્યારબાદ મને આગ્રહ કરીને રસોડામાં જમવા પણ લઈ ગયા. આમ, અમારું સન્માન કર્યું. હું પૂર્વાશ્રમમાં આઠમા ધોરણમાં અભ્યાસ કરતો હતો ત્યારે મારા પિતાને તેઓએ આશીર્વાદ આપતાં કહ્યું હતું કે આ છોકરો ધગશવાળો છે તેથી આગળ વધશે. તેમના આશીર્વાદથી જ હું આ દરજ્જે પહોંચ્યો છું.
(૭-૮-૨૦૨૨, રાજકોટ) •



પૂજ્ય શ્રી યજ્ઞેશભાઈ ઓઝા
કથાકાર, મહુવા

જીવનમાં અધ્યાત્મનું તેજ વધે પછી તેની આંખો તેની ઓળખાણ આપે છે. સહજ નિર્દોષ. સરળતા, સહજતા અને સહૃદયતાની ત્રિવેણી એટલે પ્રમુખસ્વામી મહારાજ. બાળસહજ એમનું હાસ્ય હતું, જે આપણને ખેંચે. બાળકો સાથે બાળસહજ, યુવાનો સાથે યુવાન જેવી ચર્ચા અને વૃદ્ધો સાથે વૃદ્ધો જેવા થઈને આત્મીયતાનો નાતો બાંધનાર હતા - પ્રમુખસ્વામી મહારાજ.
(૨૧-૮-૨૦૨૨, ભાવનગર) •



પૂજ્ય શ્રી ગોવિંદ સ્વામી
સ્વામિનારાયણ ગુરુકુળ, મહુવા

આ સંસારમાં ભટકતા જીવોને મુક્તિ આપનાર આવા સાચા સંતો છે. એવા સાચા સંત પ્રમુખસ્વામી મહારાજ હતા. સંતચરણે ગયા સિવાય જીવનો ઉદ્ધાર નથી. જેમની પાસે બેસવાથી પરમ શાંતિ મળે, આધ્યાત્મિકતા મળે એવા સંત પ્રમુખસ્વામી મહારાજ હતા.
(૨૧-૮-૨૦૨૨, ભાવનગર) •




પૂજ્ય શ્રી વિષ્ણુબાપુ દાણીધરિયા
ખાખરિયા, શિહોર

આપણે બધા એવા એક સંતના સમયમાં જીવીએ છીએ કે જેમણે વિશ્વમાં સનાતન ધર્મની ધજાને અખંડ ફરકાવી છે. એવા પ્રમુખસ્વામી મહારાજના સમયમાં આપણને જીવવાનું મળ્યું છે, આનાથી મોટો કોઈ હરખ ન હોઈ શકે! બોરસદમાં સૂર્યમંદિરમાં કથા હતી તે વખતે પ્રમુખસ્વામી મહારાજ પધારેલા. તે વખતે પ્રથમ વાર મને દર્શન કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. એમણે મને માથા પર હાથ ફેરવીને આશીર્વાદ આપેલા. મેં તેમને એક ભજન સંભળાવ્યું અને પ્રમુખસ્વામી મહારાજે મને એટલા બધા આશીર્વાદ આપ્યા કે એમના આશીર્વાદથી હું ૩૬૯ કથાઓ કરી ચૂક્યો છું. (૨૧-૮-૨૦૨૨, ભાવનગર) •




પૂજ્ય શ્રી ભક્તિરામ બાપુ
માનવ મંદિર, હાથસણી

સમગ્ર વિશ્વ સનાતન ધર્મના ભગવા રંગને આદર આપે છે, ભગવી ધજાઓ ચડે છે. પ્રમુખસ્વામી મહારાજે ૧,૧૦૦ સંતોને દીક્ષિત કર્યા અને ભગવાં ધારણ કરાવ્યાં તે તેમનું મહાપ્રદાન છે. સંત થવા માટે પ્રેરણા આપવી એ રમતની વાત નથી. પ્રમુખસ્વામી મહારાજ સૌને સમાન દૃષ્ટિથી જોતા હતા. બહુ તંદુરસ્ત વિચારધારાના સંતોને હું ખૂબ ધન્યવાદ આપુ છું કે અમને ભેળા કર્યા તમે. પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં નાના-મોટાનો કોઈ ભેદભાવ નહોતો. તેઓ દરેકના મસ્તક પર વાત્સલ્યથી હાથ મૂકતા. અખાતી દેશોમાં મંદિરો કરીને ભગવી ધજાઓ ચડાવી છે તેવી આ મહાપુરુષની તાકાત છે. વંદન છે પ્રમુખસ્વામી મહારાજને!
(૧૪-૮-૨૦૨૨, અમરેલી) •



પૂજ્ય શ્રી રતિદાદા
ગાયત્રી મંદિર, ચલાલા


આવો ભવ્ય શતાબ્દી મહોત્સવ ઊજવવો અને સંત-સંમેલન કરવું એ કાંઈ નાની-સૂની વાત નથી. પ્રમુખસ્વામી કહેતા કે 'બીજાનું ભલું જોઈને રાજી થવું.' તેમણે હજારો મંદિરો અને ભણેલા-ગણેલા સંતો બનાવ્યાં. આ બધું કોના માટે? ભારત દેશ માટે અને ભારતીય સંસ્કૃતિ માટે. આ દિવ્ય પુરુષે દિલ્હી અને ગાંધીનગરમાં અક્ષરધામ બનાવ્યાં. વિદેશમાં અમેરિકા, યુરોપ અને આફ્રિકામાં મંદિરો પણ બાંધ્યાં. કોઈ વ્યક્તિત્વ ત્યારે જ મહાન બને છે એની અંદર સત્યની એક અનોખી તાકાત હોય. પ્રમુખસ્વામી એવા મહાન પુરુષ હતા.
(૧૪-૮-૨૦૨૨, અમરેલી) •



પૂજ્ય શ્રી રણછોડ ભગત
મોરબી


પ્રમુખસ્વામી મહારાજે વિશ્વભરમાં મંદિરોનું સર્જન કર્યું. સંસ્કૃતિનો પ્રસાર-પ્રચાર કર્યો તે ખૂબ અદ્ભુત કાર્ય છે. હું માનું છું કે હવે હિન્દુ સમાજે વધુ જાગ્રત થવું જોઈએ. હિન્દુ સમાજને નાત-જાતના વાડા છોડીને એક થવાની ખૂબ જરૂર છે. 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ',

‘બહુજનસુખાય બહુજનહિતાય’ – આ સૂત્ર ત્યારે જ ચરિતાર્થ થશે કે આપણે સ્વયં ધર્મની રક્ષા કરતા થઈશું. ધૂન, ભજન, કથા-કીર્તનની સાથે સાથે ધર્મની રક્ષા કરવી એ પણ અત્યારે ખૂબ જ જરૂરી છે. પ્રમુખસ્વામી મહારાજે પોતાનું જીવન સત્સંગ, સમાજ, રાષ્ટ્રની રક્ષા માટે સમર્પિત કરી દીધું. એમને જેટલાં વંદન કરીએ તેટલાં ઓછાં છે. (૨૮-૮-૨૦૨૨, મોરબી) ●




પૂજ્ય શ્રી અનિલભાઈ મહેતા
યોગાચાર્ય, મોરબી

પ્રેમ, કરુણા અને સેવાની મૂર્તિ સમાન પ્રમુખસ્વામી મહારાજ એક આધ્યાત્મિક ગુરુ જ નહીં, પરંતુ મહાન રાષ્ટ્રભક્ત પણ હતા. પ્રમુખસ્વામી મહારાજે વિશ્વભરમાં ૧૨૦૦ મંદિરો અને ૧૧૦૦ સંતોને દીક્ષિત કરીને સંસ્કૃતિ અને સમાજોત્કર્ષ અદ્‌ભુત કાર્ય કર્યું છે. સ્વામી વિવેકાનંદ પછી હિન્દુ સંસ્કૃતિની આગવી ઓળખ વિશ્વભરમાં પ્રમુખસ્વામી મહારાજે ઊભી કરી છે. પ્રમુખસ્વામી મહારાજે લંડનમાં કલ્ચરલ ફૅસ્ટિવલ મહોત્સવ ઊજવીને, વિદેશમાં ૨૦૦થી વધુ મંદિરોનું નિર્માણ કરીને હિન્દુ ધર્મને વિશ્વના પટલ ઉપર મૂકીને, હિન્દુ ધર્મની જબરજસ્ત ચેતના ઊભી કરી છે.
સન ૧૯૯૦માં નર્મદા બંધના નિર્માણ માટે મહાઆંદોલન થયું ત્યારે ગુજરાતે શાંતિ રેલીનું આયોજન કર્યું હતું. પ્રમુખસ્વામી મહારાજે અટલાદરામાં રેલીમાં આવનાર લોકોને ત્રણ દિવસ સુધી જમાડીને હજારો ફૂડપેકેટ્સ આપીને એક જબરજસ્ત ટેકો આપ્યો હતો. નર્મદા બંધ નિર્માણમાં પ્રાણ સમાન હતા પ્રમુખસ્વામી મહારાજ. અઢી લાખ વૃક્ષો વાવ્યાં, સહજાનંદ વનનું નિર્માણ કર્યું, પ્રમુખસ્વામી મહારાજના આદેશથી નર્મદા બોન્ડમાં પાંચ મિલિયન રૂપિયા જમા થયા, એવી અનેક સેવાઓથી નર્મદા બંધ સાકાર થયો. જેને કારણે આજે ગુજરાતમાં લીલુંછમ્મ છે, તેમાં સવિશેષ યોગદાન પ્રમુખસ્વામી મહારાજનું છે. રાષ્ટ્રભક્તિ જેમના રોમેરોમમાં વહેતી હતી એવા પ્રમુખસ્વામી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ આપણે શાનદાર રીતે ઊજવીએ. (૨૮-૮-૨૦૨૨, મોરબી) ●




પૂજ્ય મહંત શ્રી નારાયણદાસજી
નારાયણ આશ્રમ, મહેસાણા

પ્રમુખસ્વામી મહારાજ આજે હયાત નથી છતાંય તેમની દિવ્ય જ્યોતિ-ઊર્જા આખા ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વમાં વિદ્યમાન છે. ભારત વર્ષમાં ભારતીય સંસ્કૃતિ માટે કોઈએ કાર્ય નથી કર્યું એવું કાર્ય પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે. વિશ્વના અનેક દેશોમાં આપણી સંસ્કૃતિને ઉજાગર કરવા માટે તેમણે ભવ્ય મંદિરોનું નિર્માણ કરી, ભારતની સંસ્કૃતિને જાગ્રત કરવાનું દિવ્ય સ્વપ્ન સાકાર કર્યું છે. (૨૧-૮-૨૦૨૨, મહેસાણા) ●



પૂજ્ય મહંત શ્રી નિજાનંદ બાપુ
ગોતરકા આશ્રમ, રાધનપુર


સનાતન ધર્મનો સુવર્ણકાળ ચાલી રહ્યો છે. વર્ષો પછી ભારતના વિવિધ સંપ્રદાયો અને ધાર્મિકસમૂહ એકત્વ અનુભવી રહ્યા છે. સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આરબ રાષ્ટ્રમાં પહેલું હિન્દુ મંદિર બનવા જઈ રહ્યું છે તે સુવર્ણકાળની નિશાની છે. સ્વામિનારાયણ સંપ્રદાયે સમગ્ર સનાતનને આવરી લઈ સેવાનો જે પ્રયત્ન કર્યો તે હિન્દુ ધર્મ માટે ઉજ્જ્વળ ભવિષ્યની નિશાની છે.
સ્વામિનારાયણ સંપ્રદાયે વિશ્વના પશ્ચિમ ભાગમાં હિન્દુ ધર્મના નેજા ફરકતા કર્યા છે. આજે બધાંય સનાતન ઝરણાંઓનો અહીંયાં સમન્વય થઈ સાચા અર્થમાં સનાતન એક સમુદ્ર બન્યો છે. પ્રમુખસ્વામી મહારાજે રાજધાની દિલ્હીમાં ગૌરવ થાય એવું સનાતનની આલબેલ પોકારતું વિશ્વનું સૌથી મોટું હિન્દુ મંદિર બનાવ્યું છે, જે હિન્દુ ધર્મનું પ્રતિનિધિત્વ કરી રહ્યું છે, જે આવનારા સમયના શુભ સંકેતો છે. આવનારી સદી હિન્દુત્વની હશે તે સમગ્ર વિશ્વને સ્વીકારવું પડશે. (૨૧-૮-૨૦૨૨, મહેસાણા) ●



પૂજ્ય મહંત શ્રી મહાદેવગિરિ બાપુ
મહંતશ્રી, અવધૂત આશ્રમ, ભવનાથ-જૂનાગઢ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું જીવન સહજ, સરલ હતું. પરમ કૃપાળુ પરમાત્મા અને ગુરુની અસીમ કૃપા હોય ત્યારે જ આ સંભવે છે. નાનામાં નાના આદિવાસી માણસથી લઈને અબ્દુલ કલામ જેવા માણસને સ્વામીબાપા મળતા ત્યારે તેમની સહજતામાં, તેમના ભાવમાં ક્યારેય ફરક દેખાયો નથી. સંતનું આ પહેલું લક્ષણ છે. મનમાં ક્યાંય કુટિલતા નહોતી. જે મળે તેમાં સંતોષ. તેમના હૃદયમાં હંમેશાં આપણા પ્રત્યે પ્રેમ-લાગણી હતી. આ સંમેલનના મંચ ઉપર બધા સંતો-મહંતોને બેસાડવાનું કારણ એટલું જ છે કે બધામાં ઈશ્વરનું દર્શન. આમાં કોઈ નાનું નથી, કોઈ મોટું નથી. પ્રમુખસ્વામી મહારાજે બધાયને હૃદયે લગાડ્યા છે. બધાને પોતાના ગણ્યા છે. બધાની સાથે રહ્યા છે. બધા સંતો સાથે નાતો રહ્યો છે. અહીં આવ્યા પછી અમને અહીં પોતાનું લાગે છે. શું કામ? અહીં કોઈ ભેદ નથી. અમે એક હિન્દુ છીએ, અમે એક રાષ્ટ્રના છીએ, અમે એક ભારત

દેશના છીએ આ ભાવના રહી છે. પ્રમુખસ્વામી મહારાજે શિક્ષણ અને વ્યસનમુક્તિ દ્વારા સમાજને આદર્શ બનાવ્યો. શિક્ષિત થાઓ, સંગઠિત થાઓ, એક બની, માનવજીવન મળ્યું છે તેને સાર્થક કરો. આ સંદેશ પૂજ્ય પ્રમુખસ્વામીબાપાનો છે. આ સંદેશ આપણે જીવનમાં વણવાનો છે. વર્તનમાં રાખવાનો છે. કુદરતી ભૂકંપ, અતિવૃષ્ટિ જેવી આપદાઓમાં હંમેશાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા અગ્રેસર રહી છે. તેની પાછળનું કારણ બાપાનો ઉદ્દેશ હતો - જીવમાત્રને પ્રેમ કરવો. બધાની સાથે એક ભાવ રાખવો. આજે એક મંચ ઉપર બેઠેલા અલગ-અલગ સંતોને જોતાં મંચ સરસ રંગોળી જેવો લાગે છે. આ રંગોળી એ પ્રમુખસ્વામી મહારાજની રંગોળી છે. અનેકોમાં એક દેખાય છે. દરેક મતના, પંથના, સંપ્રદાયના સંતો જોવા મળ્યા છે. કોઈ હિંદી બોલે છે, કોઈ ગુજરાતી બોલે છે, કોઈ સંસ્કૃતના જાણકાર તો કોઈ ઇંગ્લિશના જાણકાર છે. આની પાછળનો ઉદ્દેશ એક જ છે કે આપણે એક બનીએ... નેક બનીએ... આ દેશની સંસ્કૃતિની ગરિમાને વધારીએ... (૪-૯-૨૦૨૨, જૂનાગઢ) ●




પૂજ્ય મહંત શ્રી પરમેશ્વરદાસજી મહારાજ
હનુમાન મંદિર, વિજાપુર

દરેક ગામ અને શહેરમાં ભગવાન શિવ અને ભગવાન શ્રીરામનું મંદિર છે, તેવી રીતે પ્રમુખસ્વામી મહારાજે દરેક દેશમાં હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિની સ્થાપના માટે મંદિરો બનાવ્યાં છે. વિદેશના રાષ્ટ્રપ્રમુખ ભારતની યાત્રાએ આવે ત્યારે દિલ્હી અક્ષરધામમાં મસ્તક ઝુકાવે છે. ધન્ય છે ભારતની આ ભૂમિને કે જ્યાં પ્રમુખસ્વામી જેવી મહાન વિભૂતિ પ્રગટ થઈ! તેઓએ મહાનકાર્યો કર્યાં છે. વ્યક્તિ વ્યક્તિત્વથી નહીં પણ કર્તવ્યથી સફળ બને છે. પ્રમુખસ્વામીજીએ એ કાર્ય કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજના સંતોમાં પરસ્પર નિર્મળતાનો ભાવ જોવા મળે છે તે પ્રમુખસ્વામી મહારાજના ગુણો છે. (૨૧-૮-૨૦૨૨, મહેસાણા) ●



પૂજ્ય શ્રી બદરીનાથજી મહારાજ
રામાનુજાચાર્ય, પોરબંદર

મહાપુરુષનાં દર્શન કરવા માટે સમાજે સદીઓ સુધી પ્રતીક્ષા કરવી પડે. પણ આપણે એવો પ્રયાસ નથી કરવો પડ્યો. પરમાત્માની કૃપાથી આપણને પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન થયાં. સમાજમાં શાંતિ એ પ્રમુખસ્વામી મહારાજની તપસ્યાનું ફળ છે. આપણે પ્રમુખસ્વામી મહારાજના નૂતન સંકલ્પો વડે આપણા ભારતને વિશ્વગુરુ બનાવીએ. (૪-૯-૨૦૨૨, જૂનાગઢ) ●



પૂજ્ય મહંત શ્રી મહેશગિરિજી મહારાજ
ગુરુ દત્તાત્રેય સ્થાન, જૂનાગઢ

પ્રમુખસ્વામી મહારાજનું જીવન એવું વિશાળ થઈ ગયું છે કે જેને શબ્દોથી અંકિત કરવું અઘરું થઈ ગયું છે. એક એવું વ્યક્તિત્વ, જેણે જીવનને સામાન્ય રાખ્યું અને સમાજમાં અસામાન્ય કાર્ય કર્યું! કાર્યની વિશાળતા એવી કે આભને ધરતી પર લઈ આવે. સમાજ આદર્શ લઈ શકે એવું તેમનું જીવન હતું. પ્રમુખસ્વામી મહારાજે મંદિરના માધ્યમથી મનુષ્યનું નિર્માણ કર્યું અને મનુષ્યના નિર્માણથી મંદિરો કર્યાં! માત્ર દર્શન કે પ્રદર્શન માટેનાં નહીં, પરંતુ મનુષ્યના નિર્માણ માટે આ મંદિરો છે. સનાતન હિન્દુ સંસ્કૃતિના ઇતિહાસના ગર્તમાં જઈએ તો સંસ્કૃતિ પર, મંદિરો પર અનેક અત્યાચારો થયા. મંદિરો તૂટ્યાં. પણ પ્રમુખસ્વામી મહારાજે વિશ્વમાં મંદિરો પાછાં બનાવી દીધાં. સમાજને દિશા આપે તેવા સંતોનું નિર્માણ તેમણે કર્યું. શતાબ્દીઓ સુધી યાદ રહે તેવું ધર્મક્ષેત્રનું અને સમાજ-ક્રાંતિનું કાર્ય પ્રમુખસ્વામી મહારાજ સિવાય કોઈએ ભાગ્યે જ કર્યું હશે! આટલી મોટી સમાજ-ક્રાંતિ લઈ આવ્યા. શતાબ્દીઓમાં ન થયું હોય એવા કાર્યને સમાજ વર્ષો સુધી યાદ રાખે છે. જાતિ, સંપ્રદાય, પંથ એકબાજુ મૂકીને એ મહાપુરુષનું કાર્ય ભારતીય સંસ્કૃતિનો પરિચય વિશ્વને કરાવે છે. ભારત દેશનું સાચું દર્શન કરવું હોય તો પ્રમુખસ્વામી મહારાજે નિર્માણ કરેલું અક્ષરધામ મંદિર એક વાર જોજો. ત્યાં ભારતીય દર્શનની જે યાત્રા કરાવે છે એ યાત્રા જોઈએ ત્યારે લાગે કે કેટલો વૈભવશાળી આ દેશ હશે! તેનું અધ્યાત્મ હશે! સંસ્કૃતિ હશે!
જે માત્ર સપેરાનો દેશ કહેવાતો હતો તે છાપ મિટાવીને ભારતીય સંસ્કૃતિનો સાચો પરિચય પ્રમુખસ્વામી મહારાજે સહુને કરાવ્યો છે. આવાં અભૂતપૂર્વ કાર્યો માટે ભારત સરકારને આ મંચથી આગ્રહ કરીને માંગણી કરું છું કે પ્રમુખસ્વામી મહારાજને મરણોપરાંત ભારતરત્ન એવોર્ડ આપવામાં આવે. (૪-૯-૨૦૨૨, જૂનાગઢ) ●



પૂજ્ય શ્રી ગોવિંદરાયજી
વૈષ્ણવાચાર્ય હવેલી, વાપી

શ્રીમદ્ ભગવતગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે, 'જ્યારે કોઈ સંતમાં વિશેષ અલૌકિક કુદરતી દિવ્યતા અને આધ્યાત્મિક શક્તિ દેખાય તો હે અર્જુન!

એમ સમજવું કે મારી જ વિભૂતિ પ્રકાશિત થઈ રહી છે.’ આ કેવળ ને કેવળ પ્રમુખસ્વામી મહારાજ માટે જ હું બોલી રહ્યો છું. ૧૨૦૦ મંદિરોનું નિર્માણ અને એવાં તો અનેક કાર્યો અન્ય કોઈએ કર્યાં છે? એ સંશોધનનો વિષય છે. (૨૮-૮-૨૦૨૨, સેલવાસ) ●



પૂજ્ય શ્રી રામકૃષ્ણ સ્વામી
સ્વામિનારાયણ ગુરુકુળ, સલવાવ

પ્રમુખસ્વામી મહારાજે ભગવાન સ્વામિનારાયણના ‘સર્વજીવહિતાવહ’ સૂત્રને ખરા અર્થમાં સાકાર કર્યું છે. બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું છે કે *‘સંત પરમ હિતકારી, જગત માંહી સંત પરમ હિતકારી’* એવા સંત પ્રમુખસ્વામી મહારાજ હતા. તેમનો શતાબ્દી મહોત્સવ ભવ્યતાથી ઊજવાય અને તન, મન અને ધનથી સેવા કરીને તેઓનો રાજીપો મેળવવાનો છે.
(૨૮-૮-૨૦૨૨, સેલવાસ) ●



પૂજ્ય શ્રી શાસ્ત્રી સ્વામી સંતસ્વરૂપદાસજી
સ્વામિનારાયણ ગુરુકુળ, ભીલાડ

આપણે ભાગ્યશાળી છીએ કે આપણને શતાબ્દી વર્ષમાં સેવાનો અવસર પ્રાપ્ત થયો. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે *‘સંત વિના રે સાચી કોણ કહે’* સંત જ દુનિયામાં ઠોકર ખાઈને, અપમાનો સહન કરીને સાચી વાત કરી શકે. પ્રમુખસ્વામી મહારાજનું જીવન એટલે એવું પરોપકારી જીવન! આવા વિરલ સંતનાં દર્શનથી આપણી મુક્તિ થાય છે. તેમણે લાખો લોકોને વ્યસનથી મુક્ત કરીને નિર્વ્યસની સમાજનું નિર્માણ કર્યું છે. (૨૮-૮-૨૦૨૨, સેલવાસ) ●



પૂજ્ય શ્રી ધનંજયજી દેશપાંડે
અધ્યક્ષ, લલિતા અંબિકા દેવી સંસ્થાન, તીખી

આપણું જીવન શાના માટે છે? આપણા દ્વારા ભગવાન શું ઇચ્છે છે? આવી મૂંઝવણમાં જ્યારે આપણે પ્રમુખસ્વામીજી મહારાજને જોઈએ છીએ ત્યારે આપણને તેમનામાંથી અનન્ય પ્રેરણા મળે છે. પ્રમુખસ્વામી મહારાજ પ્રેરણાના સ્રોત હતા. તેઓએ મહાન કાર્યો કર્યાં છે. આ કાર્યોની વચ્ચે પણ તેઓ પોતાના ઇષ્ટદેવને ભૂલ્યા નહીં, આધ્યાત્મિક ચિંતનને ભૂલ્યા નહીં. આ અનુસંધાનને લક્ષ્યમાં રાખીને તેઓએ પોતાનાં કાર્યો કર્યાં છે.
‘अद्वेष्टा सर्वभूतानां...’ આ બધા શબ્દોને જીવનમાં ઉતારનાર હતા - પ્રમુખસ્વામી મહારાજ! દોષોને દૂર કરીને સદ્‌ગુણોને ઉજાગર કરવા એ સંતોનું વિશેષ કાર્ય છે. આધુનિક સમયમાં પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રથી તે પ્રકાશિત થાય છે. પ્રમુખસ્વામી મહારાજે ભવ્ય મંદિર રચીને ધુલિયા શહેરને ભાગ્યશાળી બનાવ્યું. અનંતની વ્યાખ્યા કેવી રીતે કરી શકાય? હરિ અનંત, હરિ તારી કથા અનંત. આવા પ્રમુખસ્વામી મહારાજનું જીવન પણ અનંત છે.
(૭-૮-૨૦૨૨, ધુલિયા) ●



પૂજ્ય મહંત શ્રી પ્રણવગિરિજી
નાગાઈ માતા દેવસ્થાન, નાગપુર-કોકલે

જ્યારે પ્રમુખસ્વામી મહારાજે દેહત્યાગ કર્યો ત્યારે અમારા ગુરુજી એક વાક્ય બોલ્યા હતા કે સનાતન ધર્મના સિંહનું શરીર આજે પંચમહાભૂતમાં વિલીન થઈ ગયું. તેઓ અમને માર્ગદર્શન આપતા હતા. આપણા સનાતન હિન્દુ ધર્મની ધજા પ્રમુખસ્વામી મહારાજે વિશ્વભરમાં ફરકાવી હતી. (૭-૮-૨૦૨૨, ધુલિયા) ●



પૂજ્ય મહંત શ્રી વિશુદ્ધાનંદ સરસ્વતીજી
શ્રીગૌરીશ્વર મંદિર, પિંપરખેડ, ગોરખપુર


પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન મેં કર્યાં નથી, પરંતુ તેઓના ભક્તજનોનાં દર્શન કરીને અંદાજ લગાવી શકાય કે તેમના ગુરુ કેટલા મહાન હશે! સુંદર વસ્ત્રોમાં સજ્જ નાનાં બાળકો દ્વારા આવું સ્વાગત-સન્માન પહેલી વાર જોઈને મને આશ્ચર્ય થયું છે. આજે સંતોનાં દર્શન કરતાં વિચાર આવ્યો કે સનાતન હિન્દુ ધર્મની ઋષિઓની પરંપરાને આજે હું પ્રત્યક્ષ દેખી રહ્યો છું.
(૭-૮-૨૦૨૨, ધુલિયા) ●



પૂજ્ય શ્રી સુદર્શન મહારાજ, અધ્યક્ષ, સંત જ્ઞાનેશ્વર વારકરી પાઠશાળા, ભોકર

ગીતામાં જ્ઞાની પુરુષનાં ૧૮ લક્ષણો કહ્યાં છે:
अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम्।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः॥
મહાત્મા કેવા હોય છે? અમાનિત્વ. જ્ઞાની પુરુષ હોય તે પોતાના ગુણોને ઢાંકી રાખે છે. લોકોમાં એ ગુણો પ્રગટ કરવાના માર્ગે જતા નથી. આ દરેક લક્ષણ પ્રમુખસ્વામી મહારાજમાં જોવા મળે છે. પ્રમુખસ્વામી મહારાજનાં મેં દર્શન કર્યાં નથી, પરંતુ એમના શિષ્યો, સંપ્રદાય, આચાર-વિચાર, પ્રણાલી જોયાં પછી

અંતઃકરણમાં લાગે છે કે પ્રમુખસ્વામી મહારાજ કેવા મહાન હશે! અતિશય આદર્શ જીવન આ સત્પુરુષનું છે. પ્રમુખસ્વામી મહારાજનું કાર્ય અતિશય મહાન છે. આદિવાસી ગામડાંઓમાં પણ તેઓએ અનેક કાર્ય કર્યાં છે. ભૂકંપ, સુનામી જેવી આપદા નિર્માણ થઈ એ વખતે પ્રમુખસ્વામી મહારાજે સંતો-સ્વયંસેવકોને સાથે રાખીને કાર્ય કર્યું છે. લોકોમાં જનજાગૃતિ આણી છે. (૭-૮-૨૦૨૨, ધુલિયા) ●



પૂજ્ય શ્રી રેવતીપતિ પ્રભુ
ઉપાધ્યક્ષ, ઇસ્કોન, પૂણે

પ્રમુખસ્વામી મહારાજે ૧૨૦૦ મંદિર કર્યાં, ૧૧૦૦ સંતો બનાવ્યા, ૭ લાખ પત્રો લખ્યા, ૧૭,૦૦૦ ગામડાંમાં અને ૫૨ દેશોમાં વિચરણ કરીને અદ્‌ભુત કાર્ય કર્યું છે. પણ ક્યારેય આ કાર્યોની ક્રેડિટ તેમણે લીધી નથી. હું તો ભગવાન અને ગુરુનો દાસ છું એમ તેઓ સમજતા. ક્યારેય પોતાને કર્તા ન માને. તેઓએ હંમેશાં નિમિત્તના રૂપમાં પોતાને દર્શાવ્યા. (૧૪-૮-૨૦૨૨, પૂણે) ●



પૂજ્ય શ્રી મારુતિ મહારાજ કુરેકર
વારકરી શિક્ષણ સંસ્થા, આળંદી, પૂણે

પ્રમુખસ્વામી મહારાજે કરેલાં કાર્યોથી આપણને તેઓની મહાનતાની પ્રતીતિ થાય છે. પાર્થિવ શરીરરૂપે એમનું અસ્તિત્વ ભલે ન હોય, પરંતુ એમની પ્રેરણા સૌનાં અંતઃકરણમાં એવી જ બળવત્તર વહે છે. પૂણેમાં આટલા મોટા મંદિરનું કાર્ય એમના દ્વારા થયું છે ત્યારે શતાબ્દી પર્વે એમનાં ચરણોમાં વારકરી શિક્ષણ સંસ્થા તરફથી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. (૧૪-૮-૨૦૨૨, પૂણે) ●



પૂજ્ય શ્રી નૃસિંહદાસજી
ઇસ્કોન, ધુલિયા

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી સૌને ઘણું શીખવા મળ્યું છે. સાચા સંત ૬૪ પ્રકારે ભગવાનની સેવા-ભક્તિ કરતા હોય છે. એવા સંત પ્રમુખસ્વામી મહારાજ હતા. તેમના ચરિત્ર વિશે જાણ્યા પછી એક વાત નિશ્ચિત થાય છે કે તેઓનું જીવન દાસાનુદાસ હતું. (૭-૮-૨૦૨૨, ધુલિયા) ●



પૂજ્ય શ્રી દેવકીનંદનદાસજી
નરહરિ સેવાશ્રમ, ડાકોર

સંત અને અનંતમાં કોઈ ભેદ નથી હોતો. જે સંત છે એ જ અનંત છે. પ્રમુખસ્વામી મહારાજ એવા મહાન સંત હતા કે જેમનું કાર્ય અને વ્યક્તિત્વ અનંત હતું. સાધુતા રાખીને તેમણે સનાતન હિન્દુ ધર્મનો ડંકો સમગ્ર વિશ્વમાં વગાડ્યો છે. તેમણે વિચરણ કરીને ઠેર ઠેર લોકોને જાગ્રત કર્યા છે. સંતો ફરતા રહે તો સમાજ ચોખ્ખો રહે. પ્રમુખસ્વામી મહારાજ જીવનભર અકિંચન પરિવ્રાજક રહ્યા છે. એટલે આવા મહાન પુરુષનો શતાબ્દી મહોત્સવ પણ અદ્વિતીય રીતે ઊજવાશે. ઇતિહાસ સાક્ષી બની જાય, દરેક સંતો-મહંતો-સંપ્રદાયો ને દરેક ભક્તોની છાતી ગજ ગજ ફૂલી જાય એવો પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ અમદાવાદમાં ઊજવવાનો છે. તેમાં આપણે સૌ જોડાઈ જઈએ. (૩૧-૭-૨૦૨૨, આણંદ) ●




પૂજ્ય શ્રી શ્રીનિવાસદાસજી
દાઉજી મંદિર, ડાકોર

નદી ક્યારેય પોતાનું પાણી પીતી નથી, વૃક્ષ પોતાનું ફળ ખાતું નથી. તેમ સંતો ક્યારેય પોતાના માટે કશું નથી કરતા. તે સમાજ માટે, રાષ્ટ્ર માટે કાર્ય કરે છે - પ્રમુખસ્વામી મહારાજે આવું કાર્ય કરીને બતાવ્યું છે. આવા સંત તીર્થ સમાન હોય છે. પ્રમુખસ્વામી મહારાજે વ્યસનમુક્તિ અભિયાન ચલાવીને લાખો યુવકોને વ્યસનમુક્ત કર્યા છે અને ભક્તિમાર્ગમાં જોડ્યા છે. સ્વામીજીનું ચરિત્ર અદ્‌ભુત હતું, વાત્સલ્ય સ્વરૂપ હતું. મેં તેમને જ્યારે પણ જોયા છે હંમેશાં હાથ જોડેલા રાખીને બધાને આશીર્વાદ આપતા જોયા છે એ હું ક્યારેય ભૂલી શકું તેમ નથી. (૩૧-૭-૨૦૨૨, આણંદ) ●



પૂજ્ય શ્રી દ્વારકાદાસજી મહારાજ
મહંત, ભારત ભુવન, ડાકોર

ડાકોરમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામીજી મહારાજ પધારેલા ત્યારે તેમનાં દર્શન થયેલાં. પ્રમુખસ્વામીજી મહારાજ માટે કહી શકાય કે ન ભૂતો ન ભવિષ્યતિ... સાગરની ઉપમા આપવી હોય તો કોની આપી શકાય? પ્રમુખસ્વામી મહારાજ પણ એવા જ હતા, તેમને કોઈની ઉપમા આપી શકાય એમ નથી. એક મંદિર બનાવવા માટે બે-પાંચ વર્ષ લાગી જાય પણ સ્વામીજીએ ૧૨૦૦ મંદિર આ દુનિયામાં નિર્માણ કર્યાં. આવા મહાન સંતની સાથે રહેલા સંતોનાં દર્શન કરીએ તો પણ ધન્ય બની જઈએ. (૩૧-૭-૨૦૨૨, આણંદ) ●




પૂજ્ય શ્રી ગોપાલચાર્યજી મહારાજ
સત્યનારાયણ મંદિર, ડાકોર

અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય એનું નામ ગુરુ. પ્રમુખસ્વામીજી મહારાજે ગુરુ દ્વારા બતાવેલા માર્ગ ઉપર ચાલીને વૈદિક સનાતન ધર્મનો દેશ-વિદેશમાં ફેલાવો કર્યો છે. વિશ્વમાં વૈદિક સનાતન ધર્મમાં હકારાત્મક વલણથી કોઈએ કાર્ય કર્યું હોય તો તે પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે. આજે સનાતન ધર્મની સાચી રક્ષા આ સ્વામિનારાયણ સંપ્રદાય કરી રહ્યો છે. દેશવિદેશમાં મંદિરો રચીને પ્રમુખસ્વામી મહારાજે દેશને જોડવાનું કાર્ય કર્યું છે. (૩૧-૭-૨૦૨૨, આણંદ) •



પૂજ્ય શ્રી સ્વામી શાસ્ત્રજ્ઞાનંદ મહારાજ,
રામકૃષ્ણ મિશન, બેલુરમઠ

નિઃસંદેહ ઇતિહાસ આશ્ચર્ય પામશે કે આ પૃથ્વી પર એક જીવંત ભગવાન હરતાં-ફરતાં, એમના સ્પર્શ અને એમની છત્રછાયાથી કરોડો-કરોડો મનુષ્યોને શાંતિ આપી હતી. પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્યથી પૃથ્વી પરનું આધ્યાત્મિક અને માનસિક દારિદ્ર્ય દૂર થયું હતું. (૧૧-૯-૨૦૨૨, કોલકાતા) •




પૂજ્ય શ્રી ભક્તિઆર્જવ પ્રીતિવર્ધન સ્વામી
ઇસ્કોન, માયાપુર

પ્રમુખસ્વામી મહારાજે સનાતન હિન્દુ ધર્મના પુનરુદ્ધાર માટે અજોડ કાર્ય કર્યું છે. એમણે વિશ્વભરમાં ૧૨૦૦થી અધિક મંદિરોનું નિર્માણ કર્યું હતું. આ મંદિરો દ્વારા ભારતીય સનાતન ધર્મ અને સંસ્કૃતિનું પોષણ અવિરત થયા કરશે. (૧૧-૯-૨૦૨૨, કોલકાતા) •



પૂજ્ય શ્રી સ્વામી વિશ્વાત્માનંદ મહારાજ
પ્રમુખ, ભારત સેવાશ્રમ, કોલકાતા

પ્રમુખસ્વામી મહારાજે ત્યાગ-વૈરાગ્ય રાખીને લોકોની સેવા કરી છે. એમના બ્રહ્મચર્યના આચરણથી આકર્ષાઈને હજારો યુવાનોએ ત્યાગાશ્રમ અપનાવ્યો છે. આ હિન્દુ ધર્મની વિશેષતા છે કે એમના આવા આધ્યાત્મિક આકર્ષણથી યુવાનો એમનામાં જોડાયા. (૧૧-૯-૨૦૨૨, કોલકાતા) •



પૂજ્ય શ્રી નિત્યાનંદજી મહારાજ
શ્રી શાંતિ મંદિર, મગોદ

પ્રમુખસ્વામી મહારાજ વાસ્તવિક કરુણાનું મૂર્તિમંત સ્વરૂપ હતા. ભલે સમાજની નાનામાં નાની વ્યક્તિ કેમ ન હોય! ભેદભાવ રાખ્યા સિવાય તેઓ સૌ પર પ્રેમ વરસાવતા. સુવિધા, સહયોગ, દેશ હોય કે પરદેશ, પ્રમુખસ્વામી મહારાજ માટે બધું સમાન હતું. (૪-૯-૨૦૨૨, તીથલ) •



પૂજ્ય શ્રી હરિપ્રસાદ સ્વામી
શ્રી વલ્લભ આશ્રમ, કિલ્લા પારડી

સ્વામીબાપાનું સુંદર હાસ્ય મારા હૃદયમાં કાયમ માટે જડાઈ ગયેલું છે. આકાશમાં રહેલું અક્ષરધામ જાણે પ્રમુખસ્વામી મહારાજ રૂપે આ પૃથ્વી ઉપર પ્રકાશી રહ્યું છે એવો મને અનુભવ થયો છે. વેદ આપણને એકબીજાને જોડવાનું શિખવાડે છે. यतो यतः समीहसे ततो नो अभयं कुरु એ કાર્ય ૧૨૦૦થી વધારે મંદિરો બનાવી પ્રમુખસ્વામી મહારાજે એકલે હાથે કર્યું છે. આપણી હિન્દુ સંસ્કૃતિ અને આપણી સનાતન સંસ્કૃતિને આપણી સાથે જોડી દીધી છે. (૪-૯-૨૦૨૨, તીથલ) •



પૂજ્ય શ્રી શિવજી મહારાજ
ભીડભંજન મંદિર

પ્રમુખસ્વામી મહારાજની અંદર એક નાના બાળકની જેમ પ્રેમ ઊભરાતો હતો. એ પ્રેમ અને એમની આજ્ઞાઓ આપણા દરેકના જીવનમાં ઉતારવી જોઈએ. (૪-૯-૨૦૨૨, તીથલ) •




પૂજ્ય શ્રી જોષી મહારાજ
મુંબઈ

પ્રમુખસ્વામી મહારાજના યુગમાં આપણે જન્મ લીધો એ પરમ સૌભાગ્ય છે. આજે પ્રમુખસ્વામી મહારાજે અબુધાબીમાં મંદિર કરીને રેતીની અંદર વહાણ હાંકીને ચમત્કાર સર્જ્યો છે. મહંત સ્વામી મહારાજને ઍરપોર્ટ પર લેવા માટે અબુધાબીના રાજ પરિવારના અગ્રણી સભ્ય આવ્યા એનાથી મોટો ચમત્કાર શું હોઈ શકે! અને જોજો પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ, ન્યૂજર્સી અક્ષરધામ અને અબુધાબી મંદિર વર્લ્ડ રેકોર્ડ બનશે.' (૪-૯-૨૦૨૨, તીથલ) •




પૂજ્ય શ્રી પ્રફુલ્લભાઈ શુક્લ
કથાકાર, ખેરગામ

હજારો વર્ષો વીતી જશે પણ પ્રમુખસ્વામી મહારાજને આ જગત ભૂલી શકશે નહીં. પ્રેમ, કરુણા અને વાત્સલ્ય આ ત્રણેયનો ત્રિવેણી સંગમ એટલે પ્રમુખસ્વામી મહારાજ. એમણે મને કહ્યું હતું કે દાસના દાસ થઈને રહેવું. આ જીવનમંત્ર અનુસાર જીવવામાં જ મને ખરેખરો આનંદ મળ્યો છે. વિશ્વને ૧૨૦૦ મંદિરો ભેટ આપ્યાં, આથી મોટું પ્રદાન શું હોઈ શકે?! ૩૩ દેશમાં મેં યાત્રાઓ કરી છે પણ એમાં એવો એકેય દેશ નથી કે જ્યાં પ્રમુખસ્વામી મહારાજનું નામ ગુંજતું ન હોય. (૪-૯-૨૦૨૨, તીથલ) ●



પૂજ્ય મહંત શ્રી ઇન્દ્રજિતજી મહારાજ
ગુરુગાદી રામજી મંદિર, ગોધરા

પ્રમુખસ્વામી મહારાજ આધ્યાત્મિક જગતમાં એક ખુશ્બૂ સમાન સંત હતા, તેમણે ભક્તિની સુગંધ વિશ્વમાં પ્રસારી હતી. સનાતન હિન્દુ ધર્મના અનેક રક્ષકો આજે એ સુગંધનો આસ્વાદ માણી રહ્યા છે. તેમનો ભાવ હતો - દરેકમાં ભગવાનનાં દર્શન કરવાં અને બીજો ભાવ હતો - સમદૃષ્ટિ. વ્યક્તિ સફળતાનાં શિખરો સર કરે પછી સમતા અને સમદૃષ્ટિ લાવવી એ ખૂબ જ કઠિન બની જાય છે, પરંતુ પરમ વિભૂતિ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં સમતા અને સમદૃષ્ટિ છલકતી હતી. આધ્યાત્મિક જગત માટે, સનાતન હિન્દુ ધર્મ-સંસ્કૃતિ માટે, સર્વધર્મ પ્રત્યે સમભાવ અને સમદૃષ્ટિ રાખીને જેમણે સેવાધર્મ સાકાર કર્યો છે તેવા પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં ભાવાંજલિ અર્પણ કરું છું. (૭-૮-૨૦૨૨, ગોધરા) ●




પૂજ્ય શ્રી જિનચંદ્રજી મહારાજ
બંધુત્રિપુટી આશ્રમ, તીથલ

સમગ્ર પૃથ્વીરૂપી માનસરોવરમાં જો કોઈને હંસ કહેવા હોય, ૨૧મી સદીમાં કરુણા, પ્રેમ અને સંતત્વની પરાકાષ્ઠા ઉપર વિરાજમાન થયેલા કોઈ મહાપુરુષને યાદ કરવા હોય તો ઇતિહાસ પ્રમુખસ્વામી મહારાજને પ્રથમ પંક્તિમાં મૂકશે. જેમ સમુદ્ર અનંત છે એમ એમનું વાત્સલ્ય અને કરુણા પણ અનંત છે. (૪-૯-૨૦૨૨, તીથલ) ●



પૂજ્ય શ્રી કુશલ ચૌધરી
પ્રમુખ, દક્ષિણેશ્વર કાલી મંદિર

પ્રમુખસ્વામી મહારાજે કરેલાં કાર્યો કોઈ એક માણસ એક જ જન્મમાં કરી ન શકે, તેનામાં જો પૂર્વજન્મનું પુણ્ય ન હોય તો! આવી મહાન વિભૂતિને હું પ્રણામ જ નહીં, પણ આ મહાન વિભૂતિ પાસે એમના જેવી શક્તિ માંગું છું કે જેથી કરીને હું હિન્દુ સનાતન ધર્મ અને મંદિરોની રક્ષા કરી શકું. (૧૧-૯-૨૦૨૨, કોલકાતા) ●



પૂજ્ય શ્રી શરદભાઈ વ્યાસ
કથાકાર, ધરમપુર

એક યુગપુરુષનો જન્મ શતાબ્દી મહોત્સવ ઊજવાઈ રહ્યો છે. પ્રમુખસ્વામી મહારાજે ૧૨૦૦ મંદિરો તો બનાવ્યાં, પરંતુ સાથે સાથે મંદિરમાં દર્શન અને સત્સંગ કરનાર મોટો સમાજ પણ ઊભો કર્યો છે. વર્તમાન અને ભવિષ્યનો યુગ એમને ક્યારેય ભૂલી નહીં શકે. એમણે વ્યક્તિને ઈશ્વર સુધી પહોંચાડવાનો મુક્તિનો માર્ગ બતાવ્યો છે. (૪-૯-૨૦૨૨, તીથલ) ●



પૂજ્ય મહંત શ્રી કલ્યાણદાસજી મહારાજ
રામજી મંદિર, ઓરવાડા

પ્રમુખસ્વામી મહારાજે આ સંસારરૂપી બગીચામાં આવીને પ્રેમ, વાત્સલ્ય અને ભક્તિભાવથી લોકોની માવજત કરી છે. તેના પરિણામે આ વિશ્વભરમાં સત્સંગ ફાલ્યો-ફૂલ્યો છે. પ્રમુખસ્વામી મહારાજે સમગ્ર વિશ્વમાં ભક્તિ અને સેવાનો આદર્શ સ્થાપ્યો છે, તેના પ્રભાવથી ભક્તિ અને સત્સંગની સરિતા વિશ્વમાં વહી છે, તેનું બધું જ શ્રેય યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજના ફાળે જાય છે. (૭-૮-૨૦૨૨, ગોધરા) ●



પૂજ્ય શ્રી ૧૦૮ લાલદાસબાપુ
જાંઘલપીર ગાદી

પ્રમુખસ્વામી મહારાજે નવયુવાનોને દીક્ષા આપીને એક મહાન કાર્ય કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજે સંતોને દીક્ષા આપીને તેમને ઘરેથી ભગાડ્યા નથી, પરંતુ એક એક યુવાનના હૃદયમાં રહેલા સંતને જગાડ્યા છે. ઘરેથી ભાગી જવું સરળ છે, પણ અંદરથી જાગી જવું તે ખૂબ કઠિન છે. આ કઠિન કાર્ય પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય ચેતના અને અલૌકિક ઊર્જાએ પાર પાડ્યું છે.

તેમની ચેતના અમર છે. તેમની પૂજામાં અનોખી તાકાત હતી. શરીરનાં અંગો કામ ન કરતાં છતાં પણ વ્હિલચેરમાં લોકોને દર્શન આપવા પધારતા. વિરલ વિભૂતિ પ્રમુખસ્વામી મહારાજે ભગવાન સામે દૃષ્ટિ રાખીને દુનિયાના જીવોને અલૌકિક સુખ આપ્યું છે.' (૪-૯-૨૦૨૨, ધોળકા) ●




પૂજ્ય શ્રી ૧૦૦૮ જગદ્‌ગુરુ જ્ઞાનેશ્વરદાસજી મહારાજ
પીરાણા ગાદી

પ્રમુખસ્વામી મહારાજ એટલે પરમ તત્ત્વ. વિરાટ ચૈતન્યનું સાકારરૂપમાં અવતરણ થયું હોય એવા મહાપુરુષ એટલે પ્રમુખસ્વામી મહારાજ. તેમના જીવનનો એકેએક પ્રસંગ નાનો કે મોટો હોય તે પ્રેરણાદાયક છે. ભાગવતના ૧૦મા સ્કંધમાં શ્રીકૃષ્ણ ભગવાને સંતોને સાચા તીર્થ કહ્યા છે. ભાગવતના ૧૨મા સ્કંધમાં કહ્યું છે કે સંતો સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્માને જાણે છે, માણે છે. આ દરેક સદ્‌ગુણોના ધારક વિરલ વિભૂતિ સંત પ્રમુખસ્વામી મહારાજ હતા. એમના રોમે રોમમાં શ્રી સહજાનંદ સ્વામીનો ભાવ હતો. તેમનામાં રહીને સહજાનંદ સ્વામી બોલતા હતા. જાણે કે પરમાત્મા જ તેમની પાસે પોતાનું કાર્ય કરાવી ન રહ્યા હોય! એવી વિરલ વ્યક્તિનું દર્શન એટલે સાક્ષાત્ પરમાત્માનું દર્શન. પરમાત્માનાં દર્શન કરવા હોય તો સાકારરૂપે જગતમાં જોવા ન મળે, પરંતુ એ જ પરમાત્માએ લોકોની સમક્ષ પ્રગટ થવું હોય ત્યારે સંતના રૂપમાં પ્રગટ થાય છે તેવું વ્યક્તિત્વ એટલે પ્રમુખસ્વામી મહારાજ. તેમની અમી ભરેલી આંખો અને પ્રેમાળ વાણીમાં જગતનું કલ્યાણ કરવાની ભાવના હતી. પ્રમુખસ્વામી મહારાજે ઝેર આપનારનું પણ ભલું ઇચ્છ્યું છે. સહનશીલતાનો તેમનામાં એક અદ્‌ભુત ગુણ હતો. તેમણે હરિભક્તો માટે, સમાજના ઉત્કર્ષ માટે, વિશ્વના કલ્યાણ માટે સતત વિચાર-પુરુષાર્થ કરીને કઠિન વિચરણ કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજ આજે હયાત જ છે. એ તો અમર છે. તેઓના શતાબ્દી મહોત્સવને આ રીતે ભવ્યતા ઊજવવો. આ જગતના જીવોને કલ્યાણના માર્ગે લઈ જવા માટે તેમનું અવતરણ થયું હતું. હું શત શત વંદન કરું છું પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વને. તેમનું યશોગાન, કીર્તિ હંમેશને માટે આ વિશ્વમાં ફેલાતી રહે. જ્યાં સુધી આ ધર્મની ધજાઓ ફરકતી રહેશે ત્યાં સુધી પ્રમુખસ્વામી મહારાજનું નામ અમર રહેશે. (૪-૯-૨૦૨૨, ધોળકા) ●



પૂજ્ય શ્રી ચતુર્ભુજદાસજી સ્વામી, કોઠારી,
સ્વામિનારાયણ મંદિર, જામનગર

આપણી ભારતીય સંસ્કૃતિ માટે, રાષ્ટ્ર માટે, સમાજ માટે, ધર્મ માટે યોગદાન આપનાર મહાપુરુષને પ્રજા ક્યારેય ભૂલતી નથી. પ્રમુખસ્વામી મહારાજે સમાજને સદાચારી અને નિર્વ્યસની બનાવીને લોકોને સન્માર્ગે દોરીને નિત્ય સુખના ભોક્તા બનાવવાનું અદ્‌ભુત કાર્ય કર્યું હતું. સમાજના ભલા માટે, સંસ્કૃતિની રક્ષા માટે, રાષ્ટ્રના ઉત્થાન અને ગૌરવ માટે, હિન્દુ ધર્મની સેવા માટે ઉજ્જ્વળ પરંપરાના સંત પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ મનથી સમર્પિત થયા અને સુંદર સત્સંગ સમાજ તૈયાર કર્યો. પ્રમુખસ્વામી મહારાજે નિઃસ્વાર્થભાવે સમાજને સુખી કરવાની ભાવના સાથે વર્ષો સુધી વિરલ કાર્ય કર્યું. આવા સંત પરોપકારી જંગમ તીર્થ છે. તેમણે સંપ્રદાય, જ્ઞાતિ, મંદિરોના ભેદભાવ ભૂલી સમાજને સન્માર્ગે વાળીને ખરેખર! સમાજને સદ્‌ભાગી બનાવ્યો છે. (૨૮-૮-૨૦૨૨, જામનગર) ●



પૂજ્ય ૧૦૦૮ મ. મં. કૃષ્ણાનંદપુરીજી
સિદ્ધિવિનાયક સિદ્ધપીઠ, ઘાસણવેલ, દ્વારકા

પ્રમુખસ્વામી મહારાજનો જેટલો મહિમા ગાઈએ એટલો ઓછો છે. આ મહાન પુરુષે ૧૨૦૦ મંદિરોનું નિર્માણ કર્યું, લાખો ભક્તો તૈયાર કર્યા, દેશના ભવિષ્ય સમાન વિદ્યાર્થીઓને સંસ્કાર આપ્યા છે. હવે આપણે બધા સનાતન ધર્મીઓ એક થઈએ. ધર્મે આપણા દેશને બચાવીને રાખ્યો છે. ધર્મ છે તો આપણે બધા છીએ. આજે પ્રમુખસ્વામી મહારાજના સંતો વિશ્વના ખૂણે ખૂણે જઈને અમૃત વરસાવે છે. પ્રમુખસ્વામી મહારાજે વિશ્વમાં સત્સંગનું બીજ વાવ્યું છે તેની કોઈ સીમા નથી.
(૨૮-૮-૨૦૨૨, જામનગર) ●



પૂજ્ય શ્રી જયંતીરામ બાપા
સંતપુરાણ ધામ, ધુનડા

સાધકો અને ધર્મનિષ્ઠ વ્યક્તિઓને એકાદું સાધન સિદ્ધ હોય છે. કોઈ જપ કરી શકે, કોઈ ધ્યાન કરી શકે, કોઈ યાત્રા-તીર્થ કરી શકે, કોઈ યોગ કરી શકે, પરંતુ પ્રમુખસ્વામી મહારાજમાં આ બધાં જ સાધનો સિદ્ધ હતાં. પરોપકારી સંત પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે જ્યારે દુષ્કાળ પડ્યો ત્યારે ગામડે ગામડે ફરીને કોઈપણ ભેદભાવ વગર રાહતકાર્ય આદર્યું હતું. અમારા વિસ્તારમાં ક્યાંય દૂધ પણ મળતું નહોતું ત્યારે ગામોગામ દૂધના પાઉડર અને છાસનું વિતરણ કર્યું હતું. આવા પરોપકારી મહાપુરુષ હતા - પ્રમુખસ્વામી મહારાજ.(૨૮-૮-૨૦૨૨, જામનગર) ●

(અનુસંધાન પૃષ્ઠ ૬૭ પર)

નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ભક્તિભાવપૂર્વક ઊજવાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો...


માછીસાદડા



માછીસાદડા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

દક્ષિણ ગુજરાતમાં સાંકરી ગામમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૭૧માં પ્રથમ મંદિર રચીને આદિવાસી ઉત્કર્ષનું કેન્દ્ર સ્થાપ્યું હતું. ત્યારથી દક્ષિણ ગુજરાતમાં સત્સંગ રૂપી બગીચો દિનપ્રતિદિન ખીલતો રહ્યો છે. એ બગીચામાં એક પુષ્પ ઉમેરાયું માછીસાદડા ગામે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ દ્વારા.

તાપી જિલ્લાના ડોલવણ તાલુકાનું માછીસાદડા ગામ, વોલણ નદીના કિનારે વસેલું છે. માછીસાદડાના હરિભક્ત બાબુભાઈ પૂર્વે દારૂના અઠંગ વ્યસની હતા, ૪૨ બેરલ દારૂ પી ગયા હતા! પરંતુ પ્રમુખસ્વામી મહારાજના પ્રસંગમાં આવ્યા ને વ્યસનમુક્ત થયા. અત્યારે કાર્યકર તરીકે સેવા કરીને આજુબાજુનાં ગામોમાં સત્સંગ કરાવીને અનેક લોકોને વ્યસનમુક્ત કરી રહ્યા છે. રોજ સંધ્યા સમયે ૬-૪૫ વાગ્યે દારૂની મહેફિલ જામતી ત્યાં આજે નગારાં અને ઝાલરના ઘંટારવથી ભજન ભક્તિની રમઝટ જામે છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સારંગપુરમાં તા. ૨૫-૧૦-૨૦૨૧ના રોજ માછીસાદડા મંદિરની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરીને હરિભક્તોને ધન્ય ધન્ય કરી દીધા. થોડા જ સમયમાં ટાણું આવ્યું મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનું. તા. ૨૦-૧-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ. તા. ૨૧-૧-૨૦૨૨ના રોજ મંગલ પ્રભાતે પૂજ્ય ધર્મચરણદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં મહાપૂજાવિધિ બાદ ભૂદેવોના વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે મૂર્તિસ્થાપનવિધિ યોજાયો હતો.

ઉલ્લેખનીય છે ગામના સરપંચ શ્રી પ્રવીણભાઈ, શ્રી મનસુખભાઈ, પુરુષોત્તમભાઈ, મહેશભાઈ, બાબુભાઈ, અશોકભાઈ, મનુભાઈ વગેરે હરિભક્તો, ભાવિકો, યુવાનો અને બહેનોએ તન, મન, ધન અને વચને કરીને સહિયારા પુરુષાર્થથી સેવા કરી હતી. અહીં વિચરણ કરતા પૂજ્ય આદર્શસેવા સ્વામી અને પૂજ્ય યોગીતીર્થદાસ સ્વામીના માર્ગદર્શન પ્રમાણે ભક્તોએ સંપથી સેવા કરી પરિણામે આ પંથકમાં એક નમૂનાદાર મંદિર તૈયાર થયું અને પ્રતિષ્ઠા ઉત્સવ ખૂબ જ દિવ્યતાથી સંપન્ન થયો હતો.

બોટાદના યોગીનગર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના અનન્ય ધારક ગુણાતીત ગુરુવર્યોની પદરજથી અનેકવાર પાવન થયેલ બોટાદ શહેર સત્સંગથી નવપલ્લવિત થતું રહ્યું છે. આ બોટાદ શહેરની પવિત્રભૂમિ પર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આ નગરમાં તા. ૨૪-૧૧-૧૯૯૦ના રોજ એકશિખરીય મંદિર પ્રતિષ્ઠિત કર્યું હતું. ત્યારબાદ નાગરિકોની આરોગ્ય જાળવણીની

ખેવના કરીને બોટાદમાં હૉસ્પિટલની પણ શરૂઆત કરી હતી. વર્ષોથી આ હૉસ્પિટલ સેવામાં અગ્રેસર રહીને માનવસેવાનું ઉત્કૃષ્ટ કાર્ય કરી રહી છે. બોટાદ શહેરનો આર્થિક વિકાસ થતો ગયો તેમ પરાં-વિસ્તારો વિસ્તરતા રહ્યા અને તેમાં પણ સત્સંગ અભિવૃદ્ધિ પામ્યો. પરિણામે અક્ષરપાર્ક, અશોકવાટિકા, પ્રમુખપાર્ક, ભાવનગર રોડ વગેરે વિસ્તારોમાં મંદિર નિર્માણ પામ્યાં. આ શૃખલામાં

વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ યોગીનગર ખાતે તા. ૨૦-૨-૨૦૨૨ના રોજ પૂજ્ય યજ્ઞેશ્વરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ ઉપક્રમે યોજાયેલી મહાપૂજા અનેક સ્થાનિક ભક્તોએ લાભ લીધો હતો. આરતી અને અન્નકૂટ રચ્યો હતો.

પ્રાસંગિક સમારોહમાં પૂજ્ય આત્મતૃપ્તદાસ સ્વામી, શ્રુતિપ્રકાશદાસ સ્વામી, યજ્ઞેશ્વરદાસ સ્વામીએ આશીર્વચન





બોટાદના ઉપનગર રામપરાના પ્રતિષ્ઠા ઉત્સવમાં ઉપસ્થિત વિશાળ ભક્ત સમુદાય...

તાજેતરમાં વધુ એક પાળિયાદ રોડ પર આવેલા યોગીનગર ખાતે મંદિર નિર્માણ પામ્યું તેમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો.

સારંગપુરથી અહીં વિચરણ કરતા વિનમ્રસેવાદાસ સ્વામી, પ્રિયકીર્તનદાસ સ્વામી વગેરે સંતોના પ્રયાસોથી યોગીનગરમાં સત્સંગવૃદ્ધિ થતાં મંદિરની જરૂરિયાત જણાઈ. શ્રી અરજણભાઈ કાનજીભાઈ કળથિયાએ પોતાની ભૂમિ મંદિર નિર્માણ માટે અર્પણ કરી. પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી તથા યોગમુનિદાસ સ્વામી માર્ગદર્શન હેઠળ હરિભક્તોના ભક્તિભર્યા પુરુષાર્થથી મંદિર નિર્માણ પામ્યું. અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી બે દિવસીય પ્રતિષ્ઠા ઉત્સવ નિર્ધારિત થયો.

તા. ૧૯-૨-૨૦૨૨ના રોજ યોગીનગર વિસ્તારમાં શોભાયાત્રા યોજાઈ, જેમાં બોટાદ સત્સંગમંડળ હરિભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. સાંજે સંધ્યાસભામાં અમદાવાદના ઓચ્છવિયા મંડળે કીર્તનભક્તિ અને પ્રેરણાત્મક સંવાદ 'મંદિરમાં પ્રભુ બિરાજે છે' પ્રસ્તુત કરતા સૌ હરિભક્તોએ મંદિરનો વિશેષ મહિમા દૃઢ કર્યો હતો.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે સારંગપુરમાં તા. ૨૭-૧૦-૨૦૨૧ના રોજ

પાઠવીને મંદિરનો મહિમા દૃઢાવ્યો હતો. અત્રે મંદિર નિર્માણ અને ઉત્સવમાં સેવા અર્પનાર ભક્તોનું સન્માન કરવામાં આવ્યું હતું.

રામપરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બોટાદ જિલ્લાના રામપરા ગામમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૭૬માં પધરામણી કરીને સત્સંગ અભિવૃદ્ધિ થાય તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. સ્વામીશ્રીની કૃપા-પ્રેરણાથી રામપરાથી શ્રી લક્ષ્મણભાઈ લાલજીભાઈ સવાણી દર પૂનમે અને સમૈયામાં સારંગપુર દર્શનાર્થે જતા. આ હરિભક્તના આગ્રહથી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે રામપરામાં પધરામણી કરી હતી. સ્વામીશ્રીના આશીર્વાદથી સેવાનિષ્ઠ સવાણી પરિવારના પ્રયાસથી ગામમાં સત્સંગગંગા વહેવા લાગી. સત્સંગની ઉત્તરોત્તર અભિવૃદ્ધિ થતી ગઈ. ગામજનોને સત્સંગને પોષણ આપવા મંદિરની આવશ્યકતા ઊભી થતાં સાકરિયા પરિવારે મંદિર માટે ભૂમિ અર્પણ કરી.

પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા સારંગપુરમાં પૂજિત ઈષ્ટિકાઓને તા. ૯-૧૧-૨૦૧૮ના રોજ રામપરા મુકામે ગર્તમાં પધરાવીને નૂતન મંદિરનો ખાતવિધિ સંતોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો. સૌ હરિભક્તો આ સેવામાં

ઉત્સાહપૂર્વક જોડાઈ ગયા. મંદિરનિર્માણથી માંડીને પ્રતિષ્ઠા ઉત્સવ સુધી શ્રી ડુંગરભાઈ લાઠિયા, રામપરા સત્સંગમંડળના શ્રી ગોરધનભાઈ સવાણી, સંજયભાઈ ચડોતરા તથા હરિભક્તોએ વિશેષ સેવા કરીને ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

મંદિર-નિર્માણમાં મુખ્ય સેવા ડુંગરાણી પરિવાર અને ગામજનોની રહી. સાથે સાથે ચડોતરા પરિવારનો સહયોગ




બોટાદના ઉપનગર યોગીનગર ખાતે મૂર્તિ સ્થાપન વિધિનાં દૃશ્યો...

વિશેષ રહ્યો. બાળ-બાલિકા, યુવક-યુવતી, મહિલા સર્વે ભક્તોની સેવાથી સુંદર મંદિર નિર્માણ પામ્યું. આ નવનિર્મિત મંદિરમાં પંચદિવસીય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૧થી ૫ માર્ચ, ૨૦૨૨ સુધી ખૂબ ધામધૂમપૂર્વક ઊજવાયો હતો. આ ઉત્સવની શરૂઆત તા. ૧-૩-૨૦૨૨ના રોજ પૂજ્ય જનમંગલદાસ સ્વામીની સત્સંગ-પારાયણથી થઈ. તૃતીય દિને અમદાવાદના ઓચ્છવિયા મંડળે સંકીર્તન-ભક્તિ રજૂ કરીને મંદિરના મહત્ત્વની સુંદર રજૂઆત કરતો 'મંદિરમાં પ્રભુ બિરાજે છે' સંવાદ પ્રસ્તુત કર્યો હતો.

તા. ૪ માર્ચની સુપ્રભાતે સુશોભિત યજ્ઞશાળામાં 'વિશ્વશાંતિ મહાયાગ'નો પ્રારંભ થયો. સંતોની ઉપસ્થિતિમાં પ્રારંભિક યજ્ઞવિધિ આરંભાયો. મૂર્તિઓનો પ્રાથમિક પૂજનવિધિ કરીને સંતોએ આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ સૌ યજમાનો જોડાયા. આજે સુશોભિત ૩૯ યજ્ઞકુંડ પર ૩૧૨ ભક્તોએ યજમાન પદે બિરાજી યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી હતી. વૈદિક શ્લોકનાં ઉચ્ચારણોથી ગામમાં અનોખી દિવ્યતા છવાઈ હતી. એ જ દિવ્યતાની આભા વચ્ચે ૪.૦૦ વાગ્યે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા સુશોભિત રથોમાં યોજાઈ. એક કિ.મી. લાંબી અને અનેકવિધ ભક્તિસભર આકર્ષણો યુક્ત શોભાયાત્રાને ગામજનોએ પુષ્પ અને અક્ષત વર્ષા કરીને અનોખા ઉત્સાહથી વધાવી હતી. ગામજનોના કહેવા મુજબ આ નગરયાત્રા અને વિશ્વશાંતિ મહાયજ્ઞ 'ન ભૂતો ન ભવિષ્યતિ' હતાં.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૨૭-૧૦-૨૦૨૧ના રોજ સારંગપુર ખાતે વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓની સ્થાપનવિધિ રામપરા ખાતે તા. ૫-૩-૨૦૨૨ના રોજ પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયો. વહેલી સવારથી જ વેદોક્તવિધિ આરંભાયો. અભિષેક અને મહાપૂજા વિધિ બાદ મૂર્તિઓનું વેદોક્ત સ્થાપન સંપન્ન થયું હતું. પ્રાણપ્રતિષ્ઠા બાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં સંતોએ આશીર્વચનમાં સૌનાં જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ઉદય થાય અને ગામજનો તન, મન અને ધનથી સુખી થાય તેવી પ્રાર્થના કરી હતી. આ પંચદિવસીય ઉત્સવમાં અન્ય શહેરોમાં વસતા ગામજનો તેમજ આજુબાજુનાં ગામોના સત્સંગ-મંડળોએ પધારીને આ અવિસ્મરણીય સેવા-ઉત્સવનો લાભ લીધો હતો. ગામમાં સેવારત શક્તિમંડળ, રામદેવપીર મંડળ, બાપા સીતારામ મંડળ, રામદરબાર, સ્વાધ્યાય કેન્દ્રના યુવકોએ પણ પંચદિવસ ઉત્સવની સેવામાં જોડાઈને સંપનું એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. પરમ સૌભાગ્ય સમો આ ઉત્સવ સૌ માટે અવિસ્મરણીય બની રહ્યો હતો. યોગીનગર અને રામપરા મંદિર નિર્માણકાર્ય પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી અહીં વિચરણ કરતા યોગમુનિદાસ, વિનમ્રસેવાદાસ અને પ્રિયકીર્તનદાસ સ્વામીએ વિશેષ પુરુષાર્થ કર્યો હતો.

અમેરિકાના સાઉથ કેરોલિના ખાતેના માર્ટિલ બીચ અને ફ્લોરેન્સ ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું ઉદ્‌ઘાટન





બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અમેરિકા ખંડમાં વાવેલા ધર્મબીજનાં મધુર ફળો હવે ફળી રહ્યાં છે. તેઓના પ્રયાસોથી ઠેર ઠેર રચાયેલાં મંદિરોની શૃંખલા ઉત્તર અમેરિકા ખંડનાં નાનાં-મોટાં અનેક શહેરોમાં વિસ્તરી રહી છે. તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે એવું એક વધુ મંદિર લોકાર્પિત થઈ ગયું.

અમેરિકાના સાઉથ કેરોલિના રાજ્યના માર્ટિલ બીચ નગર ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું મંગલ ઉદ્‌ઘાટન તા. ૨૧ ઑગસ્ટના રોજ પૂજ્ય જ્ઞાનપ્રિયદાસ અને પૂજ્ય યજ્ઞવલ્લભદાસ સ્વામી અને અન્ય સંતો હરિભક્તો, વિવિધ ધર્મના અગ્રણીઓ અને શુભેચ્છકોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. સાઉથ ઈસ્ટર્ન સ્ટેટસના હજારો હરિભક્તોએ વર્ચ્યુઅલી રીતે પણ નવનિર્મિત મંદિરના ઉદ્‌ઘાટનનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

આ નૂતન મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૦ ઑગસ્ટના રોજ કીર્તન આરાધના અને તા. ૨૧ ઑગસ્ટના રોજ મહિલાપાંખ દ્વારા એક વિશેષ સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

પૂજ્ય પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય જ્ઞાનપ્રિયદાસ સ્વામી અને પૂજ્ય યજ્ઞવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. સ્થાપનવિધિ પૂર્વે વૈશ્વિક શાંતિ માટે વૈદિક મંત્રગાન સાથે પૂજાવિધિ યોજાયો હતો તેમાં સૌ હરિભક્તો સંમિલિત થયા હતા. બી.એ.પી.એસ. સંસ્થાએ મંદિરનું લોકાર્પણ કરીને તમામ લોકો માટે તેનાં દ્વાર ખુલ્લા કર્યાં હતાં. આ નવનિર્મિત મંદિરમાં સાંસ્કૃતિક, સામાજિક અને ધાર્મિક કાર્યક્રમોના આયોજનમાં વિવિધ સમુદાયના તમામ લોકો ભાગ લઈ શકશે. અને આ મંદિર હિન્દુ સમુદાયના તમામ કાર્યક્રમોનું કેન્દ્ર બની રહેશે.

ફ્લોરેન્સ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા

વિદેશમાં ભારતીય સંસ્કૃતિ અને વીસરાઈ ગયેલાં સાંસ્કૃતિક મૂલ્યોને પુનર્જીવિત કરવાના બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજના સંકલ્પને જીવંત રાખવાની પ્રતિબદ્ધતા દર્શાવતું એક વધુ શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તા. ૨૮ ઑગસ્ટે દક્ષિણ કેરોલિનાના ફ્લોરેન્સ ખાતે લોકાર્પિત થઈ ગયું. પૂજ્ય જ્ઞાનપ્રિયદાસ સ્વામી અને અન્ય આદરણીય સંતોની ઉપસ્થિતિ આ મંદિરમાં મૂર્તિઓનો સ્થાપનવિધિ સંપન્ન થયો હતો. ૨૭ અને ૨૮ ઑગસ્ટ દરમ્યાન યોજાયેલા આ મૂર્તિપ્રતિષ્ઠા કાર્યક્રમમાં ૨૭ ઑગસ્ટની સાંજે ભજન-કીર્તનનો કાર્યક્રમ બી.એ.પી.એસ.ના સંતો અને યુવકોએ પ્રસ્તુત કર્યો હતો. બપોર પછી મહિલા

પરિષદનું આયોજન પણ થયું હતું.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજે આ મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓનું વિધિપૂર્વક પૂજન મહેળાવ ખાતે કર્યું હતું.

વૈશ્વિક શાંતિની વૈદિક પ્રાર્થના સાથે પૂજ્ય જ્ઞાનપ્રિયદાસ સ્વામી અને અન્ય સંતોએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ વતી વૈદિક મંત્રોચ્ચાર સાથે મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી હતી અને સત્સંગીઓ અને ભારતીયો માટે સ્વામિનારાયણ ભગવાનનાં દ્વાર ખુલ્લા મૂક્યાં હતાં.





મંદિરના ઉદ્‌ઘાટનના શુભ પ્રસંગે ફ્લોરેન્સના મેયર પ્રો ટેમ્પોર અને જ્યોર્જ ડી. જેબીલી ઉપરાંત સત્સંગીઓ, ગુણભાવીઓ, વિવિધ ભારતીય સમુદાયના લોકો અને શુભેચ્છકો પ્રત્યક્ષ અને વર્ચ્યુઅલી હાજર રહ્યા હતા. શ્રી જેબીલીએ પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે 'હું વ્યક્તિગત રીતે બી.એ.પી.એસ.નાં સિદ્ધાંતો અને મૂલ્યોનો હૃદયથી આદર કરું છું. જે રીતે તમે આધ્યાત્મિકતા સાથે સમાજ સેવાનો સુમેળ સાધો છો તેનો કોઈ વિકલ્પ નથી. મને એ વાતનો આનંદ છે કે અહીં વસતા રહીશોમાં તમારી આધ્યાત્મિક શિક્ષણ પ્રણાલીના કારણે ઉત્તરોત્તર વધારો થશે.'

ઈકો ફ્રેન્ડલી અને કોસ્ટ ઈફેક્ટિવ ટેકનોલોજિકલ એડવાન્સમેન્ટને ધ્યાનમાં લઈને મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. વાતાવરણમાં કાર્બનના પ્રમાણને ઘટાડવા માટે નૈસર્ગિક પ્રકાશ અને LED lightsની મદદ લેવામાં આવી છે. મંદિરનિર્માણમાં સમર્પિત સ્વયંસેવકોના અથાક પરિશ્રમનો મુખ્ય ફાળો છે.

લુમ્બર્ટનના રહેવાસી સત્સંગીબંધુ શ્રી હરીશભાઈ પટેલે બી.એ.પી.એસ.ના સત્સંગના ભૂતકાળને તાજો કરતાં કહ્યું હતું કે '૨૦૦૨માં અમે ચાર લોકો દર મહિનાની માસિક સભા કરવા એક શુભેચ્છકના નાના રૂમમાં એકત્રિત થતા હતા. અમે અમારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રમાંથી હિન્દુ ધર્મના સિદ્ધાંતોને અમારો પ્રેરણાસ્રોત બનાવ્યો હતો. અને જીવનમાં તેને કેવી રીતે ચરિતાર્થ કરવા તેની ચર્ચા કરતા હતા. તેમાંથી આ મંદિરનું બીજ વવાયું છે.'

ફ્લોરેન્સના જાણીતા બિઝનેસમેન અને મંદિરના કો-ઓર્ડિનેટર શ્રી જિતુભાઈ પટેલે મંદિર-નિર્માણનો હર્ષ કરતાં જણાવ્યું હતું કે '૨૦૦૨માં અમે અહીં મંદિર બનાવવાની ચર્ચા મિત્રવર્તુળમાં કરતા હતા. આજે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની કૃપાથી તે સાકાર થયું છે. ૨૦૦૪માં પ્રમુખસ્વામી મહારાજે મને આશીર્વાદ આપતાં કહ્યું હતું કે જીવનને સેવામય બનાવીને હિન્દુ ધર્મના સિદ્ધાંતો, હિન્દુ એકતા અને મૂલ્યોને ફ્લોરેન્સમાં જીવંત કરવા ફ્લોરેન્સમાં મંદિર બનાવવાનો પ્રયાસ કરો. મારા તમને આશીર્વાદ છે. તે પછી ભારતીય સમુદાયને હિન્દુ ધર્મના સિદ્ધાંતોનું શિક્ષણ આપવા બી.એ.પી.એસ.ની વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓ વધતી ગઈ અને ભારતીય સમુદાયમાં જાગૃતિ આવતી ગઈ. તેનું પરિણામ આ મંદિર છે.'

આમ, ઉત્તર અમેરિકા ખંડમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી અને મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી એક વધુ મંદિર ઉદ્‌ઘાટિત થઈ ગયું.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે ઠેર ઠેર તેઓએ પાથરેલાં બીજ પાંગરીને હવે મંદિર રૂપે પુષ્પિત થઈ રહ્યાં છે. તેનાં ઉદાહરણો દેશ-વિદેશમાં ઠેર ઠેર સર્જાઈ રહ્યાં છે. અમેરિકા ખંડમાં નવનિર્મિત મંદિરોના પ્રતિષ્ઠા ઉત્સવોમાં તેની વિશેષ પ્રતીતિ થઈ રહી. ◆

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ અને એલ.એ. મંદિર દશાબ્દી મહોત્સવ



પ્રગટ ગુરુહરિ મહંતસ્વામી મહારાજના આશીર્વાદથી તાજેતરમાં જ સપ્ટેમ્બરની ૪થી તારીખે લોસએન્જલસ ખાતે ગુરુહરિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ તેમજ અહીંના મંદિરનો દશાબ્દી મહોત્સવ ખૂબ જ ભવ્યતા અને દિવ્યતાથી ઊજવાઈ ગયો.

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે કેવળ લોક કલ્યાણ માટે વિશ્વના ખૂણે ખૂણે વિચરણ કરીને અકારણ કરુણા વરસાવી છે. જેમાં અમેરિકા જેવા દૂરના દેશમાં અને તેમાંય વળી તેના છેક પશ્ચિમ છેડે આવેલા કેલિફોર્નિયા અને તેની આસપાસના વિસ્તાર સુધી તેઓએ અવારનવાર પધારીને અનેકનાં જીવનમાં પવિત્ર હિન્દુ સંસ્કાર અને આધ્યાત્મિકતાનો ઉજાસ ફેલાવ્યો છે. અને તેમાંય વળી તેમણે લોસએન્જલસ મહાનગરમાં ચિનો હિલ્સ ઉપનગર ખાતે આપેલી શિખરબદ્ધ મંદિરની ભેટ તો આવનારી અનેક પેઢીઓ માટે પ્રમુખસ્વામી મહારાજના ઉપકારની પરાકાષ્ઠા સમાન છે. એવા ગુરુહરિને એમના જન્મ શતાબ્દી વર્ષે વધાવવા માટે લોસએન્જલસ તેમજ સમગ્ર પશ્ચિમ રિજિયનના ભક્તો સ્વાભાવિક રીતે ઉત્સાહિત હતા. અને તેમાં વળી મંદિરના દશાબ્દીનો અવસર ભળતાં સૌનો ઉત્સાહ પણ સવાયો થઈ ગયો.


ઉત્સવ સ્થળ


ગુરુહરિના મહિમાને શક્ય એટલા વધારે લોકો સુધી પહોંચતો કરી શકાય તથા કાર્યક્રમની રજૂઆત પણ વધારે રસપ્રદ રીતે કરી શકાય તે હેતુથી આ મહોત્સવ એક વિશાળ એરિનામાં કરવાનું નક્કી થયું. શ્રીધરભાઈ અને મોનલભાઈ વગેરે કાર્યકરોના પરિશ્રમને કારણે લોસએન્જલસ શહેરમાં આવેલ ઐતહાસિક “KIA Forum” નામના એરીના આ ઉત્સવ ઊજવવાનું નક્કી થયું. લગભગ

૧૦,૦૦૦ જેટલી જનમેદની એક સાથે બેસીને કાર્યક્રમને સારી રીતે માણી શકે તેવા ભવ્ય અને વિશાળ આ એરિનામાં જ એક સમયે અહીંની સુપ્રસિદ્ધ બાસ્કેટ બોલ ટીમનું હોમ ગ્રાઉન્ડ હતું.

સંપર્ક અભિયાન

ઉત્સવ સ્થળની પસંદગી સાથે જ શરૂ થયો એક મહાયજ્ઞ. ગુણાનુરાગી પરિવારોના સંપર્કનો મહાયજ્ઞ. લગભગ ૧૫૦ થી ૨૦૦ જેટલા કાર્યકરો પોતાના વ્યવહારનું તમામ કાર્ય ગૌણ કરી દર અઠવાડિયે આ સેવામાં જોડાયા હતા. સંપર્ક કરનારને સુગમતા રહે તે માટે કાર્યકરોએ સંપર્ક કિટ તૈયાર કરી હતી. આ સંપર્ક અભિયાનની એક વિશેષતા એ રહી કે તેમાં સેવા કરવા માટે પાંચ વર્ષના બાળકોથી લઈને જેમને ગાડીમાં બેસવા ઊતરવાની તકલીફો હોય એવા ૮૦-૮૫ વર્ષના વડીલો





પણ એટલા જ ઉમંગથી જોડાયા. ઉનાળાની ગરમી, આખા દિવસની દોડા-દોડી કે અન્ય કોઈ અવરોધોને ગણ્યા વિના કેવળ ગુરુહરિની પ્રસન્નતાના જ એક ધ્યેયથી બધા સેવા કરતા હતા. તેમાં પણ બાળકોનો ઉત્સાહ અનેરો હતો. કાલી ઘેલી ભાષામાં જેને પણ મળે તેને ગુરુના સમૈયામાં આમંત્રણ આપી જ દે.

આવા સમર્પિત કાર્યકરોની હારમાળા આ સંપર્કમાં સર્જાઈ હતી જિજ્ઞેશ પંચાલ, દિવ્યેશ ગજ્જર, ભાવેશ પટેલ, નીરવ મજમુદાર, અત્રિ શુક્લ, કિંજલ પટેલ, વિપુલ પટેલ, આશિષ ઉપાધ્યાય વગેરે કાર્યકરોની આગેવાની નીચે સમગ્ર સત્સંગ પ્રવૃત્તિના કાર્યકરોએ અથાક સેવાઓ કરી છે.

વળી, જરૂરિયાતવાળા ભાવિકો માટે જુદા જુદા ચાર વિસ્તારમાંથી બસની વ્યવસ્થા પણ સત્સંગ પ્રવૃત્તિ દ્વારા કરવામાં આવી હતી, જેના આયોજનમાં કલ્પેશ સોલંકીની સેવાઓ ઉલ્લેખનીય છે.

પ્રમુખસ્વામી મહારાજે પોતાના અણિશુદ્ધ અને પરોપકારી જીવન દ્વારા સમાજમાં અનેકના હૃદયમાં સદ્‌ભાવ તો આણ્યો જ છે. એ સૌના સંપર્કનું એક મહા-અભિયાન પૂજ્ય દિવ્યચરણદાસ સ્વામી તથા પૂજ્ય નારાયણમૂર્તિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ શરૂ થયું. અમેરિકાનું બીજા ક્રમાંકનું મેટ્રોપોલિટન રિજયન એટલે ૮૭,૯૪૦ વર્ગ કિલોમીટરમાં પથરાયેલ ગ્રેટર લોસએન્જલસ. આવા વિશાળ વિસ્તારમાં વસતા અનેક ભારતીય પરિવારોમાંથી પસંદ કરેલા ૧૫,૦૦૦ ભારતીયોને ઘેર ઘેર જઈ તેમને વ્યક્તિગત રીતે આમંત્રણ આપવાનું હતું. તે માટે સત્સંગ પ્રવૃત્તિમાં સેવા આપતા કાર્યકરોએ અત્યંત જહેમત ઉઠાવી સુંદર આયોજન કર્યું. એલ.એ.ના વિશાળ ભૂખંડને સાત વિભાગમાં વહેંચી દેવામાં આવ્યો. ત્યાર બાદ જૂનની ૧૮મી તારીખથી લઈને ૧લી ઑગષ્ટ સુધી દર અઠવાડિયે શનિવાર અથવા રવિવાર એક એક વિસ્તારમાં સંપર્ક માટે હરિભક્તો ગયા હતા. આમ સતત સાત અઠવાડિયા સુધી ચાલેલા આ સંપર્કમાં દર અઠવાડિયે સરેરાશ બે હજાર ઉપરાંત ઘરની મુલાકાતો કાર્યકરો લેતા. આમ, ૭ દિવસ, ૧૪,૦૦૦થી વધુ ગુણાનુરાગી પરિવાર, ૨૦,૦૦૦ માઈલથી વધુ અંતરની મુસાફરીનો આ સંપર્ક યજ્ઞ થયો. તે માટે હરિભક્તોનો ઉત્સાહ પણ અનેરો હતો. દર અઠવાડિયે

સભા કાર્યક્રમ

કાર્યક્રમનો મધ્યવર્તી વિચાર હતો ‘પરાત્પર’. પૃથ્વી ઉપર વસતાં જીવપ્રાણીમાત્રને પ્રેમની અભિલાષા છે. આપણને આપણાં માતા-પિતા, સગાં-સ્નેહી અને મિત્રો પ્રેમ તો કરે છે, પરંતુ પ્રમુખસ્વામી મહારાજનો પ્રેમ હંમેશાં

વિશિષ્ટ અને મુક્ઠી ઊંચેરો અનુભવાતો. તેમનો પ્રેમ નિઃસ્વાર્થ હતો, નિર્બંધ હતો, નિઃસીમ હતો, સમગ્ર માનવજાત માટેનો હતો. તેથી પણ વિશેષ એ ભગવાન પ્રત્યેનો પ્રેમ હતો, 'પરાત્પર' હતો.

ભગવાન પ્રત્યેની તેમની અખૂટ શ્રદ્ધાએ અનેકમાં રહેલી શ્રદ્ધાને પણ જગાવી છે. એલ.એ.નું શિખરબદ્ધ મંદિર એનું સાક્ષી છે. આ મંદિરના નિર્માણમાં આવેલાં અનેક વિઘ્નોમાં કાર્યકરોની ધીરજ ખૂટી જતી ત્યારે તેમનામાં શ્રદ્ધાનું આંજણ પૂરીને તેમની શ્રદ્ધાને પ્રજ્વલિત રાખવાનું કાર્ય કેવી રીતે સ્વામીશ્રીએ કર્યું હતું તેની પ્રસ્તુતિ એક સુંદર સંવાદ દ્વારા કરવામાં આવી હતી.

અમેરિકામાં જન્મેલા બાળકની વ્યથા અને તેના પિતા સાથેનો તેનો સંવાદ એ સમગ્ર કાર્યક્રમને ગૂંથતી દોરી સમાન હતો. સાથે સાથે દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ, વાર્તાકથન, સંવાદ, નૃત્ય જેવાં વિવિધ માધ્યમો દ્વારા આકર્ષક રજૂઆતો થઈ. પૂજ્ય યોગાનંદદાસ સ્વામી તથા પૂજ્ય વિવેકમૂર્તિદાસ સ્વામીનાં પ્રેરક અને મનનીય વક્તવ્યો પણ થયાં. આ કાર્યક્રમની શરૂઆત અને પૂર્ણાહુતિમાં પ્રખ્યાત ટીવી કલાકાર અને સંનિષ્ઠ સત્સંગી દિલીપભાઈ જોષી(તારક મહેતાના જેઠાલાલ)ની અત્યંત અસરકારક અને પ્રભાવક રજૂઆતે સભાજનોને ભાવમય કરી દીધા હતા.

આ કાર્યક્રમની ચરમસીમા સમાન અંતિમ ભાગમાં, લોસએન્જેલસ મંડળના કિશોરો દ્વારા અત્યંત જુસ્સાભેર અને ભવ્ય નૃત્યની રજૂઆતની મધ્યમાં પ્રમુખસ્વામી મહારાજની ૮ ફૂટની મૂર્તિનું સ્ટેજ પર અવતરણ થયું ત્યારે શ્રોતાગણ અહોભાવથી અને ભક્તિભાવથી ગદ્‌ગદ થઈ ગયો. જાણે કે સ્વામીશ્રી સાક્ષાત્ અંતરિક્ષમાંથી અવતર્યા ન હોય! અને હવે સમય હતો, તેમની દિવ્ય ઉપસ્થિતિમાં તેમણે કરેલા અનંત ઉપકારો બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો - તેમને 'Thank You' કહેવાનો! મંચ ઉપરથી શ્રી દિલીપભાઈએ સ્વામીબાપા પ્રત્યે આભાર વ્યક્ત કર્યા બાદ શ્રોતાગણમાં બેઠેલા અનેક શ્રોતાઓ વતી તેમાંના ૧૬ પ્રતિનિધિઓએ સ્વામીબાપાએ તેમના જીવનમાં કરેલા ઉપકારોને યાદ કરીને હૃદયથી 'Thank You' કહ્યું હતું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને રાજી કરવા ૧૮ વર્ષથી મોટી ઉંમરના ઘણા યુવકો રોબિન્સવિલ ખાતે નિર્માણાધીન અક્ષરધામની સેવામાં પહોંચી ગયા હતા, પરંતુ જે નહોતા જઈ શક્યા તેવા યુવકો અને કિશોરોએ ઉનાળુ વૅકેશનને સેવાયજ્ઞમાં પરિવર્તિત કરી દીધું. લોસએન્જેલસ ઉપરાંત પશ્ચિમ રિજિયનમાંથી કુલ ૨૪૫ જેટલા યુવકો-કિશોરોએ ભાગ લઈ સેવા કરી હતી. તેવી જ રીતે ૩૦૦ જેટલી નાની-મોટી પ્રોપર્ટી તૈયાર કરવા માટે કિશોરી-યુવતી મંડળે બીડું ઝડપ્યું હતું. કાર્યક્રમની રૂપરેખા નક્કી કરવાથી લઈને તેની સંપૂર્ણ તૈયારી અને રજૂઆત સુધીની જવાબદારી પૂજ્ય નારાયણમૂર્તિદાસ સ્વામી તથા પૂજ્ય અખંડાનંદદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ કેયૂર મારુ, યોગીન પટેલ, રવીન મારુ તથા અન્ય કાર્યકરોએ અત્યંત જહેમત ઉઠાવી આ કાર્યક્રમને સારો ઓપ આપ્યો. કાર્યક્રમની રૂપરેખામાં સારંગપુરથી પૂજ્ય નારાયણમુનિદાસ સ્વામી તથા પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામી વગેરે સંતોએ પણ જરૂરી માર્ગદર્શન અને મદદ પૂરી પાડી હતી.

મહાનુભાવો

આ પ્રસંગે ઘણા મહાનુભાવો પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધા સુમન અર્પણ કરવા ઉપસ્થિત રહ્યા હતા. લોસએન્જેલસ વિસ્તારની ૮૦થી વધુ હિન્દુ ધાર્મિક અને ભારતીય સામાજિક સંસ્થાના પ્રતિનિધિ મહાનુભાવો ઉપસ્થિત હતા. અગ્રણીઓએ દીપ-પ્રાગટ્ય કરી કાર્યક્રમની મંગળ શરૂઆત કરી હતી. તેમજ યુ.એસ. કૉન્ગ્રેસવુમન (સંસદ સભ્ય) યંગ કિમ (Young Kim), કેલિફોર્નિયા સ્ટેટ સેનેટર બ્રાયન ડેલ (Brian Dahle), ઈંગલવુડ (Inglewood) શહેરના મેયર જેમ્સ બટ્સ (James T. Butts) પણ આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. અનેક મહાનુભાવો વીડિયો મેસેજ દ્વારા પ્રમુખસ્વામી મહારાજને શબ્દાંજલિ અર્પણ કરી આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. આ મહાનુભાવોએ વિવિધ બહુમાનપત્રો દ્વારા પ્રમુખસ્વામી મહારાજ અને સ્વામિનારાયણ મંદિરને બિરદાવ્યાં હતાં. આ સેવામાં પૂજ્ય શાંતમુનિદાસ સ્વામી, મેહુલભાઈ પટેલ, ઘનશ્યામસિંહ ઝાલા, શ્રીધરભાઈ અને કલ્પેશભાઈ મિસ્ત્રીની આગેવાની હેઠળ કમ્યુનિટી આઉટરિચ વિભાગના કાર્યકરોએ ખૂબ પુરુષાર્થ કર્યો હતો.

છેલ્લાં ૩૦ વર્ષમાં ન પડી હોય તેવી ગરમી વચ્ચે પણ શાંતિ અને ધીરજ રાખી કાર્યકરોએ સવાઈ સેવા કરી હતી. વાઇન્ડ-અપની સેવા પણ ખંતથી કરીને સ્વામીશ્રીને પ્રસન્ન કરી લીધા હતા. આ ઉત્સવના સંયોજનમાં દિવ્યેશભાઈ, શ્રીધરભાઈ અને ઋષાંગભાઈએ સેવાઓ આપી છે. આમ, પોતાના પ્રાણપ્યારા ગુરુહરિના જન્મ શતાબ્દી અવસરે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજને રાજી કરવા માટે તમામ ભક્તોએ સર્વ પ્રકારે સેવાની સરવાણી વહાવી ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ગુરુભક્તિ-અર્ઘ્ય અર્પણ કર્યું હતું. ◆

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે બેંગકોક, સિંગાપોર અને યુ.એ.ઈ.માં યોજાયા ભક્તિસભર કાર્યક્રમો...





બેંગકોકમાં રાજપુરોહિત શ્રી વિસુધિગુણજી સાથે સમારોહમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી. બી.એ.પી.એસ. મંદિરનું સ્તંભ સ્થાપન.

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનાં પડઘમ વિશ્વભરમાં વસતા બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગીઓમાં ગુંજી રહ્યાં છે. સૌને આ મહોત્સવ ઊજવવાનો અનેરો થનગનાટ છે. તેના ઉપક્રમે સંસ્થા દ્વારા ઠેર ઠેર તબક્કાવાર અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તે શૃંખલામાં થાઈલેન્ડમાં બેંગકોક ખાતે આ મહોત્સવનો વિશેષ ઉદ્‌ઘોષ થાય તે માટે સ્થાનિક સત્સંગમંડળના આયોજનથી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને સંતોએ અહીં વિચરણ કર્યું હતું. તેમના સાંનિધ્યમાં અહીં ભક્તિસભર કાર્યક્રમો યોજાયા હતા તેની એક ઝલક અહીં પ્રસ્તુત છે.

પ્રેમ, શાંતિ અને સંવાદિતા વિષયક કાર્યક્રમ :

થાઈલેન્ડ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા તા. ૨૭ ઑગસ્ટ, ૨૦૨૨ના રોજ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના સાંનિધ્યમાં એક વિશિષ્ટ સમારોહનું આયોજન થયું હતું. આ સભામાં મુખ્ય અતિથિ તરીકે થાઈલેન્ડના રાજાના રાજ્યગુરુ તરીકે અતિ આદરણીય સ્થાન ધરાવતા શ્રી ફ્રા મહારાજા ગુરુ બિધિ શ્રી વિસુધિગુણ પધાર્યા હતા. તે ઉપરાંત થાઈલેન્ડની રોયલ કોર્ટના મુખ્ય હિન્દુ વિદ્વાનો અને થાઈલેન્ડમાં વસતા વિવિધ ભારતીય સંગઠનોના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત હતા. સૌનું ભારતીય પરંપરા મુજબ ઉષ્માપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

સભામાં વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજના પ્રેરણાસભર વ્યક્તિત્વનું દર્શન કરાવતા વીડિયો દર્શન બાદ દિવ્યમૂર્તિદાસ સ્વામી અને મુનિવત્સલદાસ સ્વામીએ પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. ત્યારબાદ આશીર્વચન ઉચ્ચારતાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સત્સંગની મહત્તા સમજાવી અને ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્થાપિત આધ્યાત્મિક ગુરુપરંપરાના વારસાની વાત કરી હતી. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ વતી રાજ્યગુરુ શ્રી વિસુધિગુણજી અને તમામ મહેમાનોને અમદાવાદ ખાતે યોજાનાર શતાબ્દી મહોત્સવમાં ઉપસ્થિત રહીને મહોત્સવની શોભા વધારવા આમંત્રણ આપ્યું હતું.

બેંગકોકમાં બી.એ.પી.એસ. મંદિરનું સ્તંભપૂજન :

૩૧ ઑગસ્ટ, ૨૦૨૨ના રોજ ગણેશ ચતુર્થી દિવસે થાઈલેન્ડના બેંગકોક મહાનગર ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પરિસરમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ શ્રી ગણેશ-પૂજા કરી હતી અને

પ્રથમ સ્તંભનું પૂજન કર્યું હતું. આ વેદોક્ત વિધિના ઉપક્રમે સૌની શાંતિ, સુખાકારી, પ્રગતિ અને કલ્યાણ માટે ઈશ્વરચરણદાસ સ્વામીએ સામૂહિક પ્રાર્થના કરી હતી. તેઓએ નિર્માણાધીન મંદિરનું બાંધકામ વહેલી તકે પૂર્ણ થાય અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ તેમજ સત્સંગની અભિવૃદ્ધિ થાય તે માટે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તેમણે બાંધકામ ટીમ સાથે ચર્ચા કરીને માર્ગદર્શન આપ્યું હતું. મંદિર-નિર્માણમાં ફાળો અને સહયોગ આપનાર સહુની સેવાને બિરદાવીને આભાર વ્યક્ત કર્યો હતો.

સિંગાપોરમાં શતાબ્દી સમારોહ :

અસંખ્ય લોકોના જીવનમાં આધ્યાત્મિક-નૈતિક મૂલ્યોનાં અજવાળાં પાથરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે સિંગાપોર ખાતે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના સાંનિધ્યમાં ૪ સપ્ટેમ્બરના રોજ 'હ્યુ કોન કલ્ચરલ સેન્ટર' ખાતે શાનદાર સત્સંગ-સભા યોજાઈ હતી. તેમાં સ્વામીશ્રીના જીવનસૂત્ર 'બીજાના સુખમાં આપણું સુખ'ને જીવંત બનાવીને પરસ્પર સ્નેહ, શાંતિ અને સંવાદિતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

સંતોએ સિંગાપોર અને મલેશિયાના ભારતીય સમાજની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓનો ભારતીય પરંપરા મુજબ આદર સત્કાર કર્યો હતો. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીની લોક-કલ્યાણની ભાવનાના સંદેશને વર્ણવીને પારિવારિક શાંતિ અને સંવાદિતાનું મહત્ત્વ સમજાવ્યું હતું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ઉદ્‌બોધેલા સિદ્ધાંતોની પગદંડી ઉપર ચાલીને તે કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તેની સમજણ આપી હતી. ગુરુહરિ મહંત સ્વામી મહારાજ વતી તેમણે અમદાવાદ ખાતે ઊજવાનાર શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણીમાં પધારવા સૌને આમંત્રણ આપ્યું હતું.

સિંગાપોર ખાતે હાઈકમિશનર સાથે મુલાકાત :

સિંગાપોર ખાતેના ભારતીય રાજદૂતે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પ્રતિનિધિ મંડળનું રાજદૂતાવાસમાં ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું. સંતો સાથેની ચર્ચામાં તેમણે ભારતીય સંસ્કૃતિ, સભ્યતા, મૂલ્યો અને સંવાદિતા ઉપર પ્રકાશ પાડ્યો હતો.





સિંગાપોરમાં રાજદૂતાવાસમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીનું સ્વાગત કરતા રાજદૂતશ્રી. જાહેર સત્સંગ સમારોહમાં સંતો.

વિશ્વભરમાં જ્યાં ભારતીયો વસે છે ત્યાં અનેક ભારતીયો ૨૦૨૨ના વર્ષને આઝાદી કા અમૃત મહોત્સવ અને સાથે પ્રમુખસ્વામી મહારાજના જન્મ શતાબ્દી વર્ષ તરીકે ઊજવી રહ્યા છે. સિંગાપોર ખાતે પણ એ જ રીતે આઝાદી કા અમૃત મહોત્સવ અને પ્રમુખસ્વામી મહારાજના જન્મ શતાબ્દી મહોત્સવની ઉજવણી ભક્તિપૂર્વક કરવામાં આવનાર છે. નવેમ્બર, ૨૦૨૨માં યોજાનાર 'ફેસ્ટિવલ ઑફ ઇન્સ્પિરેશન' વખતે ઉપસ્થિત રહેવાનું આમંત્રણ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ ભારતીય રાજદૂતને આપ્યું. ડિસેમ્બર મહિનામાં ભારત ખાતે ઊજવાનાર શાનદાર શતાબ્દી મહોત્સવ અંગે માહિતી મેળવીને તેમજ બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોએ માનવતાનાં જે કાર્યો કર્યાં તેનાથી અવગત થઈને રાજદૂતશ્રી વધુ પ્રભાવિત થયા હતા.

અબુધાબી ખાતે પ્રથમ સ્તંભ સ્થાપનવિધિ :

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી યુ.એ.ઈ.ની રાજધાની અબુધાબીમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ભવ્ય બી.એ.પી.એસ. હિન્દુ

મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. મંદિરનિર્માણ અંતર્ગત તા. ૮-૯-૨૦૨૨ના રોજ અબુધાબી ખાતે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં પ્રથમ સ્તંભ સ્થાપન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે નિર્માણકાર્યનું સૂત્ર સંભાળતા પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી અને અન્ય સંતો ઉપરાંત બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના બોર્ડના સભ્યો, સ્થાનિક અગ્રણીઓ સહિત ૫૦૦ ભક્તો-ભાવિકો ઉપસ્થિત મંડળના સભ્યો ભક્તિભાવપૂર્વક ઈંટો પ્લીન્થ પર મૂકવાની સેવામાં સહભાગી થયા. આરબ મહાનુભાવો પણ મસ્તક પર ઈંટો લઈને આ સેવામાં સહભાગી બન્યા, તે નીરખીને સૌમાં મંદિર-સેવા પ્રત્યે વિશેષ અસ્મિતા મહોરી ઊઠી હતી. ત્યારબાદ મંદિરના મુખ્ય દ્વાર પાસે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને સૌ મહેમાનો સ્તંભનાં પૂજનવિધિ અને સ્થાપનમાં જોડાયા હતા.





અબુધાબી ખાતે બી.એ.પી.એસ. મંદિરના સ્તંભરોપણ તથા ગર્ભગૃહ સ્થાપનમાં જોડાયેલા ઈશ્વરચરણદાસ સ્વામી અને મહાનુભાવો.

રહ્યા હતા. સાંજે ૫-૦૦ કલાકે કલાકોતરણીયુક્ત પ્રથમ પથ્થર સ્તંભનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જયઘોષ અને તાળીનાદ વચ્ચે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સિમેન્ટ પાથરીને સ્તંભનું વિધિવત્ સ્થાપન કર્યું હતું.

આ સ્તંભ સ્થાપનના ઉપક્રમે તા. ૧૦-૯-૨૦૨૨ના રોજ એક પ્રાસંગિક સમારોહ યોજાયો હતો, જેમાં વિદેશ પ્રધાન ડૉ. થાની બિન અહમદ અલ ઝાયોદી, ભારતીય રાજદૂત શ્રી સંજય સુધીર, અબુધાબી ડિપાર્ટમેન્ટ ઑફ કોમ્યુનિટી ડેવલપમેન્ટ(ડીસીડી)ના ચૅરમૅન ડૉ. મુઘીર ખામીસ અલ ખયાલી, ઇન્ટિરિયર અને ડીસીડીના મિનિસ્ટર તૈયબ અલ કામાલી તેમજ મુબારક અલ અમેરી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગના સાક્ષી બનવા ૧૦૦૦થી વધુ ભક્તો-ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

સભાની શરૂઆત વિશ્વભરમાં સંવાદિતા સ્થપાય તેવી પ્રાર્થના અને કીર્તનગાનથી થઈ. બ્રહ્મવિહારીદાસ સ્વામીએ ઉપસ્થિત મહેમાનોનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું. મંદિર બાંધકામની શરૂઆત થઈ ત્યારથી લઈને મંદિરની ડિઝાઇનના નિરીક્ષણનું વીડિયો-દર્શન કર્યાં બાદ પ્રતિનિધિ

પ્રતિનિધિ મંડળ મંદિરના ઉપરના મજલાએ પહોંચ્યું ત્યારે સેવા કરતા સંતોને જોઈને શ્રી મુઘીર અલ ખયાલીએ કહ્યું કે આ સંતો ભારતીય સંસ્કૃતિ અને વૈશ્વિક મૂલ્યોના રાજદૂતો છે. મંદિરના બહારના ભાગમાં ભગવાન સ્વામિનારાયણના જીવનચરિત્રને અદ્વિતીય રીતે ગુલાબી આરસપહાણના પથ્થરોમાં કંડારેલું જોઈને મહાનુભાવો પ્રભાવિત થયા હતા. સંતોએ મંદિરની શિલ્પમાળનું વર્ણન રજૂ કરતાં કહ્યું કે મંદિરની પ્રાચીન પ્રણાલી મુજબ અહીં ફક્ત હાથીને જ નહીં, પણ હાથીની સાથે અરબી પ્રાણીઓ - ઘોડા, ઊંટ અને ઓરિક્સને પણ સ્થાન આપવામાં આવ્યું છે. આ નાજુક કલાકોતરણી નીરખીને પ્રભાવિત થતા સર્વે મહાનુભાવોએ મંદિરનું પૂર્ણતયા નિરીક્ષણ કરીને શિલ્પકારોને અભિનંદન આપ્યાં હતાં.

ત્યારબાદ સભાગૃહમાં પધારેલા આ આરબ મહાનુભાવો મહિમાપૂર્વક પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીને મંચ સુધી લઈ ગયા હતા. મહાનુભાવોનું બ્રહ્મવિહારીદાસ સ્વામીએ ફૂલહારથી સ્વાગત કર્યું હતું. ડૉ. થાની બિન અહમદ અલ ઝાયોદીએ ઉપસ્થિત ભારતીયોને સંબોધતાં કહ્યું: 'યુ.એ.ઈ. સરકાર મંદિરના આ પ્રોજેક્ટ અને સહિષ્ણુતાના વાતાવરણને સંપૂર્ણ ટેકો આપે છે. યુ.એ.ઈ.ના દરેક

રહીશને પોતાની આસ્થા પ્રમાણે ભગવાનને ભજવાનો અધિકાર રહેશે.'

સભાસ્થળે બાળકોને જોઈને ભારતીય રાજદૂત શ્રી સંજય સુધીરે આનંદ વ્યક્ત કર્યો હતો અને મંદિર નિહાળીને પોતાનો અભિપ્રાય આપતાં કહ્યું હતું કે 'ભારતીય વિદેશ મંત્રી શ્રી ડૉ. એસ. જયશંકર રિયાધ ખાતે આવ્યા ત્યારે તેમની સાથેની વાતચીતમાં બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણ કાર્ય ચાલે છે તેવા શ્રી શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાન, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, શ્રી શેખ અબ્દુલ્લાહ બિન ઝાયેદ અલ નહ્યાન અને શેખ નહ્યાન બિન મુબારક અલ નહ્યાનનો પણ આભાર માન્યો હતો.

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આશીવર્ચન પાઠવતાં કહ્યું, 'આ મંદિરની મુલાકાત લેનાર અને આવનાર અનેક



અબુધાબીના પ્રથમ સ્તંભરોપણ સમારોહમાં મંચસ્થ મહાનુભાવો વચ્ચે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને બ્રહ્મવિહારીદાસ સ્વામી.

સંસ્થાના હરિભક્તોના સમર્પણ અને ભક્તિભાવની પ્રશંસા કરી હતી. કોઈપણ વ્યક્તિ આ પ્રકારની શ્રમસેવા આપે તે મહાન વસ્તુ છે. ન કેવળ ભારત કે યુ.એ.ઈ. સરકાર પણ સમગ્ર વિશ્વ આ મંદિર નિર્માણને બહુ ધ્યાનથી જોઈ રહ્યું છે.' બ્રહ્મવિહારીદાસ સ્વામીએ તમામ અતિથિઓનો આભાર માન્યો હતો અને જેમના અમૂલ્ય સહયોગથી આ પેઢીઓને આ મંદિર પ્રેરણા આપશે. મંદિર તેના અદ્વિતીય નકશીકામના કારણે અનંતકાળ સુધી લોકોને સદ્ભાવનાનો સંદેશ આપતું રહેશે.' અંતે મહાનુભાવોને સ્નેહના પ્રતીક રૂપે હસ્તે નાડાછડી બાંધવામાં આવી હતી. સૌએ નોંધ લીધી હતી કે મંદિર બાંધકામ હેઠળ હોવા છતાં ભક્તો-ભાવિકો અહીં મોટી સંખ્યામાં આધ્યાત્મિક લાભ માણે છે. ◆



ભારતના વિદેશમંત્રી શ્રી એસ. જયશંકરે ગણેશ ચતુર્થીના શુભ અવસરે અબુધાબીમાં નિર્માણાધીન બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની મુલાકાત લીધી હતી. વિદેશમંત્રી શ્રી એસ. જયશંકરે નિર્માણ પામતા આ મંદિરની મુલાકાત લઈ તેને 'શાંતિ, સહિષ્ણુતા અને સંવાદિતાનું પ્રતીક' લેખાવ્યું હતું. બુધવારે ત્રણ દિવસની મુલાકાતે સંયુક્ત અરબ અમીરાત(યુ.એ.ઈ.) પહોંચેલા વિદેશમંત્રીશ્રીએ આ આઈકોનિક નિર્માણમાં સેવાના પ્રતીકરૂપે એક ઈંટ પણ મૂકી હતી. આ પ્રસંગે પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ મંદિરની સુંદરતા અને દિવ્યતા અંગે માહિતી પૂરી પાડી હતી. આ આઈકોનિક મંદિર ભારતીય કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યું છે. મધ્યપૂર્વના દેશોમાં આ પહેલું પરંપરાગત હિન્દુ મંદિર હશે. વિદેશમંત્રી શ્રી એસ. જયશંકરે ટ્વીટ કર્યું હતું કે ગણેશચતુર્થીના શુભ અવસર પર મને અબુધાબીમાં નિર્માણાધીન બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ હિન્દુ મંદિરની મુલાકાત લેવાનો લહાવો મળ્યો.

ફ્રાન્સની રાજધાની પેરિસ ખાતે યોજાયો નૂતન શિખરયુક્ત બી.એ.પી.એસ. મંદિરનો શિલાન્યાસ ઉત્સવ...





પેરિસ ખાતે નૂતન શિખરયુક્ત બી.એ.પી.એસ. મંદિરનો શિલાન્યાસ વિધિ કરતા આનંદસ્વરૂપદાસ સ્વામી અને મહાનુભાવો...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી મહંત સ્વામી મહારાજની વર્ચ્યુઅલ નિશ્રામાં યુરોપમાં ફ્રાન્સની રાજધાની પેરિસ ખાતે રચાનાર નૂતન બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો શિલાન્યાસ ઉત્સવ તા. ૩-૯-૨૦૨૨ના રોજ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

પેરિસમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનાં પગરણ મંડાયાં તેનો ઇતિહાસ પણ દાયકાઓ પુરાણો છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તા. ૭ જુલાઈ, ૧૯૭૦ના રોજ લંડનથી મુંબઈની હવાઈયાત્રા દરમ્યાન પેરિસ ઍરપોર્ટ પર થોડું રોકાયા હતા. આ રોકાણ દરમ્યાન બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને કહ્યું હતું કે 'પ્લેનમાંથી ઊતરીને ફ્રાન્સની ભૂમિને પાવન કરો અને આશીર્વાદ આપો કે ભવિષ્યમાં અહીંયાં અક્ષરપુરુષોત્તમ મહારાજનું મંદિર બને.'

ત્યારબાદ વિશ્વભરમાં શાંતિ, સંસ્કાર અને સંવાદિતાનો સંદેશો પ્રસરાવવાનું ભગીરથ કાર્ય કરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે, અહીં ભવિષ્યમાં થનાર બી.એ.પી.એસ. મંદિર માટે તા. ૫-૧૧-૧૯૯૭ના રોજ મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરી હતી. ત્યારબાદ સંતોના વિચરણથી સ્થાનિક હરિભક્તોના ભક્તિસભર પુરુષાર્થથી સત્સંગની વિશેષ અભિવૃદ્ધિ થઈ. તા. ૧૯ ઑક્ટોબર, ૨૦૧૭ના રોજ પેરિસમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજના વિચરણ દરમ્યાન, પેરિસના ઉપનગર સૅન્ટ જ્યોર્જીસ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનિર્માણ માટે નિર્ણય લેવાયો. તા. ૧૯ ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ આ સ્થળે પંચશિખરયુક્ત સુંદર કલાત્મક મંદિરના નિર્માણના આરંભ રૂપે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના વરદ હસ્તે વેદોક્ત વિધિપૂર્વક ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

તા. ૭-૭-૨૦૨૨ના રોજ અમદાવાદ ખાતે બિરાજતા પૂજ્ય મહંત સ્વામી મહારાજે અહીં નિર્માણ પામનાર પંચશિખરીય મંદિરની શિલાઓનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કર્યું હતું. આ પૂજિત શિલાઓનો પેરિસ ખાતે શિલાન્યાસ વિધિ તા. ૩-૪ સપ્ટેમ્બરના રોજ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ભારતીય સંસ્કૃતિના પારંપરિક વૈદિક મંત્રોચ્ચાર સાથે મંદિરનિર્માણનો પ્રારંભ શિલાન્યાસ સાથે કરવામાં આવ્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે ફ્રેન્ચ અને હિંદી ભાષામાં વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી. સભાને સંબોધતાં બ્રહ્મવિહારીદાસ સ્વામીએ ઉપસ્થિત સમુદાયને વેદ અને ઉપનિષદનાં હિન્દુ મૂલ્યોની સમજ આપી હતી. આનંદસ્વરૂપ સ્વામીએ સમજાવ્યું હતું કે

આવનારી પેઢીઓના હૃદયમાં વ્યાવહારિક આધ્યાત્મિકતાને પલ્લવિત કરવામાં મંદિર કેવી રીતે મદદરૂપ થશે.

શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નિર્માણ પામી રહેલું આ મંદિર યુરોપ અને ફ્રાન્સની રાજધાની પેરિસ ખાતે નિર્માણ પામનારું પારંપરિક શૈલીનું એકમાત્ર મંદિર બની રહેશે. આ સ્થળે અન્ય ધર્મસ્થળોની વચ્ચે આ મંદિર હિન્દુઓની આસ્થાને બળ પૂરું પાડશે અને હિન્દુ સંસ્કૃતિને ઉજાગર કરશે. વિશ્વમાં અખંડિતતા, શાંતિ અને સંવાદિતા સ્થાપવાના સંકલ્પને વરેલી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા આ મંદિર દ્વારા આપણી સનાતન સંસ્કૃતિનાં મૂલ્યો ફ્રાન્સની ધરતી પર દૃઢ કરવા પ્રતિબદ્ધ છે.

આ પ્રસંગે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ફ્રાન્સ અને મોનેકો ખાતેના ભારતીય રાજદૂત જાવેદ અશરફ, યુનેસ્કો ખાતેના ભારતીય રાજદૂત શ્રી વિશાલ શર્મા, બિઝી-સૈન્ટ-જ્યોર્જના મેયર યાન ડુબોસ્ક, સિપ્રોમેડ ગ્રૂપના સીઈઓ અને ચૅરમૅન ઈલિયાસ અકબરઅલી ઉપરાંત ફ્રાન્સનાં વિવિધ નગરો તેમજ યુરોપના અન્ય દેશો અને ભારતમાંથી સેંકડો સત્સંગીઓ, ગુણભાવીઓ અને અતિથિઓએ ઉપસ્થિત રહી પ્રસંગની શોભા વધારી હતી. ભારતીય રાજદૂત શ્રી અશરફે કહ્યું હતું કે આ ભવ્ય મંદિર લોકોની પૂજાની તૃષા સંતોષવા ઉપરાંત લોકોના હૃદયમાં માનવતા અને સભ્યતાનાં બીજ રોપવાનું કાર્ય કરશે. આ મંદિર લોકોના હૃદયમાં શાંતિ, સંવાદિતા, સહઅસ્તિત્વની ભાવનાને સ્થાપવાનું કેન્દ્ર બની રહેશે.'

યુનેસ્કોના ભારતીય રાજદૂત શ્રી શર્માએ કહ્યું હતું કે સ્વામિનારાયણ મંદિરો ભૂતકાળની ભવ્યતાને દર્શાવવા જ નથી બનતાં, પરંતુ વિશ્વ એક પરિવાર છે - તેવી યુગો પૂર્વે વેદોએ સ્થાપેલી વૈશ્વિક ભાવનાને પ્રસરાવવા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ અને દૂરંદેશિતા સાથે બનાવવામાં આવે છે. આ મંદિર બાળકો, માતાઓ માટે પ્રેરણા સ્રોત બની રહેશે.'

ઈલિયાસ અકબરઅલીએ મંદિર-નિર્માણમાં સહયોગ આપવા બદલ ફ્રાન્સની સરકારનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું કે 'આજે મને અહીં હૃદયમાં સુખ અને શાંતિનો વિશેષ અનુભવ થાય છે. આ મંદિર દ્વારા શાંતિ, વિવેક, વિનય, પ્રેમ અને માનવતાનું શિક્ષણ આપીને વ્યક્તિના ચારિત્રને સમૃદ્ધ કરવામાં આવશે.'

આ શાનદાર સભાની સમાપ્તિ બાદ સંતોએ પાયાની ઈંટ મૂકીને વૈદિક વિધિપૂર્વક ખાતમુહૂર્ત કર્યું હતું. ઉલ્લેખનીય છે કે તા. ૨ સપ્ટેમ્બરના રોજ બ્રહ્મવિહારીદાસ સ્વામી, યોગવિવેકદાસ સ્વામી અને સંતોએ ફ્રેન્ચ સરકારના જુદા જુદા અગ્રણીઓ સમક્ષ મંદિરના પ્રોજેક્ટની ચર્ચા કરી હતી અને શિલાન્યાસ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપ્યું હતું. આ મુલાકાતોમાં ફ્રાન્સના પ્રૅસિડેન્ટ મેક્રોનના સલાહકાર તેમજ પૂર્વ પ્રાઇમ મિનિસ્ટર શ્રી જિન-પીએર રફારીન, ફ્રેન્ચ-જ્યુઈસ ઍસોસિયેશનના શ્રી યોનાથન અરફી, પેરિસ બાર ઍસો. ઑફ લોયર્સના પ્રેસિડેન્ટ શ્રી વિનસેન્ટ નાયોર, પ્રસિદ્ધ ફ્રેન્ચ અખબાર 'લા ફિગરો'ના તંત્રી શ્રી રેનોડ ગિરાર્ડ વગેરેનો સમાવેશ થાય છે.

આ શિલાન્યાસવિધિ માત્ર સ્વામિનારાયણ સંપ્રદાય માટે જ નહીં, પરંતુ હિન્દુ સનાતન ધર્મ માટે એક ગૌરવપ્રદ બની રહ્યો. આ શાનદાર ઉત્સવ બાદ સૌ ભારતીયો નિર્માણ પામનાર હિન્દુ સંસ્કૃતિના ગૌરવ સમા આ મંદિરના નિર્માણ માટે વિશેષ કટિબદ્ધ થયા હતા. ◆



ફ્રાન્સની રાજધાની પેરિસ ખાતે યોજાયેલ નૂતન મંદિરના શિલાન્યાસ પ્રસંગે મહાપૂજામાં જોડાયેલો ભક્ત સમુદાય...

ઈંગ્લેન્ડનો ઐતિહાસિક બ્લેકપૂલ ટાવર ઝળહળી ઊઠ્યો પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના રંગે...





બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે ઇંગ્લેન્ડના પ્રેસ્ટન સ્થિત વિખ્યાત બ્લેકપૂલ ટાવર ખાતે એક વિશિષ્ટ સમારંભ યોજાઈ ગયો. આ સમારોહમાં વિખ્યાત બ્લેકપૂલ ટાવરને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની ધજાના પ્રતીક રંગો - સફેદ અને લાલ રંગના વીજ દીપકોથી ઝળહળતો કરીને શણગારવામાં આવ્યો હતો અને પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પવામાં આવી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે રોશનીથી ઝળહળતા કરાયેલા બ્લેકપૂલ ટાવરને તેનાં ૧૨૮ વર્ષના ઇતિહાસમાં પ્રથમ વખત કોઈ ધર્મગુરુને આટલું બહુમાન આપીને સુશોભિત કરાયો છે.

પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે યોજાયેલા આ સમારોહમાં શહેરના પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બ્લેકપૂલના મેયર શ્રી કેથરિન બેન્સન, પ્રેસ્ટનના મેયર શ્રી નીલ ડર્બી, લેન્કેશાયરના હાઈ શેરીફ શ્રી માર્ટીન એઇનસ્કોઘ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહ બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર અને પ્રેસ્ટન હિન્દુ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.

વિખ્યાત બ્લેકપૂલ ટાવરની ટોચ ઉપર વૈશ્વિક શાંતિ અને સંવાદિતા માટે સામૂહિક પ્રાર્થના કરવામાં આવી હતી. ત્યારબાદ ભક્તિનૃત્ય અને ભજનકીર્તન સાથે અશ્વરથમાં ઠાકોરજી અને પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિની શોભાયાત્રા યોજાઈ હતી.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, નિસડન, લંડનના સંતો ઉપરાંત સેંકડો દર્શનાર્થીઓ, શુભેચ્છકો અને સ્થાનિક રહીશો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય જીવન, કાર્ય અને સંદેશને બિરદાવ્યાં હતાં.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૭૪ અને ૧૯૭૭માં બ્લેકપૂલ ટાવરની મુલાકાત લીધી હતી ત્યારે તેઓની સાથે પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ હતા. બંને ગુરુઓએ આ પ્રસંગે વ્યક્તિગત અને સ્થાનિક સત્સંગીઓને આશીર્વાદ આપ્યા હતા.

બી.એ.પી.એસ. સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓથી પ્રભાવિત બ્લેકપૂલના મેયર શ્રી કેથરિન બેન્સન તેમજ પ્રેસ્ટનના મેયર નીલ ડર્બીએ જણાવ્યું હતું કે પ્રમુખસ્વામી મહારાજની જન્મ શતાબ્દીની ઉજવણીમાં અમે ગૌરવાન્વિત થયા છીએ. તેમના જીવનનો પ્રભાવ આજે પણ પ્રેસ્ટન, બ્લેકપૂલ નોર્થવેસ્ટના વિસ્તારમાં અનુભવાય છે.

આમ, શતાબ્દી પર્વે વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજનું વ્યક્તિત્વ અને તેમનો સંદેશ અનેક લોકોના હૃદય સુધી પહોંચી ગયો. ◆

અમરેલી ખાતે ગાંધીબાગ ઉદ્યાનનું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નવીનીકરણ...





છેલ્લાં કેટલાંક વર્ષોથી અમરેલીના નગરજનોની હરવા ફરવા તથા મનોરંજનનું સ્થાન મળી રહે તેવા શાંતિદાયક સ્થળની માંગ હતી. શહેરની મધ્યમાં આવેલા ગાંધીબાગ ઉદ્યાનની પણ અસ્વચ્છ અને દયનીય હાલત હતી. તેથી સમાજસેવા માટે કટિબદ્ધ બી.એ.પી.એસ. સંસ્થાને શહેરના સ્થાનિક અગ્રણીઓ અને પદાધિકારીઓ દ્વારા ગાંધીબાગના નવીનીકરણની સ્વૈચ્છિક જવાબદારી સ્વીકારવા વિનંતી કરવામાં આવી. આથી, ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે બી.એ.પી.એસ. સંસ્થાએ ગાંધીબાગના નવીનીકરણનું કાર્ય હાથ ધર્યું. અનુભવી સંતો, પદાધિકારીઓ અને નગરશ્રેષ્ઠીઓ સાથે વિમર્શ બાદ નિષ્ણાતો દ્વારા બગીચાની સુંદર ડિઝાઈન તૈયાર કરવામાં આવી. જમીન સમથળ કરીને યોગ્ય સફાઈ બાદ તેનું નવીનીકરણ કરવામાં સંતો અને સ્વયંસેવકોએ ખૂબ જહેમત ઉઠાવી અને આ ઉદ્યાનનો મનોહર કાયાકલ્પ કર્યો.

આકર્ષક પ્રવેશદ્વાર, બાળકો માટે ક્રીડાંગણ, નીલકંઠ ઉપવન, સહજાનંદ ઉદ્યાન, રીડિંગ ઝોન, વૉકિંગ ટ્રેક, શુદ્ધ પાણીની પરબ, ઉપાહાર ગૃહ, સાહિત્ય કેન્દ્ર, હર્બલ કેર જેવી સુવિધાઓથી સજ્જ કરીને વૃક્ષો તેમજ ફૂલછોડનું વાવેતર કરવામાં આવ્યું. એટલું જ નહીં ઉદ્યાનમાં મનોરંજનની સાથે જીવનઘડતર, કૌટુંબિક એકતા, રાષ્ટ્ર-પ્રેમ અને વ્યસનમુક્તિની પ્રેરણા મળે તે હેતુસર ભારતાનંદ, મુક્તાનંદ, નિત્યાનંદ અને પરમાનંદ જેવા વીડિયો શોની પ્રસ્તુતિ માટે સભાગૃહ પણ તૈયાર કરવામાં આવ્યો છે.

નવીનીકરણનું કાર્ય પૂર્ણ થતાં તા. ૬-૮-૨૦૨૨ના રોજ તેનો લોકાર્પણ સમારોહ યોજાઈ ગયો. આ લોકાર્પણ સમારોહમાં પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી, અધ્યાત્મસ્વરૂપદાસ સ્વામી તેમજ મહાનુભાવોએ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે ગાંધીબાગ ઉદ્યાનના મુખ્ય દ્વાર ઉપરની નાડાછડી ખોલી વિધિવત્ ઉદ્‌ઘાટન કર્યું હતું. અહીં સ્થાપિત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની મૂર્તિને વંદન કર્યાં બાદ પ્રાસંગિક સમારંભ યોજાયો હતો. શ્રી દિલીપભાઈ સંઘાણી (ચૅરમૅનશ્રી, ઈફ્કો અને ગુજકોમાસોલ), શ્રી કૌશિકભાઈ વેકરિયા, શ્રી અશ્વિનભાઈ સાવલિયા, શ્રીમતી મનીષાબહેન રામાણી, શ્રી એચ. કે. પટેલ તેમજ નગરપાલિકાના સદસ્યો તથા ચેમ્બર્સ ઑફ કોમર્સ, વેપારી મહામંડળ અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા થયેલા જનહિતના આ ઉમદા કાર્ય બદલ સૌએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આમ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ વર્ષના ઉપક્રમે જનહિતનાં કાર્યોમાં વધુ એક પુષ્પ ઉમેરાયું હતું. ◆

અમેરિકા ખંડમાં શતાબ્દી સુહૃદયાત્રા દ્વારા સનાતન ધર્મ સંદેશ ફેલાયો પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે...



યુનાઇટેડ સ્ટેટ્સના ખૂણે ખૂણે પાશ્ચાત્ય સંસ્કૃતિના પડઘમ વચ્ચે પણ સનાતન હિન્દુ મૂલ્યોનાં સંરક્ષણ, પોષણ અને સંવર્ધન માટે નિષ્ઠાપૂર્વક સઘન પ્રયત્ન કરી રહેલા હિન્દુ અગ્રણીઓ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે તાજેતરમાં એક વિરલ સુહૃદયાત્રાના સાક્ષી બન્યા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આયોજિત આ એક વિશેષ કાર્યક્રમમાં, આ તમામ હિન્દુ અગ્રણીઓએ એક મંચ ઉપર એકત્રિત થઈ ભારતના ગૌરવનું ચિંતન કર્યું અને સાથે સાથે ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓની રક્ષા અંગે વિમર્શ પણ કર્યો. ભારતભૂમિથી દૂર અહીં વિદેશની ધરા પર જાણે નાનકડા ભારતને નજીકથી નિહાળી રહ્યા હોય તેવો અવિસ્મરણીય અનુભવ ઉપસ્થિત સૌએ કર્યો. આ કોઈ ઔપચારિક વાર્તાલાપ ન હતો, પરંતુ દરેકના હૃદયમાં 'વસુધૈવ કુટુંબકમ્' ની ભાવના જાણે છલકાઈ રહી હતી!

સનાતન હિન્દુ સંસ્કૃતિનો વારસો વૈવિધ્યથી સભર છે. પરંતુ આ જ વૈવિધ્યને કારણે ક્યારેક વાડા-સીમાડાઓ પણ ઊભા થાય છે. પરિણામે અમેરિકા ખંડમાં વસતા હિન્દુઓની લાગણી છે કે બધા એ વૈમનસ્યને ભૂલીને એકતાથી કાર્ય કરે. જાણે સૌની આ લાગણીને પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સ્વીકારી હોય તેમ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા એક વિશિષ્ટ આયોજન યોજાઈ ગયું: 'વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના સાથે, ચાલો, આપણે સૌ સાથે મળી વૈશ્વિક એકતાના વર્તુળને વિસ્તારીએ...' તારીખ ૨૬ મે, ૨૦૨૨ના દિવસે ગુરુહરિ મહંત સ્વામી મહારાજે ઘણા જ હેતપૂર્વક આશીર્વાદ આપ્યા હતા.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજે એવો દિવ્ય સંકલ્પ કર્યો કે સનાતન ધર્મની પુષ્ટિ થાય, ભગવાન સ્વામિનારાયણે પ્રવર્તાવેલ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતની હરિભક્તોને વિશેષ દૃઢતા થાય, અને અન્ય હિન્દુ સંસ્થાઓ સાથે પરસ્પર એકતા-સુહૃદભાવ વધે તેવું આયોજન શતાબ્દી પર્વે કરવું છે. તેઓના આ સંકલ્પને દૃઢાવતાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પણ વિશેષ પ્રેરણા આપતાં જણાવ્યું કે, 'ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો સિદ્ધાંત હતો કે સૌના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ છે. ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે આવો, આ સિદ્ધાંતને સમાજમાં પ્રસરાવીએ. આ સિદ્ધાંતનું અનુસરણ આજના સમયમાં અનિવાર્ય છે.'

આ કાર્યક્રમ હેઠળ, મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી ઈશ્વરચરણદાસ સ્વામીની પ્રેરણા અનુસાર મહામહોપાધ્યાય સાધુ ભદ્રેશદાસ સ્વામીનું વિચરણ યુનાઈટેડ સ્ટેટ્સમાં યોજાયું. તેઓના આ વિચરણનો મુખ્ય હેતુ હતો - અમેરિકાના જુદા જુદા વિસ્તારોમાં કાર્યરત હિન્દુ મંદિરો તેમજ હિન્દુ સંસ્થાઓના મોભીઓ, વડાઓ સાથે મુલાકાત કરીને હિન્દુ ધર્મનાં સનાતન મૂલ્યોનાં સંરક્ષણ, પોષણ અને સંવર્ધન અંગે વાર્તાલાપ કરવાનો.

રોબિન્સવિલ, ન્યૂજર્સી ખાતે પૂજ્ય વિવેકમૂર્તિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ 'કમ્યૂનિટી રિલેશન્સ' ટીમના અનુભવી કાર્યકરો આ સેવામાં જોડાઈ ગયા અને થોડા જ સમયમાં સમગ્ર શતાબ્દી સુહૃદયાત્રાનું ઊંડાણપૂર્વકનું આયોજન થઈ ગયું.

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે અને પૂજ્ય મહંતસ્વામી મહારાજના વચને અને 'વસુધૈવ કુટુંબકમ'ના મધ્યવર્તી વિચાર સાથે યુનાઈટેડ સ્ટેટ્સમાં આ શતાબ્દી સુહૃદયાત્રાનો મંગલ પ્રારંભ થયો.

તા. ૧૨ જૂન, ૨૦૨૨ના દિવસે ન્યૂયોર્કથી આરંભાઈને તા. ૧૭મી જુલાઈ, ૨૦૨૨ના રોજ અમેરિકાના પશ્ચિમ છેડે આવેલા લોસએન્જલસ નગરમાં શતાબ્દી સુહૃદયાત્રાની સમાપ્તિ થઈ.

યુનિટી ફોરમ

યુનાઈટેડ સ્ટેટ્સના વિવિધ વિસ્તારોમાં હિન્દુ મંદિરો તેમ જ અન્ય હિન્દુ સામાજિક સંસ્થાઓ પોતાની રીતે સક્રિય છે જ. પરંતુ આ તમામ સંસ્થાઓને એક મંચ ઉપર એકત્રિત કરી સંવાદિતતાનું આયોજન એટલે યુનિટી ફોરમ.

આ ફોરમમાં યુનાઈટેડ સ્ટેટ્સના જુદા જુદા રિજિયનમાં કાર્યરત હિન્દુ મંદિરો તેમજ વિવિધ સામાજિક મંડળોના અગ્રણીઓ, કાર્યકારી સમિતિના સભ્યો, ટ્રસ્ટીઓ વગેરે મહાનુભાવોને આમંત્રિત કરવામાં આવ્યા. સૌએ ખૂબ ઉત્સાહભેર આ આયોજનમાં ભાગ લઈ પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ આપેલા પ્રમુખસ્વામી મહારાજના એકતાના સંદેશને સહર્ષ સ્વીકાર્યો.

આ કાર્યક્રમમાં, આમંત્રિતોએ મંદિરોની સલામતી કે સુરક્ષા વગેરે વિષયોના પોતાના સ્થાનિક પ્રશ્નોની રજૂઆત કરીને તેના સમાધાન અંગે બી.એ.પી.એસ. સંસ્થાના અનુભવી કાર્યકરો અને જે તે ક્ષેત્રના અન્ય નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન મેળવ્યું.

સ્થાવર મિલકતની સુરક્ષાની વાત તો થઈ, પરંતુ આપણાં સાંસ્કૃતિક મૂલ્યોની રક્ષાનું શું? આથી, આ ફોરમના હાર્દ સમાં સનાતન હિન્દુ સંસ્કૃતિ અને મૂલ્યોનાં રક્ષણ અને પોષણ અંગે પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ આમંત્રિતોને ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું.

આ બધા જ અગ્રણીઓને એક મંચ ઉપર ભેગા કરવાની સૌની ઇચ્છા બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા પૂર્ણ થઈ રહી હોવાથી, ઠેર ઠેર યોજાયેલા એકતાના આ અનોખા સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવો ખૂબ ધન્યતા અનુભવી રહ્યા. સૌનો એક જ સૂર હતો કે વૈશ્વિક એકતાના પ્રખર પ્રવર્તક પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય ઉપસ્થિતિમાં અહીં વૈશ્વિક એકતાનું એક વધુ પગલું ભરાયું.

ડલાસ વિસ્તારમાં યુનિટી ફોરમની પૂર્ણાહુતિ બાદ એક અગ્રણી શ્રી શમિક શાસ્ત્રીએ જણાવ્યું કે 'મારું માનવું છે કે આખા અમેરિકામાં બધા હિન્દુઓને સાથે લાવી શકે, એ કાર્ય તો બી.એ.પી.એસ. જેવી સંસ્થા કરી શકે.'

ટેક્સાસ રાજ્યના હ્યુસ્ટન ખાતે વલ્લભ પ્રીતિ સેવા સમાજના કંટ્રોલર પરમ ભગવદીય શ્રી રસેશભાઈ દલાલે વાત કરીઃ 'અનેકવિધ હિન્દુ સંપ્રદાયો વચ્ચે એક બ્રિજ બનાવીને સમગ્ર હિન્દુ ધર્મની એકતાનો સુંદર મેસેજ લઈને આજે સ્વામીજી અત્રે પધાર્યા. મને સ્વામીજીના વક્તવ્યમાંથી સ્પાર્ક અનુભવાયો.'

લોસ એન્જલસ વિસ્તારના માલિબુ હિન્દુ મંદિરના પ્રેસિડેન્ટ જાણીતા ધારાશાસ્ત્રી શ્રી નાદાદુર સંપત કુમારે યુનિટી ફોરમ બાદ જણાવ્યું કે, 'બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આયોજિત આ યુનિટી ફોરમ હિન્દુ ધર્મને ગંભીરતાથી ગણવાની શરૂઆત કરાવે છે.' ઉપસ્થિત મહાનુભાવો અહીં એકતાના પાઠ તો શીખ્યા જ, પરંતુ સાથે સાથે બી.એ.પી.એસ. સંસ્થાના સંતોની સરળતા, વિદ્વત્તા અને સાધુતાનો પણ તેઓએ અનુભવ કર્યો.

અત્રે ઉપસ્થિત તમામ મહાનુભાવોને પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનો અને સાથે સાથે તેઓના દીક્ષિત સંતોનો વિશેષ મહિમા હૃદયમાં દૃઢીભૂત થયો.

હિન્દુ મંદિર મુલાકાત

આ યાત્રા દરમિયાન પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ યુનાઈટેડ સ્ટેટ્સના ૧૨ જેટલાં મહાનગરોમાં વિચરણ કર્યું. આ મહાનગરોમાં આવેલાં વિવિધ હિન્દુ મંદિરોનાં દર્શને પણ તેઓ પધાર્યા. જે તે મંદિરોમાં સેવા આપતા પૂજ્ય સંતો તેમજ પૂજારીઓ સાથે પણ ઉષ્માસભર મુલાકાત થઈ. આ તમામ દર્શન-મુલાકાતો એક અવિસ્મરણીય અનુભવ

બની રહ્યા.

ન્યૂયોર્ક સ્થિત આશા માઈ મંદિર ખાતે સાધુ પૂજ્ય વિજ્ઞાનાનંદજી સાથે મુલાકાત યોજાઈ. પૂજ્ય વિજ્ઞાનાનંદજી તો અત્યંત લાગણીસભર બની ગયા. વિજ્ઞાનાનંદજીના લાગણીસભર પ્રતિભાવથી ઉપસ્થિત સૌને પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજ પ્રત્યેના તેમના અપાર આદરનાં દર્શન થયાં.

આવી પહોંચેલા. તેઓએ જાતે જ આ સમગ્ર કેમ્પસની ટૂર પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી, પૂજ્ય યજ્ઞવલ્લભદાસ સ્વામી, તેમજ ઉપસ્થિત અન્ય પૂજ્ય સંતોને કરાવી. તેમણે કહ્યું: 'પ્રમુખસ્વામી મહારાજ અહીં રોકાયેલા. તેથી આ ભૂમિ તીર્થધામ બની ગઈ છે.'

ટેક્સાસના ડલાસ વિસ્તારમાં આવેલ શ્રી કાર્યસિદ્ધિ હનુમાન મંદિરની મુલાકાતે પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી



આ મુલાકાતો દરમિયાન સાથે સેવા આપી રહેલા સંતો અને કાર્યકરોને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પૂર્વે કરેલા અમેરિકાના વિચરણનો વિશેષ મહિમા સમજાયો. ઠેર ઠેર તેમણે વિવિધ હિન્દુ ધર્મ સંસ્થાઓ અને વિવિધ હિન્દુ મંદિરોના નિર્માણ-સંચાલનમાં કરેલી મદદ સૌ કોઈ યાદ કરી રહ્યા હતા. કોઈક હિન્દુ મંદિરના નિર્માણમાં તેમણે મદદ કરેલી, કોઈક હિન્દુ મંદિરના પાયા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના હસ્તે પુરાયેલા, તો ક્યાંક વળી પ્રમુખસ્વામી મહારાજે મૂર્તિપ્રતિષ્ઠા કરેલી, તો પોતાની ભાંગતી તબિયતે પણ પ્રમુખસ્વામી મહારાજ કોઈક મંદિરે દર્શને પધારેલા અને મંદિરની કાર્યવાહીને ખૂબ પ્રોત્સાહન આપેલું.

પેન્સિલવેનિયામાં આવેલું વ્રજધામ ૨૬૫ એકરની વિશાળ ભૂમિમાં ફેલાયેલું છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અહીં ૧૯૮૮માં પધારેલા. તે પહેલાં આ મંદિર વ્રજભૂમિ તરીકે ઓળખાતું. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પધરામણી બાદ આ મંદિરના સ્થાપકોએ તેનું નામ વ્રજધામ તરીકે બદલ્યું. આ સંસ્થાના સી.ઈ.ઓ. તેમજ ફાઉન્ડિંગ મેમ્બર પરમ ભગવદીય શ્રી પ્રમોદભાઈ અમીન ૮૮ વર્ષની ઉંમરે ફ્લોરિડાથી ૧૬૩૭ કિ.મી.નો પ્રવાસ કરીને ખાસ પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીને મળવા માટે અહીં

પધાર્યા. અહીં યુનાઈટેડ સ્ટેટ્સમાં જન્મેલા અને ઉછરેલા ૪૦ જેટલા બાળકો કિશોરોએ શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૧૪મા અને ૧૫મા અધ્યાયમાંથી મુખપાઠ રજૂ કર્યો. આ મુખપાઠના આધારે પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ પણ અક્ષર અને પુરુષોત્તમ વિષયો ઉપર વિશેષ કથાવાર્તાનો લાભ આપ્યો.

કેલિફોર્નિયાના સાનહોઝે વિસ્તારમાં એક જૈન દેરાસરમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સન ૨૦૦૦માં દર્શને પધારેલા. તે વખતે સ્વામીશ્રીના જમણા પગનો અંગૂઠો પાકી ગયેલો અને ચાલવામાં ખૂબ તકલીફ પડતી હતી. છતાં સ્વામીશ્રીએ આ દેરાસરના ખૂણે ખૂણે ફરીને દર્શન કરેલાં. આ પ્રસંગ દેરાસરના અગ્રણીઓને આજે ૨૨ વર્ષ બાદ પણ ઈદમ્ યાદ હતો.


આ ઉપરાંત, સાનહોઝેમાં વૈષ્ણવાચાર્ય ગોસ્વામી પૂજ્ય હરિરાયજી સાથે પણ મુલાકાત યોજાઈ હતી. પૂજ્ય હરિરાયજી તો પોતાનો પ્રવાસ બે દિવસ માટે મુલતવી રાખી ખાસ આ મુલાકાત માટે રોકાયા હતા. એક જ મંચ ઉપરની આ મુલાકાત અને વાર્તાલાપ માણીને ઉપસ્થિત તમામ વૈષ્ણવ શ્રેષ્ઠીઓ અને હરિભક્તો અત્યંત ભાવવિભોર બની ગયા. વૈષ્ણવ પરિવારના પ્રેસિડેન્ટ પરમ ભગવદીય શ્રી નીતિનભાઈ પારેખ આ મુલાકાત આયોજિત

કરતી વખતે થોડા ચિંતિત હતા કે, રખે ને આ બંને આચાર્યોની મર્યાદા જાળવવામાં કદાચ કોઈ ગફલત થઈ જાય. પરંતુ બંને આચાર્યોને અત્યંત સરળતા અને નિખાલસતાથી મળતા જોઈને તેઓ ખૂબ જ ભાવવિભોર બની ગયા. સભાની પૂર્ણાહુતિ બાદ અત્યંત આનંદિત થઈ તેઓ બી.એ.પી.એસ.ના કાર્યકરોને ભેટી પડ્યા અને કહ્યું: 'આ એક ઐતિહાસિક મુલાકાત હતી. આજ સુધી આવો સુંદર વાર્તાલાપ મેં કદી સાંભળ્યો નથી. બી.એ.પી.એસ. અને વૈષ્ણવ પરિવાર, બનેં સંસ્થાના હરિભક્તો માટે આ ધર્મસભા ખરેખર ઐતિહાસિક બની રહેશે.'

સન ૨૦૦૦ની સાલમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે યુનોમાં ભરાયેલી ધર્મસભામાં સંદેશ આપેલો કે જ્યારે જુદા જુદા સંપ્રદાયના ધર્માચાર્ય પરસ્પર એકબીજાને મળશે, એક બીજાની સાથે સંવાદ રચશે, ત્યારે આ સંપ્રદાયોના અનુયાયીઓની અંદર પણ એકતા રચાશે. પ્રમુખસ્વામી મહારાજની આ આર્ષવાણી અહીં શબ્દશઃ સાચી ઠરતી દેખાઈ. બી.એ.પી.એસ. સંસ્થાના કાર્યકરોને ડગલે ને પગલે અનુભવ થયો. અન્ય સંસ્થાઓના કાર્યકરોની સાથે એકતા અને સંપનું વર્તુળ વિસ્તરતું સૌને દેખાયું.

પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ વીસ મિનિટના વ્યાખ્યાનમાં ભગવદ્ ગીતાનો સાર પ્રસ્તુત કર્યો ત્યારે દૂરથી તેનું શ્રવણ કરીને પ્રભાવિત થયેલાં હિન્દુ સેન્ટર ઓફ ન્યૂયોર્કના પ્રેસિડેન્ટ નીતા જૈન બોલી ઊઠ્યાં: 'I am speechless. Within 20 minutes, he gave the synopsis of the whole Bhagvad Gita. I was crying and I am still crying and having goosebumps. Only someone who knows the Gita by heart and lives the Gita can accomplish such a feat.'





જુદાં જુદાં મંદિરોની મુલાકાત વખતે કોઈ ને કોઈ વિશેષ અનુભવ હંમેશાં થયો. આ મંદિરોના અગ્રણીઓના હૃદયમાં પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી અને બી.એ.પી.એસ. સંસ્થાના અન્ય સાથી સંતોનું સન્માન કરવાનો, તેમને પોતાના મંદિરમાં પધરાવવાનો એક અનેરો ઉમંગ દેખાતો. મુલાકાતો દરમ્યાન સાથે ઉપસ્થિત પૂજ્ય સંતોને લાગતું કે જાણે મહંત સ્વામી મહારાજ આપણાથી એક ડગલું આગળ જ ચાલે છે! સાક્ષાત્ બ્રહ્મનો પ્રવેશ થયો હોય એ રીતે સમગ્ર કાર્ય થઈ રહ્યું હતું.

ઓરલાન્ડો શહેરમાં હિન્દુ યુનિવર્સિટી ઑફ અમેરિકાના સ્થાપક શ્રી બ્રહ્મ અગરવાલે કહ્યું: 'पहली बार मुझे लग रहा है, Now we are on the path to make a big difference. जैसे शंकराचार्य निकले थे तो सारे भारत में चार मठ खडे कर दीए। पूरे देशको एक संदेश दिया था। इसी तरह से आप निकले हैं तो मुझे तो बहुत अच्छा लग रहा है।'

શિકાગોના હિન્દુ મંદિરના ટ્રસ્ટી શ્રી ઓમ ઢીંગરા બોલી ઊઠ્યા હતા: 'हमारे लिए बड़ा सौभाग्य का दिन है। हमें लगा जैसे भगवान खुद संतों के रूप में हमारे मंदिर में आये!'

પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ જે જે અગ્રણીઓ સાથે મુલાકાત કરી તે તમામને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જન્મ શતાબ્દી મહોત્સવમાં ભાગ લેવા માટે હાર્દિક આમંત્રણ પણ આપ્યું. સૌએ તે સહર્ષ સ્વીકાર્યું અને શતાબ્દી મહોત્સવનાં દર્શન માટે તેમજ પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પણ કરવા માટે ખૂબ જ તત્પરતા અને ઉત્સુકતા દર્શાવી.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો સંકલ્પ અહીં

શબ્દશઃ સાચો ઠરતો દેખાઈ રહ્યો હતો. વિદેશમાં વસતા, ભારતીય સંસ્કૃતિનું સંવર્ધન કરતાં વિવિધ હિન્દુ મંદિરો, સંસ્થાઓ તેમજ સંગઠનોના પ્રતિનિધિઓ ભેગા મળીને ‘વસુધૈવ કુટુંબકમ્’ની ભાવનાને સુદૃઢિત કરી રહેલા દેખાયા. યુનિટી ફોરમ દરમિયાન ભારત દેશ અને હિન્દુ સંસ્કૃતિના હિતચિંતકોને એક સાથે એક મંચ ઉપર એક છત્રછાયા નીચે સમાન ભાવથી, સંપથી ભેગા મળીને કાર્ય કરતા નિહાળ્યા, ત્યારે એવું લાગતું જાણે આ સભાએ ‘ભારત દરબાર’નું રૂપ ધારણ કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજના જન્મ શતાબ્દી વર્ષે પ્રમુખસ્વામી મહારાજની જીવનભાવના ‘વસુધૈવ કુટુંબકમ્’ને સહુએ સંપથી સાથે મળીને શ્રદ્ધાંજલિ સમર્પિત કરી.

૩૬ દિવસની આ શતાબ્દી સુહૃદયાત્રા દરમિયાન પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી, વિવેકમૂર્તિદાસ સ્વામી અને સંતગણે યુનાઈટેડ સ્ટેટ્સના ૫ રિજિયનમાં વિચરણ કર્યું. આ દરમિયાન તેઓએ ૧૦ યુનિટી ફોર્મ્સમાં ભાગ લીધો. તેમજ ૩૩૫ જેટલાં હિન્દુ મંદિરો અને અન્ય હિન્દુ સંસ્થાઓના કુલ મળીને ૧૦૦૯ જેટલા મોવડીઓ તેમજ કાર્યકારી સમિતિના સભ્યોને અંગત રીતે મળ્યા.

આ શતાબ્દી સુહૃદયાત્રા દરમિયાન સાથે સેવા આપતા તમામ સંતો અને કાર્યકરોને પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજ સમગ્ર યાત્રા દરમિયાન સાથે જ હતા તેવી અનુભૂતિ થઈ. હિન્દુ અગ્રણીઓના હૃદયમાં પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનું શું સ્થાન છે તેનાં પણ દર્શન સૌને થયાં. આવનારી પેઢીઓને સનાતન ધર્મ અને હિન્દુ સંસ્કૃતિના સંવર્ધન માટે બી.એ.પી.એસ. સંસ્થા પાસેથી શું અપેક્ષા છે તે પણ જાણવા મળ્યું. આ સુહૃદયાત્રાના આયોજનમાં જોડાયેલા તમામ કાર્યકરોને તો જાણે અમેરિકામાં રહ્યાં રહ્યાં જ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની પ્રત્યક્ષ સેવા કર્યાનો આનંદ પણ અનુભવાયો.

આ સમગ્ર શતાબ્દી સુહૃદયાત્રાના આયોજનમાં પાયાની સેવા આપવા બદલ તેમજ સમગ્ર યાત્રા દરમિયાન વિચરણમાં પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીની સતત સાથે રહી વિવેકમૂર્તિદાસ સ્વામીએ સંયોજનની સુંદર સેવા બજાવી. આ સાથે આ સમગ્ર યાત્રાને પોતાનાં સેવા અને સહયોગથી સફળ બનાવવા બદલ યજ્ઞવલ્લભદાસ સ્વામી, વિવેક-નિધિદાસ સ્વામી, નીલકંઠસેવાદાસ સ્વામી, શાંતયોગીદાસ સ્વામી, શોભિતસ્વરૂપદાસ સ્વામી, શાંતમૂર્તિદાસ સ્વામી, શુકમુનિદાસ સ્વામી, પ્રિયસેવાદાસ સ્વામી, શ્વેતમુનિદાસ સ્વામી, વેદદર્શનદાસ સ્વામી, દિવ્યચરણદાસ સ્વામી, હરિનિવાસદાસ સ્વામી, નારાયણમૂર્તિદાસ સ્વામી વગેરે પૂજ્ય સંતો તેમજ કમ્યુનિટી રિલેશન્સ ટીમના સ્થાનિક કાર્યકરોના ખૂબ ખૂબ આભારી છીએ.

આ સુહૃદયાત્રાનો વિસ્તૃત અહેવાલ સાંભળ્યા બાદ ગુરુહરિ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વચન ઉચ્ચારતાં જણાવ્યું હતુંઃ ‘બહુ સુંદર કાર્ય થયું છે. આપણે કલ્પના નહીં કરી હોય તેવું પરિણામ આવશે.’ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સત્સંગદીક્ષા ગ્રંથની અંદર આપેલા આશીર્વાદ અહીં સાર્થક થતા જણાય છે.

ऐक्यं मिथः सुहृद्भावो मैत्री कारुण्यमेव च।
सहनशीलता स्नेहः सर्वजनेषु वर्धताम्॥

સર્વે મનુષ્યોમાં પરસ્પર એકતા, સુહૃદભાવ, મૈત્રી, કરુણા, સહનશીલતા તથા સ્નેહ વૃદ્ધિ પામે. (૩૦૬)

‘વસુધૈવ કુટુંબકમ્’ ભાવનાના પ્રવર્તનના પ્રયાસ સાથે શરૂ થયેલી આ શતાબ્દી સુહૃદયાત્રા તો એક પ્રથમ પગલું જ હતી. હવે આ યાત્રા એક સહયાત્રા સ્વરૂપે આગળ વધતી રહેશે. વધતી જ રહેશે. સનાતન હિન્દુ સંસ્કૃતિના ઇતિહાસમાં કેવળ એક સુવર્ણપત્ર જ નથી ઉમેરાયું, પરંતુ ઇતિહાસને એક સાચી દિશામાં વાળવાનો અજોડ પ્રયાસ થયેલ છે, જે બદલ ભવિષ્યની અનેક પેઢીઓ ઋણી રહેશે. ◆





પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે પંજાબના મહાનગર જલંધરમાં યોજાયો જીવન ઉત્કર્ષ ઉત્સવ...





બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે પંજાબના પૌરાણિક શહેર જલંધરમાં તારીખ ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૨, રવિવારના રોજ જીવન ઉત્કર્ષ ઉત્સવનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું.

દિલ્હી બી.એ.પી.એસ. મંદિરના કોઠારી પૂજ્ય મુનિવત્સલદાસ સ્વામી અને શહેરના પ્રતિષ્ઠિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં મંદિરના મુખ્ય દ્વારે ઠાકોરજીની પૂજા-અર્ચના સાથે ઉત્સવને વિધિવત્ રીતે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંદિરમાં ઠાકોરજી સમક્ષ વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સંતો-મહાનુભાવોએ અન્નકૂટ સહિત ઠાકોરજીની આરતી ઉતારી અનેરો ભક્તિભાવ અર્પ્યો હતો.

મંદિરના પ્રાંગણમાં ત્રણ અલગ અલગ સ્થાનોમાં કૌટુંબિક એકતા, ઘરસભા, વ્યસનમુક્તિ, સ્વચ્છતા, પાણી બચાવો, વીજળી બચાવો વગેરે સંદેશ ઉપરાંત પ્રમુખસ્વામી મહારાજનાં જીવન અને કાર્ય વિષયક પ્રેરક વીડિયો શૉ પ્રસ્તુત કરાયા હતા. વીડિયો શૉ બાદ બાળ-યુવામંડળના સભ્યોએ પંજાબનું લોકનૃત્ય ભાંગડા અને બાલિકામંડળ દ્વારા ગીદ્ધા લોકનૃત્ય અને યુવતીમંડળ દ્વારા ગરબા રજૂ થયા હતા. સમગ્ર દિવસ દરમ્યાનના કાર્યક્રમમાં આ રીતે પાંચ શૉ પ્રસ્તુત થયા હતા.

મંદિરમાં અન્ય સ્થળે પ્રમુખસ્વામી મહારાજનાં જીવન અને કાર્ય પર આધારિત પોસ્ટર પ્રદર્શન અને વ્યસન-મુક્તિની પ્રેરણા આપતું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. બાળકોને રમવા માટે ફન ઝોન અને તમામ દર્શનાર્થીઓ માટે ભોજન પ્રસાદ અને પ્રેમવતી ઉપાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી. સૌએ તેનો આનંદ લીધો હતો.

સાંજે ૭-૦૦ થી ૮-૩૦ સુધી સમાપન સમારોહ યોજાયો હતો. સમારોહમાં પૂજ્ય મુનિવત્સલદાસ સ્વામીએ પ્રમુખસ્વામીજી મહારાજના પારિવારિક શાંતિના સંદેશ પર ઉપસ્થિત સૌને સુંદર માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતમાં ઠાકોરજીની આરતી દ્વારા ઉત્સવની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. ત્યારપછી પંજાબ રાજ્યના સુપ્રસિદ્ધ અખબાર પંજાબ કેસરીના માલિક શ્રી વિજય ચોપરા દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનારાં બાળ-બાલિકા અને યુવા-યુવતીઓને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

સમગ્ર દિવસ દરમ્યાન યોજાયેલા આ ઉત્સવમાં ૩,૦૦૦ જેટલા પંજાબી ભક્તો-ભાવિકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને મનભરીને માણ્યો હતો અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં જીવન-કાર્ય અને સંદેશ વિશે જાણી વિશેષ પ્રેરિત થયા હતા.

(અનુસંધાન પૃષ્ઠ ૧૪ પરથી)
છે? ન કરી હોય તો કરી રાખજો, બાકી મને લાગતું નથી કે કાર્ય પૂરું થાય.' કેટલું પ્રેક્ટિકલ માર્ગદર્શન! કાગળ ઉપર આયોજન કરવું એક વાત છે અને એ જ મુજબ એનું વાસ્તવિક પાલન કરાવવું એ બીજી બાબત છે.

સ્વામીશ્રી એક વખત અમદાવાદ બિરાજ્યા હતા અને કોઈક કામ માટે મારે અમદાવાદ જવાનું થયું. મને જોતાં જ ચાલતાં ચાલતાં નજીક બોલાવીને કહ્યું: 'હર્ષદ! ગમે તેમ કરો પણ ઉદ્‌ઘાટનના એક મહિના પહેલાં બધું જ કમ્પ્લીટ થઈ જવું જોઈએ.' મેં વાસ્તવિકતા રજૂ કરતાં કહ્યું: 'બાપા! ઘણું કામ બાકી છે!' સ્વામીશ્રીએ કહ્યું: 'અરે કામ તો ઘણું કાંઈ નથી. તમે ધારો તો એક રાતમાં બ્રહ્માંડ ઊભું કરી શકો તેમ છો! એટલે હવે પેલો વિચાર કર્યા સિવાય મંડી જ પડો.'

બસ! આ હતી બળ સિંચવાની એમની અજોડ રીત.

બાંધકામમાં સંકળાયેલા સંતોને પણ સ્વામીશ્રી અવારનવાર મળીને તેમને બળ સીંચતા રહેતા: 'જેમ ટ્રેન લેટ હોય ને એન્જિન ડબલ દોડાવીને ગાડી સમયસર કરી નાંખે એમ એવું અહીં છે. હવે ઉદ્‌ઘાટન-ઉત્સવ આવતાં વાર નહીં લાગે. હવે તમે બરાબર ટાઈમટેબલ કરો. તમે ધારશો એટલે થઈ જ જશે. જોગીબાપાનું કાર્ય છે ને ભગવાનના હાથની વાત છે. બેય ઉપરથી ધ્યાન રાખે છે એટલે થઈ જ જશે.'

ગાંધીનગરમાં ઉદ્‌ઘાટન સમય નજીક આવતો હતો ત્યારે કારીગરોની ખાસ સભા યોજીને સ્વામીશ્રીએ એ સૌને ખૂબ અભિનંદન આપતાં કહ્યું: 'આપ સબ મહેનત કરકે, અપના માનકે કામ કર રહે હોં તો ભગવાનકી પ્રસન્નતા જરૂર હોગી. અબ ઓપનિંગકા સમય નજદીક આ રહા હૈ ઔર કામ જ્યાદા હૈ તો આપ સબકો વિનંતિ હૈ કિ આપ જૈસે મહિમાસે કામ કરતે હૈં તો થોડા જ્યાદા પ્રેમસે કરો. આપકા કામ લાખોં લોગ દેખનેવાલે હૈં. અબ તો એક દિન એક વર્ષ જૈસા હૈ. અબ દો મહીનેકી બાત હૈ. આપ ભગવાનકે લિયે કરતે હોં તો ભગવાન આપકે બાલબચ્ચા, જમીન સબ સંભાલ લેંગે યહ નિર્વિવાદ બાત હૈ. હમને તો સબ છોડ દિયા હૈ, આપકો દો-તીન મહીને કે લિયે હી છોડના હૈ. હમારી વિનંતી હૈ. ભગવાન આપકો જ્યાદા લાભ કર દેંગે. સબ કારીગર યે બાત દિલમેં રખે...!' સ્વામીશ્રીના આવા પ્રેમભર્યા આગ્રહથી કારીગર ભાઈઓનો ઉત્સાહ અનેકગણો વધી ગયો હતો અને કામ સમયસર પૂર્ણ થઈ ગયું.

છેલ્લા મહિનામાં જ્યારે ચારે તરફથી અક્ષરધામ સમયસર પૂર્ણ કરવાના નિર્ણયમાં સૌ શંકાશીલ હતા ત્યારે માત્ર સ્વામીશ્રી જ મક્કમ હતા: 'ના, સમયસર પૂરું થઈ જ જશે.' સેવામાં જોડાયેલા સંતો પણ દ્વિધામાં હતા ત્યારે માત્ર સ્વામીશ્રી જ સૌને પ્રેરકબળ પૂરું પાડી રહ્યા હતા. અને ખરેખર! જ્યાં આગળનો માર્ગ દેખાતો ન હોય ત્યાં કોઈ એવી અદૃશ્ય સાથ મળી જતો, જેની કલ્પના જ ન કરી હોય.

સ્વામીશ્રીનું માર્ગદર્શન હંમેશાં વ્યવહારુ રહેતું. આવો જ અનુભવ રોબિન્સવિલ અક્ષરધામના કાર્યમાં પણ થયો છે. જ્યારે જ્યારે અમે સ્વામીશ્રી પાસે તેના નકશા, પ્લાનિંગ વગેરે બધું લઈને ગયા છીએ ત્યારે સ્વામીશ્રીએ વારંવાર એકની એક વાત કરી છે: 'કામ સર્વોપરી કરવું છે, ઝડપથી કરવું છે, શાસ્ત્રની રીતે કરવું છે.' એક વખત સારંગપુરમાં મીટિંગ પછી મેં સ્વામીશ્રીને કહ્યું: 'બાપા, આપ રોબિન્સવિલ અક્ષરધામના ઉદ્‌ઘાટનની તારીખ જાહેર કરી દો, એટલે એ પ્રમાણે અમે સૌ કાર્ય કરવા લાગીએ.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું હતું: 'એમ તારીખ જાહેર ન કરાય. હજુ તો ડિઝાઈનમાં કેટલાય સુધારા થશે. વળી, કામ કરવામાં નાની-મોટી કેટલીય અડચણો આવશે. સરકારી-દરબારી પ્રશ્નો પણ આવશે. વળી તમે અહીંથી વહાણમાં ઘડતર કરીને ત્યાં મોકલ્યું હોય પણ વહાણ બીજા બંદરે જઈને પથ્થર ઉતારી દે, એવુંય થાય. એવું બધું લક્ષ્યમાં રાખીને કામ કરવું. તારીખ જાહેર કરવાની ઉતાવળ ન કરવી પણ કામ કરવામાં ઉતાવળ ચોક્કસ રાખવી.'

૯૧ વર્ષની ઉંમરે પણ રોબિન્સવિલના અક્ષરધામના નિર્માણનો સ્વામીશ્રીનો ઉત્સાહ અજોડ હતો. મુંબઈમાં રહીને તેમણે જ્યારે અક્ષરધામના શિલાન્યાસનો વિધિ કર્યો ત્યારે કેટલો અપાર એમનો ઉત્સાહ હતો! વળી, ૯૪ વર્ષની ઉંમરે અનેકવિધ તકલીફો વચ્ચે છેક રોબિન્સવિલ પધાર્યા, ત્યાં આવીને શિખરબદ્ધ મંદિરનું કાર્ય નિહાળીને ખૂબ રાજી થયા, જ્યાં અક્ષરધામ મહામંદિર થવાનું હતું ત્યાં પધારીને બધું જાતે નીરખ્યું અને કળશરોપણ કર્યું, વળી ખૂબ રસપૂર્વક આખી જમીન જોઈને બધે જ ફરી વળ્યા, એ બધું અક્ષરધામની પ્રવૃત્તિમાં પ્રાણરૂપ બની ગયું છે. સારંગપુરમાં તેઓના છેલ્લા દિવસોમાં પણ અમે તેમની ઉપસ્થિતિમાં મંદિરોના કાર્યની મીટિંગ કરી છે તેમાં ખૂબ ઉત્સાહથી તેમણે લાભ આપ્યો છે. આ બધું યાદ આવે છે ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલેલા તે પણ સાંભરી આવે છે. શાસ્ત્રીજી મહારાજ કહેતા: 'મારો જન્મ મંદિર કરવા માટે થયો છે.' એમ, ખરેખર જીવનના છેલ્લા દિવસો સુધી સ્વામીશ્રીએ મંદિરોના નિર્માણની અજોડ પ્રવૃત્તિ કરતા રહ્યા છે. આવા અજોડ મંદિરનિર્માતા સ્વામીશ્રીનાં ચરણોમાં કોટિ કોટિ વંદન. ◆

(અનુસંધાન પૃષ્ઠ ૪૩ પરથી)



પૂજ્ય શ્રી ૧૦૦૮ મ.મં. ગંગાદાસ બાપુ
રામકુંડ આશ્રમ, અંકલેશ્વર

સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળમાં ભજન, સત્સંગ અને સમર્પણ છે. આ સંસ્થા દ્વારા એક આહ્‌વાન થાય અને હજારો સ્વયંસેવકો સેવા માટે હાજર થઈ જાય. સેવા અને સમર્પણ માટે સૌ તત્પર હોય છે. આ સંસ્કારો આવ્યા ક્યાંથી? પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની અસીમ કૃપાથી. આવા મહાપુરુષો આપણને બધાને આધ્યાત્મિકતા સાથે જોડી દે છે. આ સંતો-ઋષિમુનિઓનો દેશ છે. પ્રમુખસ્વામીબાપા વિશ્વવંદનીય થઈ ગયા. આ કક્ષાએ પહોંચવું એટલે ગૌરીશિખર સમાન છે. આ કક્ષાએ પહોંચવા માટે તેમનું ભજન કેટલું પરિપક્વ હશે! સંતનો સ્વભાવ કેવો? જનેતાની ગોદના જેવો. સ્વામીબાપા મળે એટલે અંતરમાં થાય કે મારી 'મા' આવી.
આવું વાત્સલ્ય તેમનામાં હતું.
આ સાધુતા. એમનાં દર્શન પણ માર્ગદર્શન બને છે. આપણે સનાતની છીએ. સ્વામિનારાયણ સંપ્રદાય સનાતન ધર્મની બહાર નથી. સ્વામિનારાયણ સંપ્રદાય સનાતન ધર્મની એક પાંખ છે. એમાં કોઈ વાદ-વિવાદ નથી. આપણે બધા જ હિન્દુ છીએ અને એક થઈને રહેવાનું છે. ગુજરાતની ધન્ય ધરા પર પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતપુરુષે જન્મ ધર્યો છે. તેમનું નામ લઈએ તો રુંવાડાં ઊભાં થઈ જાય છે. કારણ કે તેમનું ભજન એવું હતું!
સૌમ્ય સ્વભાવ, નિર્મળતા, સરળતા, વિદ્વત્તા - બાપાના ગુણો વિશે બોલવા માટે શબ્દો જ નથી મળતા.
(૨૮-૮-૨૦૨૨, ભરૂચ) ●



પૂજ્ય શ્રી દેવકિશોર સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, નહીયેર, ભરૂચ

પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ દિવ્ય અને હાજરાહજૂર છે. પ્રમુખસ્વામી મહારાજે આપણને મહંત સ્વામી આપ્યા. આ પરંપરા વરસો સુધી નહીં, હજારો વરસ સુધી સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલી પરંપરા છે.
ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે આ પાયા પાતાળ સુધી પહોંચ્યા છે.
એક આઝાદી કા અમૃત મહોત્સવની સાથે સાથે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનો પણ દુનિયાના છેવાડા સુધી હવે ડંકો વાગશે. અક્ષરધામ સુધી એનો અવાજ પહોંચશે.
(૨૮-૮-૨૦૨૨, ભરૂચ) ●



પૂજ્ય શ્રી લોકેશાનંદજી મહારાજ
ત્રિગુણાતીત આશ્રમ, કુકરવાડા

'પ્રમુખસ્વામી મહારાજની મહાનતા, સેવા, ઉદારતા, સાધના, સમર્પણ, ભક્તિ અદ્‌ભુત છે. આ વાણી દ્વારા વ્યક્ત કરવાનો વિષય નથી. તેમણે સમગ્ર વિશ્વમાં હિન્દુ સંસ્કૃતિનો, ભગવદ્ ભક્તિનો પ્રવાહ ચલાવ્યો છે. ૧૨૦૦ મંદિરોનું નિર્માણ, ૧૧૦૦ સુશિક્ષિત સંતો અને લાખો ભક્તોમાં ભક્તિ જગાડવાનું અદ્‌ભુત કાર્ય કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજની મહાનતા, ગુણ, સંદેશનો વિચાર કરીએ છીએ ત્યારે તેમનામાં દયા, કરુણા, અહંશૂન્યતા, નિઃસ્વાર્થપણું, અકર્તાપણાનાં અવશ્ય દર્શન થાય છે. આ પાંચ બિંદુઓ સમગ્ર શાસ્ત્રનો નિચોડ છે. પ્રમુખસ્વામી મહારાજના સંદેશનું મૂળ છે. આ પાંચ ગુણોને માનવ આત્મસાત્ કરે, હૃદયમાં સ્થાન આપે તો તમામ સમસ્યાઓનું સમાધાન થઈ જાય.
(૨૮-૮-૨૦૨૨, ભરૂચ) ●



પૂજ્ય શ્રી મુક્તાનંદ સ્વામી
મહામંત્રી, ભરૂચ જિલ્લા સંતસમિતિ

પ્રમુખસ્વામી મહારાજે સમાજમાં જાતિવાદના ઐક્ય વિષયક ખૂબ સરાહનીય કાર્ય કર્યું છે. સ્વામીશ્રીએ જાતિવાદનો ભેદ કેમ કરતાં નષ્ટ થાય અને બધા શ્રીહરિનાં ચરણોમાં આવે એ ઉદ્દેશ સાથે કામ કર્યું છે. સનાતન પરંપરામાં ક્યાંય છૂત-અછૂતના ભેદભાવ નથી. આ ભેદને નષ્ટ કરવા પ્રમુખસ્વામી મહારાજે ઘણા પ્રયત્નો કર્યા છે.
સારંગપુરમાં સ્વામીશ્રી પસાર થઈ રહ્યા હતા ત્યારે દૂર ઊભેલા ચાર-પાંચ યુવાનોને જોતાં જ તેમને નજીક બોલાવ્યા. કંઈક સંકોચ સાથે એ યુવાનો બોલી ઊઠ્યા: 'પણ બાપજી, અમે તો હરિજન છીએ.' સ્વામીશ્રીએ કરુણતા ભરેલા સ્વરે કહ્યું: 'ઓહ, અમે પણ હરિના જન છીએ. નજીક આવો ને!' દોડતાં જ એ યુવાનો સ્વામીશ્રી પાસે પહોંચી ગયા. સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા. ત્યારે એ દરેકના રોમ રોમમાં આનંદ છવાઈ ગયો. પછી સ્વામીશ્રીએ કહ્યું: 'ભાઈ, હરિના જન તો સૌને થવાનું છે. જીવન શુદ્ધ કરજો. વ્યસન હોય તો છોડજો. વ્યસન દૂષણ કાઢીને પવિત્ર જીવન કરજો. લ્યો આશીર્વાદ છે.'
અને એ નખાઈ ગયેલા ચહેરાઓ ઉપર તેજ ઝળકી ઊઠ્યું. લઘુતાગ્રંથિ ઓળંગી ગઈ. આનંદની લહેર ઊઠી. વિચાર કરીએ આપણે! માત્ર ખાલી વાત કરવી અને એ વાતને વ્યવહારમાં સાકાર કરવી આ બેમાં બહુ અંતર છે. આપણે સૌ

એમના અનુયાયીઓ છીએ. આપણે સૌ સનાતની છીએ. પ્રમુખસ્વામી મહારાજનાં એક-બે મૂલ્યોને વ્યવહારમાં લાવતા થઈ જઈશું તો આપણું જીવન સાર્થક થઈ જશે. (૨૮-૮-૨૦૨૨, ભરૂચ) ●



પૂજ્ય શ્રી જ્ઞાનાનંદ સરસ્વતીજી
મહાકાળી મંદિર, નવારેવાસ

ભારત ઋષિ, મુનિ અને સંતોનો દેશ છે. આપણે સૌ ભાગ્યશાળી છીએ કે પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાપુરુષોનાં ચરણોમાં પ્રણિપાત થઈને મંત્રદીક્ષા લીધી છે. આ સંતોએ આપણને સૌને માનવધર્મ શીખવ્યો છે. મનુષ્યમાં મનુષ્યત્વ ન હોય તો તેની કિંમત શું? પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતોએ આ શીખવ્યું છે. તેઓ હંમેશાં કહેતા ભગવાન પર શ્રદ્ધા, વિશ્વાસ રાખીને શરણાગત થાઓ. ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્ગીતામાં કહ્યું કે અક્ષરબ્રહ્મ પરબ્રહ્મને ઓળખવા. તે અવિનાશી તત્ત્વ છે. પ્રમુખસ્વામી મહારાજે અક્ષરબ્રહ્મનો અનુભવ કર્યો છે. પચ્ચીસ વર્ષ પહેલાં મેં પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કર્યાં હતાં. તેઓ પોતાની સમક્ષ જે મનુષ્ય આવે એના મનોભાવને ઓળખી લેતા. તે કક્ષા સુધી પહોંચેલા મહાપુરુષ હતા.
ભારતભૂમિ ધન્ય છે કે આવા મહાપુરુષ અહીં પ્રગટ થયા છે.
(૪-૯-૨૦૨૨, હિંમતનગર) ●



પૂજ્ય શ્રી રામકૃપાલુજી મહારાજ
મોટો રામદુવાર વાટીરોડ, ઇડર

યુગપુરુષ, યુગાવતાર, બ્રહ્મનિષ્ઠ, તપોનિષ્ઠ, ગુરુસેવા પરાયણ સૌનાં લોકલાડીલા પ્રમુખસ્વામી મહારાજનાં પાવન ચરણોમાં કોટિ કોટિ નમન.
પ્રમુખસ્વામી મહારાજનું જીવન સરળ અને સાદગીમય હતું.
પ્રમુખસ્વામી મહારાજે સેંકડો મંદિરો રચ્યાં તેમાં દિવ્યતા તો છે જ પણ સાથે ભવ્યતા પણ એટલી જ છે. છતાં પણ તેમના જીવનમાં એટલી સાદગી હતી કે 'હું તો સેવક છું, ભગવાનનો દાસ છું' - આ દાસભાવના પ્રતિબિંબ સમા પ્રમુખસ્વામી મહારાજ સાક્ષાત્ આપણી વચ્ચે ભગવાનના અવતાર સમા હતા. સાક્ષાત્ પરમાત્માની જાગતી જ્યોત હતી. તેમણે અનેક લોકોને જાગ્રત કરીને કલ્યાણના માર્ગ પર, ભક્તિના માર્ગ પર, સેવાના માર્ગ પર ઊભા કર્યા. પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં ગુરુભક્તિ અને ગુરુનિષ્ઠા પણ અપાર હતી. ભગવાન પ્રમુખસ્વામી જેવા સંતોને આપણી વચ્ચે મોકલે છે. તેઓ અવતારી પુરુષ હતા. હંમેશાં અવતારી પુરુષ ક્યાંય જતા નથી. સ્વામીશ્રી આજેય પણ વાતો, વિચાર, ઉપદેશ, આદેશ, સંદેશ સાથે આપણી વચ્ચે ખરેખર બિરાજે છે.
દિવ્યાતિદિવ્ય, ભવ્યાતિભવ્ય મંદિર કોઈ સાધારણ માણસ ઊભા ન કરી શકે. આ તો પરમાત્માના દૂત જ ઊભા કરી શકે. આ વિશ્વકર્મામાં એવી મુસ્કુરાહટ હતી કે જે કોઈ સામે આવે તો એ એનાં બધાં દુઃખ ભૂલીને સુખી થઈ જતો હતો. એવા પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં ખૂબ ખૂબ અભિવંદન કરીએ.
(૪-૯-૨૦૨૨, હિંમતનગર) ●



પૂજ્ય શ્રી દેવરાજ ધનગિરિજી મહારાજ
મહંત, રામદેવપીર મંદિર, મોડાસા

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં કાર્યો જગવિખ્યાત છે. માણસને માણસ બનાવવાની ક્રિયા પ્રગટ કરી જનતા જનાર્દન સુધી પહોંચ્યા. ધર્મના પ્રચારક બન્યા. બાપાને યાદ કરતાં સંતના મહિમાનો આવો સુંદર સમન્વય યોજાયો છે. આ મહાપુરુષોનો અમર પરવાનો છે. તેમનું શરીર શાંત થતું નથી. એ આપણી વચ્ચે હયાત છે તો જ આટલો મોટો અવસર મળે, નહીંતર મળે નહીં.
પ્રમુખસ્વામી મહારાજનું ધર્મક્ષેત્ર બોલે છે. વિશાળ ધર્મની સ્થાપના કરી, એક એક વ્યક્તિને મળીને માણસને માણસ બનાવવાની ક્રિયા તેમણે કરી છે. આ બધી વાત ધર્મશાસ્ત્રો દ્વારા એમણે પ્રસિદ્ધ કરી છે. છ શાસ્ત્ર, અઢાર પુરાણ, ચાર વેદ, ઉપનિષદ, ગીતા, મહાભારત, રામાયણ એવાં ધર્મશાસ્ત્રોમાં જે વાત વર્ણવી એ જ વાતને પૂજ્ય સ્વામીબાપાએ શિક્ષાપત્રીના આદેશો દ્વારા જનતા જનાર્દનને જગાડવા માટે મૂકી દીધી. એવા પૂજ્ય બાપાને વંદન સહ જય ગુરુદેવ!!
(૪-૯-૨૦૨૨, હિંમતનગર) ●



પૂજ્ય મહંત શ્રી લાલજી મહારાજ
વક્તાપુર

સનાતન ધર્મ માટે જે કામ સ્વામી વિવેકાનંદે કરેલું, સંત કબીર સાહેબે કરેલું, આદ્યગુરુ શંકરાચાર્યજીએ કરેલું એવું કાર્ય વર્તમાન સમયમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામીબાપાએ કરેલું છે.
આજથી ૧૫ થી ૨૦ વર્ષ પહેલાં હિંમતનગરમાં જૂના મંદિરમાં પૂજ્ય પ્રમુખસ્વામીબાપાનાં દર્શનનો લાભ પ્રાપ્ત થયેલો. ત્યારે મને એવો અનુભવ થયેલો કે બાપા પાસે સ્વામિનારાયણ ભગવાન હાજરાહજૂર, પ્રગટ છે. આ વાત કોઈ પ્રસિદ્ધિ માટે નથી. મને ખ્યાલ પણ નહોતો કે આવો અનુભવ હોઈ શકે! એક માણસને માણસ બનાવવો હોય તો એ માણસ બની શકતો નથી. પણ

૧૧૦૦ યુવાનોને ભેખ પહેરાવવાનું કાર્ય પ્રમુખસ્વામીબાપાએ કર્યું છે. ભગવાન બુદ્ધ પછી આવું કાર્ય થયું છે. વર્તમાન સમય એવો છે કે પ્રમુખસ્વામીબાપાના સંતો આજે વિશ્વમાં સનાતન ધર્મનો, સ્વામિનારાયણ ભગવાનનો, ભગવાન શ્રીકૃષ્ણનો, ભગવાન રામનો પ્રચાર કરે છે. આ આધ્યાત્મિક શક્તિ સિવાય શક્ય નથી. પ્રમુખસ્વામીબાપા જેવા, મહંત સ્વામીબાપા જેવા, કબીર સાહેબ જેવા મહાપુરુષ ભારતવર્ષની ધરતી ઉપર પ્રગટ હશે ત્યાં સુધી દુનિયાની કોઈ શક્તિ સનાતન ધર્મનો, ભારતવર્ષનો વાળ વાંકો કરી શકશે નહીં.

(૪-૯-૨૦૨૨, હિંમતનગર) •



પૂજ્ય શ્રી તુલસીદાસજી મહારાજ

વિરેશ્વર

આજથી ૩૦ વર્ષ પહેલાં અમદાવાદ કોબા-રાજચંદ્ર આશ્રમમાં પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરેલાં. એ વખતે મને લાગ્યું કે આ મહાપુરુષમાં કેટલી નમ્રતા છે! કેટલી સરળતા છે! બોલે નહીં પણ એટલું બધું તેજ આપે! મહાપુરુષોમાં આટલી બધી શક્તિ હોય છે કે તેઓ બોલતા નથી પણ સામેના માણસનું ચિત્ત હરી લે છે. સંતો માણસનું પરિવર્તન કરી દે છે. સત્પુરુષમાં શ્રદ્ધા હોય એવી જગ્યામાં જઈએ ત્યારે પ્રેમનો ઊભરો આવી જાય. પ્રમુખસ્વામી મહારાજ આટલા દેશોમાં ફર્યા પણ ક્યારેય અહંકાર ન કર્યો કે મેં આટલું કર્યું! જેટલો મોટો માણસ એટલો જ ગંભીર હોય છે. એટલો જ શક્તિશાળી હોય છે. પરમાત્માએ મનુષ્ય અવતાર આપ્યો છે. તેમાં પ્રમુખસ્વામી મહારાજ જેવા ગુરુ-સંતનો સંગ મળ્યો એટલે ભક્તિમાં રંગાયા છીએ. ગુરુદેવની આજ્ઞા પ્રમાણે ચાલીએ એટલે સો ટકા જીવ કલ્યાણ બાજુ જાય જાય ને જાય.

(૪-૯-૨૦૨૨, હિંમતનગર) •



પૂજ્ય શ્રી ૧૦૦૮ કરુણામૂર્તિ સદ્‌ગુરુ નરસિંહદાસજી

કાંકણોલ

પ્રમુખસ્વામી મહારાજને કોટિ કોટિ નમસ્કાર. જ્યારે આત્મા બ્રહ્માંડમાં વ્યાપ્ત થયા ત્યારે આવું કામ કરી શકે. જ્યારે દેહભાવ છૂટી જાય છે ત્યારે આત્મા સર્વજ્ઞ થઈ જાય છે. સૌના આત્માને જાગ્રત કરવા માટે પ્રમુખસ્વામી મહારાજે આખું જીવન ગાળી નાંખ્યું છે. ગામડે ગામડે મંદિરો બનાવીને બધાને જગાડ્યા છે. આવા સત્પુરુષમાં નિષ્ઠા કરો. નિષ્ઠા વગરનું જ્ઞાન શબ્દ જ્ઞાન છે. તેનાથી આપણો ઉદ્ધાર ન થાય. આખા બ્રહ્માંડનો ઉદ્ધાર કરે તેવો આત્મા અહીં પ્રગટ થયો છે. તેમણે તમામ લોકો સુખી થાય એવાં કાર્યો કર્યાં છે. એ સાક્ષાત્કારી મહાપુરુષ પ્રમુખસ્વામી મહારાજને કોટિ કોટિ નમસ્કાર.

(૪-૯-૨૦૨૨, હિંમતનગર) •




પૂજ્ય શ્રી સૂર્યાચાર્યજી મહારાજ

સૂર્યપીઠ ગુરુસ્થાન મુરલી આશ્રમ, દ્વારકા

જેમનું શતાબ્દી પર્વ ચાલી રહ્યું છે તે પ્રમુખસ્વામી મહારાજ મારા પિતા તુલ્ય છે. તેઓના કેટલાય આદર્શો મારા હૃદયમાં અંકિત છે. તેમનાં એકે એક વાક્યો મારા કાનમાં ગુંજે છે. તે વાક્યોને આદર્શ માનીને હું ચાલુ છું. ૫૬ વર્ષની મારી સાધનામાં મેં પ્રથમ વખત આવું દિવ્ય વ્યક્તિત્વ નીરખ્યું છે, જેઓની દિવ્યતા ક્યારેય પૂર્ણ નહીં થઈ શકે.

(૪-૯-૨૦૨૨, સાંકરી) •



પૂજ્ય શ્રી રુદ્રગિરિ મહારાજ

જૂના અખાડા, ધારેશ્વર ધામ, કુકરમુંડા, તાપી

શંકરાચાર્ય પછી જો સનાતન ધર્મનો સવિશેષ ફેલાવો કોઈએ કર્યો હોય તો સુવર્ણ અક્ષરે પ્રમુખસ્વામી મહારાજનું નામ લખાવું જ જોઈએ. અખાતી દેશમાં હિન્દુ મંદિર બનાવવું સૌથી વધારે અઘરું છે. એ તેમના આશીર્વાદથી બી.એ.પી.એસ.ને લીધે થઈ રહ્યું છે. વિદેશમાં જ્યાં સ્વામિનારાયણ મંદિરો છે ત્યાં હિન્દુના પરિવારો છે. તેથી ત્યાં માણસ એકલો પડતો નથી. આ યોગદાન ભુલાય તેમ નથી.

(૪-૯-૨૦૨૨, સાંકરી) •



પૂજ્ય શ્રી ભાવિનલાલજી મહારાજ

કથાકાર

ગીતાના ત્રીજા અધ્યાયમાં ૫૬મો શ્લોક છે:

દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ ।
વીતરાગભયક્રોધઃ સ્થિધીર્મુનિરુચ્યતે ॥

અહીં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, જે રાગ, દ્વેષ, ભય, ક્રોધથી મુક્ત છે તેને હે અર્જુન! તું મુનિ જાણ, સંત જાણ. આ બધા જ ગુણો પ્રમુખસ્વામી મહારાજમાં વિદ્યમાન હતા. શ્રીમદ્ ભગવદ્‌ગીતા, શ્રીમદ્ ભાગવત, ઉપનિષદ, રામાયણ, સ્મૃતિ, શ્રુતિ બધા જ ગ્રંથોની મૂર્તિમંત પ્રતીતિ પ્રમુખસ્વામી મહારાજ હતા. તેઓએ જીવનમાં આ શાસ્ત્રોનું આચરણ આપણને કરીને બતાવ્યું છે. મારી દૃષ્ટિએ અમેરિકા કે યુરોપીય દેશોમાં મંદિર થાય એ સારી વાત છે, પરંતુ આરબ દેશમાં મંદિર થવું એ બહુ

મોટી વાત છે. આ કેવળ ને કેવળ પ્રમુખસ્વામી મહારાજની જ ચેતના દિવ્ય સ્વરૂપે કામ કરી રહી છે, એ વગર આ સંભવ નથી. (૭-૮-૨૦૨૨, ગોધરા) ●



પૂજ્ય શ્રી રવિદાસ મહારાજ
ગૌ કથાકાર, શ્રી ગોપાલ ગૌધામ, વ્યારા

ભાષા, રહેણી-કરણી, માન્યતા, ધર્મ અને મત વગેરેની વિવિધતાથી ભરેલો ભારત દેશ છે. પણ આ બધી વિવિધતાની વચ્ચે પ્રમુખસ્વામી મહારાજે દેશને અધ્યાત્મ જ્યોતિ દ્વારા સૌને માર્ગદર્શન અને પ્રકાશ પૂરાં પાડ્યાં છે, એ તારલાઓ સરખો સંદેશ આપે છે. આ તારામંડળમાં ધ્રુવનું કોઈ સ્થાન હોય તો એ છે પ્રમુખસ્વામી મહારાજ. પ્રમુખસ્વામી મહારાજને અધ્યાત્મ જગતનું સર્વોચ્ચ શિખર માનવામાં આવે છે.
(૪-૯-૨૦૨૨, સાંકરી) ●



પૂજ્ય શ્રી અજયદાસ બાપુ
શિવ કથાકાર, ભાગવત કથાકાર, પંચોલ

હજારો વર્ષો સુધી ધરતી પોકાર કરે ત્યારે આવા વિરલ સંત વિભૂતિ આ પૃથ્વી ઉપર આવે છે. એવા સંત એટલે પ્રમુખસ્વામી મહારાજ. કોઈ કહે છે કાદવમાંથી કમળ ઊગે છે. કોઈ એવા વિરલ હોય છે કે જે કાદવમાં કમળ પ્રગટાવે અને અંધકારમાં પ્રકાશ પ્રકટાવે, પ્રમુખસ્વામી મહારાજ તો એવું વ્યક્તિત્વ છે કે જે ગંદકીમાંથી પણ ગંગાજળ પ્રગટાવે છે. આ સામાન્ય વ્યક્તિત્વ નથી. સનાતન ધર્મનો આધુનિક ઇતિહાસ જ્યારે લખાશે ત્યારે સૌથી પહેલું નામ પ્રમુખસ્વામી મહારાજનું હશે.
(૪-૯-૨૦૨૨, સાંકરી) ●



પૂજ્ય શ્રી હરિહરદાસ મહારાજ
કથાકાર, મોગરા મંદિર, મોગરા

પ્રમુખસ્વામી મહારાજનું પૂર્વાશ્રમનું નામ શાંતિલાલ હતું, એ જ શાંતિલાલ વિશ્વમાં એક શાંતિદૂત બન્યા. જેના હૃદયમાં અણહિતની કોઈ લાગણી નથી, સમાન ચિત્ત છે અને બધાં જ લક્ષણોથી યુક્ત છે - એવા પ્રમુખસ્વામી મહારાજ હતા. પરાભક્તિનું ઉત્કૃષ્ટ જીવનચરિત્ર એટલે પ્રમુખસ્વામી મહારાજ. આટલી વ્યસ્તતા વચ્ચે પણ ભગવાનને આગળ રાખીને બધું જ કાર્ય કરતા.
(૪-૯-૨૦૨૨, સાંકરી) ●




પૂજ્ય શ્રી પંકજભાઈ વ્યાસ
ભાગવત કથાકાર, સાંઈ મંદિર, બારડોલી

પ્રમુખસ્વામી મહારાજના ગુણ ગાવા એટલે અત્તરની બોટલમાંથી અત્તર કાઢીને પાછું ફૂલ બનાવવાની વાત છે. આવું વિરલ વ્યક્તિત્વ હતું પ્રમુખસ્વામી મહારાજ. આપણે સદ્‌ભાગી છીએ કે આવા મહાપુરુષનાં પ્રત્યક્ષ દર્શન થયાં છે, અને શતાબ્દી મહોત્સવના સાક્ષી બની રહ્યા છીએ. (૪-૯-૨૦૨૨, સાંકરી) ●



પૂજ્ય શ્રી જયરામદાસજી મહારાજ
મહંતશ્રી, રામજી મંદિર, ગોંડલ

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ભારતમાં અને વિદેશમાં મંદિરોનું નિર્માણ કરીને અજોડ કાર્ય કર્યું છે. ધર્મની સાથે સાથે શિક્ષણ અને સંસ્કારોનું સિંચન થાય તે માટે સત્સંગ સભાઓ, ગોષ્ઠિઓ કરી છે. બાળકોને શિક્ષણ મળે, પરંતુ સંસ્કાર અને શિષ્ટાચાર ન મળે તો એનું જીવન પશુ સમાન બની રહે છે. તેથી બાળકોને પણ સંસ્કાર આપ્યા છે. સ્વામીજીએ ધર્મની સાથે સાથે લૌકિક વ્યવહારની પણ સમજણ આપી છે. સમાજ મજબૂત બને, સારા સમાજનું નિર્માણ થાય, બધાનું મંગલ થાય. એ માટે સ્વામીજીએ વર્ષો સુધી કાર્ય કર્યું છે.
(૧૪-૮-૨૦૨૨, ગોંડલ) ●



પૂજ્ય ૧૦૦૮ મ. મં. શ્રી ઘનશ્યામ-દાસજી, મહંત, રામજી મંદિર, નવા પીપળિયા

પ્રમુખસ્વામી મહારાજે વનવાસી ક્ષેત્રોમાં થઈ રહેલા ધર્માંતરને રોકવા માટે સ્વયં ભ્રમણ કર્યું હતું. આ પ્રવૃત્તિને રોકવા માટે અહીં સંસ્કાર કેન્દ્ર ખોલ્યાં, વિદ્યાલયો બનાવ્યાં. આ મહાપુરુષે પોતાના આચરણ દ્વારા વિશ્વમાં સનાતન ધર્મની ધજા લહેરાવી છે. આજે તેમના પ્રભાવથી અબુધાબીથી લઈને વિશ્વના ખૂણે ખૂણે સનાતન ધર્મના પ્રચાર-પ્રસાર માટે મંદિરો બની રહ્યાં છે. ભારતીય વૈદિક સંસ્કૃતિનો પ્રચાર વિદેશોમાં પણ તેમના સંતો કરી રહ્યા છે. તે આ મહાપુરુષને આભારી છે. ખરેખર! સંસ્કૃતિ અને સંસ્કારના બળ પર ભારત વિશ્વ ગુરુ બનશે.
(૧૪-૮-૨૦૨૨, ગોંડલ) ●



પૂજ્ય શ્રી મહેશભાઈ ભટ્ટ
ભાગવતાચાર્ય, ઓમ સંસ્કારધામ, ભુજ

ભુજમાં ભૂકંપ આવ્યો ત્યારે પ્રમુખસ્વામી મહારાજે બધાની ખૂબ જ ચિંતા કરી છે.

હું તેનો સાક્ષી છું. તેમણે ખૂબ રાહતકાર્ય કર્યું હતું. તેમણે કેવળ ભારતમાં નહીં પણ વિદેશમાં મંદિરોનું સર્જન કરીને ભારતીય સંસ્કૃતિની ક્રાંતિ કરી છે. લોકો પૂછે છે કે મંદિર, કથા અને સંતોની શી જરૂર છે? સમાજમાં મંદિરોની તાતી જરૂર છે કારણ કે આજની નવી પેઢીમાં સંસ્કારસિંચનની ખૂબ જ આવશ્યકતા છે. સંસ્કાર મેળવવા માટે મંદિર અને પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતોની જરૂર છે. અમેરિકામાં અક્ષરધામ અને દેશ-વિદેશમાં હજારો મંદિરોનું નિર્માણ કરીને પ્રમુખસ્વામી મહારાજે ભારતીય સંસ્કૃતિની ગરિમા ફેલાવી છે. તેઓ વિદ્વાનની સાથે સાથે નાના બાળક જેટલા સરળ પણ હતા. આજે મને પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન તેમના સંતોમાં થાય છે. પ્રમુખસ્વામી મહારાજ આપણા ભારતનું એવું એક રતન કે જેના માટે એટલું જ કહી શકાય - ન ભૂતો ન ભવિષ્યતિ.

(૧૪-૮-૨૦૨૨, ભુજ) ●



પૂજ્ય શ્રી પ્રદીપ્તાનંદજી સરસ્વતીજી
આર્ષ અધ્યયન કેન્દ્ર, ભુજ

આ પ્રગટની પરંપરા છે. અને આ પરંપરાની અંદર પરમ તત્ત્વ, કે જેને આપણે જોઈ શકતા નથી, એ આવા મહાપુરુષના સ્વરૂપે પ્રગટ રહે છે. આજે એક સ્ટેજ પર બધાને પ્રમુખસ્વામી મહારાજે એકત્રિત કર્યા છે. હું તે અનુભવી રહ્યો છું, પ્રમુખસ્વામી મહારાજ આશીર્વાદ આપે ને કામ થઈ જાય એવા ચમત્કારી પુરુષ હતા. આ આકસ્મિક કે એક-બે નહીં, પણ લાખો આબાલવૃદ્ધોએ અનુભવ્યું છે. એમના જીવનની અંદર એવું શું હતું? તમે બધા રવિ સત્સંગસભામાં આવો છો, મૂળ વ્યક્તિ તો સ્થૂળ સ્વરૂપે હાજર નથી છતાં પણ આટલું શિસ્તમાં બધુ તંત્ર કેમ ચાલે છે. તો એ ગુરુ સામાન્ય તો ન જ હોય. તમારા અને મારા ગુરુ ભૌતિક દૃષ્ટિએ આપણી સામે નથી, છતાં આપણાથી દૂર પણ નથી. જ્યારે સ્થૂળ સ્વરૂપે હોય તો પ્રશ્નોને રજૂ કરવા રૂબરૂ મળવું પડે. પણ જ્યારે આવા મહાપુરુષો સ્થૂળ શરીર છોડી દે છે ને ત્યારે સૂક્ષ્મ રીતે ભક્તના હૃદયમાં એ વાસ કરતા થઈ જાય છે. એટલે મેં તમારા હૃદયમાં પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન આજે કર્યાં છે. બસ આપણા જીવનનો સાર છે. એમના હૃદયમાં રહેલી પરમ તત્ત્વ પ્રત્યેની અપાર શ્રદ્ધા! પ્રમુખસ્વામી મહારાજે અનેક મહાન કાર્યો કર્યાં પણ એક કાર્ય એવું કર્યું કે કર્મઠ અને નિષ્ઠાવાન સંતો બનાવ્યા. આ સંતો સવારથી સાંજ સુધી લોકોના દુઃખમાં ભાગ લેવા દોડે. આ સનાતન ધર્મની સાધુતા છે.

(૧૪-૮-૨૦૨૨, ભુજ) ●

(અનુસંધાન પૃષ્ઠ ૧૫ પરથી)
ગતિમાન હતું એવા સમયે સ્વામીશ્રી ગાંધીનગર નિર્માણકાર્યનું નિરીક્ષણ કરવા પધાર્યા. અન્ય નિર્માણકાર્યની સાથે સાથે મુખ્ય મંદિર કે જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ પધરાવેલી છે ત્યાં ફ્લોરિંગનું કામ ચાલતું હતું. અહીં માર્બલની વચ્ચે વચ્ચે બ્રાસ પટ્ટી જડેલી(ચીપકાવેલી) છે. સ્વામીશ્રીએ તે નિહાળ્યું ત્યારે મેં કહ્યું કે આ માર્બલ છે તેને સહેજ ઊંચો રાખ્યો છે ને બ્રાસની પટ્ટી છે તેને થોડીક નીચી રાખી છે. એટલે જ્યારે આપણે માર્બલ ઘસીશું ત્યારે બ્રાસની પટ્ટી સાથે ઘસાય નહીં. સ્વામીબાપાએ તરત ચંપલ કાઢ્યા ને પગથી ચકાસીને કહ્યું, 'બરોબર છે. બ્રાસની પટ્ટી નીચે છે, માર્બલ ઊંચો છે. એટલે માર્બલ અને બ્રાસની પટ્ટીનું લેવલ થઈ જશે.' એમ સ્વામીશ્રીએ જાતે જ ચકાસીને પછી જ સંમતિ આપી.

જૂનાગઢ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ વખતે મુખ્ય ગર્ભગૃહ અને ગુરુપરંપરાની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરીને ગણપતિજી-હનુમાનજીની મૂર્તિપ્રતિષ્ઠા કરવા માટે સ્વામીશ્રી પધાર્યા હતા. મૂર્તિપ્રતિષ્ઠા કરીને બહાર નીકળ્યા, હું ત્યાં ઊભો હતો એટલે સ્વામીશ્રી મને કહે, 'ચાલ મારી સાથે.' સ્વામીશ્રી મને પાછળ ગુરુપરંપરાનું જે બારણું હતું તે બતાવતાં કહ્યું, 'જો. આમાંથી દર્શન કર હવે.' અને હકીકતમાં એવું હતું કે એનાં જે દ્વારશાખ કરવામાં આવ્યાં હતાં એનું ઓપનિંગ ઓછું હતું એટલે કે હાઇટમાં ઓછું હતું અને સંપૂર્ણ રીતે મૂર્તિના અને સિંહાસનનાં વ્યવસ્થિત રીતે દર્શન થતાં નહોતાં.

સ્વામીશ્રીએ મને સમજાવતાં કહ્યું, 'આપણે જ્યારે દરવાજા કરીએ ત્યારે થોડું ધ્યાન રાખવાનું કે લાંબા-પહોળા દરવાજા થાય. જેથી બધાને દર્શનનું સુખ આવે. હવે થોડા સમયમાં ભાવનગર મંદિરમાં પ્રતિષ્ઠા છે, ત્યાં તું ચેક કરજે અને ખાસ ધ્યાન રાખજે કે દરવાજા છે એ પહોળા થાય.' આમ, સ્વામીશ્રીની સૂક્ષ્મ દૃષ્ટિ ઝીણી ઝીણી જગ્યાએ પહોંચી વળતી. સૂક્ષ્મ નિરીક્ષણ કરીને દરેક વસ્તુની અંદર સ્વામીશ્રી પોતાના અનુભવના નિચોડથી પ્રેમપૂર્વક સૌને શિખવાડતા.

સ્વામીશ્રીની એક વિશિષ્ટતા એ હતી કે કોઈપણ મંદિરનું નિર્માણકાર્ય ચાલી રહ્યું હોય તો ત્યાં સ્થળ પર અથવા તો રાજસ્થાનમાં જુદી જુદી સાઇટો પર ઘડતરકાર્ય ચાલી રહ્યું હોય ત્યાં અવારનવાર પધારે અને કારીગરોને વ્યક્તિગત મળી મળીને પ્રેરણા આપે. એવા જ હેતુથી સન ૧૯૯૪માં સ્વામીશ્રી રાજસ્થાનમાં પીંડવાડા ખાતે પધાર્યા હતા. અહીં ઈંગ્લેન્ડના મહાનગર લંડનમાં રચાનાર મંદિરનું ઘડતરકામ ચાલી રહ્યું હતું. એક સાઇટ પર શિલ્પી માર્બલના થાંભલા ઉપર કોતરણીકામ કરી રહ્યો હતો. સ્વામીશ્રીએ સૂક્ષ્મ કોતરણીકામ નિહાળ્યું. ત્યાં તેઓની નજર એક ખૂણામાં પડી. નકશીનો તેટલો ભાગ ખાંડો થયેલો હતો. સ્વામીશ્રીએ નીચા વળીને આંગળી મૂકીને મને કહ્યું, 'આ શું થયું છે?' મારી પાસે તો એનો કોઈ જવાબ નહોતો. કારણ કે એ તો ખાંડું થઈ ગયું હતું. સ્વામીશ્રી કહે કે 'આપણે ધ્યાન રાખવું કે આવું ખાંડું ન થાય. આવું ખાંડું કે બોખું થાય તો પાછળથી ચોંટાડવું પડે કાં તો કંઈક એનું રિપેરિંગ કરવું પડે.'

સ્વામીશ્રીને મંદિરની ગુણવત્તા માટે પણ ખૂબ જ આગવી એક સૂઝ અને ચીવટ હતી. તેઓ અમને ગુણવત્તા અંગે સદા સાવધાન રાખતા હતા.

એક વખત સ્વામીશ્રી સમક્ષ અમે મંદિરમાં ઘડતર માટે ઉપયોગી નકશાઓનું નિદર્શન કર્યું. નકશામાં બારિક કોતરણીકામ જોઈને સ્વામીશ્રી રાજી થતાં કહે, 'ખાસ આ નકશાઓ પ્રમાણે જ કામ થાય, તેનું ખાસ ધ્યાન રાખજો.' મેં સ્વામીશ્રીને કહ્યું, સ્વામીબાપા! આપણે એટલે જ કારીગરોને રોજ ઉપર રાખીએ છીએ કે જેથી કામ સારું અને ચોખ્ખું થાય. એટલે કોન્ટ્રાક્ટમાં નથી આપતા. વળી, કારીગરોને પથ્થર મુજબ લક્ષ્ય બાંધી આપીએ છીએ અને સમયાંતરે એનો રિવ્યૂ પણ કરવામાં આવે છે. એના લીધે કામ આપણા સમયના લક્ષ્ય પ્રમાણે પૂર્ણ થતું હોય છે.'

સ્વામીશ્રીએ તરત જ બીજો પ્રશ્ન પૂછ્યો, 'એવું કરવામાં આપણી ક્વોલિટી બગાડે તો?' સ્વામીશ્રીએ તો જાતે આ પથ્થર ઘડતરનું કામ કરાવ્યું છે એટલે પથ્થર ઘડતરમાં જે ઊણપ આવતી હોય છે એ બધી જ વસ્તુઓનો સ્વામીશ્રીને બહોળો અનુભવ હતો. એટલે જ સ્વામીશ્રીએ એટલાં ઊંડાં સૂચનો કર્યાં કે જે અમને સદાને માટે માર્ગદર્શન આપતાં રહે છે.

કોલકાતા ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. મંદિરના પ્રથમ સ્તંભનો સ્થાપનવિધિ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા થવાનો હતો, તેથી સ્વામીશ્રી કોલકાતા પધાર્યા હતા. અમે સ્તંભનો પથ્થર રાજસ્થાનથી ઘડાવીને અહીં લાવ્યા હતા. આ સ્તંભનું સ્થાપન કરવાનું હતું, પરંતુ એ પથ્થરમાં થોડાક ડાઘાઓ હતા. ગુલાબી પથ્થરમાં નાના નાના થોડાક લાલ ડાઘ હતા. પરંતુ આ પ્રથમ સ્તંભ હોવાથી મને તે યોગ્ય ન લાગ્યું. તેનો સ્થાપનવિધિ સ્વામીશ્રીના હસ્તે થવાનો હતો તેથી અમે ફૂલોની સેર બનાવીને થાંભલાની ચોતરફ લબડાવી દીધી અને એટલી બધી ગીચ લબડાવી કે પથ્થર દેખાય જ નહીં. પ્રશ્નનો ઉકેલ મળી જતાં અમે સૌ રાજી

થયા. સ્વામીશ્રીના હસ્તે વેદોક્ત વિધિપૂર્વક પ્રથમ સ્તંભનો સ્થાપન ઉત્સવ પૂર્ણ થયો. પછી સ્વામીશ્રીએ મને બોલાવ્યો. સ્વામીશ્રીની નજરમાં બધું જ આવી ગયું હતું. મને કહે, 'આપણે પથ્થર સિલેક્શન કરવામાં ખૂબ જ ધ્યાન રાખવું. ખરાબ પથ્થર આવી ન જાય તેથી તેને બરોબર ચકાસીને લેવો.' સ્વામીશ્રીની એકદમ ચકોર નજર હતી. અમે ફૂલોની સેરોને એવી રીતે લબડાવી હતી કે સામાન્ય માણસને તો ખબર જ ન પડે કે આ પથ્થરની અંદર નાની ખામી છે, પરંતુ સ્વામીશ્રીની ચકોર નજર સૂક્ષ્મતાથી બધું નોંધી લેતી.

જ્યારે ભાદરા ખાતે શિખરબદ્ધ મંદિરનું નિર્માણકાર્ય જેસલમેરના પીળા પથ્થરમાંથી પુરજોશમાં ચાલી રહ્યું હતું ત્યારે સંજોગોવશાત્ બન્યું એવું કે જેસલમેરમાંથી પથ્થર મળવાનું બહુ જ મુશ્કેલ બની ગયું. એના લીધે મંદિરનું નિર્માણકાર્ય વિલંબિત થવાના પૂરેપૂરા સંજોગો ઊભા થયા. પ્લાનિંગ સેલના સંતો અને સ્વયંસેવકો આ પ્રશ્નનો ઉકેલ શોધવા જુદા જુદા રસ્તાઓ શોધતા હતા. તે દરમ્યાન જેસલમેરના પીળા પથ્થર જેવો જ પથ્થર ખાવડામાં પ્રાપ્ત થયો. અમારી ટીમે પથ્થરને જોયો અને ચકાસ્યો. ત્યારપછી લાગ્યું કે આ જેસલમેરના પીળા પથ્થર સાથે આ ખાવડાનો પથ્થર વાપરીએ તો કદાચ ચાલી જાય. એટલે અમે બંને પથ્થરનું એક એક સેમ્પલ તૈયાર કર્યું. તેને લઈને સ્વામીશ્રી અટલાદરા વિરાજમાન હતા ત્યાં ગયા. મીટિંગ યોજાઈ તેમાં અમે આ બંને પથ્થરનાં સેમ્પલ સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યાં.

પ્રમુખસ્વામી મહારાજે ખૂબ જ ઝીણવટપૂર્વક આ બંને પથ્થર જોયા અને સહજતાથી કહ્યું કે 'આ બંનેનો રંગ પણ એક સરખો છે અને પોગર પણ એક સરખો છે. એટલે આ બંને પથ્થર એક જ જેવા લાગે છે.' પથ્થરની પસંદગી કરવામાં શું શું ધ્યાન રાખવું જોઈએ? પથ્થરની ગુણવત્તા ચકાસવી વગેરેની એમને આગવી સૂઝ અને વિશાળ અનુભવ હતો. એટલે સ્વામીશ્રીએ કહ્યું કે 'હા, આપણે હવે વાંધો નથી. આપણે અમુક ખાવડાનો પથ્થર પણ વાપરવો.' આપણે આજે પણ જોઈએ છીએ કે ભાદરા મંદિરમાં દર્શન કરવા જઈએ તો એવું ન લાગે કે આ મંદિરના બાંધકામમાં બે જુદી જુદી જગ્યાનો પથ્થર વપરાયો છે. સ્વામીશ્રીમાં આ પણ એક આગવી સૂઝ હતી.

એક વખત પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ અમે નૂતન મંદિરના નિર્માણ અંગેના જુદા જુદા પ્લાન, એનાં એલિવેશન અને સેક્શન છે - એ બધું બતાવતા હતા. સ્વામીશ્રી ખૂબ ધ્યાનપૂર્વક એ બધું જોતા હતા. સ્વામીશ્રીએ જ્યારે એલિવેશન જોયું તો સ્વામીશ્રી મુખ્ય શિખરની આગળ એક જગ્યાએ આંગળી મૂકીને કહે, 'અહીં પ્રાસાદપુત્ર (કોળીમંડપ ઉપર મુકાતું નાનું પ્રતીકાત્મક શિખર) ન આવે?' અમે કહ્યું, 'હા, અહીં પ્રાસાદપુત્ર આવે, પણ ડ્રોઈંગમાં રહી ગયું છે.' સ્વામીશ્રી કહે, 'આપણે ડ્રોઈંગમાં બતાવી દેવું. નહીંતર પછી ત્યાં સાઈટ પર પણ રહી જતું હોય છે.' આવું સૂક્ષ્મ ધ્યાન પણ સ્વામીશ્રી રાખતા. નહીંતર પ્રાસાદપુત્ર તો એકદમ નાની વસ્તુ છે, પણ તોય ડ્રોઈંગમાં રહી ન જાય, આવી સૂક્ષ્મ ચીવટ સ્વામીશ્રીની હતી.


મંદિર-નિર્માણનો પ્રોજેક્ટ નાનો હોય કે મોટો હોય પણ બધાં જ આયોજનોમાં પ્રમુખસ્વામી મહારાજ ખૂબ જ ધ્યાનપૂર્વક-ઊંડાણપૂર્વકનું સૂક્ષ્મ આયોજન કરતા હતા. એટલું જ નહીં, પરંતુ સમયાંતરે પૂછપરછ કરીને જરૂરી સૂચનો આપીને બધાને જાગ્રત રાખતા.

તાન્ઝાનિયા દેશના મહાનગર દારેસલામમાં બી.એ.પી.એસ. મંદિરમાં થોડું રિનોવેશન કરવાનું હતું. સ્વામીશ્રી મુંબઈમાં બિરાજમાન હતા ત્યારે એક સવારે એના નકશાઓ તેઓને બતાવ્યા. ત્યારપછી સ્વામીશ્રી સાથે ઘણી બધી ચર્ચા થઈ. સ્વામીશ્રીએ આ નકશા જોયા પછી ભોજન ગ્રહણ કર્યું. ત્યારપછી સ્વામીશ્રી આરામમાં પધાર્યા, પરંતુ સ્વામીશ્રીના મનમાં કંઈક આ નકશાઓ માટે વિચાર ચાલતો હશે. સ્વામીશ્રી પથારીમાં આડે પડખે થયા ને સેવકોને કહ્યું કે 'તમે સંજયને બોલાવો, એનું કામ છે.' તરત જ સંતોએ મને બોલાવ્યો. હું શયનખંડમાં ગયો તો સ્વામીશ્રી આડે પડખે થઈને સૂવાની તૈયારીમાં જ હતા. હું પહોંચ્યો એટલે સ્વામીશ્રીએ કહ્યું, 'આપણે ઉપરના માળે જે થોડોક ફેરફાર કર્યો હતો, એની આગળની બાજુએ એક અગાસી જેવું પડતું હતું. આ અગાસીની અંદર જવા માટેનો કોઈ રસ્તો છે નહીં. એટલે જે બારીઓ છે, એમાંથી આપણે એક બારણું કરી દઈએ, તો અગાસીમાં જઈને સાફસૂફી કરવી હોય તો થઈ શકે.' મુદ્દો ખૂબ જ નાનો હતો, પણ અત્યંત જરૂરી હતો.

આ હતી પ્રમુખસ્વામી મહારાજની આગવી વિશેષતા. માત્ર મંદિર-નિર્માણ નહીં, પરંતુ કોઈપણ પ્રોજેક્ટમાં તેઓ એટલા બધા એકાગ્ર થઈને ઊંડા ઊતરતા કે સૌને તેમાંથી કંઈક અનોખા અનુભવના મોતી મળી રહેતા. કોઈ મહત્ત્વનું સૂચન મળી જતું. સાથે સાથે એક અનુભવયુક્ત માર્ગદર્શન તો હંમેશા તેમની પાસેથી મળી રહેતું.

સ્વામીશ્રીના હસ્તે બંધાયેલાં ૧૨૦૦ કરતાં વધારે મંદિરોમાં તેઓની આ આગવી પ્રતિભા છવાયેલી છે, જે આવનારી શતાબ્દીઓ સુધી સૌને નવી નવી પ્રેરણાઓ આપતી રહેશે. ◆

શ્રી મધુકાંત પ્રભુલાલ શાસ્ત્રી, વડોદરા, ઉં.વ. ૭૬, અક્ષરવાસ તા. ૧૪-૮-૨૦૨૨



વડોદરા (અટલાદરા)ના અગ્રણી સંનિષ્ઠ કાર્યકર શ્રી મધુકાંત પ્રભુલાલ શાસ્ત્રીએ, સન ૧૯૬૭થી ધામગમન સુધી બી.એ.પી.એસ. સંસ્થાના એક અગ્રણી કાર્યકર તરીકે વડોદરા શહેર-ગ્રામ્ય, જંબુસર, પાવી જેતપુર, સાવલી, વાઘોડિયા તથા છોટાઉદેપુર ક્ષેત્રમાં એકધારી સત્સંગ સેવા કરી હતી. મિલનસાર સ્વભાવી આ ભક્તરાજનું કથાવાર્તાનું પણ આગવું અંગ હોવાથી સત્સંગસભાઓમાં કથાની પણ સેવા કરતા. અનેક યુવાનોમાં નિષ્ઠાનું સિંચન કરીને સંત થવાની પ્રેરણા પણ આપી હતી. અટલાદરા ખાતે બી.એ.પી.એસ. મંદિરના સત્સંગ પ્રચાર-પ્રસાર કાર્યોમાં તેમજ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ઊજવાયેલા તમામ મહોત્સવમાં સેવા કરીને, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનો ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સત્સંગના ઉત્કર્ષ અને હિત માટે નિઃસ્વાર્થ સેવા-ભક્તિ કરનાર મધુકાંતભાઈ એક શ્રેષ્ઠ સંપર્ક કાર્યકર હતા. પોતાના પરિવારજનોને પણ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતની દૃઢતા કરાવીને સ્વામીશ્રીએ ચીંધેલા સત્સંગપથ ઉપર ચાલતા કર્યા. તેઓના અક્ષરવાસથી સત્સંગમંડળને એક સેવાનિષ્ઠ સ્વયંસેવકની ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

શ્રી હેમંતભાઈ શિવલાલ પારેખ, બેંગલોર, ઉં.વ. ૭૦, અક્ષરવાસ તા. ૯-૮-૨૦૨૨



બોટાદ જિલ્લાના રોહીશાળાના વતની હાલ બેંગલોરમાં નિવાસી ભક્તરાજ શ્રી હેમંતભાઈ પારેખને જ્યારથી સત્સંગનો રંગ લાગ્યો ત્યારથી એમનો સત્સંગ-રંગ ઉતરોત્તર ચડતો ને ચડતો જ રહ્યો હતો. સત્સંગના યોગમાં રહ્યા તે દરમ્યાન છેલ્લાં ૪૫ વર્ષથી તેમણે સત્સંગ મંડળના સક્રિય કાર્યકર તરીકે સેવા પ્રદાન કરી હતી. શારીરિક કષ્ટો વચ્ચે પણ અનન્ય નિષ્ઠા અને સમર્પણપૂર્વક તન-મન-ધનથી સત્સંગની સેવા કરીને ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો છે. તેમના અક્ષરવાસથી બેંગલોર સત્સંગ મંડળને એક સંનિષ્ઠ સેવાભાવી હરિભક્તની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવે વિશિષ્ટ સ્મૃતિ મેળવવાનો અવસર

આવો, શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ યજ્ઞમાં જોડાઈએ...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ દરમ્યાન અમદાવાદ ખાતે પ્રમુખસ્વામી મહારાજ નગરમાં એક સ્થાયી યજ્ઞશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞશાળામાં સતત એક મહિના સુધી 'સ્વામિનારાયણ વિશ્વશાંતિ યજ્ઞ' દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણ, મહાન સંતો અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ભાવ-અર્ઘ્ય અર્પણ કરવામાં આવશે.

આ મહાયજ્ઞ માગશર વદ અષ્ટમી તા. ૧૬-૧૨-૨૦૨૨, શુક્રવારથી આરંભાશે અને તા. ૧૩-૧-૨૦૨૩ ને શુક્રવારે પૂર્ણ કરવામાં આવશે. દરરોજ ચાર સત્રમાં માત્ર ૧૫-૧૫ યજમાન દંપતી (કુલ ૬૦ હરિભક્ત દંપતી) દરરોજ આ યજ્ઞના યજમાન પદનો લાભ લઈ શકશે. આપ અથવા આપના પરિવારના સભ્યોનો જન્મદિવસ, લગ્નતિથિ, માતા-પિતા અથવા સ્વજનની મૃત્યુ તિથિ વગેરે પ્રસંગને લક્ષમાં રાખીને આ યજ્ઞમાં યજમાન પદે જોડાઈને આપ શતાબ્દી મહોત્સવની યાદગાર સ્મૃતિઓ અંકિત કરી શકશો. નવપરિણીત વર-વધૂઓ પણ આ યજ્ઞનો લાભ લઈને દાંપત્યજીવનનો મંગલ અવસર માણી શકશે. આપની ઈચ્છા અનુસાર જાતે જ તિથિ અથવા તારીખ પસંદ કરીને સંતોના આશીર્વાદ પ્રાપ્ત કરવાના આ વિરલ યજ્ઞમાં જોડાઈ શકો છો. પ્રત્યેક યજમાનને સંપૂર્ણ સોળ ઉપચારોપૂર્વકની સ્વામિનારાયણ મહાપૂજા, સહજાનંદ નામાવલી તથા સત્સંગ દીક્ષા હોમ વગેરેનો લાભ મળશે અને વિવિધ પૂજા સામગ્રીની ભેટ પ્રાપ્ત થશે.

- **વિશેષ વિગતો તથા સુવિધાની જાણ માટે જુઓ વેબસાઈટઃ** https://yagna.psm100.org/
- **યજમાન તરીકે ફોર્મ ભરવા માટે ઈ-મેઈલ એડ્રેસઃ** Yagna.mahotsav@in.baps.org
- **ફોન-સંપર્ક:** WhatsApp & Mobile : +91–9998993221

યજ્ઞ વિભાગ, પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ, પ્રમુખસ્વામી મહારાજ નગર, અમદાવાદ.



ઇન્દોર


અમદાવાદ


જામનગર



વડોદરા

ઠેર ઠેર યોજાયેલાં સંત-સંમેલનોમાં સંતોએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને અર્પણ કરી ભાવપુષ્પાંજલિ...

Swaminarayan Prakash Gujarati, October-November 2022, Published on 1-10-2022. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.







નાસિકમાં નૂતન શિખરબદ્ધ મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા

જ્યાં શતાબ્દીઓથી પૂર્ણકુંભનો પવિત્ર અવસર યોજાય છે, એવી મહારાષ્ટ્રની ઐતિહાસિક તીર્થભૂમિ નાસિક ખાતે તા. ૨૮-૯-૨૦૨૨ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ગુલાબી પથ્થરમાંથી નિર્મિત કલામંડિત ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા અવસર દબદબાભેર ઊજવાઈ ગયો. આ પ્રસંગે સ્વામિનારાયણ મહાયાગ, શોભાયાત્રા, મહિલા દિન વગેરે કાર્યક્રમો સંપન્ન થયા હતા. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે સહિત અનેક મહાનુભાવો અને દેશ-વિદેશના હજારો હરિભક્તો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવે, તેમના દ્વારા પ્રેરિત આ મંદિરનું નિર્માણ કરીને મહંત સ્વામી મહારાજે એક વિશેષ અર્ઘ્ય તેઓનાં ચરણે અર્પણ કર્યું છે. (વિશેષ અહેવાલ આવતા અંકે)

Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas